સુલતાન બહાદુરની ચિત્તોડપર ચડાઇ

એક સંપૂર્ણ રસમય ઐતિહાસીક નવલકથા.

પ્રકાશક
પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
તંત્રી ચંદ્રપ્રકાશ માસિક
સુરત.



જગપ્રસિદ્ધ લોકપ્રીય થયેલી જુની અને જાણીતી દુકાન. :

ઝવેરી નરોતમદાસ ભાઉ.

ઠે. શેખમેમન સ્ટ્રીટ નં. ૨૨૦-૨૨૨. મુંબઈ.

જ્યા દરેક કોમમા વપરાતા સોના ચાદી અને ઝવેરાતના ચાલુ જમાનાને અનુસરતા મનપસદ દાગીનાઓ મોટા જથ્થામાં તૈયાર રહે છે તેમજ ઘરાકોની મરજી મુજબ ઓર્ડરથી બનાવી આપવામા આવે છે.

અને દરેક કામ અમારી પોતાની દેખરેખ હેઠળ અનુભવી કારીગરોના હાથથી લેવામાં આવે છે

બહાર ગામના ઓર્ડરો તરફ પુરતુ ધ્યાન આપી જલદીથી ઓર્ડરો તૈયાર કરાવી વી. પી થી મોકલાવવામા આવે છે તેમજ છુટક ઝવેરાત તૈયાર રાખવામા આવે છે

ભરૂસા લાયક ગેરંટી.

અમારે ત્યાથી ખરીદેલા દાગીના જ્યારે ઘરાકોની મરજી બદલાવવાની થાય તે વખતે ફકત મજુરી કાપી સોનાનો પુરો ભાવ મજરે આપીએ છીએ.

અમારા કદરદાન ગ્રાહકોને વિનતી કરીએ છીએ કે દાગીનો ખરીદવાની મરજી થાય તે વખતે પ્રથમ અમારી દુકાનની ભેટ લેવા અંતરઆની કરશો. જેથી તમોને દાગીના ખરીદ કરવામા ઘણીજ સવડતા જણાશે.

તૈયાર છે? — તૈયાર છે?

હરેક ભક્તોને માટે.

છપાઈ બહાર પડી ચુકી છે.

દરેક ભક્તોને જણાવામા આવે છે કે **યોગવાણી આત્મજ્ઞાન ભજનાવળી** એ નામની બુક છપાઇ બહાર પડી ચુકી છે માટે આ યોગવાણી આત્મજ્ઞાન ભજનાવળી તેમાના ભજનનો રગ બીજા ભક્તિરસથી અપૂર્વ જણાશે આ યોગવાણીનો અને તેનો વીચાર ઓરજ છે એમની પરિભાષા યોગની છે એમની કહેણી શુરવીરની છે એ સપ્રદાયના ભજન શબ્દ કહેવાય છે તો આપણા હરિ ભક્તો પરમાર્થને વાસ્તે પોતાનો અનુભવનો જે લાભ કવિતામા દુકાણ છતા વધારે માલમ છે માટે વધારે તો શુ કાઇ મોરના ઇડાને ચીતરવાની જરૂર નથી તેમ છતા તેની કીમત ઘણી જુજ રાખી છે. સારી બાધણી પાકા કપડાના પુઠાથી સુશોભીત ને ૨૫૦ પૃષ્ઠ ઉપરાત છતા કીમત ફક્ત ૧૨ બાર આના રાખી છે. વી પી ખર્ચ જુદો માટે જલદી મગાવો તેમ પણ તેના રૂપિયા ધર્માદા ખાતે વાપરવાના છે અમો ભાગીદાર થઇને મહાત્મા સુખરામની આજ્ઞાથી આ ધર્માદાનુ કામ કર્યું છે માટે એક પ્રત મગાવી ખાત્રી કરો

નાનજી અરજણ—ભાગાતળાવ-સુરત.

તૈયાર છે, તૈયાર છે, તૈયાર છે,

દરેક ભાવિક જીજ્ઞાસુ અને અભ્યાસી જનોને જણાવવામાં
આવે છે. મુખ્ય વેદાંતના પદનો સંગ્રહ મોટા ૬૫૦
છસો પચાશ પદનો સંગ્રહ તૈયાર છે.

જ્ઞાનોદય પદ સંગ્રહ.

લગભગ ૪૦૦ પૃષ્ટ ઉપરાત ને ઉંચા કાગલપર છાપણી પાંકા પુઠાથી સુસોભીત છતા તેની કીમત ફક્ત રૂા. ૧ એક છે માટે એક પ્રત જરૂર મગાવો. આ પુસ્તકમા નીરાંત મહારાજ તથા શ્રીમાન બાપુ ભગતના પદનો મોટો જથ્થો છે બાકીના પરચુરણ છે. વધુ વીગત માટે નીચેના સરનામે બે પૈસાની ટીકીટ બીડી પ્રાઈસલીસ્ટ મંગાવો ટુંકમાં કહેવાનું એટલુંજ.

ચાર વેદકો ભેદ હે, ગીતાજીનું જ્ઞાન;
સબ જોગનકો જોગ હે, જ્ઞાનોદય ગ્રંથ મહાન.

મળવાનું ઠેકાણું.

ભગત કેવલરામ કાલુરામ.

ઠે૦ દુધારાશેરી બેગમપુરા—સુરત.

શક્તિની દવા વાપરી નિરાશ થયેલાને ભેટ.

"કામબાણ ગુટીકા"

એ શક્તિને માટ સર્વોપરી દવા છે અને ક્ષય, દમ, શળ. ઉરઃક્ષત, ગળાનો દુખાવો, સાધાની નબળાઇ, મગજની ચકરી, મગજનુ ખાલી પડવુ, યાદ શક્તિનુ ગુમ થવુ, અજીર્ણ, અતિસાર, સંગ્રહણી, ધાતુનુ પાતળાપણુ, વીર્યશ્રાવ, નપુષકતા, નબળાઇ, તેમજ સ્ત્રીઓના ગર્ભસ્થાનને લગતા તમામ રોગો, રજોદર્શનનો બિગાડ, ગરમી વિગેરે તમામ રોગોનો નાશ કરી શરીરને શક્તિવાન અને પુષ્ટ બનાવે છે અને દરેક ઋતુમા લઇ શકાય છે.

કીમત ગોળી ૪૦ નો રૂ. સવા.

બાળકોને તદુરસ્ત રાખવા માટે. બાળ રક્ષક સોગઠી વાપરો. કીમત ફક્ત ચાર આના

અભ્રક ભસ્મ—તોલો એકના રૂ. ચાર.

તા૦ ક૦—જથાબધ ખરીદનારને કમિશન આપવામા આવે છે. એક રૂપિયાથી ઓછી દવા મગાવનારે બે પૈસાની વધુ સાથે પોષ્ટની ટીકીટ મોકલવી

માલીક—વઇ ઉત્તમરામ દલપતરામ

મુ. ઇચ્છાપોર (સુરત થઇને)

મે. પબ્લિક ઇન્ટ્રક્શનના ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની
ગુ. કન્યાશાળાઓમા ઈનામ માટે મન્જુર કરેલું તથા
શ્રીમન્ત વડોદરા સરકારે શાળા લાયબ્રેરી તથા
શાળાઓમાં ઇનામ માટે મન્જુર કરેલું

સૌભાગ્ય સંગીત સંગ્રહ.

સ્ત્રીઓનું ઘર કામ જેમ તેમ ઝટ આટોપી દઇ આડોશી પાડોશીની નવરી સ્ત્રીઓમા મળી જઇ પરાઇ નિન્દા કે ખાર કરવામા ભળી જવાથી કલ્યાણ થતુ નથી પણ ચિત્તશુદ્ધિ થવા તથા મનના વિક્ષેપનો નાશ થવા સુવિચારોના નીતિમય ગીતોનુ મનન થાય તો એથી કલ્યાણ થાય છે જગત્‌ના આધારભૂત, સૃષ્ટિના સૌન્દર્યરૂપ, મનુષ્યરૂપી અમૂલ્ય રત્નની ઉત્પત્તિ સ્થાનરૂપ તથા ઘરના ભૂષણરૂપ ગણાતી સ્ત્રી, નિરંતર જો **સુવિચારોનું સેવન** કરે તો **ગૃહમંદિર સર્વોત્તમ સુખનું સ્થાન** થઇ પડે તેમા આશ્ચર્ય શુ ! બાળા-યુવતિપ્રૌઢા વિગેરે દરેક ઉમ્મરની સ્ત્રીઓને ગમ્મત સાથે જ્ઞાન મળે એવા હેતુથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામા આવ્યુ છે જેઓને પોતાનુ કર્તવ્ય જાણવાની ખરી ઇચ્છા છે એવી સ્ત્રીઓને **અવકાશને વખતે તથા વ્રત-ઉપવાસ જાગરણ** વગેરે **તહેવારોના દિવસોમાં** આ **'સૌભાગ્ય સંગીત સંગ્રહ'** પુસ્તક વાંચી તેના રહસ્યનુ મનન કરવુ જોઇએ. (૧) **નીતિ** (૨) **સાસરે જતીને શીખામણ** (૩) **પતિપ્રેમ, પતિવ્રત** (૪) **સુખદુઃખ** (૫) **વિવિધ.** આવી રીતે **પાંચ ભાગમાં** પણ એકજ પુસ્તક રૂપે છપાવેલ છે (આવૃત્તિ બીજી) કિ. આના બાર, વી પી. ખર્ચ જુદુ.

નટવરલાલ કનૈયાલાલ ટાઈપિસ્ટ, રાજકોટ.

ચંદ્રપ્રકાશ ઓરીસ ગ્રંથમાળા ગ્રંથાંક ૮.

સુલતાન બહાદુરની ચિત્તોડપર ચહડાઈ

યાને

પદ્મિનીનું અનુસંધાન.

ભાગ ૧-૨.

(એક સંપૂર્ણ રસમય ઐતિહાસિક નવલકથા.)

અનુવાદક
વ્રજલાલ જાદવજી ઠક્કર.
અમદાવાદ.

પ્રકાશક.
પ્રભુશંકર નરભેરામ વ્યાસ.
તંત્રી ચંદ્રપ્રકાશ-સુરત.

પ્રથમાવૃત્તિ. ૧૯૭૦

મૂલ્ય રૂા. એક.

આ પુસ્તકના પહેલા ચાર ફર્મા (પૃષ્ઠ ૧થી ૬૪) અમદાવાદ "સત્યવિજય" પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે છાપ્યા અને ત્યાર પછીનો સર્વ ભાગ સુરત "જૈનવિજય" પ્રેસમા ઠાકોરદાસ માનસીંગે છાપ્યો.

ભૂમિકા.

"Historical novels give us brilliant pictures of history, which from their vividness make a far deeper imhression than the duller mass of historical text books"

M. Macmillan B. A.

ભાવાર્થ:-ઐતિહાસિક ઉપન્યાસો આપણી સમક્ષ ઇતિહાસના ચિત્રો રજુ કરે છે, અને તે ચિત્રો રસિક હોવાથી ઇતિહાસની ચોપડીઓના નિરસ પૃષ્ઠો કરતા આપણા ઉપર તેથી તે વિશેષ ઉંડી અસર કરે છે.

ગુજરાતી ભાષાના નવલકથાના સાહિત્ય તરફ જોતા હજુ સુધી આપણે તેમા જેટલા ઉત્તમ વધારો કરવો જોઇએ તેટલો કરી શક્યા નથી અને તેથી કરીનેજ આપણો જન સમાજ ભારતના વીર રત્નોથી અજ્ઞાત રહેલો છે અને જ્યહા સુધી પોતાની દેશભુમિને માટે પોતાના પ્રાણને તુચ્છ સહમજી જે જે જાતિએ પોતાના પ્રાણનુ બળિદાન આપ્યુ છે, તે તે જાતિની કીર્તિના યશોગાનથી આપણો જનસમાજ બહુ અજ્ઞાત રહેશે, ત્યહા સુધી આપણી ઉન્નતિ થવી એ આકાશ કુસુમવત્ છે. આથી કરીને આપણા જનસમાજને એવી વીર જાતિના વીરત્વથી જ્ઞાતા કરવામા આવે તો પૂર્વે ભારતમા કેવા ઉત્તમ વીર્યવાન નરરત્નો હતા ત્હેનો ખ્યાલ આવતા ત્હેઓનામા પણ કાંઇક વીરત્વનો સચાર થાય.

ભારતભૂમિમા આવી પરાક્રમશાલિની જાતિ તે રજપુત જાતિજ હતી અને તેજ જાતિથી વિશેષ કરીને **ભારત** પૂર્વે પોતાની કીર્તિની પતાકા ગગનમડળમા સ્વતત્રતાથી ફડાવતું હતુ આજે આ નવલ-કથા જે ગુજરાતી સાહિત્યાભિલાષી વાચકવૃદની સેવામા સમર્પણ કરવામાં આવે છે તે પણ ત્હેમના વીરત્વ સબધનીજ છે. જો કે આ દેશાભિમાની જાતિ માટે કર્નલ ટૉડ સાહેબે પોતાના 'Tod Rajasthan' નામક ગ્રથમા ઉત્તમ પ્રકારે વિવેચન કર્યું છે કે જે વિવેચનને આધારે અત્હારે અનેક ઐતિહાસિક નવલકથાઓ રચાય છે સ્વતત્રતાને માટે પોતાના પ્રાણનુ બળિદાન આપનાર વીરો, તે વીરોનુ વીરત્વ, ત્હેમનો સ્વાર્થત્યાગ તથા દેશાભિમાન જો કોઇપણ સ્થળેથી સ્પષ્ટ રીતે માલુમ પડી આવે તેમ હોય તો તે સ્થળ **'રાજસ્થાનનો ઇતિહાસ'**માજ છે રમણીનુ શૌર્ય, ત્હેનુ પાતિવ્રત્ય તેજ, સત્ય ધર્મ રક્ષણ વિગેરે જો કોઇ સ્થળે સપૂર્ણ રીતે જોવામા આવતા હોય તો તે **'રાજસ્થાનના ઈતિહાસમાં'**જ છે. હાવી અનેક બાબતો માટે આ **મ**હાભારત જેટલો વિશાળ અને બૃહદ્ ગ્રથ અનુપમ છે તેમાના અનેક વીરત્વપૂર્ણ ઉદાહરણોમા ત્રણ મુખ્ય ઉદાહરણો તે **ચિત્તોડ** ઉપર થયેના ત્રણ જોહાર છે આ જોહાર જેવા જોહારો જગતની અદર કોઇપણ રાષ્ટ્રના ઇતિહાસમા હોય એવુ જણાતું નથી

પ્રસ્તુત નવલકથાની રચના દ્વિતીય જોહારનો પ્રસગ લેઇને કરાામા આવી છે

આ સ્થળે **ચિત્તોડ**દુર્ગ સબધી કેટલીક માહિતી આપીશુ તો તે અસ્થાને નહિજ ગણાય.

ચિત્તોડદુર્ગ રજપુતાનામા ઉદેપૂર સસ્થાનના તાબામા છે તે રજપુતાના-માળવા રેલ્વેનુ એક સ્ટેશન છે ત્હા આગળથી ઉદેપુર

એક આગગાડીનો ફાટો ગયો છે આ કિલ્લો અજમેરની દક્ષિણે ૧૧૫ માઇલ ઉપર છે; તથા તે વિંધ્યાદ્રિ પર્વતનોજ એક ભાગ હોઇ ને જમીનથી લગભગ પાચસો ફુટ ઉંચો છે. ત્હેનો ઉત્તર દક્ષિણ વિસ્તાર લગભગ સ્હાડાત્રણ માઇલ છે. હાલમા આ કિલ્લો જીર્ણાવસ્થામા હોઇ ત્હેની દિવાલ કેટલીક સ્થળેથી તુટી પડી છે તોપણ ત્યહા આગળ હજુ જે જૂની તોપો છે તે જોતાં એમજ થાય છે કે જાણે એ કિલ્લો દુસ્મનો ઉપર તુટી પડવાનેજ ઉભો છે કિલ્લાનો 'રામપોળ' એ નામનો મ્હોટો દરવાજો જમીનથી લગભગ ૩૫૦ ફૂટની ઉંચાઇએ છે. પૂર્વે રજપુત જાતિએ યુરુન જાતિના છળકપટથી મુક્ત થવા માટે આ ચિ-તોડદુર્ગ ઉપરથી ઘણી લ્હડાઇઓ કરી હતી લક્ષ્મણસિંહ નામનો એક રજપુત રાજા એ સ્થળે થઇ ગયો છે ત્હેના રાજત્વકાળ સમયે ઇ. સ. ૧૩૦૩ની સાલમા અલ્લાઉદ્દીન ખિલજીએ કિલ્લા ઉપર હલ્લો કરીને ત્હેનોઘણો ભાગ તોડી પાડયો હતો તે સમયે હજારો રજપુત સ્ત્રીઓએ પોતાના પુરાતન રિવાજાનુસાર જોહરવ્રતનુ પાલન કરીને પોતાના પ્રાણના અગ્નિદેવતાને બળિદાન આપ્યા છે આ સબધી વિશેષ માહિતી 'ગુજરાતી' પત્રે આપેલી **'પદ્મિની યાને ભસ્મિભૂત ચિત્તોડ'** એ નામક નવલકથામાંથી મળી આવે તેમ છે કે જે નવલકથા ચિ-તોડ ઉપર થયેલા ત્રણ જોહરો પૈકી પ્રથમ જોહાર સબધી લખાગલી છે

આ નવલકથા તૈયાર કરવામા મુખ્ય આધાર (૧) 'Tod's Rajsthan' ઉપરથી લેવામા આવ્યો છે તેમજ તે સિવાય (૨) Sir E C Bayley's Local Mahommedan Dynasties (૩) R S Whiteway's The Portuguese Power in India વિગેરે ગ્રથોમાથી પણ કેટલીક હકીકત

લેવામા આવી છે વળી આ ગ્રંથો સિવાય મગદી ભાષામા પ્રકટ થયેલી નવલકથા '**માનવીઆશા**'માથી પણ કેટલીક માહિતી મેળવવામા આવી છે તેથી કરીને એ દરેક ગ્રંથના કર્ત્તાનો આ સ્થાને અંતઃકરણપૂર્વક આભાર માનવામા આવે છે.

નવલકથાના નિયમાનુસાર આ નવલકથા તૈયાર કરતા કેટલીક ઐતિહાસિક બાબતોમા સાધારણ ફેરફાર કરવામા આવ્યો છે છતા અસત્યતાનો યત્કિંચિત્ અંશ પણ ન આવે તેવી કાળજી અવશ્ય રાખવામા આવી છે, છતા એકાદ વિષયનો અત્રે ઉલ્લેખ કરવો આવશ્યક છે

ટોડ સાહેબનુ એમ લખવુ છે કે, વિક્રમાજીત ઘણોજ ખરાબ રાજા હતો, તથા ત્હેના રાજ્યમા ઘણી અંધાધુંધી ચાલતી હતી,' જો આ કથા ઉપર વિશ્વાસ મૂકીએ તો બીજે સ્થળે એવો ઉલ્લેખ છે કે "ઇ સ. ૧૫૩૦મા રાણો સંગ્રામસિંહ (વિક્રમાજીતનો પિતા) મૃત્યુ પામ્યો, તે સમયે વિક્રમાજીતની ઉમર ફક્ત પાંચજ વર્ષની હરે છે (૩) કોઈ ઇતિહાસકારનુ હેવું કહેવુ છે કે જોહાર રત્નસિંહની કારકીર્દિમા થયો છે સત્ય શુ છે તે નારાયણ જાણે!

આજ પ્રમાણે જોહાર થયાની સનનો પણ ઘોટાળો છે કોઇ તે ઇ. સ. ૧૫૩૩ની ઠરાવે છે. હમને જે કથા ઉપર વધારે વિશ્વાસ પડ્યો છે તેજ ઇતિહાસ હમે આ નવલકથામા લીધો છે. અસ્તુ.

ભૂમિકા પૂર્ણ કરતા પહેલા મ્હારે આ પુસ્તકના પ્રકાશક શ્રીયુત પ્રભુશંકર નરભેરામ વ્યાસ અધિપતિ-'**ચંદ્રપ્રકાશ**' માસિક પત્ર સુરત, હેમનો ખાસ આભાર માનવો ઘટે છે કારણ ત્હેમની યથોચિત સાહાય્ય વિના હુ આ નવલકથા ગુર્જર સાહિત્યભિલાષી સજ્જનોની સેવામાં ક્યારે મૂકી શકત તે કાંઇ નિશ્ચિત ન્હોતું માટે આ પુસ્તકને

પોતાના માસિકના ગ્રાહકોને ઉપહારમાં આપવાની કૃપા કરવા બદલ તથા ત્હેમણે મ્હારા પ્રયાસની કરેલી કદર બદલ હું પુન ત્હેમનો અત્યંત પ્રેમપૂરઃસર આભાર માનું છું.

જો કે નવલકથા તૈયાર કરવામા અનેક પ્રકારે સાવચેતી રાખવામાં આવી છે છતા મનુષ્યબુદ્ધિથી દોષ થયા સિવાય રહેતોજ નથી જેથી પાઠકોએ હંસક્ષીર ન્યાય ગ્રહણ કરી પુસ્તકના ગુણ તરફ લક્ષ્ય આપવું એવી પ્રાર્થના છે

પ્રુફ સંશોધનના કાર્યમા જોઇએ ત્હેવી સાવચેતી રખાઇ નથી જેથી વિદ્વાન વાચકોએ તે માટે ક્ષમા અર્પી ભુલ્યો સુધારીને વાચશે એવી આશા છે

અંતમા પરમકૃપાળુ પરમાત્મા સાહિત્ય સેવાનાં કાર્યો કરવામા અત્યહાર કરતા પણ અનેકધા બળ મ્હને અર્પો એવી નમ્ર પ્રાર્થના સહ વિરમવું યોગ્ય ધારું છુ.

સાહિત્યવિલાસી 'વ્રજવિહારી'

અમદાવાદ.

અનુક્રમણિકા.

ભાગ ૧લો.

પરિચ્છેદ	વિષય	પૃષ્ઠ
• •	અવતરણ	૧
૧	નેત્ર સમિલન	૫
૨	હસીની હૃદય વ્યથા	૧૫
૩	ખાનગી દરબાર	૨૩
૪	ચેતવણી	૩૧
૫	પત્થર ઉપર પાણી	૩૯

૬	ચિત્તોડગઢ તરફ કુચ	૪૮
૭	મસલત	૫૭
૮	મુક્ત થવાનો પ્રયત્ન	૬૫
૯	દુશ્ચિતા	૭૫
૧૦	વિજળી અને વિક્રમાજીત	૮૨
૧૧	વાત, પિત્ત અને કફ	૯૧
૧૨	નૂરનું પ્રથમ સ્વરૂપ	૯૮
૧૩	નૂરનુ દ્વિતીય સ્વરૂપ	૧૦૯
૧૪	પલાયન	૧૧૭

ભાગ બીજો.

૧૫	યુસફખાં	૧૨૬
૧૬	રીતુરીનુ પ્રાયશ્ચિત	૧૩૨
૧૭	ઝપાઝપી	૧૪૦
૧૮	રણુ નિમત્રણુ	૧૪૯
૧૯	સુલતાનનો નવીન દાવ	૧૫૭
૨૦	રૂમીની રાણી	૧૬૫
૨૧	અતિથીઓની યોજના	૧૭૩
૨૨	યુદ્ધની તૈયારી	૧૭૯
૨૩	શાળીની યુક્તિ	૧૮૬
૨૪	ભગવાનદાસનુ ગમન	૧૯૫
૨૫	શાળીનો આગલો દાવ	૨૦૬
૨૬	ભયકર શિક્ષા	૨૧૦
૨૭	સુલતાનનો ઘેરો	૨૧૮
૨૮	સગ્રામ	૨૨૧
૨૯	સહાર અને જોહાર	૨૩૧
૩૦	**ઇશ્વરેચ્છા બલિયસી**	૨૩૮

ૐ

સુલતાન બહાદુરની ચિતોડ પર ચડાઇ.

ભાગ ૧ લો.

*　*　*　*

મધ્યાન્હ વીતિ જવાનો સમય વિશેષ દૂર નથી તો પણ ભગવાન્ સૂર્યનારાયણ પોતાના પ્રખર કિરણોનો વર્ષાવ કરીને ઉષ્ણ પ્રદેશમાં અગ્નિભૂમિનુ સ્વરૂપ આપવાનો વિચાર કરે છે. ગ્રીષ્મકાળ છે ! નદીઓનાં જળ ભૂમિતળમાં વિલિન થઇ ગયાં છે ! જંગલમાં પશુ પ્રાણીઓ લાહ્ય લાહ્ય પોકારી આમનેમ દોડાદોડ કરી રહ્યા છે. આગળ પાછળ—સર્વત્ર અત્યંત તમ પ્રદેશ આવી રહ્યો છે, ગમે ત્હાં નજર ફેંકો, કોઇ પણ વસ્તુ પ્રતિ આતુરદૃષ્ટિથી નજર કરો, તો શુ ? છાયાનું નામ નિશાન પણ ના મળે ! ગગનચુંબિત શાખા પ્રશાખાવાળાં પૂર્ણ અને છત્રાકાર એવાં પરોપકારી વૃક્ષો સુદ્ધા સહસ્ત્રરશ્મિની પ્રખરતા જોઇને ત્રાસ પામવાથી બીજે કોઇ સ્થળે જતાં રહ્યાં છે. જુલમી રાજાને જોઇ પરહિતતત્પર સજ્જન પણ દેશ ત્યાગ કરે છે તો પછી વૃક્ષનુ તો પૂછવુજ શુ ? અરેરે ! પણ આ જોયુ ! આ હરિણી જુઓ, પોતાના વત્સ સાથે તે કઇ આમ તેમ દોડે છે ! ઉપરથી

તાપનો માર, નીચે તપ્ત રેતી, છાયાનું નામ નહી ! બન્નેનાં ગળાં સુકાઇ જવા લાગ્યાં છે ! પ્રાણ વ્યાકુલ થયા કરે છે ! દૂર જળનો ભાસ થવાથી તે બન્ને દોડે છે ! પણ પાણી ક્ય્હાં છે ? ત્ય્હારે શું તે હરિણી પાણી સારૂ તરફડતા પોતાના વત્સ તરફ જોતાં જોતાં પોતાના પ્રાણ ત્યાગશે ? કો'ણ જાણે છે કે ઇશ્વરેચ્છા શું છે ?

*   *   *   *

એક નિબિડ અરણ્યની વાત લઇએ ! છાયાદાર વૃક્ષો પોતાના ઉપર વાસ કરનાર પક્ષીઓનું યથાશક્તિ રક્ષણ કરે છે, તથા પરોપકારનું અપ્રતિમ ભાન કરાવે છે. સ્ફટિકવત્ જલનિર્ઝરો ત્હેના (વૃક્ષના) પાદ પ્રક્ષાલન કરીને તે જલ—તે તીર્થ સ્વરૂપ જલ—દૂરપર્યંત વહે છે જલનિર્ઝરાની આ ભક્તિ જોઇને પશુપક્ષી ચકિત થઇને સ્તબ્ધ બેઠાં છે ! સર્વત્ર મ્લાન શાંતતા પ્રસરી રહી છે એક ક્રૂર હૃદયવાળો વ્યાધ આવીને આ શાંતતાનો ભંગ કરવા ઇચ્છે છે ! ભુર્ર—ભુર્ર —ભુર્ર ! જે જે વિહંગોની દૃષ્ટિ તે દુષ્ટ પુરૂષ પ્રતિ ગઇ તેઓ ત્ય્હાંથી ઉડી અદ્રશ્ય થઇ ગયા એક કપોતનું જોડું પોતાના પ્રેમમાં લીન હતુ. આનંદમગ્ન સ્થિતિમાં વિહાર કરતું હતું ક્રૂર વ્યાધે પ્રત્યચા ઉપર બાણ મૂક્યું એક નેત્રને કિંચિત્ બંધ કરી નિશાન તાક્યું ! ધુટણ ઉપર બેસી ફરીથી ચોક્કસ નેમ ધારણ કરી, પરંતુ આ વ્યાધની પાછળ તો જ્હેજ દૃષ્ટિ કરો ! જુઓ આ સરસર અવાજ કરીને કોણ સરકે છે ? ઓહો ! ભયંકર સર્પરાજ ! ત્ય્હારે હવે શું થશે ? વ્યાધ કપોતના પ્રણયીયુગ્મને મરણને શરણ પ્હોંચાડશે કે મણિરાજ ત્હેનેજ યમલોકમાં પ્હોંચાડશે ? ખબર નથી કે ઇશ્વરીય લીલા કે'વી છે ?

*   *   *   *

પાકની કાપણીનો સમય નજીક જ આવી પ્હોંચ્યો છે ! જેટલા વરસાદની મોસમમાં જરૂર હતી એટલો પડી ચૂક્યાથી પાક ઉત્તમ પ્રકારનો નીવડયો છે. દાણાથી લચી જતાં ડુંડાઓ એક બીજાને નમન કરતાં હોય હેવો દેખાવ ધારણ કરી રહ્યાં છે દરેક જાતનો પાક ઉત્તમ પ્રકારનો થયો છે. કોઇને પણ નિરાશ થવાનો પ્રસંગ આવે તેમ નથી.

સંધ્યાકાળનાં સમયે ભોળાપટેલ પોતાના શ્રમની સાર્થકતા તરફ જોતાં—પાકથી લચી રહેલા પોતાના ખેતર તરફ જોતાં, આનંદસુચક મુદ્રાએ પોતાના ઝુંપડા તરફના માર્ગનું ક્રમણ કરે છે ભોળાપટેલની ઝુંપડી પણ ખેતરથી વિશેષ દૂર નથી. ત્હેમનો વડિલ પુત્ર બળદીઆઓને પાણી પાવા થોડે દૂર આવેલી નદી ઉપર ગયો છે વચટ છોકરો બળદીઆઓને માટે કડબ નાખવાની ગરબડમા છે ન્હાનો છોકરો પોતાના હાથમાંની ગોફણ બાળપણને યોગ્ય હેવી ઉચ્છૃંખલતાથી ફેરવી આસપાસનાં ચકલાંને ઉડાવે છે. મ્હોટી છોકરી પાણી કાઢે છે. ન્હાની પોતાના ન્હાના ભાઇને રમાડે છે. સ્ત્રી ચ્હુલા આગળ બેઠી બેઠી રસોઇ કરે છે. પટેલ આ સર્વ પ્રકાર જોઇ આનંદાબ્ધિમાં વિહાર કરે છે. કેટલીક વખત ખેતર તરફ, કેટલીક વખત ઝુંપડી તરફ અને કેટલીક વખત જે ભૂમિમાતાએ ત્હેમને પાકરૂપે ધનદાન કર્યું છે તે ભૂમિ તરફ જોતાં ભાવિ સુખની આશાના વિચારો સાથે વિહરે છે. અકસ્માત ત્હેમની નજર ઉંચે આકાશ પ્રતિ ગઇ ! તે ચમક્યા ! ત્હેમણે જોયું કે પવન ધીમે ધીમે વિહરીને મેઘખંડને એકત્ર કરે છે વરસાદ આ વખતે બિલકુલ નકામો હતો. ત્ય્હારે શુ ? વરસાદ પડશે ? શું વર-

બાદ પડીને પાકની સાથે તે ગરીબ પટેલના આનંદની પણ ધૂળધાણી થશે ! ખબર નથી કે ઇશ્વર ઇચ્છા શું છે ?

* * * *

[વિક્રમ સવત ૧૫૯૦ પૂર્ણ થઇ ૧૫૯૧ ની સાલ આરૂઢ થઇ-છે. તે વખતેજ વિક્રમાજીતને ચિત્તોડની ગાદી મળી છે. પરતુ પોતાના પિતા સંગ્રામસિહ જેવો તે શૂરો, રીતિ નીતિવાળો તેમજ હોશિયાર પણ નથી. મલ્લની કુસ્તીઓ, હાથીઓની સાઠમારીઓ ઇત્યાદિ નિરર્થક ખેલોમાં રાજા સાહેબ પોતાનો કાળ વ્યતિત કરે છે. રાજ્યમાં બૂમાબુમ ઉડી રહી છે. અપરાધીઓને શિક્ષા મળતી નથી. નિરપરાધીઓને ન્યાય મળતો નથી, રાજ્ય કારભાર કોઇ જોનાર નથી વિક્રમાજીત પોતેજ પોતાની રાજીખુશીથી આ બધાં કાર્યો પ્રતિ દુર્લક્ષ્ય કરે તો પછી ત્હેના તાબેદારો ત્હેની ઇચ્છા વિરૂદ્ધ શુ કરી શકે ? રાજા સાહેબ તો પોતાનો કાળ નિરર્થક ખેલો જોવામાં, ભાંગના લોટા ઉડાવવામાં, ઇશ્કબાજીના ચેનમાં-વિષયવાસનામાં, વ્યતિત કરે છે. આજુ બાજુના ડુ ગરાળ પ્રદેશમાથી ભીલ લોકો રાત્રે આવી પ્રજાને લૂટે છે—પીડે છે. પરતુ ગરીબ બિચારી પ્રજાનુ રક્ષણ કરનાર કોઇ નથી ફોજમાં ફક્ત પાયદળનીજ વૃદ્ધિ થયા કરે છે, તેથી કરીને બીજું સૈન્ય રૂષ્ટ થઇ દેશનુ રક્ષણ કરવા સમર્થ નથી ગુજરાતનો રાજા, સુલતાન બહાદુર આજે કેટલાય દિવસોથી હાવી સ્થિતિ જુએ છે. વિક્રમાજીતે સ્વહસ્તે હાવો પ્રસગ લાવી મૂકયો છે. યવનરાજ, પણ હાવો પ્રકાર જોઇ ખૂશ થયો છે. ત્હેણે પોતાની પ્રચંડ સેના તૈયાર કરી છે. રજપુતાનાનુ નાક ચિત્તોડગઢ પરાધીન થશે કે શુ ? ત્હેની સાથે જ રજપુતોનુ અભિમાન અને ત્હેમના પ્રાણ ધૂળમાં મળશે કે શુ ? ખબર નથી કે ઇશ્વરેચ્છા શું છે ?

પ્રથમ પરિચ્છેદ.

નેત્ર સંમિલન.

Her lips were red, her looks were free,
Her locks were yellow as gold,
Her skin was as white as leprosy.
The night mare life-in Death was she,
Who thicks men's blood with cold.

"Coleridge."

ઠાકોર બિલાવસિંગ મંદસોરનો અધિપતિ છે મંદસોર માળવામાં એક સાધારણ શહેર છે. મંદસોરના આધિપત્ય નીચે કઇ વિશેષ પ્રદેશ ન્હોતો. તે પ્રદેશ ફળદ્રૂપ હોવાથી ઠાકોર સાહેબનો ખજાનો ભરેલો હતો. આજ સંપત્તિ પ્રતિ નિહાળીને ઠાકોર સાહેબ પોતાનો જીવનકાળ વ્યતિત કરતા હતા. ત્હેમને ફક્ત સંપત્તિજ પ્રિય હતી એમ તો છેક કહી શકાય નહી, કારણ ત્હેમને હંસી નામની એક પુત્રી હતી તે પણ ત્હેમને લક્ષ્મી જેટલી જ પ્રિયકર હતી. બન્ને માટે ઠાકોર સાહેબના હૃદયમાં સરખી લાગણી હતી. એક તરફ લક્ષ્મી કેવી રીતે વધે એ ચિંતા તેમને ત્રાસ આપતી હતી ત્યારે બીજી તરફ હંસીનો વિવાહ ક્યારે પાર પડશે એ ચિંતા ઉછળતી હતી. ઠાકોર સાહેબની પત્ની તો બિચારી ચારેક વર્ષ અગાઉ અમરધામનિવાસિની થઇ ગઇ છે.

બપોરની વામકુક્ષી થયા પછી પોતાના અંતરમહાલયમાં બેસીને રાજ્યનુ કાર્ય નિહાળવાનો ઠાકોર સાહેબનો નિયમ હતો. ત્હેમની પુત્રી હંસી પણ પોતાના પિતા પાસે બેસી કઇ ભરત કામ કરતી હતી. પાઠક! તે અનુપમ લાવણ્યમયી હતી. પ્રભાતના કમળ જેવું ત્હેનું નિષ્કલંક મુખ ઘણુ તેજસ્વિ જણાતુ હતુ. ઘણોજ નરમ અને લાંબો કેશકલાપ ત્હેના વક્ષસ્થળ ઉપર અને સ્કધ પ્રદેશ ઉપર આનંદથી વિહાર કરતો હોવાથી ત્હેના ગોર અને આકર્ષણિય ચ્હેરા ઉપર વિલક્ષણ શોભા જણાતી હતી ત્હેના હરણુનાં બાલકોનાં નેત્રોને પણ લજાવે હેવાં નેત્રો અને બીજા અવયવોએ પણ બાલ્યાવસ્થાની પોતાની ચચળતાનો ત્યાગ કરી શાંત તથા ગભીર ભાવ ધારણ કર્યો હતો. પ્રિય પાઠક ! ત્હેનુ આખું શરીર હેવુ તો સુદર હતુ કે એક વાર જોયા પછી વારવાર જોવાનું મન થાય વાંચનાર ! શું ત્હમે વસંત સમિર ચુબિત અર્ધ વિકસિત ગુલાબ જોયું છે ? હેમતના ઝાકળથી ભીજાયલા સેફાલિકાનુ મનોહર સૌંદર્ય અનુભવ્યુ છે ? વર્ષાથી ધોવાયલા ચપકની ગોર કાન્તિ જોઇ છે ? કાળા મેઘથી છવાયલા વિસ્તૃત આકાશમાં સોદામિનીની તીવ્રરૂપ જ્યોતિ દીઠી છે ? આ સર્વનાં કરતાં પણ હમારી હંસી વધુ સ્વરૂપવાન અને આકર્ષક હતી

" પિતા ! " સ્મિત કરીને પોતાના કામ ઉપર નજર ફેરવી પોતાના પિતા તરફ નજર કરતી હંસી બોલી,—"ચિત્તોડગઢથી હજુ સુધી કેમ કંઇ વર્તમાન આવ્યા નહી ? એમ કેમ વારૂ ? "

ઠાકોર ભિમાવસિગ પોતાના વિચારમાંજ લીન હતા. હંસીએ પુન: પણ તેજ પ્રશ્ન કર્યો " ચિત્તોડગઢ—" તે વચમાંજ બોલી ઉઠ્યો, " ચિત્તોડગઢનું શું ? "

પોતાના પિતાના આ શબ્દોથી હંસીને આશ્ચર્ય ઉદ્‌ભવ્યું. ત્હેણે પુનઃ તેજ પ્રશ્ન કર્યો.

" ચિત્તોડગઢ તરફથી ખબર–આપણે ત્હેનુ શું કામ છે ? હાં સ્હમજ્યો ! બ્હેન ! આવશે, જલદીજ આવશે " ઠાકોરે જેમ ફાવે તેમ જવાબ આપ્યો.

એટલામાંજ એક દરવાને આવી ખબર આપી કે–" જહાંપનાહ ! બ્હાર કોઇ સ્ત્રી આપને મળવાને માટે આવીને ઉભી ર્‌હી છે, શું હુકમ છે ? "

" એ કોણ સ્ત્રી છે ? " ઠાકોરે આશ્ચર્યથી કહ્યુ, " જા ત્હેને અંદર મોકલ " હંસી પણ સાશંકદ્દષ્ટિએ પોતાના પિતા તરફ જોઇ આશ્ચર્યથી બરબડી,–" એ કોણ છે વારૂ ? "

એટલામાંજ દરવાન એક બુરખાવાળી સુંદર સ્ત્રીને ત્હાં લાવ્યો અને પોતે ચાલ્યો ગયો.

તે નુતન વ્યક્તિના હસ્ત થોડા ઉઘાડા હતા, અને તેટલા ઉપરથીજ ત્હેની સુંદરતા સબંધી કલ્પના થઇ શકતી હતી તે કોણ છે, હેની પિતા પુત્રીને સ્હમજ પડી શકી નહી.

સુમારે પંદર પળ સુધી કોઇ કંઇ બોલ્યું નહી હંસી અને ઠાકોર તે બુરખાવાળી સ્ત્રી પ્રતિ, અને તે વ્યક્તિ વિશેષ કરીને હંસી પ્રતિ આશ્ચર્યથી જોતી હતી

" તમે કોણ છો ? " ઠાકોરે પ્રશ્ન કર્યો,–' અને મ્હારી પાસે ત્હમારે શું કામ છે ? "

એક ક્ષણમાંજ તે વ્યક્તિએ પોતાના મ્હોં ઉપરનો બુરખો એક બાજુએ કર્યો ! એક યુવક તે બન્નેની–પિતા પુત્રીની–નજરે પડયો.

" ખતા માફ હો–(અપરાધ ક્ષમા કરો) " તે યુવકે નમ્રતાથી પોતાની ઓઢણી અંગ ઉપરથી ઉતારી એક બાજુએ ફ્હાડી બોલ્યો !

બન્ને—પિતા પુત્રી—ચકિત થયાં ! એક ક્ષણ હંસીનુ અને તે યુવકનુ નેત્ર સમિલન થયુ ! હંસી યુવક પ્રતિ નેત્ર કટાક્ષ ફેંકી પોતાના નુપુરરવથી યવન યુવકના પ્રેમ વિહ્વળ હૃદય ઉપર પ્રણયકંપ ઉઠાવી ત્યહાંથી ચાલી ગઇ !

યુવકનુ હૃદય ત્હેની પાછળ પાછળ ગયુ. આ સર્વ ઘટનાને નિમેષ માત્રનીજ વાર લાગી હશે ! ઠાકોર પણ આ એકદર પ્રકાર જોઇ સ્તંભિત થઇ ગયો ! તે યુવકના મ્હોં પ્રતિ જોઇ રહ્યો.

થોડા વખત સુધી કોઇ કઇ બોલ્યુ નહી.

" સભ્ય લોકોને આ શોભતુ છે કે શુ ? " ઠાકોર સાહેબે કિંચિત્ ક્રોધથી પ્રશ્ન કર્યો

" જનાબ ! " યુવક પોતાની મિષ્ટવાણીથી વિનિત ભાવે બોલ્યો. " કસુર માફ કરો મ્હારો આપ ધારો છો હેવો ઉદ્દેશ હતો જ નહી, પણ–" હેવુ કહી ત્હેણે એક બધ પાકીટ ઠાકોરના હાથમા મૂક્યું.

યુવકની વાણી મનોહર હતી તેમજ દેખાવ પણ ચિત્તાકર્ષક હતો ઠાકોરે એક બે વખત હાથમાંના પાકીટ તરફ દષ્ટિ કર્યા બાદ ત્હેને ફોડયુ, અને અંદરથી પત્ર ફ્હાડીને વાંચવાનો પ્રારંભ કર્યો.

યુવક અદબ વાળી નીચી દષ્ટિ કરી ઉભો હતો. હેનું વય

પચ્ચીસેક વર્ષનું હતું. ત્હેનું શરીર નાજુક જણાતું હોવા છતાં કદાવર, મજબુત તથા ઉંચુ હતું. ત્હેના ખભા અને છાતી ઉંચા અને પહોળા, હાથમાં સલ હતી, તથા કમર પાતલી હતી ત્હેનુ મુખ સુંદર અને મ્હોટાં પણ પાતળાં નસ્કોરાંવાળુ, પાતળા ગરૂડ જેવા નાકની બન્ને તરફ ગાલો ઉપર સહેજ રતાશના આભાસ યુક્ત હતુ. સહેજ પહોળું જણાતું ત્હેનુ મુખ ત્હેમાંના શ્વેત અને સમપણે ગોઠવાયેલા દાંતોની સુંદર હારો દેખાડવાની લાલસાથી ઘડીએ ઘડીએ ઉઘાડવામાં આવતું હોય તેમ સહેજ ઉઘાડું રહેતુ. શરીરના રંગ સાથે સ્પર્ધા કરતી હોય હેવી ત્હેની કાળી ચળકતી ભરાઉ અને લાંબી તથા બરોબર હોળેલી મુછોના છેડાઓ બહુજ સંભાળપૂર્વક આંકડા માફક વાળેલા હતા. ત્હેના લીસા અને ઉપસેલા કપાળની ઉપર સુગંધિત તેલોથી બ્હેકી અને ચળકી રહેલા, છેડેથી ગોળ વાળેલા કાળા વાળોના ગુચ્છા બરોબર કાંસકીથી જમાવેલા હતા, તથા ત્હેને બંધ બેસતી આવે હેવી રીતે ચીબુકની નીચેની ત્હેની દાઢીના ટુંકા પણ રેશમ જેંવા સુંવાળા વાળોને બે ભાગમાં છુટા પાડીને ગાલ ઉપર ત્હેના આંકડા ચ્હડાવેલા હતા. લાંબી રેશમ જેવી પાંપણોવાળી ત્હેની મ્હોટી નિર્મળ હરિણ જેવી આંખોની ઉપરની પાતળી લીટી જેવી શ્યામ ભ્રમરો નાશિકાના મુખ આગળ મળી જતી હોય હેવી દેખાતી હતી. શરીરે મજબુત અને શૌર્યવાન ખુશમિજાજી તથા સાદી અને વિવેકી રીતભાતવાળો ત્હેનો દેખાવ હતો.

યુવકે સહેજ ઉંચું જોયું ઠાકોર પત્ર વાંચતોજ હતો. ધીમે ધીમે યુવકની દષ્ટિ હંસી જે બાજુ તરફ ગઇ હતી તે તરફ વળી. હંસી ખડકીની બ્હાર ઉભી હતી. બન્નેનાં નેત્રોનું પુનઃ સંમિલન થયું ! નેત્રોને

જે કામ કરવાનું હતું તે યોગ્ય રીતે પૂર્ણ થયું ? બન્નેને એમજ લાગ્યું કે બન્નેનાં હૃદયમાં એક બીજાની મૂર્તિ આંતર્ સ્વરૂપે પ્રકાશી રહી છે. અને તેટલા માટે ઉભયને કેટલો આનંદ થયો હશે તે કહી શકાતું નથી. હસી અદ્રશ્ય થઇ ! યુવક પાછો નીચી નજર કરી ઉભો રહ્યો. જે વખતે યુવક ઠાકોર પાસે આવ્યો તે વખતે ત્હેના મનમાં સ્વકાર્ય શિવાય બીજો વિચાર જ નહોતો; પરંતુ હવે ત્હેના મનોપ્રદેશમાં કેવા વિચારો ઉદ્ભવવા માંડ્યા છે ? પરંતુ ત્હેમાં યુવકનો કિંચિત્ માત્ર પણ દોષ હોય એમ હમે ધારી શકતા નથી. કારણ પ્રણય હેવોજ છે, અજબ અનંગ રાજાની રાજ્યપ્રણાલિ જ કઇ વિચિત્ર કાયદાઓ ઉપર આધારભૂત થઇ પડી છે ચાર આતુર નેત્રોનુ મિલન થયુ હોય અને જો ઓષ્ઠ પોતાનુ—હાસ્યનુ—કાર્ય બજાવ્યુ નહી તો પ્રણયીરાજ્યમાં પિનલકોડની કલમ પ્રમાણે રાજ્યનિષ્ઠા ન બતાવ્યાનો ભયંકર અપરાધ ગણાય છે ! નેત્રોએ પ્રેમ દર્શાવવાનું, આરક્ત ઓષ્ઠોએ આનંદ પ્રદર્શિત કરવાનું અને કપોલે અનુરાગ પ્રસિદ્ધ કરવાનું કાર્ય કરવુજ જોઇએ, નહી તો નેત્રો વિસ્તૃત થાય છે, ઓષ્ઠોને દાંતથી આઘાત થાય છે, ગાલો ક્રોધથી ફૂલે છે. સાક્ષર શ્રી ન્હાનાલાલે પોતાના વસન્તોત્સવમા હાવા સ્નેહનુ પ્રદર્શન નીચેની પંક્તિઓમાં કરાવ્યું છે.

" નમણું નેત્રનું લાજવુ,
કમલકંઠનુ સહજ નમવું,
તનુપલ્લવનું ઢળવુ, નીતરવુ,
સુભગા ! એ મુગ્ધ સ્નેહનાં વદન છે. "

અસ્તુ હવે આપણે વાર્તાપ્રવાહમાં આગળ વધીએ.

" યુસફ ! " ઠાકોરે કંઇક ગંભીરતાથી તથા કંઇક પ્રેમથી તે યુવકને કહ્યું, " યુસફ—હાવા વેશથી આવવાનું શું કારણ ?"

" પિતાની આજ્ઞા " યુસફે નમ્રપણે ઉત્તર આપ્યો. યુવક મુસલમાન ! !

હંસીએ પોતાનું હૃદય કોને સ્વાધીન કર્યું ? હંસી ઉચ્ચ કુલમાંની રજપુત કન્યા, યુવક યવનવશીય ! !

"યુસફ !" ઠાકોરે આજુબાજુ દૃષ્ટી કરી કહ્યું, " આવ, અહીં આવી મ્હારી પાસે બેસ. આપણે આ કાર્ય સબંધી શું કરવું તે નક્કી કરીએ.

ઠાકોરની આજ્ઞા પ્રમાણે યુવક ત્હેની પાસે જઇ બેઠો.

ઠાકોર ત્હેના તરફ સાશંકદૃષ્ટિએ જોતાં બોલ્યો;" "સુલતાન બહાદુર પત્રમાં લખ્યા પ્રમાણે વર્તશે તે બાબતની ખાત્રી શું ?"

" શું આપને મ્હારા પિતાનો અવિશ્વાસ આવે છે ? જો તેમ હોય તો મ્હારા ઉપર વિશ્વાસ રાખો; પરતુ હેવી શંકાને વિના કારણ હૃદયમાં સ્થાન શા માટે આપો છો ? "

" શંકા લાવું છું, એમ નથી—ખરેખર " ઠાકોર વચમાંજ યુસફનો બરડો થાબડી હસતાં હસતાં બોલ્યો,-" હુ ત્હને તું કહીને બોલાવું છું તેથી ગુસ્સો તો નથી ઉદ્ભવતોને ? હુ ત્હને મ્હારા પુત્ર બરોબર ગણું છું. "

યુસફે નમ્રતાથી યોગ્ય પ્રત્યુત્તર આપ્યો.

ઠાકોર પુનઃ પોતાના કાર્ય સબંધીજ બોલવા લાગ્યો. તે બોલ્યો;-"સુલતાન સાહેબ સ્વતઃ કેટલી ફોજ લાવનાર છે વારૂ ! કારણ, તું

વિચાર કરી જો આ બાબત ઘણોજ વિચાર કરવો ઘટે છે. ત્યહાં ગમે તેટલી અંધાધુધી ચાલે છે પરંતુ ત્હેમનામાં હજુ બાપા રાવળનું લોહી થોડું ઘણું પણ ખેલે છે છતાં પણ હું તો ત્હમને મદદ કરીશજ જો સાંભળ;

"ખરેખર ત્હારૂં કહેવું છે, કરીશ હું તો મદદ તુંજને,
પરંતુ જોમ ક્ષત્રીનું, ખરે કહેજે ત્હેં જોયું છે !
મદદ કરશે ચિત્તોડ અર્થે, ઘણા ત્યહાંનાજ ઠાકોરો,
આવશે રણરંગમાં, જુદી કોટાના માલિકો "

ચુસપ.–"ભલે આવે બધા એકત્ર થઇને, મયદાનેજગમાં,
પરંતુ નહી કો પ્હોંચી શકે, લૅંબ્બીખાનની યુક્તિના અંગમાં,
કદી શું શિઆળવા આવી સિંહને ડરાવશે ?
એકજ સિંહ હમારો લૅંબ્બીખાન બધાને હરાવશે "

લૅંબ્બીખાનનુ નામ સાંભળી આશ્ચર્યચકિત્ થયલા ઠાકોરે પૂછ્યું;–
" કોંણ છે લૅંબ્બીખાન, ક્યહાંનો છે વતની ?
અસલ શું છે નામ ને કોણ છે પત્ની ?

ચુસપ.–લ્હડાઇ દીવ ઉપર કરીને પિતા જીત્યા છે એ યોદ્ધો,
રૂમી મુસ્તફા મૂળ નામ છે, લૅંબ્બીખાન છે હોદ્દો.
અતિશય જોમ સાથે, યુક્તિનો ભડાર છે,
તોપખાનાના ઉપરીનો, હવાલો ત્હેને હાથ છે.
નથી પત્ની અહી ત્હેને, હશે તો તે પ્રભુ જાણે,
રહે છે એકલો હમેશ, દાસી સાથ નિર્ગમને.
શૂરો બહાદુર યોદ્ધો એ, હમારા સૈન્યનો ઉપરી,
કરશે ખ્વાર શત્રુ સૈન્યના સર્વેને પકડી.
હમારૂં એ સુદર્શન છે, શત્રુ બાળવા માટે,

હમારૂં એજ ચક્ર છે, શત્રુ દાબવાં માટે;
કરશો ના ફિકર કાંઇ, ખરેખર જીત હમારી છે,
શત્રુ સૈન્યની મયદાનમાં, પરાજયની વારી છે.

" વારૂં ત્યહારે હમારી રકમ હમને ક્યહારે મળશે ? " ઠાકોરે ઉત્સુકતાથી પૂછ્યું.

" આપના કરાર પ્રમાણે પંદર હજાર અશરફી (મહોરો) આજ સંધ્યાકાળે જ આપને સ્વાધીન કરી દઇશું. આ રકમ આપને મળતાંજ આપે આપની પલટણ હમોને સોંપી દેવી પડશે બાકીની રકમ ચિત્તોડગઢ ઉપર આપીશું. "

ઠાકોર કંઇ વિચાર કરી બોલ્યો,–" ઠીક ત્યહારે–"

યુસફે તરતજ રજા લીધી. જતી વખતે ત્હેણે અત્યંત ઉત્સુકતાથી ખડકી પ્રતિ દૃષ્ટિપાત કર્યો, પરંતુ હસીનો મનોહર ચ્હેરો ત્હેની દૃષ્ટિએ પડ્યો નહી. એક દીર્ઘ નિશ્વાસ નાખી તે ત્યહાંથી પૂર્વ પ્રમાણે ઓઢણી ઓઢી ચાલતો થયો !

પંદર હજાર મહોરો ! અને તે પણ બાવન કશી સોનાની ! આજ સંધ્યાકાળે ઠાકોર આગળ યવન યુવરાજ યુસફખાં પંદર હજાર મહોરોનો ઢગલો કરનાર હતો, ઠાકોર તે મહોરોનાં કાલ્પનિક દર્શન કરી તલ્લીન થયો ! ત્હેને બીજુ કંઇ સૂઝયુ નહી. ત્રીજો પ્રહર પૂર્ણ થઇ ગયો હતો, તેથી ઠાકોર પોતાનુ કાર્ય આટોપી ઉપવનમાં ગયો. ત્યહાં ત્હેણે પોતાના સેનાપતિને બોલાવી જે કુહેવાનુ હતું તે કહ્યું. સેનાપતિએ આશ્ચર્યચકિત થઇ સર્વ સાંભળ્યાજ કર્યું. સેનાપતિ એટલે શું ? હુકમનો નોકર. ત્હેણે પણ ઠાકોર આગળ હાજી હા કર્યા કરી; નહિ તો ઠાકોરને પોતાના સેનાપતિની મ્હોટી ધાસ્તી હતી. કદાચિત

ત્હેના મનમાં ચિત્તોડગઢ સંબંધી અભિમાન હોવાનો સંભવ હોય, પરંતુ ચિત્તોડગઢના દિવસજ ફર્યા હતા !

સંધ્યાકાળે અંધારૂ થતાં ન થતાંમાં તો ઠાકોરની આગળ યુસફખાં મહોરો લઇ હાજર થઇ ગયો ! ઠરાવ પ્રમાણે ઠાકોરે મહોરો ગણીને તપાસી લીધી; તથા સેનાપતિને ફોજ સાથે ગુર્જર દેશાધિપતિ સુલતાન બહાદુરની તરફ જવા કહ્યું સેનાપતિ હુકમ પ્રમાણે ચાલ્યો ગયો. યુવરાજ યુસફખાં માત્ર ઠાકોર પાસે રહ્યો ઠાકોરે ત્હેની યોગ્યતા પ્રમાણે આગતાસ્વાગતા કરવાની વ્યવસ્થા કરી. આ સર્વ બન્યા પછી ઠાકોર ભોજનાર્થ રણવાસમાં ગયો.

હમેશાં પોતાના પિતાને માટે હંસી સ્વત જ સ્વયંપાક કરતી, આજે પાકશાળામાં તે દેખાઇ નહી. ઠાકોરને આશ્ચર્ય લાગ્યુ. ત્હેણે એક દાસીને હેતુ કારણ પૂછ્યુ.

" આજે કુંવરજીની તબીઅત ઠીક નથી " દાસીએ પ્રત્યુત્તર વાળ્યો.

" શું થયુ છે ? ઠાકોરે પુન પ્રશ્ન કર્યો. " જા, ત્હેને હાંક મારી બોલાવી લાવ " આજ્ઞા પ્રમાણે દાસી ત્હાંથી ચાલી ગઇ.

થોડીવાર પછી તે શોકજનક મુદ્રાએ પરત આવી અને ક્હેવા લાગી,—" કુંવરીજી દ્વાર બંધ કરીને બેઠાં છે, તે ઉઘાડતાં નથી. ત્હેમણે અંદરથી જ કહ્યુ કે ', મ્હને કોઇ ત્રાસ આપશો નહી, હુ બ્હાર આવીશ નહી, મ્હને લાગે છે કે તે એકાંતમાં બેસીને રડે છે. મ્હેં ત્હેમનાં ડસ્કાં સાંભળ્યા. " દાસીનો આ ઉત્તર સાંભળી ઠાકોરને વિશેષ આશ્ચર્ય લાગ્યુ. ! !

દ્વિતીય પરિચ્છેદ.

હંસીની હૃદયવ્યથા.

મહાલયમાં બેસી બેસીને કંટાળ્યાથી હંસી રણવાસમાં એક અગાશીમા જઈ એકાંતે બેઠી હતી. ત્હેનુ મુખમંડળ અશ્રુપ્રવાહથી મ્લાન થયુ હતુ. ત્હેના મનોપ્રદેશમાં અસંખ્ય ગુઢ વિચારો ઉથલ-પાથલ કરી રહ્યા હતા. વિચાર કરતાં કરતાં વચમાંજ ત્હેણે આકાશ પ્રતિ દૃષ્ટિ કરી, એક દીર્ઘ નિશ્વાસ નાખી તે સ્વત. બડબડવા લાગી; " પિતાશ્રીને હુ આ કહું તો કેમ ? મ્હારૂ તેઓ સાંભળશે ! એમ બનવુ અશક્ય છે. મ્હારૂ—એક અજ્ઞ બાલકીનું—કથન તેઓ ક્યહાંથી ધ્યાનપૂર્વક સાંભળે ? ત્યહારે શુ હમેશાં હાવી રીતે દુ:ખદ જીવન વ્યતિત કરવુ ? આ વખતે માતા હોત તો મ્હને કેટલી બધી શાંતિ મળત ?" પુન ત્હેણે પોતાનાં નેત્રો જમીન તરફ વાળ્યાં અને વિચાર સાગરના મોજાં સાથે તે અફળાવા લાગી.

સ્નિગ્ધ ચંદ્રિકાથી મનોહર થયલા નીલાકાશ ઉપર મેઘનું સામ્રાજ્ય ક્યહારે સ્થપાશે ત્હેનો કંઇ નિયમ નથી, હેવીજ રીતે સુખી મનુષ્યના મનની સ્વસ્થતા વિદાય થઈ ત્હેનુ મન ક્યહારે ચિંતાક્રાંત થશે ત્હેનો પણ નિયમ નથી કેટલાક કાળથી હંસી પોતાને સુખી માનતી હતી. એકાદ કોમળ પુષ્પકલી પ્રમાણે ત્હેનુ મન પ્રફુલ્લિત હતું, પરંતુ સુસ્વપ્નાંના આવ્યા પછી ત્હેના ચિત્તની સ્વસ્થતા એકાએક વિદાય થઇ ગઈ, અને જે'મ જે'મ વખત જવા લાગ્યો તેમ તેમ ત્હેની અસ્વસ્થતા વધવા લાગી માત્ર ત્હેનુ મન અસ્વસ્થ હોવાનુ જે કારણ વાચકોએ કલ્પ્યું હશે તે ન્હોતો અસ્તુ.

હંસીએ પુષ્કળ વિચાર કર્યો વારંવાર ચંદ્ર તરફ જોઇ ત્હેણે નિશ્વાસ નાખ્યા પરંતુ ત્હેનો કંઇ નિશ્ચય થયો નહી ઘણી વખત પછી તે જ્હાં બેઠી હતી ત્હાંથી ઉઠી અને અગાશીની અંદર આમ તેમ આંટા મારવા લાગી છેવટે તે દાંતથી ઓષ્ઠને આઘાત કરતી સ્વત બોલી-" પિતાને કહીશ, મ્હારાથી બનશે તેટલા પ્રયત્ને ત્હેમને સ્હમજાવીશ, તેઓ સાંભળશે તો ઠીક નહી તો મ્હારે અહીથી ચાલ્યા જવુ એ જ ઉત્તમ છે આમ બબડી તે નીચે જવા નીકળી.

તે નીચે જઇ જુએ છે તો દાસીઓની ઘણી ગરબડ ચાલી રહી છે. ઠાકોરની આજ્ઞાથી સર્વે દાસીવર્ગ હંસીને શોધતો હતો એક દાસી હંસીને જોઇ ઉતાવળી ઉતાવળી બોલી ઉઠી,—

" બ્હેન ! ક્યહાં ગયાં હતાં ? મહારાજ આપને બોલાવે છે."

" શુ કામ છે ? હંસીએ શોકાતુર તથા ક્રોધ મિશ્રિત મુદ્રાએ પ્રશ્ન કર્યો પિતાશ્રી ક્યહાં છે ?"

" પેલી તરફ દીવાનખાનામા—" દાસીએ ઉત્તર આપ્યો

" ત્યહાં બીજુ કોણ છે ? "

"કોઈ નહી—"દાસીએ કહ્યુ,-"તેઓ આપનીજ રાહ જુએ છે."

હંસી પોતાના પિતા પાસે જવા ચાલી નીકળી

ઠાકોર બિલાવસિંગ અફિણની ગોળી ચ્હડાવી ત્હેના ઘેનમાં પંદર હજાર મહોરોનો હિસાબ કરતો પલંગ ઉપર પડયો હતો પોતાની પુત્રીને જોતાજ તે બેઠો થયો અને પ્રશ્ન કર્યો,-" હંસી ! બ્હેન ! શુ આજે ત્હારી તબીઅત સારી નથી ? "

હંસીએ પ્રથમ તો કંઇ પણ પ્રત્યુત્તર આપ્યો નહી. તે ધીમે

ધીમે પગલાં મૂકતી મૂકતી પિતાના પલંગ નજીક જઇ પ્હોંચી અને ત્હાં ઉભી રહી. ત્હેના મનમાં કંઇ બોલવાનો વિચાર છે હેવુ ત્હેની મુખમુદ્રા ઉપરથી સ્પષ્ટ સ્હમજાઇ આવે છે, તો પણ આરંભ કેવી રીતે કરવો, હેની ત્હેને સુઝ પડી નહી.

ઠાકોરે પુન. પ્રશ્ન કર્યો,–"બ્હેન ! આજે ત્હારૂં મ્હોં આટલુ બધુ ઉદાસ કેમ ?"

હંસીએ કોઇ પ્રકારનો નિશ્ચય કરી કહ્યુ,–" પિતાશ્રી ! મ્હારે ત્હમને કંઇ કહેવાનુ છે ? આપને ગુસ્સો તો નહી આવે ને ?"

પોતાની પુત્રીનો આ પ્રશ્ન સાંભળી ઠાકોરને આશ્ચર્ય લાગ્યુ. તે બોલ્યો,–" કંઇ વાત, તથા તે માટે ત્હારા ઉપર ગુસ્સો ઉદ્‌ભવવાનું કંઇ પ્રયોજન ?"

" ગુસ્સો ઉદ્‌ભવે હેવીજ વાત છે–" હંસીએ પોતાના પિતા તરફ તીક્ષ્ણ દૃષ્ટિએ જોતાં કહ્યું.

" આજે બપોરે જે યુવક આવ્યો હતો તે શા માટે આવ્યો હતો ? સંધ્યાકાળે તે ફરીથી શા માટે આવ્યો ? આપને ત્હેણે પંદર-હજાર મહોરો શા માટે આપી ?"

હંસીની આ પ્રશ્નપરંપરા સાંભળતાંજ એક ક્ષણભર તો ઠાકોર ચેંકજ આશ્ચર્યચકિત્ થઇ ગયો. એકાદ છાની વાત કોઇના સ્હમજવામાં આવી હોય ને જે'વી સ્થિતિ હૃદયની થાય હેવીજ સ્થિતિ ઠાકોરની થઇ. ત્હેણે શંકા સહિત હંસી તરફ જોયુ ચુસકે પોતાના મ્હોં ઉપરથી જે વખતે અવગુંઠન (બુરખો) બાજુએ કર્યો હતો અને તે વખતે જે પ્રકાર બન્યો હતો તે ત્હેના હૃદયમાં કલ્પનારૂપે પ્રવેશ્યો.

તે પોતાના મન સાથે સ્વગત બોલ્યો,-ગુમફ્ખાંના સૌંદર્યથી હંસી મોહિત થઈ ગઇ હોય એમ દેખાય છે!"

ત્હેણે પૂછ્યું;—"કદાચ ત્હારા પ્રશ્નોના ઉત્તર હું ના આપું તો ?"

'મ્હને હેવી પ્રથમથીજ શંકા હતી." હંસી નિરાશાથી બોલી.

ઠાકોરના હૃદયમાં હંસી વિષે ઉદ્ભવેલી શંકાને પુષ્ટિ મળી. તે બોલ્યો,—"હવે હું ત્હારા હૃદયની વાત જાણી શક્યો, પણ હંસી—" ઠાકોર અચકાતો અચકાતો બોલ્યો,—"જો'વો તે સુંદર છે અને ગુજરાતના રાજાનો પુત્ર છે. હેવોજ તે મુસલમાન છે તે ધ્યાનમાં છે ને?'

પિતાનો ઉપર્યુક્ત પ્રત્યુત્તર સાંભળી હંસી ચકિત થઇ. તે આશ્ચર્યથી પિતા તરફ જોતાં બોલી,—"આપના બોલવાનો અર્થ શું?"

"મ્હારા બોલવાનો અર્થ!" ઠાકોર આશ્ચર્યથી હંસી તરફ જોતાં બોલ્યો, "મ્હને લાગે છે કે તું ગુમફ્ખાનના સૌંદર્યપર મોહિત થઇ ગઇ છે?"

પિતા તરફથી જે ઉત્તર મળ્યો તે સાંભળી હંસીની મુખમુદ્રા ઉપર મ્લાનતા પ્રસરી તે લજ્જાથી નીચું જોવા લાગી હાનો શું ઉત્તર આપવો તે હેને સૂઝયું નહી.

ઘણી વારે હંસીએ ઉંચું જોઇ નિશ્ચયપૂર્વક કહ્યું;—"આ આપની કલ્પના તદ્દન ભૂલ ભરેલી છે."

ઠાકોરને અત્યંત આશ્ચર્ય લાગ્યું ત્હેણે પ્રશ્ન કર્યો,"—ત્હારે તે સબંધી ત્હારે પ્રશ્ન કરવાની શું જરૂર?"

હંસીને આ વખતે યોગ્ય પ્રત્યુત્તર વાળતાં આવડ્યું નહી, તે બોલી,—"કઇ જરૂર છે તેથી તો આપને પ્રશ્ન કરૂં છું."

" હેવું શું કામ છે બ્હેન ? " ઠાકોરે કિંચિત્ વિચાર કરી નમ્રતાથી પૂછ્યું. ત્હેમને હવે ભળતીજ શંકા થવા લાગી.

" વારૂ ત્હારે— " હંસી નિશ્ચયથી બોલી, " જ્યારે આપને કહેવાની ઇચ્છા નથી ત્હારે ના કહેશો, પરંતુ મ્હારી એક વિનતી છે ! "

" શું છે ? " ઠાકોરે કિંચિત્ ક્રોધાવિર્ભાવ પ્રદર્શિત કરતાં કહ્યું.

" આજે સંધ્યાકાળે આપે જે પંદર હજાર મહોરો લીધી છે. તે જેની હોય ત્હેને પાછી પ્હોંચાડી દ્યો " હંસીએ નમ્રતાથી કહ્યું, " તે મહોરો આપણને સુખી કરી શકે તેમ નથી. "

ઠાકોરને વજ્રપાત થયો.

હંસી આગળ બોલી,—" પિતાજી ! મ્હને સર્વ ખબર પડી છે, પણ કિંચિત પંદર હજાર મહોરોને માટે આપણે ચિત્તોડગઢથી નિમકહરામ થવું જોઇએ નહી. ઇશ્વરને આ સારૂં લાગશે નહીં; હું બાળક છું એમ સ્હમજી આપ મ્હારી વિનતી પ્રતિ દુર્લક્ષ્ય કરશો નહી. "

હંસીનું ઉપર્યુક્ત કથન સાંભળી ઠાકોરને ત્હેના ઉપર ગુસ્સો તો ઉદ્ભવ્યો પરંતુ ત્હેને ત્હેવીજ રીતે દબાવી દેતાં તે બોલ્યો,—" ગાંડી છોકરી ! આ રાજ્યકાર્યની હકીકત છે ! હેમાં ત્હારા જેવી બાળકી શું સ્હમજે ? જા તું મ્હારી પુત્રી છે જાણી ત્હને કંઇ કરતો નથી, બીજું કોઇ હોત તો ત્હેને સખ્ત શિક્ષા કરી હોત ! પરંતુ યાદ રાખ કે ત્હારો પણ અપરાધ એકજ વખત ક્ષમા કરૂં છું. પુન હાવો અપરાધ થશે તો ત્હેની શિક્ષાને આધીન ત્હારે પણ થવુંજ પડશે. "

પિતાનુ ક્રોધપૂર્ણ કથન સાંભળી હંસીને ઘણું લાગી આવ્યું, તે દુ:ખદ મુદ્રાએ બોલી.—"પિતા ! પિતા ! મ્હારી—અરેરે ! આ એક ગરીબ પુત્રીની વિનતી સાંભળો હો ! ત્હમે જે કર્યું છે ને કરવાના છો ત્હેનું પરિણામ અનિષ્ટ આવશે "

"વારૂ, વારૂ, આવવા દે" ઠાકોર ક્રોધથી ત્હેના પ્રતિ જોતાં બોલ્યો, " ત્હારે ત્હેની સાથે કંઇ લેવા દેવા નથી—"

" એમ શા માટે કહો છો વારૂ ? " હંસો પોતાની આંખ્યમાંના આંસુ લુછતી બોલી,—" કાલે જ્યહારે આપણે મુસલમાન રાજા સાથે હિંદુરમા સામેલ છીએ હેવું લોક સ્હમજશે ત્યહારે તેઓ આપણને શું કહેશે ? તેઓ આપણા તરફ કેવી તિરસ્કારયુક્ત દૃષ્ટિથી જોશે, હેનો કંઇ વિચાર કર્યો ? "

" જો સાંભળ હંસી !" ઠાકોર શાંત થઇ બોલ્યો,—" લોકો ફાવે તેમ કહે, ઇશ્વરને આ પસંદ પડો યા ના પડો, આ કાર્ય સારૂં હોય કિંવા ખોટું હોય, પરંતુ હું તે કરી ચૂક્યો છું. હવે હું ત્હેમાંથી નિવૃત્ત થઇ શકું તેમ નથી. હું સુલતાન બહાદુરની સાથે વચનથી ફસાયો છું વચન તોડવું એ ક્ષત્રિયોનો ધર્મ નથી—"

" એમ ! આપ આપના સંબંધીઓ ઉપર તલવાર ચલાવશો ?" હંસી ગુસ્સાથી બોલી, " પોતાના શત્રુને મદદ કરી પોતાના સંબંધીઓનો નાશ કરવો એ શું ક્ષત્રિયોનું કર્તવ્ય છે કે ? "

જખમ ઉપર કોઇ મીઠું મરચું ભરે તેજ પ્રમાણે ઠાકોરને સ્વપુત્રીનું કથન લાગ્યું. તે ક્રોધાવેશમાંજ બોલ્યો,—" હા, હા, એજ મ્હારૂં કર્તવ્ય છે. હવે જો તું ત્હારા મ્હોમાંથી એક પણ શબ્દ વધુ ઉચ્ચારીશ તો જીભજ કાપી નાખીશ, સ્હમજી ! આટલી ન્હાની છોકરી બા-

પને સ્હમજાવવા–શિખામણ દેવા આવી છે! દિવસજ ફર્યો છે—"

"ખરૂં છે પિતા–" હુંસી ક્રોધથી વ્યંગયુક્ત સ્વરે બોલી, "ચિત્તોડગઢના દિવસજ ફર્યો છે, તેથી તો ત્હમે આજ પંદરહજાર મ્હોરો જોઇ, ત્હેના ઉપર તલવાર ફેરવવા ઉઠ્યા છો! જે રજપુતોએ બાપા રાવળના વંશજોએ ચિત્તોડગઢના રક્ષણાર્થે પોતનુ રક્ત રેડયુ છે તેજ રજપુતોના હાલના પુત્રોની ઉપર આપ આપની તલવાર ફેરવી રહ્યા છો, તેથીજ હુ પણ કહુ છુ કે ચિત્તોડગઢના દિવસ ફર્યો છે—"

હુંસીના ઉપરોક્ત વાગ્બાણોથી ઠાકોરનો ક્રોધ વૃદ્ધિગત્ થયો તે પોતાના ઓઠ પીશી બોલ્યો,–' શુ તુ મ્હારી પુત્રી છે? નહી જ ત્હારૂ આટલા બધા દિવસ લાલન પાલન કર્યું તે શાને માટે? શું ત્હારા હાવા અપમાનસુચક શબ્દો સાંભળવા? આજ કે ત્હારી મ્હારા પ્રતિની ભક્તિ? આજ કે ત્હારો પ્રેમ?

"પિતા!" હુંસી શાંત થઇ નમ્રતાથી બોલી, "આપને જ્યહારે એમજ લાગે છે ત્યહારે તો નિરૂપાય! જ્યહારે આપના ઉપર મ્હારો પ્રેમ ન હોત, જ્યહારે આપને માટે મ્હારા મનમાં ભક્તિભાવ ન હોત, ત્યહારે હું સત્ય કહુ છુ કે આ પાપકર્મમાંથી આપને પરાવૃત્ત કરવાને કદાપિ આવત નહી. પિતા! આપને ખબર નથી કે આપના આ કાર્યથી મ્હને કેટલી બધી યાતના થાય છે! હુ આપને હાથ જોડીને વિનતી કરૂં છુ કે જો આપને આપની પુત્રી ઉપર કિંચિત્ માત્ર પણ પ્રેમ હોય તો ચિત્તોડગઢથી નિમકહરામી કરશો નહી. આ પાપનું પ્રાયશ્ચિત આપને ભોગવવુજ પડશે."

હુસીના મર્મભેદક કથનથી એક વાર તો ઠાકોરને હાર ખાવી જ પડી. તે કઇ વિચારમાં પડયા હુસીને પણ પોતાના કથનની સ્હેજ સાજ અસર થયની માલૂમ પડયાથી કિંચિત્ આનંદ થયો.

ઠાકોરે પુષ્કળ વિચાર કર્યો. પરંતુ ત્હેનાથી મ્હોરોનો લોભ છોડી શકાયો નહી. બીજુ સુલતાન બહાદુર સાથે પણ ત્હેને સબંધ હતો તે ભયંકર પંચાતીમા આવી પડયો થોડો વખત વિચાર વમળમા ગોથા ખાઇ રહ્યા પછી તે બોલ્યો,–"હુંસી! તુ કહે છે તે સર્વ ખરૂં છે પરંતુ સુલતાન બહાદુરથી હવે વિરૂદ્ધ જવુ એ મણિધરના મસ્તક ઉપર પગ દેવા જેવું છે"

આ વાકય સાંભળી હુસીનો ક્રોધ પુનઃ સતેજ થયો. તે બોલી,– "ત્હમે ક્ષત્રિય છો, ક્ષત્રિઓનું કાર્ય જ સાપ જેવા શત્રુ ઉપર પગ દેવાનુ છે, અને તેમ કરતાં મૃત્યુ થાય તે ઉત્તમ છે, પરંતુ ચિતોડગઢથી નિમકહરામ થઇ જીવવુ એ ઘણુજ શરમ ભરેલુ છે."

ઠાકોરને લોભે પછાડયો હતો તે બોલ્યો,—"જા, જા, ત્હારૂ કથન સાંભળવુ બિલકુલ ઉપયોગી નથી ત્હને હામાં શું સમજ પડે?"

હુસી છેકજ નિરાશ થઇ ગઇ તે ત્હાંથી જતાં જતાં બોલી,– "વાઋ ત્હારે આપની મરજી! પરંતુ ચિતોડનો હાવી લુચ્ચાઇથી હું નાશનો નહીજ થવા દઉ!"

આ પ્રમાણે કહી તે ત્હાંથી એકલી ચાલી નીકળી

ઠાકોરે જે વિચાર મનમા હતો તે અમલમા મૂકયો

બીજે દિવસે હુસીને માલુમ પડયુ કે તે નજરકેદમા પડી છે.

તૃતીય પરિચ્છેદ.

ખાનગી દરબાર.

વિક્રમાજીત સંગ રાણાનો (સંગ્રામસિંહનો) પુત્ર થતો હતો. સંગ રાણો ઘણો બહાદુર રણકૌશલ્યમાં નિપૂણ હતો. હેની ઉંચાઇ તો જો કે સાધારણ હતી પરંતુ તે વિશેષ બળવાન હતો. એ રંગે ગોરો હતો, અને હેની આંખો ઘણી જ વિશાળ હતી. હેના ભાઇ સાથેની લડાઇમાં હેની એક આંખ ગઇ હતી, દિલ્હીના લોદી રાજા સાથેની લડાઇમાં એ ઠુંઠો થયો હતો, અને એક બીજી લડાઇમાં તોપનો ગોળો વાગવાથી એ લંગડો થયો હતો, તથા તરવારના અને ભાલાના મળીને હેના આખા શરીર ઉપર ૮૦ જખમો ગણી શકાતા હતા. એ પરાક્રમના સાહસિક કાર્યો કરવામાં પણ અદ્યાપિપર્યંત પ્રખ્યાત છે. માળવાના રાજા મુજફ્ફરને હેની જ રાજ્યધાનીમાંથી કેદ કરી લાવવાનો દાખલો હેનું સાહસ જાણવાને બસ છે. રણથંભોરના અજીત કિલ્લાને અલી નામનો બહાદૂર પાદશાહી કિલ્લેદાર બચાવતો હતો, તે છતાં પણ તે લીધો. એવા રાણા સંગની કીર્તિ ઘણી વધી. કાનુઆ સુધી મેવાડની ઉત્તર હદ ઠરાવીને સંગે એક મહેલ બાંધ્યો હતો, અને જો હેના પછી હેના જેવો અગમબુદ્ધિનો અને તર્કશક્તિવાળો રાજા મેવાડની ગાદી ઉપર થયો હોત તો બાબરના વંશજો હિંદુસ્થાનનું રાજ્ય સાચવી શક્ત નહિ. સંગને સાત છોકરાં હતાં. હેમાંના બે બાળપણમાં જ મરણ પામ્યા હતા, તેથી ત્રીજો કુંવર રત્ન ઇ. સ. ૧૫૩૦ માં મેવાડની ગાદી ઉપર બેઠો.

સંગ રાણા પછી ત્હેનો મ્હોટો દીકરો રત્નાદિત્ય ઈ. સ ૧૫૩૦ માં ગાદીએ બેઠો. એ હેના બાપના જેવો જ બહાદુર હતો. હેણે ચિતોડના દરવાજા બંધ કરવાની મના કરી હતી અને રણક્ષેત્ર એજ પોતાની રાજ્યધાની કરવાનો નિશ્ચય કર્યો હતો એ જો વધારે જીવ્યો હોત તો હેણે હેના બાપનું પણ પાળ્યુ હોત, અને પોતાના દેશના અને ધર્મના શત્રુની સ્હામા થવાનો એકસપ કર્યો હોત, પરતુ તે વધારે જીવ્યો નહિં જયપૂરના રાજાની કન્યા સાથે હેનો વિવાહ થયો હતો છતાં બુંદીનો રાજા સુરજમલ ત્હેને પરણી આવ્યાથી ત્હેની સાથે હેને કજીઓ થયો ત્હેમાં એ બન્ને જણ માર્યા ગયા તેથી ત્હેના પછી ત્હેનો ભાઈ વિક્રમાજીત ઈ. સ. ૧૫૩૫ માં ગાદીએ બેઠો. વિક્રમાજીતની ચાલ ચલકત પ્રસ્તુત પુસ્તકમાંથી પાઠકોની સ્હમજમાં આવી શકે તેમ હોવાથી હમે પોતે આ સ્થળે ત્હેનુ પિષ્ટપેષણ કરવાની જરૂર જોતા નથી.

ચિત્તોડમાં રાજમહેલની નીચે આવેલા રમણિય પુષ્પોદ્યાનમાં પુષ્કરણીના એક આરસપહાણના ઘાટ ઉપર રાણા સંગ્રામસિંહનો સત્પુત્ર—ચિત્તોડનો તે વખતનો અધિપતિ—વિક્રમાજીત પોતાની સજ્જન (?) મિત્રમંડળી સહિત બેઠેલો હતો આ ત્હેમનો ખાનગી દરબાર હતો

તે પુષ્કરણી ઉત્તમ પ્રકારની હતી ત્હેની લંબાઇ પહોળાઈ સુમારે દશેક હાથની હતી. ચારે બાજુએ શુભ્ર આરસપહાણનો ઘાટ બાંધેલો હતો રજસ્ત્રિયોને સ્નાન કરવા માટે જ તે બનાવવામાં આવેલી હોવાથી ત્હેની ઉંડાઈ એક કમરપુર કરતાં વિશેષ ન્હોતી એક ગોમુખમાંથી સ્વચ્છ જળ આવી ત્હેમાં પડતુ હતું. પ્રાકૃતિક ઝરાનુ પાણી હોવાથી બીજી બાજુએ ત્હેને

બરાબર નીકળી જવાની પણ વ્યવસ્થા કરી હતી. પાણીથી ઉંચે સુધી ફક્ત પાંચજ પગથીઆં હતાં કાંઠો ભારે પત્થરો મઢીને કાઢેલો હતો કાંઠા ઉપર એક આંબાનું અને બીજુ બકુલનું એમ બે વૃક્ષો હતાં. આ બન્ને ઝાડોની છાયા નીચે ચારેક માણસો બેસી શકે હેવી છોબંધની યોજના કરવામાં આવી હતી ટેકો દઈને બેસવાની વ્યવસ્થા પણ રાખી હતી આજુબાજુ જાઈ અને ચમેલીના વેલા પોતાની મનોહર સૌગંધ ફેલાવી રહ્યા હતા પુષ્કરણીની આસપાસ દશ દશ હાથ જગ્યા દ્રોથી અચ્છાદિત કરવામાં આવી હતી, તથા તે દ્રોની વચમાં ગુલાબ મોગરો વિગેરે પુષ્પોના સુગંધીદાર રોપાઓ શોભા સાથે સૌગંધ આપતા હતા. બ્હાર જવાને માટે ત્રણ ચાર ઠેકાણેથી વક્ર થયેલો એકજ રસ્તો હતો આ રસ્તાના બ્હારના નાકા ઉપર એક દાસી કે સિપાઈ હરહમેશ પહેરો ભરતાં હતાં હવે આપણે ત્હાં બેઠેલી વ્યક્તિઓના પરિચયમાં આવીએ.

ઉપર જણાવેલા આમ્ર અને બકુલ વૃક્ષ નીચેની પત્થરની બેઠક ઉપર એક ગાલીચો નાખી ત્હેના ઉપર વિક્રમાજીત બેઠો છે મહારાજના જમણા હાથ આગળ એક કાળો, શામળો, ઠીંગણો અને પશુ જેવો એક મનુષ્ય બેઠેલો હતો ડાબા હાથે એક ગોરવર્ણ પરંતુ સુદામા જેવો એક પુરૂષ બેઠો હતો એક વિપ્રમૂર્તિ પુષ્કરણીના કાંઠા ઉપર ભાંગ ઘુટતો હતો. આવવા જવાના દ્વાર ઉપર એક ન્હાનો છોકરો પહેરાનુ કાર્ય બજાવતો હતો.

વિક્રમાજીત આ વખતે છેકજ તારૂણ્યાવસ્થામાં પ્રવેશ કરતો હોય એમ ત્હેની મુદ્રા ઉપરથી સુચન થતુ હતુ, અર્થાત્ તે વયને યોગ્ય હેવી ઉચ્છૃંખલતા પણ ત્હેનામાં હતી પરંતુ ત્હેના એકદર વર્તન ઉપરથી

તે સંગ રાણાના વશનો છે એમ બિલકુલ લાગતુ નહિ. ભાંગ ચ્હડાવીને વારંવાર પોતાની નોકર મંડળી તરફ તુચ્છકારપૂર્વક જોવાનો હ્‌હેનો સ્વભાવ એક પ્રદર્શનરૂપ છે ખુશામદીઆ લોકોની કરેલી વ્યાજ-સ્તુતિ સાભળી હ્‌હેની મુખમુદ્રા ઉપરથી દેખાતો આનંદ હ્‌હેની મૂર્ખતા શિવાય બીજુ કંઇ બતાવતો ન્હોતો હ્‌હેના હાથ નીચેના ગરીબ લોકોની-પોતાનીજ ગરીબ પ્રજાની-દાદ ફરિયાદ તરફ તે તદ્દન દુર્લક્ષ્ય કરતો, અને કોઇ કંઇ કહેવા આવે તો હ્‌હેની મશ્કરી કરી કાઢતો. પ્રજાવડે જ રાજા છે, એ સુત્ર હેની ધ્યાન બ્હાર હતુ, તે ઘણોજ નિષ્ઠુર હતો હાવા રાજાની સત્તા હેઠળ ચિતોડગઢનુ રાજ્યસુત્ર હોવાથી રાજ્યની કાર્યપ્રણાલિ કેવા પ્રકારે ચાલતી હશે હ્‌હેનો ખ્યાલ વાચકોએજ કરી લેવો

મહારાજના જમણા હાથે બેઠેલા લઠ્ઠભારતી-ચડસમા પૂર્ણ, મહારાજના પ્રેમપાત્ર, અવ્વલ દરજ્જાના ઉમેદવાર, સ્વસુખાર્થે ફાવે હ્‌હેવુ નીચ કાર્ય કરનાર હતા હેમનુ નામ જંગીલાલ હતુ પરંતુ વિક્રમાજીત હ્‌હેમને પહેલવાનજી કહીને બોલાવતો હતો અને આજ કારણથી હેમના પ્રથમ નામનો લોપ થયો હતો

મહારાજના ડાબા હાથ તરફ બેઠેલા સુનામાજી અફિણના સેવક, મહારાજના હૃદયપ્રવેશક, હ્‌હેમના દરેક મતમા હાજી હા ભેળવનાર અને અફિણની ગોળી ચ્હડી એટલે આખી દુનિયાને તુચ્છ સ્હમજી નિજાનંદમાં મગ્ન ર્‌હેનાર હતા હ્‌હેમનું સત્યનામાભિધાન અમલચંદ હતુતુ, પરંતુ વિક્રમાજીને હ્‌હેમના શરીર ઉપર લક્ષ્ય આપી હ્‌હેમનુ નામાભિધાન તિનકાદાસ હેવુ રાખ્યુ હતુ. પોતે ઉત્તમ ગાયક છે હેવી હ્‌હેમની સ્હમજ હતી, અને આ સ્હમજને અનુસરી ઘણી વખત આજ પ્રમાણે ખાનગી દરબાર ભરી તેઓ હ્‌હેમાં અવશ્ય ગાતા

પુષ્કરણીના કાંઠા ઉપર બેસી ભાંગ ઘુટનારા વિપ્રદેવ વયે ફક્ત વીસ બાવીસ વર્ષના હતા વર્ણે સ્હેજ ગૌર તથા શરીરે સાધારણ હતા. ત્હેમનુ નામ વિજયલાલ હતુ તે રાજ પુરોહિત ભગવાનદાસના પુત્ર છે ભાગ શિવાય ત્હેમને બિલકુલ ચેન પડતુ નહી હેમનુ અધ્યયન પણ વિશેષ હતુ ! ગાયત્રી મત્ર સુદ્ધા (ઉચ્ચાર તદ્દન અશુદ્ધ અને ત્હેમાથી ઘણા શબ્દો ભાગ ભેગાજ વટાઇ ગયલા) તે ધડ્ધડ્ બોલી જતા, આથી કરીને જ મહારાજ પોતે ત્હેમને પંડિત કહીને બોલાવતા તો પછી બીજા બોલાવે હેમા શુ આશ્ચર્ય ?

પહેરા ઉપર ઉભેલો છોકરો બિચારો ભોળો પણ પૂર્ણ સ્વામીભક્ત અને આજ્ઞાધારક હતો, અસ્તુ

હવે આપણે આગળ વધીશુ તો હરકત જેવુ નથી.

વિક્રમાજીત અને ત્હેના બન્ને મિત્રો વિનડાવાદ કરતા હતા. વચમાજ મહારાજે પડિતજી પ્રતિ દૃષ્ટિ ફેકી પ્રશ્ન કર્યો,—" થઇ છે કે નહી ? "

" અન્દાતા (અન્નદાતા) તૈયાર છે ! લાવુ છુ—" વિપ્રદેવે હાથ જોડી પ્રત્યુત્તર પ્રદર્શિત કર્યો

" કયુ પહેલવાનજી–" વિક્રમ જંગીદાસ તરફ દૃષ્ટિ કરી બોલ્યો

" હા જી–બબ્બ હો ગયા હું–" જગીદાસે ઉત્તર આપ્યો.

" તિનકાદાસજી–" વિક્રમે ડાબા હાથ પ્રતિ નજર ફેકી કહ્યુ.

" જો હુકુમ—" તિનકાદાસજીએ તરતજ આવડતો ઉત્તર આપી દીધો.

ત્રણેએ ઉઠીને હસ્તપાદ પ્રક્ષાલન કર્યા બાદ એકેક ભાંગનો લોટો ચ્હડાવી દીધો ! પડિતજીએ પણ બાકી રહેલો સર્વ ભાગ ' બમ

ભોળા ! શંકર-શંકર ! " બોલી અડાવી દીધો. ત્હાર બાદ તેઓ પણ આ ત્રિપુટીમાં સામિલ થયા.

" અહાહા ! ભાંગ પણ એક અલૌકિક ચીજ છે ! " વિક્રમાજીતે કહ્યું.

" તિનકાદાસજી " પંડિતજી બોલ્યા;-" ત્હમારૂ તે ગાયન મ્હને આવડી ગયુ—"

" કયુ ? " મહારાજે પ્રશ્ન કર્યો,

" ભાગ ભવાનીનુજ તો ! "જગીલાલે આંખો પલકાવતાં કહ્યું.

" થવા દો ત્હારે—" વિક્રમાજીતે મૂર્ખેચ્છા દર્શાવી

મહારાજની આજ્ઞા થતાંજ તિનકાદાસ પોતાના પહાડી અવાજથી ' આડ્ડ્ કરવા લાગ્યો. પંડિતજીએ ' તુઇ તુઇ ' કરીને નાકમાંથી અવાજ કાઢી વિણા વગાડવાનુ કાર્ય શરૂ કર્યુ

જગીલાલે કહ્યુ,—' અરે, તિનકાદાસજી ! એમ દેડકાની માફક ' રેં રેં ' ન કરો. એકદમ ગાવાનુ શરૂ કરો વારૂ ચાલવા દો જોઉ" આમ કહી ત્હેમણે પોતાના મ્હોડાથી ' ભિગ ભિગ ' એવો અવાજ કાઢી તબલચીનુ કાર્ય બજાવવાની શરૂઆત કરી

વિક્રમ પણ મદભરિત નેત્રે ચાલતો રંગ જોવા લાગ્યો.

તિનકાદાસજીએ ગાવાની શરૂઆત કરી,-" હા-હાડ્ડ્ડ્ અહુઃ અહુ (અટકીને) આજે ગળું કઇ ઠીક નથી-"

" ગળુ ઠીક દેખાય છે-ત્હેમાંથી અવાજ ઠીક નીકળતો નથી !" જગીલાલ વચમાંજ બોલ્યો "હ ચાલવા દો"

તિનકાદાસે પુન સૂર ચલાવ્યો, તથા નીચેનું ગાયન ગાવાની શરૂઆત કરી.

" જય જય ભંગ ભવાની બોલો ! ભવસે પાર ઉતરજોજી ॥ધૃ૦॥
યહ ભંગ મહા ઉપકારી, યે ભંગ મહા ઉપકારી—
રોગોંકા હય હિતકારી, ઇસ સૂ કહત ઇસે દુખહારી;
પ્યારો ખૂબ ઉડાલોજી, જય જય ભંગ ભવાની બોલો—"

" ભવસે પાર ઉતરજો જી—" પંડિતજીએ વચમાં રી લંબાવી.

" ધિગ્ ધિગ્—તોમ્ તિકિટ ધીગ્ ધીગ્ ધા—" જગીલાલે પોતાનો ઠેકો ઝુકાવ્યો.

" શાહબાસ ! શાહબાસ ! વાહવાહ ! તિનકાદાસજી ખુબ કરી ! " મહારાજ પોતાના મુખપ્રદેશમાથી સ્તુતિ પુષ્પ વેરવા લાગ્યા. " વાહ ! જંગીલાલજી—તબલા મજેના બજાવ્યા ! પંડિતજી આપે પણ કમાલ કરી—હાં આગે—"

તિનકાદાસજી આંખો મીચી કાન ઉપર હાથ દઇ તાન લેવા લાગ્યો.

" પ્યારો ખુબ ઉડાલોજી—ઇ—ઇ—ઇ—ઇ—ઇ—આ—હા—"

" એટલામા ત્હેમને જોરથી ઉધરસ આવી અને તેથી ગાયન-તાન બંધ પડયુ.

ભાંગ ભવાનીનો પ્રતાપ હેવોજ છે." વિક્રમે કહ્યુ,

પંડિતજી પોતાનું અગાધ જ્ઞાન પ્રદર્શિત કરવા આનંદથી બોલ્યા,—" સમરતી (સ્મૃતિ) સુરતી (શ્રુતિ) ને વેદ સર્વમાં હેની સ્તુતિ છે. ભૃગુ સંઘીમાં કહ્યુ છે કે;—

दरशनं भंग देवीणाम् सर्व्व पाप् बिनासनं—
सपर्सनं लभते पुन्यं—

અં—અં—શું વારૂ ? (માથુ ખંજવાળતા) કઇ યાદ ન રહ્યુ."

જંગીલાલ બોલ્યો;-' આ વેદાંતનો મંત્ર થોડોજ છે ! "

" ત્હારે વેદાંતમાં શું લખેલું છે ?" વિક્રમે આશ્ચર્યથી પૂછ્યું.

જંગીલાલ બોલ્યો,-**परभाते एक लोटा दोपेरे थोडी तो सही ।**

दिनांते नशा लायक पिवे भंग यदा तदा ॥ १ ॥

હેનો અર્થ એમજ છે કે—સ્હવારે નિદાન એક લોટો, તથા બપોરે થોડી તો અવશ્ય, સંધ્યાકાળે નીશા જેટલી, જ્યહાં ત્યહાં ભાંગ પીને જ જવું "

" શાબ્બાસ-શાબ્બાસ ! જંગીલાલ—"

આ જોઇ પંડિતજીને ગુસ્સો ઉદ્ભવ્યો. તેઓ બોલ્યા,-" પણ મ્હારા મંત્રનો અર્થ તો ત્હમે સાંભળ્યો નહિ જુઓ '**दरसन भंग देविनाम् सर्व्व पाप विनाशनं**-' ભંગ ભવાનીના ફક્ત દર્શન કરવાથીજ સર્વે પાપોનો નાશ થાય છે '**सपसनं लमते पुन्यं**' હેને ફક્ત હાથ અડકતાંજ પુણ્યનો સંચાર થાય છે—" થોડો વખત માથું ખંજવાળી એકાએક કંઇ યાદ આવ્યું હોય એમ પાછું બોલી ઉઠયા,-" હા–હાં બરાબર, યાદ આવ્યું '**यानं मुक्ति दायकं**' પાવાથી મોક્ષ મળે છે–કહો જોઉં કોનો મંત્ર ઉત્તમ ?"

તે ચૌકડીને પૂર્ણ નિશો ચ્હડયો હતો–સર્વે રંગમાં આવ્યા હતા એટલામાંજ 'હુકમ નથી' હેવો તે પહેરાવાળા છોકરાનો અવાજ તેમને શ્રવણે પડયો 'અરે દૂર જા લુચ્ચા ?' હેવું કહી એક વૃદ્ધ ગૃહસ્થ અંદર આવ્યો આ ચારે નીશાબાજ વૃદ્ધને જોઇ ચમકયા !

ચતુર્થ પરિચ્છેદ.

ચેતવણી.

તે વૃદ્ધનો ચ્હેરો ક્રોધાવેશથી અત્યત રક્તવર્ણ થઇ ગયો હતો. ત્હેના હૃદયમા કોઇ પણ મહાન્ દુ:ખનો સંચાર થયલો હોય હેવુ ત્હેની મ્લાન થઇ ગયલી મુખમુદ્રા ઉપરથી સ્પષ્ટ માલૂમ પડતુ હતુ. ત્હેની ઉમર લગભગ સાઠેક વર્ષના આશરની હતી માથુ તથા દાઢીના કેશ સફેદ રગના થઇ ગયા હતા આટલુ છતા પણ ત્હેનામાં શુરવીરતાના ચિન્હો સ્પષ્ટ સ્હમજાતા હતાં. તે વૃદ્ધ પુરૂષ વિક્રમાજીતની છેક જ પાસે આવ્યો અને અત્યંત કષ્ટથી ત્હેણે ત્હેની સાથે જોહાર કર્યાં ત્ય્હાર બાદ પેલા માંકડાઓને (જંગીલાલ, અમલચંદ તથા પંડિતજીને) જોઇને તે ક્રોધથી ભભુકી ઉઠયો,–" માકડાઓ ત્હમારૂ આવી બન્યુ છે!" વૃદ્ધનુ આ અપમાનકારક વાકય સાંભળી પ્રથમ જંગીલાલે પોતાનુ શરીર હલાવી પોતાની આંખો ચ્હડાવી દઇ હૃદયનો ગુસ્સો વ્યક્ત કર્યો ને જોઇ અમલચદ ઉર્ફે તિનકાદાસ, ત્હેમણે પણ ભાંગના તથા અફિણના ઘેનથી મસ્ત થયેલાં નેત્રોએ એક વખત વૃદ્ધ પુરૂષ પ્રતિ દૃષ્ટિ કરી તો પછી પંડિતજી પણ શા માટે ચુપ બેસી રહે? ત્હેમણે પણ પોતાની ખાધ ઉપરનો જાડો ખાદીનો રૂમાલ હલાવી પોતે તે અપમાનસુચક શબ્દો સાભળ્યા જ ન હોય હેવી એકિટગ કરી વિક્રમાજીત ઘડીમાં તે વૃદ્ધ તરફ તો ઘડીમાં પોતાના હાથ તરફ જોવા લાગ્યો

તે વૃદ્ધે કોઈના તરફ લક્ષ ન આપતાં, નમ્રતાથી પરંતુ કઠોર-સ્વરે વિક્રમાજીતને કહ્યું, "રાજાજી ! આપના દુર્લક્ષ્યથી હમો ગરીબ લોકને ઘણુંજ નુકશાન થયુ છે શુ આપશ્રી હમારો ન્યાય નહી જ કરો ?"

"શું થયુ છે ?" વિક્રમાજીતે હસતા હસતાં પૂછ્યું આ વખતે વિક્રમનું હસવુ તે વૃદ્ધને કેવુ દુખકર થઈ પડયુ હશે ત્હેની કલ્પના પ્રિય પાઠકો તથા પાઠિકાઓએજ કરી લેવી

"અરેરે ! ઘણુાજ શોકની વાત છે કે હમોને દુખી જાણી આપને હસવું આવે છે," વૃદ્ધ કપાળ સકોચી તિરસ્કારપુર્વક બોલ્યો, "રાણા સંગ્રામસિહને પેટે વ્યર્થ અવતાર લીધો છે !"

વિક્રમાજીત ખડખડ હસીને બોલ્યો,—"બુઢ્ઢ ગડિા છે કે શું ? પુરૂષ તે વળી પ્રજાનો પ્રપવદાતા ક્યહાંથી થાય ? હ હ હ ! પહેલવાનજી ! જોઈ આ ઘરડા ઘુવડની અક્કલ—"

જંગીલાલને હવે જોર આવ્યું. તે બોલ્યો,—"મહારાજ ! આપ ક્યહાં નથી જાણુતા કે, 'સાઠી બુદ્ધિ નાઠી"

"અફીણુની ગોળી ચ્હડાવીને આવ્યો હોત તો આમ ના થાત !" તિનકાદાસે અભિપ્રાય આપ્યો

તે વૃદ્ધ ક્રોધથી બેફામ થઇ ગયો. ત્હેણે પોતાના ઓઠ દાબી કમરે લટકતી તલવાર મ્યાનમાથી બ્હાર ખેચી અને વિક્રમાજીતને કહ્યું;—"રાજાજી ! આ આપના પાળેલા કુતરાઓને છોડી દો, નહી તો ક્રોધાવેશમાં હુ આપને પણુ ગણુકારનાર નથી–" પછી તે ત્યહાંથી પેલી ત્રિપુટી પ્રતિ ફરીને બોલ્યો,–"હવે તમારા મુખમાંથી એક શબ્દ પણુ કહાડશો તો ત્હેની સાથેજ ત્હમારો પ્રાણુ પરલોકમાં પ્હોંચી જશે !"

વૃદ્ધ પુરૂષનુ આ નૃસિંહસ્વરૂપ જોતાંજ ચારે જણા ભાનમાં આવ્યા નેત્રો ઉપરનો નીશો જતો રહ્યો વિક્રમાજીત તે ત્રણેના સ્હામી નજર કરી બોલ્યો,–' ખબરદાર ! જો કોઇએ મશ્કરી કરી તો ! " આમ કહી ત્હેણે આંખનો પલકારો કર્યો ત્રણે જણ ત્હેનો અર્થ સ્હમજ્યા અને તેથી બોલ્યા ચાલ્યા વિના ગુપચુપ બેઠા પછી વિક્રમાજીત કંઈક ગભીરતાથી તથા કંઇક આદરપૂર્વક બોલ્યો,–'આપને શુ કહેવાનુ છે ? '

વૃદ્ધ શાંત થઇ બોલ્યો,–" આપને જો ન્યાય આપવાની ઇચ્છા હોય તો જ હુ કહુ, કારણ હું કઇ મ્હારી મશ્કરી કરાવવાને અહી આવ્યો નથી "

વિક્રમાજીત થોડો વખત ચુપ બેસી રહ્યો પછી તે બોલ્યો,– " આપનુ આગમન શા અર્થે થયુ છે તે કહો જોઉ ? હુ ત્હમને જરૂર ન્યાય આપીશજ "

" મ્હારી તકરાર ત્હમારી આ ચડાળ ત્રિપુટી પૈકી પેલા લઠ્ઠ ભારતી સબધી છે મ્હારી ગાયો પૈકી તે રોજ એકાદ પકડે છે અને ત્હેનુ દૂધ કહાડી પીએ છે—"

" ઓહો ! એટલુજ કે ? મ્હે તો ધાર્યું હતુ કે આથી કઇ વિશેષ. મ્હોટો અપરાધ થયો હશે " વિક્રમાજીત પુન હસીને બોલ્યો,– " આવડી ન્હાની બાબતની તકરાર માટે મ્હારી પાસે આવતાં શરમ નથી આવતી ? આશ્ચર્યજનક વાત છે ! "

" એમ–કે ! " વૃદ્ધ વિકટ હાસ્ય કરી બોલ્યો " ત્હારે પછી ત્હમારી જરૂર પણ શી છે ? હેના કરતાં તો ઉલટો રાજા ના હોય

તે જ સારૂ. મ્હારી પાસે પણ સમશેર છે. મ્હારૂં રક્ષણ કરવાને હું શક્તિમાન છું."

પછી તે જંગીલાલ તરફ ફરી બોલ્યો,–" બચ્ચાજી ! આવી જાઓ જોઉં હવે બ્હાર ! આ મૂર્ખાએ (વિક્રમે) મ્હારી પાસે તકરાર લાવવી નહી એમ કહ્યું તે ઠીકજ થયું છે. સરળ રસ્તાનો ત્યાગ ન જ કરવો હેવી મ્હારી ઉત્કટ ઇચ્છા હતી પરંતુ શું કરવું ? ચિતોડગઢના દિવસો જ ફર્યા છે ત્હેને કોઇ શું કરે ? (પુન વિક્રમને) વિક્રમ ! બુદ્ધિમાં આત્ર હું મ્હારા રક્ષણાર્થે હવે ફરીથી ત્હને કદાપિ લેશ માત્ર પણ કહેનાર નથી, પરંતુ જે નિર્બલ, નિરાશ્ર છે ત્હેમના રક્ષણની જવાબદારી ત્હારે માથે છે એ ત્હારે ધ્યાનમા રાખવું જ જોઇએ. રે તું ત્હારા પિતાશ્રીની કીર્તિ પ્રતિ છેકજ દુર્લક્ષ્ય ન કર–ત્હેમની આબરૂ ઉપર પાણી ના ફેરવ

" અરે બુઢ્ઢા ! ત્હને ખબર છે કે જેમ કચરાપટીવાળી જમીન ઉપર પાણી રેડવાથી તે જમીન સાફ થાય છે તેમજ બાપદાદાની આબરૂ ઉપર પાણી ફેરવવાથી આબરૂ સાફ થાય છે !"

વૃદ્ધ વધુ કંઇ સાભળવા ઉભો ના રહેતાં એક દીર્ઘ નિશ્વાસ નાખી ત્હાંથી ચાલ્યો ગયો તે વૃદ્ધના ગયા પછી થોડો વખત તે ચારે જણા એક બીજા પ્રતિ ટગર ટગર જોઇ રહ્યા

વૃદ્ધના ચાલ્યા ગયા પછી તે ચારે જણા એક બીજાના મુખ પ્રતિ જોઇ બેસી રહ્યા હતા થોડાજ વખતમા એક બીજો વૃદ્ધ ત્હાં આવ્યો. તે છેકજ બુઢ્ઢો હતો દાઢી અને મૂછો છેક જ સફેદ થઇ ગઇ હતી ચ્હેરા ઉપર વિલક્ષણ તેજ પ્રકાશતું હતું. શાંત સમુદ્ર પ્રમાણે દેખાતી ત્હેની મુખમુદ્રા હમેશાં પૂર્ણ ગંભીર રહેતી પરંતુ આ વખતે ત્હેના

ઉપર કિંચિત્ દુ:ખની મ્લાનતા પ્રસરી રહી હતી. ત્હેણે અંદર આવી આ ચારે નીશાબાજ તરફ દૃષ્ટિપાત કર્યો અને તેમ કરતાંજ ત્હેનો ચ્હેરો વિશેષ ગભીર તથા દુ:ખી થયો. ત્હેને જોતાંજ આ ચારે ગભરાયા અને લજ્જાથી ત્હેમનાં મ્હોડાં કાળા ઠીકરા જેવાં થઇ ગયાં વૃદ્ધ ધીમે ધીમે ત્હેમની નજીક આવ્યો. અને ગુસ્સાથી આવેશપૂર્ણ સ્વરે બોલ્યો,–" જંગીલાલ, અમલચંદ તથા વિજયલાલ, ત્હમને અનેક વખત મ્હેં સુચના કરી હતી કે ત્હમારે અહીં આવવુ નહી પરંતુ ત્હમે સાંભળતા જ નથી, આથી કરીને હવે મ્હારે ત્હમને બીજી રીતે સ્હમજાવવા પડશે. " એમ કહી ત્હેણે ' અંદર આવો જોઉ ! ' હેવો કોઇને બૂમ પાડી, તે સાંભળતાંજ આઠ દશ હથિયારબંધ સિપાઇઓ અંદર આવ્યા

" આ ત્રણેને (જંગીલાલ, અમલચંદ, વિજયલાલ) પકડીને નજર કેદમાં રાખો. જાઓ લઇ જાઓ ત્હેમને "

સિપાઇઓએ તત્કાળ તે ત્રણેને પકડયા. તે ત્રણેએ વિક્રમાજીત પ્રતિ જોયુ, પરંતુ તે દૃષ્ટિનો કંઇ ઉપયોગ થયો નહી વિક્રમાજીતે તેઓના તરફ દૃષ્ટિ સુદ્ધાં કરી નહી પ્રથમ જંગીલાલે ખોખારો કર્યો, ત્હાર પછી અમલચંદે ઉધરસ ખાધી અને વિજયલાલે ' રામરામ' કહી પોતાને છોડવવા સુચના કરી પણ વિક્રમાજીત નિરૂપાય હતો ! વૃદ્ધ એ ત્રણેની વ્યંગનાઓ સ્હમજી ગયો હતો, તે ત્હેમના તરફ જોઇ બોલ્યો,—" ત્હમારો છુટકો હવે ઇશ્વરના હુકમ શિવાય થનાર જ નથી "

થોડાજ સમયમાં સિપાઇઓ તે ત્રિપુટીને લઇ ચાલ્યા ગયા પછી તે વૃદ્ધે આસપાસ નજર કરી. પેલો પહેરાવાળો છોકરો આશ્ચર્યથી

નેત્રો વિકાસી ચાલતો પ્રકાર જોઇ રહ્યો હતો. વૃધ્ધે ત્હેને ત્હાંથી ચાલ્યા જવાની સુચના કરી. તે ઉતાવળથી ચાલ્યો ગયો હવે ત્હાં ફક્ત તે વૃદ્ધ અને વિક્રમાજીત બે જ રહ્યા. વૃદ્ધ વિક્રમાજીતની પાસેજ બેઠો. ત્હેણે થોડા વખત નીચી દૃષ્ટિ કરી વિચાર કર્યો પછી તે ગંભીરતાથી વિક્રમાજીતને કહેવા લાગ્યો, વિક્રમ! ત્હારા આ ચાલતા રંગ ઢંગ જોઇ મ્હને અત્યંત આશ્ચર્ય થાય છે, તથાપિ ત્હને કેવી રીતે સ્હમજાવવો તે મ્હને સુઝતુ નથી. અરેરે! તુ કોણ! ત્હારી જવાબદારીઓ શું ' ત્હારા બાપની કીર્તિ શુ ? ત્હેનો વિચાર કદાપિ પણ ત્હારા મનમાં આવ્યો છે ? હાવી રીત્યે આખો દિવસ નીચ લોકોની સોબતમાં બેસી માદક વસ્તુનું સેવન કરી તુ ત્હારા પોતાના શરીરનો, અક્કલનો, અને કીર્તિનો નાશ કરે છે ત્હેની ત્હને યતકિંચિત પણ શરમ નથી લાગતી? ત્હારૂ ચરિત્ર ત્હારા પિતા સંગની આબરૂને બટ્ટો લગાડે છે બાપા રાવળના વંશજોનુ શું કર્તવ્ય છે તે ત્હારા મનથી છેક જ વિસારે પડ્યુ હોય એમ જણાય છે હુ વારંવાર ત્હને કહ્યા કરૂ છુ તેથી ત્હને કદાચ મ્હારા ઉપર ખોટુ લાગતુ હશે, મ્હારા ઉપર ગુસ્સો પણ આવતો હશે, છતાં હુ શુ કરૂ ? મૃત્યુ સમયે રાણીએ મ્હને ત્હારો સંભાળ રાખવાનુ કાર્ય સોંપ્યુ છે અને તે કરવા માટે જો હુ ત્હેમને વચન આપી ચુકયો ના હોત તો હુ ત્હને મ્હારે મ્હોડેથી એક પણ કડવો શબ્દ સંભળાવત નહી વિચાર તો કરી જો! માદક પદાર્થનુ સેવન કરી, પ્રજાના પ્રતિ દુર્લક્ષ્ય કરી તું ત્હારી પોતાની મેળે જ પોતાના પગ ઉપર કુહાડી મારે છે! મૂર્ખ જેવાં પાયદળનો ખર્ચ વધારી મ્હેલ્યો છે, આસપાસના ડુંગરોમાંથી ભિલ્લ વિગેરે જંગલી માણસો સંધ્યાકાળ પછી ગામમાં આવી લૂટ ચલાવે છે, દરેકનું તું અપમાન

કરે છે અને તેથી સર્વની સાથે તુ વિરોધ (ભાવઉત્પન્ન) કરે છે બીજી બાજુ પત્રન ઘેરો ઘાલવાની તૈયારી કરે છે, હાવા વખતે રાજ્યના બદોબસ્ત પ્રતિ લક્ષ્ય ના આપતાં તુ જંગીલાલ જેવા હલકટ માણસોની સોબતમાં રહે છે એ ઘણી ખેદજનક ઘટના છે ધ્યાનમા લે–જે રાજા પોતાની પ્રજાની ફરિયાદો સાંભળતો નથી અને ફક્ત ત્હેમની મશ્કરી કરી પાછા ફ્હાડે છે તે રાજાનુ કાલાંતરે પણ કલ્યાણ થતુ નથી તુ ત્હારી સ્થિતિનો વિચાર કરતો નથી તુ શૂરવીર નથી એમ મ્હારૂ ક્હેવુ નથી, પરતુ રાજાએ પોતાની શૂરવીરતા પ્રજાના શ્રેયને અર્થે વાપરવી જોઇએ જો તુ ધીમે ધીમે મ્હારા આ કથન ઉપર વિચાર કરીશ તો ત્હને આ સર્વ હકીકત સત્ય છે એમ માલૂમ પડશે. ”

એટલામા એક નોકર ત્હાં આવ્યો અને તે બન્નેના આગળ મુજરો કરી બોલ્યો,–“ બ્હાર એક ઘોડેસ્વાર બુદ્દીથી આવ્યો છે. ત્હેણે આ લખોટો આપ્યો છે (વૃદ્ધને ઉદ્દેશીને, આપને આપવાનુ ફરમાન થયલું છે. ” એમ ક્હી ત્હેણે એક લખોટો (કવર) ક્હાડી તે વૃદ્ધના હાથમા આપ્યો વૃદ્ધે તે ફોડી ત્હેમાથી પત્ર કાઢી તે વાચી જોયો અને વાંચનાની સાથે જ તે આશ્ચર્યમા ગરક થઇ ગયો ત્હેણે નોકરને ચાલ્યા જવા સુચવ્યુ, તે ચાલ્યો ગયો વિક્રમાજીત તે વૃદ્ધનુ કથન સાંભળી છેક જર્જર થઇ ગયો હતો તે નીચુ નિહાળી બેસી રહ્યો હતો, હવે ત્હેણે ઉંચુ જોયુ, વૃદ્ધે ત્હેના પ્રતિ નજર કરી ક્હ્યુ,–“વિક્રમ ! જો તો ખરો કે ત્હારી કીર્તિ ક્યહા સુધી પ્હોચી છે અને ત્હેનુ શુ પરિણામ ઉપસ્થિત થયુ છે ? ” એમ ક્હી ત્હેણે તે પત્ર વિક્રમાજીત તરફ ફેંક્યો, પરતુ વિક્રમાજીતે તે કંઇ ઉંચકી જોયો નહી તે કપાળે સંકોચી બીજી તરફ જોવા લાગ્યો

" વાંચ, વાંચ, જોતો ખરો કે ત્હારા મામા શું લખે છે ? આગળ દૃષ્ટિ કર–ગુજરાતનો રાજા સુલતાન બહાદુર ચિત્તોડગઢની અવ્યવસ્થા જોઇ શું કરવાનો વિચાર ધરાવે છે ? હવે તો ત્હારી આંખો ઉઘાડ અને બરોબર વ્યવસ્થા કર, હું જઇને સર્વ ગોઠવણ કરૂં છું. ગુજરાતના રાજાએ ઘણી ફોજ તૈયાર કરી છે, એમ લખે છે. હે-નો પરાજય કરવાને આપણે દરેકે તનમનથી કમર કસી '**कार्यं साधयामि वा देहं पातयामि**'નો મંત્ર સાધવો પડશે " એમ કહી તે વૃદ્ધ ત્હાંથી જવા લાગ્યો, એટલામાં વળી પાછો ફરી બોલ્યો,– "જંગીલાલ વિગેરેનો છુટકો કરવાની ખટપટ કરીશ નહી, સ્હમજ્યો ! ત્હારો પ્રયત્ન વ્યર્થ જશે " એટલું બોલી તે કંઇ વિચાર કરતો કરતો ત્હાંથી ચાલી નીકળ્યો

પ્રસ્તુત વૃદ્ધ ગૃહસ્થ રાણા સંગ્રામસિંહનો અત્યંત સ્નેહી હતો. હેણે સંગના દુઃખદકાળમાં હેને ઘણીજ મદદ કરી હતી. રાણાએ મરતી વખતે પોતાના કુટુંબનો અને રાજ્યનો સર્વ ભાર પોતાના આ નિમકહલાલ મિત્રને માથે મૂકયો હતો, એટલુંજ નહી પણ રાણાએ કર્મચંદની (આ મિત્રનું નામ) પુત્રી પોતાના પુત્ર (વિક્રમાજીત) ને સાથે પરણે હેવું ઠરાવ્યું હતું કર્મચંદ નિમકહલાલ અને નિરપેક્ષ હતો. રાણાનો પુત્ર (વિક્રમાજીત) શૂરવીરતામાં પ્રજા સંરક્ષણમાં પોતાના બાપથી પણ ચતુર નીકળે હેવું જોવાની હેને પ્રબળ જીજ્ઞાસા હતી. પરંતુ '**इश्वेरच्छा बलियसि** '

પંચમ પરિચ્છેદ.

પત્થર ઉપર પાણી.

કર્મચંદે કરેલા ઉપદેશ ઉપર વિક્રમાજીતનું લક્ષ ન્હોતું એમ નહી, પરંતુ ત્હેનું મન તદ્દન અસ્થિર હતું. માદક પદાર્થોના સેવનથી, હલકા મનુષ્યોની સંગતિથી, ત્હેમના મૂર્ખ વિચારોથી ત્હેની હાલી સ્થિતિ થઇ હતી, રાજ્યાધિકારની પ્રાપ્તિ થયા પછી થોડા વખત સુધી વિક્રમનું ચરિત્ર, ત્હેની કાર્યપ્રણાલિ વિગેરે ઠીક હતું, ત્હેનું મન પણ સ્હેજ સાજ ઠેકાણે હતું પરંતુ વડિલ-યુક્ત મનુષ્યની સલાહ પ્રમાણે ચાલવાને-પરતંત્રતાને વશ થવાને ત્હેની બિલકુલ નામરજી હતી. તે વારંવાર ગમે ત્હેનું અપમાન કરતો અહંકારનું બીજ ત્હેનામાં વિશેષ દૃઢ થયેલું હતું વિક્રમના મનમાં પોતે મ્હોટો શૂરવીર છે હેવો પણ અહંકાર હતો ત્હેને પોતાની શૂરવીરતા અને બુદ્ધિનું અભિમાન હતું. પોતાની મૂર્ખાઇથી ત્હેણે પોતાના પિતાના સમયના જૂના અમલદારોને ઘેર બેસાડયા, અને હાજી હા ભણનારા, પ્રજાને તૃણ સમાન ગણી પોતાનું પેટ ભરવાની અંતરમાં ઇચ્છા રાખનારાઓને ત્હેણે જૂના અમલદારોની જગ્યાએ નીમ્યા. રાજ્યહિતૈષિઓ આથી કરીને મ્હોટી ચિંતામાં પડયા તેઓ વિક્રમને સલાહ આપવા લાગ્યા તો વિક્રમે ત્હેમનું અપમાન કરવા માંડયું, અર્થાત વિક્રમાજીત ખુશામદીઆ લોકોની મોહજાળમાં પૂરેપૂરો ફસાયો ધીમે ધીમે જે'મ જે'મ દિવસો વ્યતીત થવા લાગ્યા તેમ તેમ વિક્રમાજીત વધુ શાણો થવા લાગ્યો !

રાજ્યવ્યવસ્થા તથા પ્રજાના હિતની બાબતો એક બાજુ ઉપર રહી, અને ત્હેણે ઠેકાણે તૃતીય પરિચ્છેદમાં વર્ણવેલી વ્યવસ્થા શરૂ થઇ આ વ્યવસ્થામાં કર્મચંદની દૃષ્ટિ ત્હેમને અવરોધરૂપ હતી. અને આથીજ વિક્રમાજીત તથા ત્હેના ખાનગી મંડળમાં તે એક નિશાનરૂપ થઇ પડયો વિક્રમાજીતના ઉપર કર્મચંદનો વડિલ તરીકેનો એક પ્રકારનો હક જ હતો અને તેથી બે આંખોની શરમ વિક્રમાજીતથી છુટી શકતી ન્હોતી, મનમાં ને મનમાં તે ખૂબ બળતો-કકળતો પણ ત્હેનો શું ઉપયોગ? અર્થાત્ કર્મચંદની દૃષ્ટિ આગળ તો ત્હેને નમ્ર સ્વરૂપ જ ધારણ કરવું પડતું

ગત્ પરિચ્છેદમાં કર્મચંદે આપેલો બોધ જે ત્હેણે સ્વસ્થતાથી સાંભળ્યો હતો ત્હેનું કારણ ઉપર આવી ગયું છે જો કે અંતરમાં તો તે વખતે આગ આગ વરસી રહી હતી અને મુખમાંથી વિરૂદ્ધતાદર્શક શબ્દો, બ્હાર પડવાને ઘણીજ ઉતાવળ કરતા હતા પરંતુ પિતાતુલ્ય કર્મચંદની સ્હામે ત્હેનાથી એક શબ્દ પણ બોલાયું નહી ત્હેના સ્હામું એકાગ્રદૃષ્ટિથી જોઇ પણ રહેવાયું નહી પરંતુ કર્મચંદના વિદાય થયા પછી દબાવી રાખેલો તિરસ્કાર, ક્રોધ અને ઉપહાસ એકદમ બ્હાર પડયો તે પોતાના ઓષ્ઠોને દાંતથી આઘાત કરતો બોલ્યો,-" કર્મચંદ ! કર્મચંદ ! મ્હારા સુખના રસ્તામાં તું જ એક શલ્યરૂપ થઇ પડયો છું હું જાણું છું, સર્વ સમજું છું 'ત્હારો' મ્હારા ઉપર શું અધિકાર છે! હા! હા! ત્હારા જેવા સાપને હજુસુધી હું દૂધ પાઇને ઉછેરૂં છું તેજ મ્હારી મ્હોટી ભૂલ્ય છે, પરંતુ ફિકર નહી તું જ્યહારે વારે વારે દંશ દે છે તો હું એ સર્વ દંશોનો બદલો વ્યાજસહિત લઇશ. ત્હારી કુમારીમાં પુત્રી વિજળીને જ મ્હારી પત્ની

બનાવીશ. પ્રજાના આક્રંદ પ્રતિ દુર્લક્ષ્ય કરવાથી રાજાનુ ભલું ના થતું હોય તો હરકત નહી. આ ઘરડો—જમાનાનો ખાધેલો બુઢ્ઢો મ્હને પ્રજાનું હિત શીખવવા બેઠો છે ! આશ્ચર્ય ! ફોજનુ ખર્ચ વિશેષ રાખ્યુ છે હેમાં હેના બાપનો શો ભંડાર લૂંટાઇ ગયો કે આટલો બધો બકવા કર્યા કરે છે ! રાજ્ય મ્હારૂ, ખજાનો મ્હારો, પ્રજા મ્હારી—હેમાં ત્હેનું શુ ખર્ચ થાય છે ? એ બધુ સાઠિ બુદ્ધિ નાઠીનુ ડહાપણુ આપણી આગળ કઇ ચાલવાનુ નથી જે'ટલુ અત્યહારે મ્હને દુ ખ દેવા ઇચ્છે છે ત્હેનાથી વધારે હુ ત્હેને દુ ખી કર્યા શિવાય રહેનાર જ નથી ચિત્તો ડગઢ ઉપર મ્હારી સત્તા છે, તે સત્તાનો હુ ગમે તે પ્રકારે ઉપયોગ કરીશ, ત્હારા ધોળા જોઇ મ્હે અદ્યાપિપર્યંત ત્હારાં કઠોર વાગ્બાણો સહન કર્યા, પરતુ હવે તો તુ હદપાર જવા લાગ્યો છે જ'ગીલાલ વિગેરેને મુક્ત કરી તે જગ્યાએ ત્હનેજ પૂરવો એ યોગ્યતા ભરેલુ છે ! હા, પરતુ પેલી વિજળીનીજ મ્હને દયા આવે છે ! ત્હેની દયા જ મ્હ-ને ત્હારા ઉપર હજુ સુધી થોડી ઘણી દયા ઉત્પન્ન કરાવે છે ! "
આ પ્રમાણે જે'મ ફાવે તેમ બકી ત્હેણે પોતાનો હૃદયભાર ઓછો કર્યો ડોસાનુ શુ કરવુ ત્હેના વિચારમા તે ગુચાયો હાવી બાબતમાં—બીજાને દુ ખી કરવાની બાબતમા—દુષ્ટ લોકોનુ ભેજુ સારૂ ચાલે છે પાડવોને દુ ખી કરવાને દુષ્ટ દુર્યોધને સતી દ્રૌપદીનાં ભર સભામાં ચીર ખેચાવ્યા એ હકીકત કોઇનાથી પણ અજ્ઞાત્ નથી છેવટે કઈ-પણ' નિશ્ચય ઉપર આવી તે સહજ પ્રસન્નતાના ચિન્હ દર્શાવતો સ્વગત બોલ્યો,—" હા—હા ? એમજ કરવુ ! એજ યોગ્ય છે ! એમ કર્યા શિવાય જ'ગીલાલ વિગેરે મુક્ત થઇ શકશે નહી અને તે બુઢ્ઢાની બુદ્ધિ થયલી સ્હમજ પણ ઠેકાણે આવશે નહી ! " આમ બરબડી તે ત્હાંથી ઉઠયો ત્હેનો ભાંગ પીવાનો રોજનો મ્હાવરો હતો તેથી ત્હેનો નશો

ચ્હડયો હતો. નેત્રો લાલચોળ થયાં હતાં. ચાલતાં ચાલતાં ચરણો પણ એક બીજા સાથે લથડતા હતા

તે પોતાના રાજમહાલયમાં ગયો અને એક નોકરને જંગીલાલ વિગેરેને ક્યહાં કેદ કર્યાં છે ત્હેની ખબર કઢાડવા મોકલ્યો, પરંતુ તેઓને ક્યહાં કેદ કરવામાં આવ્યા છે તે સબંધીની કિંચિત પણ ભાળ લાગી નહી. વિક્રમાજીત નિરાશ થયો તે રવત ઘણોજ ખીજવાયો ! પણ ત્હેનો શું ઉપયોગ ? ત્હેણે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ ત્હેની યુક્તિઓ અફળ થઇ પડી ! ત્હેણે પોતાના મન સાથે બીજો કંઇ નિશ્ચય કર્યો

સૂર્યાસ્તનો સમય થઇ ગયો હતો શુકલપક્ષના દિવસ હોવાથી આકાશપટ ઉપર ચંદ્રિકાની છાયા સહેજ જણાતી વિક્રમાજીત ભોજન કાર્ય આટોપી લઇ બાગમાં આવ્યો ત્ય્હારે તો પ્રકૃતિ અલૌકિક શોભા ધારણ કરી ચુકી હતી રજનીનાથ ચન્દ્ર શુભ્રજ્યોત્સ્નાને પૃથ્વી ઉપર અવિરત વર્ષાવી રહ્યો છે ચંદ્રિકાની અત્યંત વિમળ રજતધારાઓને લીધે પ્રકૃતિદેવી અલૌકિક દેખાતી હતી આકાશમાં નક્ષત્રમંડળથી વેષ્ઠિત ચન્દ્રમા પ્રસન્ન મુદ્રાએ હસી રહ્યો છે આજે પ્રકૃતિદેવી પોતાના પ્રિય પ્રિયતમને ભેટવાથી આનંદમગ્ન થઇ રહી છે શુભ્ર કૌમુદીના સુખકારક સ્પર્શથી ધવલવનમલ્લિકા આજે પ્રફુલ્લિત જણાય છે જ્યોત્સ્ના સાગરમાં સ્નાન કરતા ચકોર આમથી તેમ આનંદમાં ઉડી રહ્યા છે

બાગની અંદરના સૌગંધીત છોડવાઓએ પણ શુભ્ર વસ્ત્રો પરિધાન કર્યાં છે. વિક્રમાજીત ચાલતો ચાલતો એક પત્થર ઉપર જઇને બેઠો પાસેજ એક ફુવારો ઉડતો હતો, ત્હેમાંના પાણીમાં ચંદ્રકિરણો નાચતાં હતાં. બાગની અંદર જુઇ, જાઇ, મોગરો, ચંપો, ચમેલી,

મરવો અને ગુલાબ વિગેરે સુવાસિક અને ઉત્તમ પુષ્પોના છોડ તથા વૃક્ષો સર્વત્ર જોવામાં આવતાં હતાં. અફિણની કેફ ચ્હડેલી હોવાને લીધે વિક્રમાજીતની આંખોમાં ઘેન ભરાયુ હતુ. તે અનિમિષ નેત્રે ફૂવારા પ્રતિ જોઇ રહ્યો હતો આ વખતે પાસેજ કોઇ મંજુલ સ્વરથી ગાતુ હતુ વિક્રમાજીત એકાગ્રચિત્તથી સાંભળવા લાગ્યો

"દિલોં મેં કહને સુન્ને સે અદાવત આહિ જાતિ હૈ,
સફાઈ લાખ હો લેકિન કુદરત આહિ જાતી હૈ ॥ ધ્રૂ૦ ॥
દિલે રંજીદ કહતા હૈ ન બોલું યાર સે લેકિન—"

ગાયન પ્રેમમય ! ગાનારી મૂર્તિ પ્રેમમયી ! ત્હેનો કંઠ મધુર ! વિક્રમાજીત નીશામા હતો ! ! ત્હેના હ્રદયમા એક પ્રકારનો વિચાર ચાલતો હતો—તેટલામાં તે ગાયને—પરિચિત વ્યક્તિના પરિચિત ગાયનથી ત્હેનુ હ્રદય આનંદથી પ્રફુલ્લ થયુ તે સ્વત જ આગલુ ચરણ બોલવા લાગ્યો,—

"જબ આંખે ચાર હોતી હૈ, મુરવ્વત આહિ જાતી હૈ"

વિક્રમાજીતનો આલાપ સાંભળતા જ ગાનારી વ્યક્તિ અટકી, વિક્રમાજીત પુન તેજ ચરણ બોલ્યો ગાનારી વ્યકિત પોતાના મંજુલ સ્વરથી પુન. ગાવા લાગી,—

"નહી હય બાત મિદ તિફુલોંમેં ભોલાપન હંસીનોંકા,

વિક્રમાજીત ઉત્તરાર્થ બોલ્યો,—

"જવાની કે જમાને મે શરારત આહિ જાતી હૈ" ૨

વિક્રમાજીત અટકીને વચમાંજ બોલ્યો—વિજળી—વિજળી ! એ સત્ય છે ને ?"

ગાનારી વ્યક્તિ મધુર હાસ્ય કરી ગાવા લાગી,—

"નહીં મૈંને મેરે સિનપર દેખકર મૂરત હંસી ના કી."

ગાનારી વ્યક્તિએ પુન એકવાર તેજ ચરણ ગાઇ પોતાના મધુર આલાપથી વાતાવરણને કંપિત કરી છોડયું. સૌગંધપૂર્ણ વાયુ લહરિયોમાં હવે તે પ્રેમમય ગાયનનાં મધુર તાન નાચવા લાગ્યા. વિક્રમાજીત સ્વસ્થ બેસી રહ્યો નહી, તે ઉઠયો અને ગાતો ગાનો ગાનારી વ્યક્તિ જે દિશા તરફ હતી તે દિશા તરફ જવા લાગ્યો જતો જતો ગાવા લાગ્યો

"જવાં ઔર પીર દોનોં કી તબીઅત આહિ જાતી હૈ."૪

આ ગાયનનો ઉત્તર આપવા માટે કે કેમ, કોણ જાણે, ગાનાર વ્યક્તિ પુન એકવાર મ્હોટેથી હસી. "

વિજળીનુ ઉત્તરિય વસ્ત્ર ગુલાબની ડાળીની સાથે ભરાયું હતુ ત્હેને છોડાવવા માટે વિજળી ત્હાં ઉભી હતી વિક્રમાજીતનો પ્રશ્ન ત્હેણે સાભળ્યો કે નહી તે ઇશ્વર જાણે ! જો કદાચ ત્હેણે ખાસ દુર્લક્ષ્ય કર્યું હોય તો પણ તે જાણે ' તે પોતાનુ વસ્ત્ર છોડવવાના કાર્યમાં નિમગ્ન હતી

વિજળી સુન્દર હતી પરતુ સૌંદર્યથીજ ઉદ્દભવનાર કટાક્ષ-નખરાં ત્હેનામાં ન્હોતા ત્હેના સુદર મુખમડળ ઉપર નિશ્ચયનુ, મહત્વાકાંક્ષાનુ વિશેષ તેજ ઝળકતું હતુ, ત્હેના સર્વ શરીરમા સ્ત્રી સૌંદર્ય જનીત માધૂર્ય ન દેખાતા ત્હેને બદલે પૌરૂષેય વીરત્વ તથા બુદ્ધિચાતુર્ય દેખાતાં હતા ત્હેની મુખમુદ્રાનુ અવલોકન કરીએ તો માલૂમ પડી આવતુ કે ત્હેનાં નેત્રો-સુદર કાળાં નેત્રો,-લજ્જાથી ભરપુર, બીતિથી ચચળ થયલા અને પુરૂષોનુ હૃદય છિન્ન ભિન્ન કરનાર ન્હોતાં, ત્હેમાં ગભીરતાજ વાસ કરી રહી હતી. એકાદ પુરૂષે જો ત્હેના પ્રતિ

ત્હેના સૌંદર્યનું પાન કરવા માટે ટગર ટગર જોયું હોય તો તે ત્હેના પ્રતિ હેવો કંઇ ચમત્કારિક દૃષ્ટિથી દૃષ્ટિપાત કરે અને કિંચિત્ હસે કે જે'થી તે દૃષ્ટિપાત તથા તે હાસ્ય તે પુરૂષને છેક જ ઓશિયાળો કરાવી નીચુ જોવડાવે ! ત્હેનો પોષાક પણ સ્હેજ જૂદી રીતનો હતો. તદ્દેશિય રિવાજ પ્રમાણે તે લંઘા ન પહેરતાં આસમાની રંગની સાડી ઓઢતી—પ્હેરતી અને ત્હેના ઉપર ઉત્તરિય વસ્ત્ર તરિકે એક કિમતી સુશોભિત શાલ ઓઢતી. ત્હેને, શરીરને અલંકારોથી શણુગાર કરવાનો વિશેષ શોખ ન્હોતો, તે બન્ને હાથમાં એક એક સોનાની અને એક એક રત્નની .મળી બે બે અંગડીઓ હમેશાં પ્હેરી રાખતી હતી તે દેશમાં પગમાં ન્હાના પ્રકારના અલંકારો પહેરવાનો રિવાજ છે, પરંતુ વિજળીના પગના બન્ને અંગુઠામાં માત્ર બે સોનાની અંગુ- ઠીઓ દેખાતી ત્હેના પાતળા વસ્ત્રમાંથી કટીપ્રદેશ પરનો કમરપટો પણ દેખાય છે. ઉપરોક્ત સર્વ વર્ણન ઉપરથી વિજળી યુદ્ધકળામાં પારંગત છે હેવુ કહેવાની હમે વિશેષ જરૂર જોતા નથી.

વિજળી કુર્મચંદની પુત્રી થાય છે. હેને વિક્રમાજીતને આપવાનો કુર્મચંદનો વિચાર હતો. આ જ વીર સ્ત્રીને પોતાની પુત્રવધુ કરી લેવાની રાણા સંગ્રામસિંહની મહદેચ્છા હતી. વિક્રમાજીત અને વિજળી બન્ને આ વાત જાણતાં હતાં. પરંતુ વિજળી વિક્રમાજીત સાથે લગ્નગ્રંથીથી જોડાવાને રાજી હતી કે કેમ તે હમે કહી શકતા નથી વિજળીના સૌ- ંદર્યથી વિક્રમાજીત ત્હેના ઉપર મોહિત થયો હતો, એ સૌંદર્યનો માલીક હું પોતે થાઉં હેવી હેની મહદેચ્છા પણ હતી, પરંતુ વિજળી આગળ તે શબ્દરૂપે તો શું પણ નેત્રસંકેતથી સુદ્ધાં પોતાની જીજ્ઞાસા તે બ્હાર પાડવા—વ્યક્ત કરવા—હિંમત કરી શક્યો ન્હોતો. પદાર્થ સંગ્રહાલયની

સર્વ વસ્તુઓ કાચના કબાટમાં પૂરેલી હોય છે પરંતુ આપણે જ્યારે પારદર્શક કાચમાં અમૂલ્ય વસ્તુઓનુ નિરીક્ષણ કરીએ છીએ ત્યારે આપણને એમ થાય છે કે હામાંની એકાદ વસ્તુ આપણી પાસે હોય તો કેવુ સારૂ ? પરતુ તે આપણને હસ્તગત થાય તેમ ન હોવાથી આપણને નિરાશ થવુ પડે છે. નિરાશ થઇએ છીએ છતાં પણ આશા છૂટતી નથી, આપણે પુન પુનઃ ત્હેના પ્રતિ દૃષ્ટિ કરીએ છીએ થોડો વખત ત્હેનો મોહ છોડી આપણે ત્હેની તરફ જોઇ નિશ્વાસ મૂકતા આગળ વધીએ છીએ થોડે દૂર જતા વળી પુન એકવાર ત્હેનાં દર્શન કરીએ હેવુ ઇચ્છી પુન તે કબાટ આગળ આપણે આવીને ઉભા રહીએ છીએ હાવી કઇક ચમત્કારિક અવસ્થા થઇ જાય છે. વિક્રમાજીતને વિજળી સબધી આમજ હતુ તે ત્હેના ઉપર મોહિત થયો હતો પણ ત્હેની હિમત વિજળીના શરીરને પ્રેમભાવથી સ્પર્શ કરવા આલિગન કરવા જેટલી ન્હોતી

વિજળીની કઇક નિરાળીજ અવસ્થા હતી વિક્રમાજીત સાથે આપણાં લગ્ન થનાર છે એ ત્હેને જ્ઞાત્ હતુ વિક્રમાજીત આપણા ઉપર મોહિત થયો છે એ પણ ત્હેના ચપલદૃષ્ટિથી ત્હેની સ્હમજમાં આવી ગયુ હતુ પરતુ વિજળી જાણતી હતી કે વિક્રમાજીત માદક પદાર્થનુ સેવન કરી પોતાની વીરતાનો નાશ હાથે કરીને કરે છે, આથી કરીને વિજળીના હ્રદયમાં કઇ બીજાજ વિચારો ઉદ્દભવતા. અને કેટલીક વખત વિક્રમાજીત ઉપર તિરસ્કાર પણ પેદા થતો, અસ્તુ.

પોતાના પ્રશ્નનો ઉત્તર મળ્યો નહી તેથી કરીને વિક્રમાજીતે પુન. તેજ પ્રશ્ન કર્યો આજે વિજળી ઘણાજ આનદમાં હતી વિક્રમાજીતના પ્રશ્ન પ્રતિ ત્હેણે જાણી જોઇનેજ દુર્લક્ષ્ય કર્યું હતું. વિક્ર

માજીત તરફથી ફરીથી એ જ પ્રશ્ન થતા તે હસતી હસતી બોલી,— " કળી પ્રફુલ્લ થાય તેમાં આશ્ચર્યજનક શુ છે ? આ બાગમાં અત્યારે આટલાં બધાં પુષ્પો શા માટે પ્રફુલ્લિત થયાં છે હેવો જો પ્રશ્ન મ્હને પૂછ્યો હોય તો હું ત્હેનો શુ ઉત્તર આપુ ? આપને કેમ લાગે છે ? "

" તેમ નથી—" વિક્રમાજીત એકદમ બોલી ઉઠયો,—" તે દિવસે મ્હે ત્હને ગાવાનું કહ્યુ તો ત્હે જણાવ્યુ કે, હમણાં નહી, ને આજે જ તે ગાયન ગાવાની ઉર્મિ શા માટે થઇ આવી ? "

"હ—"મ્હારા ગાયન સબંધો પૂછોછો ?" વિજળી પોતાનુ વસ્ત્ર છોડાવી બોલી,—" મરજી થઇ આવીને ગાયું."

' કારણ ? " વિક્રમાજીતે પૂછ્યુ,—" ત્હેનુ કઇ કારણ તો હશે ને ?"

" કારણ કઇજ નહી—અને હશે તો હુ કહેનાર નથી. " વિજળી ગભીરતાથી બોલી

આ વખતે વિક્રમાજીતને પોતાની હ્રદયેચ્છા વિજળીને વ્યક્ત કરી દેવાનો વિચાર થઇ આવ્યો, તે બોલ્યો,—વિજળી ! મ્હારે ત્હને એક ગુપ્ત વાત કહેવાની છે"

વિજળીએ ગભીરમુદ્રાથી બારિકાઇથી ત્હેના તરફ જોયું. સે ત્હેના મનનો ભાવ જાણી ગઇ, તે બોલી;—" કહો હુ સાંભળવા તૈયાર છુ. "

પરતુ એટલામાં બે દાસીઓ પુષ્પ તોડતી તોડતી તોડતી ત્હાં આવી પ્હોચી, તેથી તે બન્નેએ પુન. બીજે ક્યહાં એકાંતમાં મળવાનો નિશ્ચય કર્યો અને છૂટાં પડ્યાં.

ફરીથી જ્યહારે વિક્રમાજીત અને વિજળી એકાતમાં મળ્યાં ત્યહારે જે પ્રસગ બન્યો તે ઘણો ખુશકારક નીવડયો. તે આગળ દર્શાવવામાં આવેલ છે. માટે થોડો વખત ધૈર્યનુ અવલબન કરી વાચકોએ વાર્તાપ્રવાહમાં આગળ વધવુ હેવી વિનતી છે

ષષ્ઠ પરિચ્છેદ.

ચિત્તોડગઢ તરફ કુચ.

મંદસોરના માલિક ઠાકોર બિલાવર્સિગની ફોજ આવી મળતાંજ સુલતાન બહાદુરે પોતાની પ્રચડ સેના સહિત ચિતોડગઢ તરફ કુચ કરવાનુ શરૂ કર્યું કારણ શિવાય રસ્તામા કોઇપણ સ્થળે ગોકાવુ નહી, હેવો ફોજને સખ્ત હુકમ કરવામા આવ્યો હતો ભોજન અને આવશ્યક વિશ્રાતી માટેજ સેના અટકતી હતી બાકી સર્વ કાળ મજલ કરવામાં જતો હતો તેટલા કારણથી બે દિવસમા તો સેનાએ ઘણો ખરો રસ્તો કાપી નાખ્યો જે'મ જે'મ ચિત્તોડગઢ પાસે આવવા લાગ્યું તેમ તેમ સુલતાન બહાદુરને, સેનાના અધિકારીઓને તેમજ લશ્કરને એક પ્રકારની સ્ફુર્તિ આવવા લાગી હાવી રીતે મજલ દરમજલ કરતાં સુલતાન બહાદુર ચબલ નદીના કાઠાની પાસે આવેલા એક વિસ્તૃત મેદાનમાં આવી પ્હોચ્યા. શીરસ્તાનુસાર થોડા સમય માટે ફોજનો પડાવ અહીઆં થયો. સિપાહલોકોએ આવશ્યક બાવસ્થા કરી રાખી હતી. એટલામાં સુલતાન બહાદુરે અને ત્હેમના સેનાપ-

તેઓએ શું ઠરાવ કર્યો તે કો'ને ખબર ! પરંતુ હેમણે ત્યહાંજ 'આઠ દિવસ માટે આ સ્થળે છાવણીનો મુકામ રાખવાનો છે, સર્વેએ વ્યવસ્થાસર તંબુઓ તેમજ રાવટીઓ ઉભા કરવાં " આ પ્રમાણે હુકમ છોડયો સર્વ સૈન્યને આથી ઘણું આશ્ચર્ય લાગ્યું, પરંતુ હેમને પણ થોડી વિશ્રાન્તિ જોઇતી હતી તેથી તેઓ આ હુકમને ખુશાથી આધીન થયા. બે ત્રણ મૈલના ઘેરાવામા મ્હોટી વ્યવસ્થાથી ફોજે પોતાની છાવણી કરી એકાદ સુંદર શહેર પ્રમાણે તે પ્રચંડ છાવણીની રચના દેખાવા લાગી આવશ્યક વ્યવસ્થા થઇ રહ્યા બાદ કેટલાક પોતાનું ખાણું બનાવવાની તૈયારીમાં ગોકાયા. ત્યહારે પાઠકગણ, ચાલો આપણે પણ થોડો સમય છાવણીની રચના તપાસીએ.

ન્હાના મ્હોટા રંગબેરંગી વાવટાઓ અને નિશાનોવાળા શ્વેત, કાળા, ખાખીરંગના, ચટાપટાવાળા અનેક જાતના તંબુઓ છે જે'ની ટોચો કટેરાના ઉપરથી ડોકીયું કરીને બ્હાર બનતા બનાવો ઉપર ધ્યાન આપતી હોય હેવી દેખાય છે, તથા હેના ઉપર જૂદી જૂદી ધાતુઓના ન્હાના પ્રકારના ઘાટના શૃંગારો ઝળકી રહ્યા છે દૂરથી જ અંદરની વસ્તીની મહાન્ સંખ્યાને પ્રસિદ્ધ કરનારો અવાજ, અતિશય કોલાહલ જે'વો લાગે છે

આ છાવણીની ડાબી તરફ કૃત્રિમ જે'વી ભાસતી એક ન્હાની ટેકરી ઉપર એક ન્હાના જે'વો લાલ રંગનો તંબુ જોવામાં આવે છે. અને હેના મધ્ય સ્થભની ટોચ ઉપર ખારેકના ઘાટનું એક ઓપ ચ્હડાવેલું ઇંડુ, દૂરથી પણ ઝળકતું દેખાય છે. આ તંબુની સ્હામેના ચોગાનમાં એક મ્હોટો લીલા રંગનો ઝુંડો—જે રાજ્યના નિશાન જે'વો લાગે છે—તે એક ઉંચા સ્થળ ઉપર હવામાં ફરફરી રહ્યો છે, અને

ત્હેની આસપાસ કેટલાંક હથિયારબધ મનુષ્યો આમતેમ ફર્યાં કરે છે, તથા તેઓની સ્વારીને માટે જીન બાંધેલા ઘોડાઓ પણ બાજુમા નિરાંતથી ઘાસ ચરે છે

છાવણી ઉપરનો પ્હેરો મજબુત છે, અને કટેરાની બ્હાર લાકડાની એક મ્હોટી ત્રીપાટી ઉપર એક મ્હોટું નગારૂ મૂકેલુ છે, તથા ત્હેની આસપાસ સશસ્ત્ર અને અશસ્ત્ર કેવા અનેક મુસલમાન સિપાઇઓ સૂતેલા, બેઠેલા કે ઉભેલા નજરે પડે છે કેટલાક સિપાઇઓ ત્હાં આગળ પાસેજ ઉગેલા વડવૃક્ષની છાયામાં ઝાડને આધારે પોતાનાં શસ્ત્રો મૂકીને લાંબો હાથ કરવાથી લેવાય તેટલે અતરે સાદડી, શેતરંજી કે ગાલિચો નાખીને તે ઉપર બેઠાબેઠા કે આડા પડીને ગપ્પાં હાંકે છે અસ્તુ, હવે આપણે આગળ વધીશું તો હરકત નથી

ચિતોડગઢ ઉપર સ્વારી કરી ત્હેને પોતાના તાબામાં લાવવાની સુલતાન બહાદૂરની મહત્વાકાંક્ષા આજકાલની ન્હોતી કેટલાક દિવસોથી તે ચિત્તોડગઢની સંપત્તિ અને રજપુત લલનાઓ સબધીના વિષયના વિચારમાં ગરક થઈ ગયો હતો પરંતુ શૂરવીર સંગ્રામસિહ જેવા રાજ્યકર્તાં ચિત્તોડગઢના રક્ષણકર્તાં હતા તે વખતે સુલતાન બહાદુરને પોતાની ઇચ્છા મનમાં ને મનમાંજ દાબી રાખવી પડી હતી પરંતુ સગ્રામસિહના મૃત્યુબાદ ત્હેમને પોતાની મહદેચ્છા પૂર્ણ કરવાનો વિચાર પુન ઉદ્દભવ્યો સંગ્રામસિહના મૃત્યુ પછી ત્હેનો પુત્ર વિક્રમાજીત તખ્ત ઉપર વિરાજીત થયો જાણી સુલતાનને પોતાનો દાવ હાથમા જ આવ્યો હોય એમ ભાસ્યુ વિક્રમાજીત તરફની અબાધુધી જોઇ, ચિત્તોડમાં સર્વ બાબતની અવ્યવસ્થા જોઇ-ચિત્તોડનુ રાજ્યતંત્ર નબળુ જોઇ—ત્હાં સ્વારી લઇ જવાનુ સુલતાન બહાદુરનામા ધૈર્ય

આવ્યુ. વળી એક પ્રસગાનુસાર ત્હેમને પોતાની ફોજના યુદ્ધકૌશલ્યનો સારો અનુભવ મળ્યો.

ગુજરાત અને ત્હેની આસપાસનો ઘણોખરો મુલક સુલતાન બહાદુરની સત્તા હેઠળ હતો તે પ્રદેશોનુ સરક્ષણ કરવા જેટલી સેના પણ સુલતાન બહાદુરના તાબામાં હતી તે સેનાના જોર ઉપર તે પોતાનાં રાજ્યોનું રક્ષણ કરી શકતો હતો. વળી ધીમે ધીમે યોગ સાધી ન્હાના ન્હાના પર્કીય રાજ્યો ઉપર પણ હલ્લો કરીને ત્હેમનો દેશ જીતી પોતાના રાજ્યમા જોડી દેતો હતો એમ કરતાં કરતાં ત્હેણે પશ્ચિમે સમુદ્રપર્યંત અને પૂર્વે માળવાપર્યંત, દક્ષિણે નર્મદાપર્યંત અને ઉત્તરે બુદી કોટા વિગેરે સસ્થાનોની રાજ્યસીમા સુધી પોતાના રાજ્યની સીમા લબાવી હતી આજ વખતે પોર્ચ્યુગીઝ લોકોની વસ્તી સમુદ્રની પાસે પાસે થવા લાગી હતી નીચે ગોવાથી તે ઉપર દ્વારકા સુધી ત્હેમણે ઠેકઠેકાણે પોતાનાં થાણાં કરી, તેઓ સમુદ્ર કિનારો પોતાનો કરી બેઠા હતા હેવા જ ઠેકાણાં પૈકી ' દીવ ' નામક સ્થળ પણ તે વખતે-ઇ० સ० ૧૫૩૦ના સુમારમાં પોર્ચ્યુગીઝ લોકો પાસે હતુ. સુલતાન બહાદુરના રાજ્યમા આટલાં જ સ્થળો ફક્ત બીજા લોકોનાં હતાં ત્હેમના હ્રદયમાં આ ખુચવા લાગ્યુ આખરે ઇ० સ० ૧૫૩૦માં જ ત્હેણે પોતાની સેનાસહિત તે ન્હાના પ્રદેશ ઉપર ચ્હડાઈ કરી.

હિંદુસ્તાની અને મુસલમાની ફોજ કરતા પોર્ચ્યુગીઝ ફોજ વિશેષ હોશિયાર અને યુદ્ધકુશલ હતી. ઘણા દિવસ સુધી દીવના સેનાપતિએ સુલતાનના સૈન્યથી પોતાનુ સરક્ષણ કર્યું પરતુ સુલતાનની ફોજ પુષ્કળ હતી. ધાન્યનો ભડાર પણ ભરપૂર હતો, તે કારણથી

પોર્ચ્યુગીઝ લોકોને હાર ખાવી પડી દીવ સુલતાન બહાદુરે જીતી લીધું, તે શિવાય એક બે શૂરા યોદ્ધાઓ પણ સુલતાન બહાદુરને હસ્તગત થયા તે શૂરાઓની યોગ્યતા સુલતાનની નજરમાં હતી ત્હેમણે અતિ આનંદથી તે યોદ્ધાઓને યોગ્ય જગ્યા ઉપર નિયત કર્યા- આ શૂરા યોદ્ધાઓમાં '**રૂમી મુસ્તફા**' એ નામનો એક તરૂણ, વિલક્ષણ શૂરો, યુદ્ધકુશલ તથા રાજ્યકાર્યમા ચતુર હેવો પુરૂષ હતો સુલતાન ત્હેના ઉપર ઘણાજ ખુશી થયા, અને ત્હેમણે રૂમીને '**લેખીખાન**' હેવી પદ્દી આપી ત્હેને પોતાના તોપખાનાનો મુખ્ય અધિકારી બનાવ્યો. દીવનો યોગ્ય બદોબસ્ત કરીને સુલતાન પોતાની રાજ્યધાની તરફ પરત ફર્યો

રૂમી મુસ્તફા ઘણો મહત્વાકાક્ષી પુરૂષ હતો સુલતાન બહાદુરનો રાજ્યવૈભવ જોતાંજ ત્હેની ધનપ્રાપ્તિની ઇચ્છા રાજ્યતૃષ્ણામાં પરિવર્તન પામી „આપણે પણ એકાદ દેશના રાજા થઇએ, અથવા સુલતાનને બાજુએ કહાડી આપણે જ ત્હેની ગાદી મેળવી લઇએ એમ ત્હેને વિચાર થવા લાગ્યો, અને તેથી કરીને જ તે સુલતાનના રાજ્યકારભારમા વિશેષ ધ્યાન આપવા લાગ્યો, ત્હેણે ઘણો પ્રવાસ કરેલો હોવાથી જૂદા જૂદા દેશોની રાજ્યનીતિથી તે સારી રીત્યે વાકેફ હતો. જમાબદી કેમ કરવી, પ્રજાને ન્યાય કે'વી રીત્યે આપવો, શત્રુથી રક્ષણ કે'વી રીત્યે કરવુ, વિગેરે વિગેરે સર્વ કાર્યોનો ત્હેને વિશેષ અનુભવ હતો આ સર્વ હકીકત ત્હેણે સુલતાન બહાદુરને સ્હમજાવી ત્હેમના હૃદયમાં પોતાને માટે ઉત્તમ છાપ બેસાડી સુલતાન બહાદુરે પણ ધીમે ધીમે રૂમીના કથનાનુસાર સર્વ વ્યવસ્થા કરી; અને તેથી કરીને રાજ્યકાર્યભાર પણ પૂર્વ કરતાં વધુ સુવ્યવસ્થિત રીત્યે ચાલવા લાગ્યો. સૈન્યની

પણ ઉત્તમ વ્યવસ્થા થઇ. તે જાણી સુલતાને, પોતાની પુષ્કળ દિવસોની ઇચ્છા–ચિત્તોડગઢને કબજે કરવાની મહત્વાકાંક્ષા રૂમીને વ્યક્ત કરી. ચિત્તોડગઢની સર્વ વ્યવસ્થા કે'વા પ્રકારની છે, સંપત્તિ કેટલી છે, સ્ત્રીઓ કે'વી સ્વરૂપવતી છે ત્હેનુ વર્ણન કરી, આપણે ત્હેના ઉપર સ્વારી કરવાથી યશ પ્રાપ્ત કરી શકીશુ કે કેમ હેવો સુલતાને પ્રશ્ન કર્યો. રૂમીએ પ્રત્યુત્તર વાળ્યો કે,—" આપણને યશપ્રાપ્તિ થવી જ જોઇએ, સેનાની સર્વ વ્યવસ્થા મ્હને સોપવાથી હુ ચિત્તોડગઢ કબજે કરી શકીશ, પરતુ મ્હારી ફક્ત એકજ વિનતી છે, તે એજ કે ફત્તેહ થયા પછી ચિત્તોડગઢ અને ત્હેની આસપાસનો પ્રદેશ કૃપા કરીને આપ નામવરે મ્હને સોપવો " રૂમીનુ આ કથન સાભળી સુલતાનને કઇક વિચાર ઉદ્દભવ્યો રૂમીના મનોપ્રદેશમા હાવી મહત્વાકાક્ષા ઉત્પન્ન થશે હેવો ત્હેને સ્વપ્ને પણ ખ્યાલ ન્હોતો, પરતુ રૂમીની મસલત શિવાય, મદદ શિવાય તે ચિત્તોડગઢ ઉપર સ્વારી કરી શકે તેમ ન્હોતુ, એ પણ તે સ્હમજતો હતો, તથા રૂમીની પણ તે બાબત ખાત્રી હતી. આખરે પુષ્કળ ભવતિનભવતિ થયા બાદ તે બન્નેનુ સમાધાન થયું ચિત્તોડગઢ ઉપર સ્વારી કરવાની તૈયારી ઘણી ઉતાવળથી શરૂ થઇ ફોજને વધારવામાં આવી ઘોડેસ્વારોની સખ્યા પણ વધારી બે વર્ષમાં તો રૂમીએ અત્યત શ્રમ વેઠીને ફોજનો, ઘોડેસ્વારોનો તથા તોપખાનાનો બરોબર બદોબસ્ત કર્યો લાખ પાયદળ, પચાસહજાર ઘોડસ્વાર, પુષ્કળ તોપો મળી પ્રચડ સૈન્ય તેયાર થયુ. દાણાનો પણ વિશેષ સગ્રહ સાથે રાખ્યો આખરે ઈ. સ. ૧૫૩૨–૩૩–ના સુમારમા સુલતાન બહાદુરે ચિત્તોડગઢ ઉપર ચ્હડાઇ કરવા કૂચ કરી.

સુલતાનની આટલી બધી પ્રચડ સેના છતાં, મંદસોરના ઠાકોર

બિલાવસિંગને ૫૬૨ હજાર મ્હોરો આપીને ત્હેની થોડી ઘણી ફોજ એકઠી કરવાનું વાસ્તવિક રીતે જોતાં કંઇ એક જ કારણ ન્હોતુ. કંઇ ખાનગી કારણસર આ યોજના હોવાના કારણથી સુલતાન બહાદુરે પોતાના પુત્રને પાછવી બિલાવસિંગને પોતાના પક્ષમાં લીધો હતો. એ કારણ હવે જલદીથી જણાશે હાલ આપણે સુલતાન બહાદુરના તખ્તમાં પ્રવેશ કરીએ

સુલતાન બહાદુર પોતાના ભવ્ય તખ્તમા સિંહાસન ઉપર બેઠા બેઠા કંઇ વિચાર કરે છે પાસેજ એક દાસી હુકો તૈયાર કરતી બેઠી છે હુકો તૈયાર થતાંજ ત્હેની નળી ત્હેમણે પોતાના મુખમાં લીધી ને દાસીને ચાલ્યા જવાની સુચના કરી

દાસીના ગયાને આશરે પાંચેક જ મિનિટ થઇ હશે એટલામાં એક ' ચૌદ ૫૬૨ વર્ષની શ્યામા સુલતાનના તખ્તમા દાખલ થઇ પ્રભાતમાં પ્રફુલ્લ થયેલા કમળ જેવી, કાળા વાદળાંને ભેદી બ્હાર આવતી વિજળીના જે'વા ભભકાવાળી, શેષ નાગની ફેણુ જે'વા વાળવાળી, કામદેવના બાણુ જે'વી ભમરવાળી, રત્ન જે'વાં અને કટાક્ષમા કુશળ નયનો વાળી, સુવર્ણની વાસળી જે'વી નાસિકાવાળી, મુનીજનને પણ મોહ પમાડે હેવા-કામદેવે જે'મા અમૃત ભરી રાખ્યુ છે હેવા લાલ ગોળ હોઠવાળી, દાડમની કળી જે'વા દાતવાળી, બહુ મ્હોટાં નહી હેવા-, પરદેશથી આવેલા અજાણ્યા યાત્રાળુની પેઠે લજ્જા અને ભયથી ધ્રૂજતા-અને તેથી જ ચોળીમા સતાઇ ગયેલા પયોધરવાળી, દેહભાર ધારણ કરવાને જાણે અશક્ત હોય હેવી કટીવાળી, મદન દેવતાની જાણે વેદિકા ન હોય! હેવાં ભારે નિતંબવાળી, ખાખરાના પુષ્પ જે'વાં પગનાં તળીયાંવાળી, સંસારનુ બધુ સૌંદર્ય વિધિએ જાણે ૯

હેમા જ ભરી મૂક્યુ હોય હેવી પુતળી સુલતાન સમક્ષ હાજર થઇ. ત્હેને જોઇ સુલતાન બહાદુરે કિંચિત્ સ્મિત કર્યું તેઓ હુક્કો ગુડ્-ગુડાવતાં થોડીવારે આવનાર શ્યામાગના તરફ દષ્ટિ કરી બોલ્યા,–" હુર ! આવ બેશ પરંતુ હવે તો દિવસે દિવસે તુ વધારે સુંદર દેખાય છે" એમ કહી વળી પાછી હુક્કાની નળી પોતાના મ્હોમાં મૂકીને 'ગુડ્-ગુડ્' હેવો અવાજ કરતા હુક્કાનો સ્વાદ લેવા લાગ્યા,–હુર ! (ચંદ્ર) ત્હને અહીં ગમે છે કે ? "

હુરનું સુલતાનના પ્રશ્ન પ્રતિ લક્ષ્ય ન્હોતુ ત્હેણે પૂછ્યુ કે " જી?"

સુલતાન ત્હેના તરફ બારિકાઇથી જોતા બોલ્યા,–" ત્હમારૂ દિલ કહ્યા હતુ ? કિસી દિલદાર યારકે ઇત્તના રમે તો નહી ? "

ત્હેમનો આ પ્રશ્ન સાંભળતાજ હુરના સુંદર ભાલપ્રદેશ ઉપર ક્રોધની–તિરસ્કાર પૂર્ણ છાયા દેખાવા લાગી પરંતુ તત્કાળ ત્હેણે પોતાનો ક્રોધ દબાવી રાખી હસવા જેવું મ્હોં કરી ઉત્તર આપ્યો,–" અજી નહી—"

સુલતાન હસતા હસતા હુરના કપોલ ઉપર સ્પર્શ કરી બોલ્યા, –" કુછ હરકત નહી જવાનીમે કિસી દિલદાર શૌહર કી જરૂરત હોતી હૈ–(તરૂણાવસ્થામાં પ્રિયતમની આવશ્યકતા છે) દેખો હુર ! ચિત્તોડગઢની ફત્તેહ હો જાયગી તો હમ તુમ્હારી શાદી કિસી અચ્છા જવાન સે કરા દેગે–જરૂર કરા દેગે "

" ઉસ મે હમ ભી શામીલ હોગે." હેવુ બોલતો રૂમી મુસ્તફા ત્હાં આવ્યો. સુલતાને ત્હેનુ યોગ્ય પ્રકારે સ્વાગત કરી પોતાની પાસેજ બેસવાને જગ્યા આપી રૂમી બેઠો અને પાછળના તકીઆ ઉપર પોતાની પીઠનો સઘળો ભાર નાખી બોલ્યો,–"ભાઇજાન (પ્રાણપ્રિય બંધુ) કિસ કી શાદી કરોગે ? "

" હમારી આ હુરની–" સુલતાન હુરના તરફ આંગળી કરી બોલ્યા.

" ખેર—ખૈર ! " રૂમી હુર તરફ જોઇ બોલ્યો હવે હું આપણા કાર્ય સબંધી વાત કરીશ."

" હો–હો–ખુશીસે બોલો ઔર જબાન ખોલો. " સુલતાને પોતાની અનુમતી આપી, અને તે રૂમીના મ્હો પ્રતિ જોવા લાગ્યો.

રૂમી એક વખત પુન હુર તરફ અને સુલતાન તરફ જોઇ બોલ્યો,–" અકાંત હોત તો ઠીક પડત. "

હુરે રૂમીનો વિચાર તોડી પાડ્યો, અને ત્હેણે ત્હેમના પ્રતિ દુર્લક્ષ્ય બતાવ્યુ "

સુલતાન હુર તરફ નજર કરી બોલ્યા,–" હુર ! "

" જી–" હુર નમ્રતાથી બોલી,–" કયા હુકમ ? "

" તુમ યહાંસે ચલી જાઓ–" સુલતાન બોલ્યો

હુર થોડો વખત વિચાર કર્યો પછી તે પોતાના ગાલ ઉપર વિહરતી પોતાના કેશકલાપની એકલટને પકડીને લાડથી નેત્રો ચમકાવતી સુલતાન તરફ જોવા લાગી.

" નહી જાવેગી ! " સુલતાને હસતા હસતાં પ્રશ્ન કર્યો

" હરદમ આપ કે પાસ બેઠના મુજને બડા પસદ હૈ–" હુરે ઉત્તર આપ્યો

" અચ્છા તો બેઠ જાને દો–" સુલતાન રૂમી પ્રતિ જોતાં બોલ્યો, " બેઠ જાવો, મગર ચુપ્પ બૈઠના " હુર ત્યાંજ બેસી રહી.

સપ્તમ પરિચ્છેદ.

મસલત.

હૂરને ત્યહાંજ બેસવાની પરવાનગી મળી, આથી કરીને ત્હેને અત્યાનંદ થયો ત્હેના ત્યહાં બેસવાથી સુલતાનને કંઇ શંકા આવી નહીં, પરંતુ રૂમીને આ વાત પસંદ પડી નહીં તે કંઇ બોલ્યો પણ નહીં. પરંતુ ત્હેની મુખ ઉપરથી હેવું જણાઇ આવતું હતું. ત્હેની હાવી ચર્યા–ચલવિચલ હૂરના ધ્યાનમાં આવી ગઇ રૂમી ત્હેના તરફ જોતો હતો, એ જાણી કે કેમ, તે ઉંઘતી હોય હેવો ડોળ કરવા લાગી. રૂમીએ ત્હેના તરફ ઘણીજ બારિકાઇથી જોયું, પછી તે સુલતાન તરફ ફરી બોલ્યો,–" હાના સંબંધમાં ત્હમારો શું મત છે ?"

સુલતાને હૂર તરફ દૃષ્ટિપાત્ કરી રૂમી પ્રતિ પોતાની નજર ફેરવી કહ્યું,—" અ ! એ સંબંધી કોઇ પણ પ્રકારની કાળજી રાખશો નહીં જુઓને તે બેઠી બેઠી ઉંઘ્યા કરે છે. ત્હમારે જે કહેવું હોય તે કહો "

સુલતાનના આ શબ્દોથી રૂમીનું જોઇએ ત્હેવું સમાધાન થયું નહીં, તો પણ ત્હેણે તે વિષય પડતો મુકયો તે પોતાના વિચારમાં મગ્ન હતો. સુલતાન પણ કોઇ વખત હૂર તરફ તો કોઇ વખત રૂમી તરફ જોતો હતો. ત્હેણે ઝોકા ખાતી હૂરને કહ્યું,—"હૂર તું જા. જઇને સૂઇ જા "

હૂર એક વખત આળસપૂર્ણ નેત્રોએ સુલતાન તરફ જોયું.

અને તે ત્હાં જ જમીન ઉપર બિછાવેલા ગાલીચા ઉપર સૂતી સુલ-તાન આ વખતે કંઇ બોલતા હતા, એટલામાં રૂમીએ ત્હેમને કહ્યું,– "સુલતાન સાહેબ ! આપની ઇચ્છાનુસાર સર્વ વ્યવસ્થા કરવામાં આવી છે, હવે આપણે જ્યહારે ચિતોડગઢ જઇશું ત્યહારે કોઇપણ પ્રકારે બીતિ રાખવા જે'વુ નથી પરંતુ મંદસોરના ઠાકોર પ્રમાણે જો બીજો કોઇ રજપુત ઠાકોર આપણુને મદદ કરે તો તો વધુ ઠીક થઇ પડે "

"હવે આપણે શા માટે તેમ કરવુ જોઇએ ? " સુલતાને પૂછ્યુ

" આપણુને વિશેષ મદદની જરૂર છે એમ મ્હારૂ કહેવાનુ નથી, પરંતુ શત્રુની સ્હામે ત્હેમના જાતિભાઇઓનુ પ્રમાણુ જે'ટલુ વિશેષ હોય તેટલુ ત્હેમનુ બળ કમી સ્હમજવુ મંદસોરનો ઠાકોર આપણી સાથે શામીલ થયો છે એટલે આપણુને પચાસહજાર ફોજની સ્હાય મળ્યા બરાબર છે ? તે બ્હાયલી ફોજ શુ કરનાર છે ? વળી ચિતોડ-ગઢના વીર પોતાના જાતિભાઇઓને પોતાની વિરૂદ્ધ જોતા કેટલી બધી હિંમત હારી જશે ત્હેની કલ્પના સહજ કરી શકાય તેમ છે "

રૂમીએ બોલવાનુ શરૂ કર્યું કે તુરત કોઇ જાણે નહી તેમ ધ્યાન દઇ એકાગ્રચિત્તથી સાભળવા લાગો ત્હેણે છેવટનુ વાક્ય સાંભળી પોતાના ઓઠ પીસ્યા અને ત્હેને અતિશય ગુસ્સો લાગી આવ્યો, છતા ત્હેણે આત્મસયમ કરી પોતાના ક્રોધને મનમાજ દબાવી રાખ્યો રૂમી તથા સુલતાન બેમાથી કોઇનુ પણુ લક્ષ્ય હાના તરફ હતુ નહી.

રૂમી આગળ બોલ્યો,—" હવે આપણે એમ કરવુ–આપણી ફોજ ઘણી મ્હોટી છે, ત્હેનો ચાર ભાગ કરી બે ભાગને અત્રેજ રહેવા દઇ બીજા બે ભાગને લઇ હુ બુંદી–કોટા તરફ ઉત્તરમા જાઉ–"

" પરન્તુ આપણે તો ચિત્તોડગઢ ઉપર ચ્હડવાનું છે ને ?" સુલતાને વચમાંજ શંકા દર્શાવી

" થોડો વખત ધીરજ ધરી મ્હારા બ્યાન ઉપર કાન દઇ ધ્યાન આપો. જે પ્રમાણે શત્રુના જાતિભાઇઓ ફિતુર કરી ત્હેમને દુર્બલ અને નિરૂત્સાહિત કરી મૂકે એજ પ્રમાણે કટાકટીના સમયે કોઇ બીજો આપણા ઉપર ચ્હડી આવે છે એમ પણ જો તેઓને માલૂમ પડે તો તેથી પણ તેઓ ગભરાઇ જાય ! હુ ઉતર તરફ જઇ પુન દક્ષિણ તરફ-ચિતોડગઢ ઉપર આવ્યો તો આપણા શત્રુઓ ઘોટાળામાં પડશે થોડો વખત તો તેઓ એમજ ધારશે કે આ દિલ્હીનો બાદશાહ હુમાયુ પણ આપણી ઉપર ચ્હડી આવે છે. "

રૂમીની આ મસલત સાંભળીને સુલતાનને કૌતુક થયુ, પરન્તુ આમ કરવાથી વિશેષ ફાયદો શુ છે તે ત્હેના લક્ષ્યમાં આવ્યુ નહી. તેથી એ બોલ્યો,-" પણ આમ કરવાથી શું ફાયદો ? "

" ફાયદો ! " રૂમી આનદથી વિસ્ફુરિત થયેલા નેત્રોએ સુલતાન તરફ જોતા બોલ્યો,-" આ યુક્તિ મુજબ લ્હડાઇ કરવાથી તો ગઢ સહજમાં આપણા સ્વાધીન થશે "

સુલતાનને ઘણુ જ આશ્ચર્ય લાગ્યુ તે દાઢી ઉપર હાથ ફેરવી બોલ્યો,—' ભાઇ ! તમે શુ કહો છો તે મ્હારી સ્હમજમાં ઉતરતુ નથી. "

" જુઓ, સાંભળો–હુ ઉત્તર તરપ આવ્યો એટલે લોકો ધારશે કે આ હુમાયુનું જ લશ્કર છે. તે ત્હેમની સ્હામે થવાને તૈયાર થશે. આપણી ફોજ વિશેષ છે તેથી ગઢ ઉપર લોકોનો નિભાવ કરવો કઠણ થઇ પડશે-હાવી વખતે શું કરીશુ વારૂ ? "

" શું કરીશું એટલે ?" સુલતાને આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

" અહીં—તે ગુજરાતના રાજા પાસે—સુલતાન બહાદુર પાસે મદદ માગશે." રૂમી હસતાં હસતાં બોલ્યો.

" અને પછી ! " સુલતાને પોતાનાં વિશાળ નેત્રો રૂમી તરફ વાળી પ્રશ્ન કર્યો.

" પછી શું. આ મયદાનમાં રાખેલાં માણુસોને ત્હેમની મદદ ખાતર—મદદે કહી લઇ જાવ એક વખત આપણું સૈન્ય કિલ્લામાં પ્રવેશ કરશે—અને આ મસલત પણ પાર ઉતરશે—એટલે સર્વ આપણાજ હાથમા આવશે. "

સુલતાન બહાદુર સ્તંભિત થયા ! હવે તેઓ સઘળી હકિકતથી—યુક્તિથી માહિતગાર થયા. રૂમીની અક્કલ માટે ત્હેમના હૃદયમાં માનની લાગણી ઉત્પન્ન થઇ તે ત્હેનો હાથ પોતાના હાથમા લઇ બોલ્યા,— "ખરેખર ચિત્તોડગઢ હવે આપણું જ છે " વિક્રમાજીતને ખબર નથી કે,—

બામે ફ્લક હય નામ મેરે આસ્તાનકા,
કોનો મકાં હય ગોશાનશી ઇસ મકાનકા,
ડકા બજા હય દહરમે તબ્લો નિશાનકા,
માહીસે માહતક મેરી સિક્કા હય શાનકા,
અયસે ચમકતે બજમમેં મેરે ચિરાગ હયેં,
સૂરજકો તાપ હય, ચાંદકે સીનેમે દાગ હય !

" પરન્તુ લૅબ્બીખાન ! મયદાનેજંગમાં બહાદુરીનો વિશેષ રંગ ત્હમારેજ બતાવવાનો છે ફત્તેહનો ઝંડો ત્હમારે ફરકાવવાનો છે. " સુલતાને ગર્જના કરી કહ્યું

' એ વિશે હુજુરેવાલાએ બેફીકર રહેવું. લ્હડવું કે પડવું પણ મયદાનેજંગમાં લ્હડવું એ જ મ્હારૂં કામ છે, ખુદાના ફજલો કરમથી દુશ્મન પર ફત્તેહ મેળવવી એ જ મ્હારી તલવારનો અંજામ છે.

"વો આગ હુ જો ભડકું તો પત્થર પિઘલ પડે !
કુબ્જેસે ખંજરોંકી જબાનેં નિકલ પડે !"

શાહેઆલી, ફક્ત આપના ફરમાનની જ વાર છે, ફરમાન મળતાંની સાથે જ જોઈ લ્યો હમે બ્હારથી લ્હડીશું તો પણ જોઈ લેજો કે તે સરકશ રાજાની ગર્દન છે અને આપના આ માનીતા ખાદિમની તલવાર છે " રૂમીએ શબ્દોદ્વારા પોતાની ભાવનાઓનું પ્રદર્શન કરાવ્યું.

" શાહબાશ, આફ્રિન, મરહબા ! " સુલતાને ધન્યવાદ આપ્યો; અને પછી કહ્યું કે હવે બનતી ત્વરાએ ત્હમારા જવાની છુપી રીતે તૈયારી કરો દારૂગોળો પણ સાથે ભરપૂર રાખજો, કારણ જીત મેળવી કે ત્હમારે નિહાલ થવાનું છે."

" એ હુજૂરની કદ્રદાની છે—નિહાયત મહેરબાની છે " રૂમીએ ઉપકાર માન્યો.

" હુમાયુને અને ત્હમારે કંઈ સબંધ છે ? " સુલતાને રૂમીને પ્રશ્ન કર્યો.

" આલિશાનને તે માહિત નથી. બળવાન શત્રુને ગર્દનથી જૂદો કરવા સર્વ સુત્રો સાધવાં પડે છે. કદાચિત્ જો રસ્તામાં ત્હેમની સાથે ભેટ થશે તો હું ત્હેમને આપણા વિચારમાં લઈ લઈશ અને હેવું સ્હમજાવીશ કે આ હમારી લ્હડાઈ ફક્ત કુરાનેશરીફના પ્રચારાર્થે છે. એટલે તે જરૂર મદદ કરશે." રૂમીએ જવાબ આપ્યો.

સુલતાન બહાદુર કંઇ વિચારમાં પડ્યા. તે બોલ્યા;—હમે મદદ

આપ્યુ તે ઠીક થયુ હુમાયુનો એક ભાઈ—ત્હેનો ઝ્હેરી–આપણી છાવણીમાં છે. તેથી પોતાના દુશ્મનને આપણા કબ્જામાં જાણે તો તે આપણી વિરૂદ્ધ જાય ખરો ! ” સુલતાને કહ્યું.

“ તે કોણ છે ? ” રૂમીએ આશ્ચર્યથી પૂછ્યુ,–“ તે બાબત મ્હને પ્રથમ જણાવવી તો હતી.”

“ ત્હેની મ્હને યાદ ન્હોતી, આપણી પાસે ચંગેજખાન નામે જે એક મનુષ્ય છે. તેજ એ હુમાયુનો તે ભાઇ થાય છે, ત્હેણે પોતાનુ નામ ફેરવી નાખ્યુ છે. ત્હેનુ ખરૂં નામ મિર્ઝાઝમાના છે, તેણેજ હુમાયુને મારી નાખવાનો વિચાર કર્યો હતો, પરન્તુ તે ફસી ગયો, તેથી ત્યાંથી સટકી મ્હારી પાસે આવતો રહ્યો–આ વાત બન્યાને ઘણો વખત પસાર થઇ ગયો છે હાનો કઇ પણ બદોબસ્ત થવો જોઇએ નહી તો કદાચિત્ હુમાયુ સાથે પણ ટક્કર ઝીલવી પડે” આમ કહી સુલતાન રૂમીના મ્હો પ્રતિ જોવા લાગ્યા

“ એ તો ખરૂ જ ” એમ કહી તે કઇ વિચારમા પડ્યા હુરે ઉઘવાનો ઢોંગ કર્યો હતો તોપણ ત્હેણે સર્વ સાંભળ્યુ તે સાંભળી ત્હેને શુ કામ હતુ, અથવા આ વાત સાંભળી ત્હેને શુ વિચારો ઉદ્ભવ્યા તે તે જ જાણે

રૂમીએ ઘણો વખત વિચાર કર્યો, પછી તે સ્વગત્ બરબડયો,– “ હા ! હા ! એમ જ કર્યું એટલે બેડો પાર.”

સુલતાને રૂમીનુ બરબડવુ સાંભળ્યુ અને બોલ્યો,–“ કઇ યુક્તિ હાથ આવી જણાય છે ? ”

રૂમીએ વિચાર કરી પ્રત્યુત્તર આપ્યો,–“ અરે ! યુક્તિઓની શુ ખોટ છે ? ત્હમે વિશેષ કાળજી ન કરો હુ પૂછું એટલુ જણાવો

એટલે બસ." એમ કહી ત્હેણે ધીમેથી પૂછ્યુ,–" પોતાનો ભાઇ ગુજરાતના રાજા પાસે છે, હેની હુમાયુને ખબર છે ?"

"નહી" સુલતાને ધીમેથી જ કહ્યુ;–" કારણ ત્હેને ખબર હોત તો ત્હેની દૃષ્ટિ ક્ય્હારની પણ આપણા પ્રતિ ખેચાઇ હોત ?"

ત્ય્હારે હવે એક કાર્ય કરો કાલે સ્હવારે હુમાયુને એક પત્ર લખી ત્હેને ચોક્કસ માણુસ સાથે મોકલી આપો—"

"પત્રમાં શુ લખવુ ?" સુલતાને આશ્ચર્યથી પૂછ્યુ

"પત્ર લખવાનો છે તે નમ્રતાથી તથા ત્હેને માન આપી લખવો ત્હેને જણાવો કે,–' આપની સેવા કરવાની દાસની ઘણી ઇચ્છા છે, તે આજ પૂર્ણ થાય છે તે જાણી મ્હને આનદ થાય છે. આપનો ભાઇ **મી**ર્ઝાંઝમાના, જેણે આપનેજ મારવાનુ નિર્દયી અને પાપી તરકટ કર્યું હતુ તે **ચિ**ત્તોડગઢના કિલ્લામાં આશ્રય મેળવી શકયો છે હેવી સેવકને ચોક્કસ ખબર મળી છે. ત્હેને પકડીને લાવવા માટે ગુલામ ચિત્તોડગઢ તરફ રવાના થયો છે, અને આપની કૃપાથી આદિમને યશ મળશે જ ' બસ્સ આટલુ લખી નાખો એટલે કામ ફત્તેહ—"

"ભાઇ ! ત્હમારી અક્કલને કમાલ છે" સુલતાન આનદથી રૂમીને ધન્યવાદ આપતાં બોલ્યો

"હવે આપણે પણ ધ્યાનમાં રાખવુ જરૂરનુ છે કદાચિત્ ખુદાતાલાની કૃપાથી હુમાયુને મિર્ઝાંઝમાના અહી જ છે હેવી બાતમી મળે તો તે સારૂ કઇ ઇલાજ કરી મુકવો જરૂરનો છે

"ખરેખર જરૂરનો જ છે." સુલતાન વચ્ચે જ જલદીથી બોલ્યો.

"જો કદાચ હુમાયુના જાણુવામાં આ આવે તો તરતજ **મી**

મીર્ઝામાનાને અહીથી જ દેદ હુમાયુને સ્વાધીન કરવો એટલે થયુ. "

"તો મીર્ઝાઝમાનાથી દગાબાજી કરી નહી કહેવાય ?" સુલતાન વચમાંજ બોલ્યો.

" આ સલ્તનતની વાત—" રૂમી બોલ્યો,—" હેમાં વળી દગાબાજીનો વિચાર કે'વો કરવાનો ? સલ્તનત જોઇએ, તો તેમ કરવુ જ પડે. ચાલે જ નહી. દરેક દરેકથી હાવી રીતે દગાબાજી કરે ! હવે માત્ર એક વાત કરવી બાકી છે !—"

"તે કઇ વારૂ ?" સુલતાને ઉત્સુકતાથી પૂછ્યુ.

"હુમાયુનો અહીનો નીકાલ થતા સુધી આપ નામવરને અહીજ થોભવુ પડશે "

" અને ચિત્તોડગઢવાળાઓને આ ઠેકાણે તડ પડયાની ખબર પડી તો—"

'' કઇ થનાર નથી પ્રતેહ જ રહમજી ગયો ફ્રોજ લઇ તે અહી લ્હડવા આવે તે છેક જ અસભવિત છે ત્હેવુ જો મૂર્ખપણું ત્હેણે કર્યું તો પસ્તાશે જ ! ત્હેમના અહી આવવાથી ત્હેમનુ કશુ વળનાર નથી હું, અને તેટલી મુદતમાં મંદસોરથી તમે યુસફખાને બોલાવી લ્યો. મ્હારે આગળ જવાનુ ઠર્યું એટલે પછી અહીંઆ રહેનારી ફ્રોજની વ્યવસ્થા જોનાર કોઇ જોઇએ જ. "

" વારૂ, તેમ કરવામાં આવશે. "

" હવે આપ નામવર ખાત્રી રાખજો કે ચિત્તોડગઢ આપણુ જ છે " રૂમી હસતાં હસતાં બોલ્યો,—"પણ મ્હારૂ ઇનામ મ્હને મળશે કે નહી ! ચિત્તોડગઢ મ્હને સોંપવું પડશે. ''

" જરૂર. " સુલતાન બગાર્થ બોલ્યા. પણ મનમાંથી ત્હેને તે

'શ્વાસમા આગ જર વરસાદ ત અજગર હુ હુ.
જિદમા તુફાન તો ગુસ્સામા સમન્દર હુ હુ
હુ બાગીન, ઉદાસીન, કુમાસીન રહેન
રહી ગયલા ત્હાન ભાગ્યનુ ચક્કર હુ હુ' *

(ઠક્કર નારાયણ)

સુલતાન.અને રૂમીનો સવાદ સાભળી હુરને શુ થયુ, તથા તે સાભળ્યા પછી તે શુ કરનાર હતી, અથવા તે વખતે હેના મનમા શુ હતુ એ હમણા કહેવાની જરૂર નથી, ચોકીદાર રૂમી મુરતને ત્હાથી ચાલ્યો ગયો

અષ્ટમ પરિચ્છેદ.

મુક્ત થવાનો પ્રયત્ન.

અરેરે! આ કેવી વિધાતાની લીલા! જે બાગમા હુરીના જન્મ થયો હતો, જે બાગમા હેની બાલ્યાવસ્થાનો કાળ વ્યતીત

---

*શામમે આગ જો બરસાએ વોહ અજગર હુ મયઁ
જિદમે તુફાન તો ગુસ્સેમે સમન્દર હુ મયઁ
ખીલકતનુ ગી, બિદદુ ગી ખના કર દુગાં,
યહ સમ્ના તેરી તકદીરકા ચક્કર હુ મય

(એક ઉર્દૂ કવી.)

થયો હતો, જે બાગના તે આજપર્યંત ફરી હતી—રમી હતી તેજ બાગમાં જનાનખાનાના એક એકાંત મહેલમાં તે પોતાના પિતાની કેદમાં હતી. ત્હેને ત્હાં કોઇ પણ પ્રકારનો ત્રાસ ન્હોતો. માત્ર કોઇ પણ દાસી સાથે વાતચીત કરવાની તથા બાગમાં હરવા ફરવાની સખ્ત મનાઇ કરવામાં આવી હતી. ત્હેની રીતભાત—ચર્ચા ઉપર નજર રાખવા ઠાકોરે બે પરિચારિકાઓને રાખી હતી તે સિવાય ઠાકોરની—પોતાની ત્હેના ઉપર તીક્ષ્ણ દૃષ્ટિ હતીજ. ત્હેને હંસીના નિશ્ચયી સ્વભાવની તથા ત્હેના હૃદયમાં સ્ફુરી રહેલી દેશાભિમાનની ભાવનાઓનો પૂર્ણ પરિચય હતો, અર્થાત ચિત્તોડગઢ સુલતાન બહાદુરના હાથમાં જાય ત્હાં સુધી હંસીની મુક્તતા થવી એ તદ્દન અસંભવીત હતું. હંસી પણ આ સારી રીતે જાણતી હતી, જે દિવસે ત્હેને પોતાના—પિતાની સાથે વાદવિવાદ થયો તેજ દિવસે હંસીએ ધાર્યું હતું કે પિતા મ્હને નજરકેદમાં રાખશે, હેમાં કંઇ પણ શક નથી. આથી ત્હેણે બને તેટલી ઉતાવળથી ચિત્તોડગઢના સંરક્ષણ સારૂ પોતાની શક્ત્યાનુસાર તજવીજ કરી મૂકી હતી પરંતુ એટલાથીજ કંઇ આટલું બધું મહાન્ કાર્ય પુર્ણાશે પાર પડશે નહિ તેવી ત્હેને ખાત્રી હતી અને તેટલા માટે જ તે પોતાના પિતાની નજરકેદમાંથી છૂટવાની ખટપટ કરતી હતી, પરંતુ આઠ દિવસ સુધી ત્હેને કંઇપણ યુક્તિ સૂઝી નહીં, અને ત્હેની ચર્યાની ચિકિત્સા પણ પરિચારિકાઓ પહેલા પ્રમાણે હર-દિન કર્યા કરતી હતી. આથી કરીને હંસી ઘણીજ વિવચનામાં પડી હતી. રોજ ત્હેના મનમાં ન્હાના પ્રકારની યોજનાઓ તે ઘડતી અને વિયોગમાં પાછી નિષ્ફળ નીવડતી. ત્હેના ઉપર દેખરેખ રાખનાર દાસી ઘણી જ મર્મજ્ઞ અને નિષ્ઠુર હતી. આથી કરીને તે સ્વદેશા-

ભિમાની રજપુત કન્યાને કોઇનો પણ આધાર નહોતો જે મહેલમા તહેને પરવામા—કેદ કરવામા આવી હતી તહેના પશ્ચિમે બે મ્હોટી બારીઓ આવેલી હતી એકાદ વખત વિચાર સાગરના તરંગો સાથે અથડાતી હંસી તે એક બારી નજીક ઉભી રહી હતી તે વખતે તહેના મનમા હેવો પણ વિચાર આવી ગયો હતો કે 'આ બારીએથી કુદી ને પલાયન થઈ જવુ.' પરંતુ વળી થોડો વખત વિચાર કરતા તહેને માલૂમ પડી આવતુ કે મ્હારો આ વિચાર તદ્દન મૂર્ખાઈ ભરેલો છે, કારણ જમીનથી તે બારીનુ દ્વાર દોઢ વાસ જેટલુ ઉંચું હતુ તથા દોરડાની મદદ સિવાય, અર્થાત્ બાજી એકાદ વ્યક્તિની મદદ સિવાય હંસીનો છુટકારો આ બંદીખાનામાથી થાય એ અશક્યવત હતુ. પરંતુ હેવો મદદગાર કોણ મળે ? હંસી રોજ આ બાબતનો વિચાર કરતી હતી

હંસીનુ બપોરનુ ભોજન તરતજ આટોપાયુ હતુ. તે પોતાના મહેલના દ્વાર બંધ કરી વિચાર કરવા લાગી કરવા લાગી ફરતી ફરતી ગાવા લાગી

ભજન.

હરિ રસ પીલે મનવા આજે તુ જરી,
જાશે સિંધુ તરી, રહેશે દુખ ન જરી.
જન્મને મૃત્યુ તાપ, ટળી સહુ જશે,
અમરજ થાશે, હરિ રસ પાને કરી
હૃદયે બોધ ધરી, હરિ—૦

વિકટ આ કળીકાળમાહિ, પ્રભુનુ નામ સાચુ છે,
એ હૃદયમા લીધા વિના આ સર્વ કાચુ છે,
હરિમા રહ્યુ સત્ય સુખ એવુ સર્વ વાચ્યુ છે,
છે ધન્ય તેને જેહનુ મન હરિ શુ રાચ્યુ છે,
જાશે સિંધુ તરી, રસપાને કરી, ટળશે ભવની ધરી, હરિ—૦

એવુ નથી કઇ સુખ જે હરિના સ્મરણ થકી ના મળે,
એવુ નથી કઇ દુખ જે હરિના સ્મરણ થકી ના ટળે,
દુર્ગમને અશક્ય તે પણ ભક્ત જન સહુજે ગળે,
કાજે તેને સહાય છે હરિ, પૃષ્ઠ પાછળ પ્રતિપળે,
જાશે સિંધુ તરી, રસપાને કરી, ટળશે ભવની ધરી,
લેહેરે સુખ તુ વરી, હરિ—૦

(પ્રભુશંકર ન. વ્યાસ)

આ પ્રમાણે ગાઈ રહ્યા પછી તે સ્વગત પોતાના મન સાથે બોલવા લાગી :-

તેણે લાડી આણી છે ખરી, પણ શુ કરશે તે કોને ખબર ? (વિચાર કરીને) પરતુ તે હુશિઆર છે, કઇ પણ કરશેજ ચિત્તોડગઢના રક્ષણ માટે હમારે પાસે તેમ કરવુજ જોઇએ સઘળુ ખરૂ, પરતુ મ્હારા છુટકારા માટે શુ કરવુ ? એમ કહી તેણે ખુટી ઉપરથી તલવાર લીધી અને તેને મ્યાનમાથી બ્હાર કાઢી જોવા લાગી તેની ધાર તરફ એકાગ્ર દ્રષ્ટિથી જોતા તે પોતાના મન સાથે બોલી –

સખા પ્રાણ મ્હારી આગજતુ નિસ્તેજ કયમ દેખાય છે,
જાણુ છુ હુ કે તૃષાથી તુજ દિલ બહુ દુખાય છે.
ગભરા નહી, તુજને કરીશ હુ તૃપ્ત થોડા સમયમા
સુલતાન શોણિતપાનથી, જે ગર્વમા મલકાય છે,

થોડા વખત પછી તરવાર જ્યહા હતી ત્યહા મૂકી દઇ ત્હેણે દ્વાર ઉઘાડયા, બાગમા તે દષ્ટિ ફેકવા લાગી સહજ ત્હેની નજર બાગની અન્દર એક ઠંડાગાર છાયા નીચે બાધેલા એક ઘોડા તરફ ગઇ ઘોડાને તે લક્ષ્ય પૂર્વક જોવા લાગી હુસી ઘોડાને ઓળખી શકી તેજ વખતે ત્હેના હૃદયમા એક વિલક્ષણ વિચાર ઉદ્ભવ્યો ત્હેના મનોહર ચ્હેરા ઉપર વિલક્ષણ હાસ્ય પ્રગટ્યુ તે સ્વત બોલી,— “ એમજ કરવુ જોઇએ ' મ્હારો છુટકો થાય પછી ગમે તેમ થાવ ” એમ બોલી તે પોતાના પલગ ઉપર પડી અને વિચાર સાગરના તરગો સાથે વિહરવા લાગી

પાઠક ગણને હમારે સુચવવુ જોઇએ કે તે ઘોડો કે જે હુસીની દષ્ટિએ પડયો હતો તે યુમફખાનો હતો

ઘણો વખત વિચાર કરી રહ્યા પછી તે ઉઠી ત્હેની મુખમુદ્રા તરફ જોતા સહજ માલૂમ પડી આવે એમ હતુ કે ત્હેણે પોતાના છુટકાગની કઇ પણ યોજના યોજેલી હોવી જોઇએ તેણે દ્વાર ઉઘાડી દાસીને બોલાવી કહ્યુ,— ‘ હમણાને હમણાજ જઇને એક ન્હાનો દાડીઓ દોઢ બે હેતના મજબુત દોરો લઇ આવ દોરો બહુ મ્હોટો લાવીશ નહી ' હુસીનુ કથન સાભળતાજ દાસીને ઘણુ આશ્ચર્ય લાગ્યુ અને ત્હેને કઇ પણ શકા આવી તે હુસીના મુખપ્રતિ શકાની

દૃષ્ટિથી જોવા લાગી તે જોઈ હંસીને ગુસ્સો ઉત્પન્ન્યો તે બોલી,–'કેમ! મ્હારા મ્હોં તરફ શું જોયા કરે છે? જા, જા, દાડીઓ અને દોરો લઇ આવ હું ન્હાશી જનાર નથી જા, જલદી લાવી આપ' દાસી ચાલી ગઇ થોડાજ વખતમા તે હંસીની માગેલી વસ્તુઓ લઇ આવી હંસીએ તે પોતાના હાથમા લઇ મહેલમા પ્રવેશ કરી દ્વાર બંધ કરી દીધા પછી ત્હેણે લખવાનો સામાન પાસે લઇ ગરબી ભાષામા એક ન્હાનો પત્ર લખ્યો એક બે વખત પત્રને લક્ષ્ય પૂર્વક વાચી ત્હેમા જે સુધારો કરવાનો હતો તે કરી ત્હેની ગડી વાળી, પછી તે પત્રને દોરાની સાથે મજબુત બાંધ્યો પછી ત્હેણે દ્વાર ઉઘાડી ચોતરફ દૃષ્ટિ કરી પછી પાછી બારી બંધ કરી સ્વગત બોલી,–કઇ હરકત નહી, 'આજ નહી તો આવતી કાલે' એમ કહી તે પરત આવી અને ત્હેણે તે પત્ર છુપી જગ્યાએ, પરંતુ તરત જડી આવે હેવે સ્થળે છુપાવ્યો ઘણા વખત સુધી વિચાર કર્યા પછી પાછી બીજી કઇ કલ્પના સૂઝી એવું તેની મુદ્રાના વિકારો ઉપરથી સમજાયું તે પલંગમાથી ઉઠી અને આમ તેમ ફરવા લાગી. એટલામા બ્હારથી કોઇએ દ્વાર ખખડાવ્યું.

હંસીએ જઇને દ્વાર ઉઘાડ્યુ, બ્હાર દાસી ઉભી હતી, દાસી બોલી,—"મહારાજ આપને બોલાવે છે. બિલાવલસિંહે ત્હેને કેદ કરેલી હોવાથી પિતા ઉપર ત્હેને વિશેષ ક્રોધ પ્રકટ્યો હતો જો દાસી કોઇ બીજા વખતે આવી હોત તો તે જવાની નાજ પાડત! પરંતુ હમણા ત્હેને શું હુકમ આવી તે કોને ખબર? ત્હેણે થોડો વખત વિચાર કર્યો અને પછી બ્હાર નીકળી દાસીને પૂછ્યું; "પિતાશ્રી શું કરે છે?

"કંઇક લખતા બેઠા છે" દાસીએ ઉત્તર આપ્યો અને હંસી દાસીની પાછળ પાછળ જવા લાગી.

ઠાકોર બિલાવસિંગ કંઇ કાગળો લખતા બેઠા હતા. પાસેજ તાજાં ફળો તરતનાં આવેલા પડયા હતા. હંસીને ફળો ઘણા ભાવતા હતા, તે ઠાકુર સાહેબ જાણતા હતા તેથીજ હેમણે પોતાની પુત્રીને બોલાવી હતી. થોડા જ વખતમાં હંસી ત્હાં આવી, ફળો તરફ જોતાં જ પોતાને શા માટે બોલાવી છે તે ત્હેની સ્હમજમાં આવ્યું.

"આવો કુંવરીજી" બિલાવસિંગ હસતા હસતા વિનોદથી હંસીને જોઈ બોલ્યો, "ત્હમારે માટે આ સુંદર ફળો માળી તરફથી આવ્યા છે—"

"મ્હારા એકલાને માટે જ કે?" હંસીએ પણ હસીજ કહ્યું. આજ કેટલા દિવસ થયાં હંસીએ પોતાના પિતા પાસે સરળ ભાષણ કર્યું ન્હોતુ. બિલાવસિંગને તે સાંભળી ઘણું આશ્ચર્ય થયુ. ત્હેણે એક વખત હંસી પ્રતિ જોયુ. હંસી પોતાના પિતા પાસે બેસીને ફળોનુ પરિક્ષણ કરવા લાગી ઠાકોર બિલાવસિંગે ત્હાં ઉભેલી દાસીને ફળો કાપવા માટે છરી લઈ આવવા હુકમ કર્યો. આજ્ઞા પ્રમાણે દાસીએ છરી લાવી આપી હંસીએ સારા સારાં ફળો કાપી કાપીને પિતા આગળ મૂકવાની શરૂઆત કરી ફળોની તારિફ કરી ત્હેણે હંસીને પણ ફળો ખાવાનુ જણાવ્યુ હંસીએ બે ચાર કાપી દાસીને આપ્યા. અને પછી તે પણ ફળોનો આસ્વાદ લેવા લાગી

હંસીએ તે ફળો પૈકી બે ચાર બીજા ફળો દાસીને આપી બીજી દાસીઓને આપવા આજ્ઞા કરી દાસી ફળો લઇ ચાલી ગઈ હંસીએ સહજ પુછ્યું,–"પિતાશ્રી ! આ શાનો કાગળ છે વારૂ ?" એમ કહી તેહેણે બે ચાર કાગળો દફતરમાંથી નિષ્કાળજીપણે ઉંચક્યા ઠાકોરસાહેબ દાડમના દાણા મોંઢામાં નાખતા બોલ્યા,–"અહ નકામા કાગળ છે

"પરંતુ આ અગત્યના આપના જ દેખાય છે"

'મહાન જ છે મેં જ તે રાખ્યા હતા પરંતુ તે નકામા થયા—

"ત્યારે દફતરની અંદર વિના કારણ શા માટે ગરબડ રાખવી જોઈએ—' એમ કહી તેહેણે તે પત્રો એક બાજુએ ફેંક્યા પછી તેહેણે બીજો કંઈ કાગળ ઉપાડી હાથમાં લઇ લાડથી પુછ્યું,—"આ શાનો કાગળ છે ?"

"હ–હ તેહેને હાથ અડકાડીશ નહી જમાબંદીના હિસાબનો છે" ઠાકુર સાહેબે તે હંસીના હાથમાંથી પાછો લઈ લેતા કહ્યું. પછી ઠાકોરે તે પત્ર દફતરમાં મુક્યો ફળ ખાવાનું કાર્ય પૂર્ણ થયા બાદ ઠાકોર સાહેબ હાથ ધોવા માટે ઉઠયા અને તેટલા વખતમાં હંસીએ ઘણીજ ચપળતાથી તે ઉપયોગ વગરના પત્રોમાંથી બે ત્રણ પોતાની ઓઢણીની અંદર સંતાડયા થોડા વખતમાં પિતાની આજ્ઞાથી હંસી ન્હાવા ચાલી ગઈ

હંસી જતા જતા પિતાની પૈસા ઉપરની પ્રબળ લોભ વૃત્તિ જોઈ પોતાના મન સાથે-આમ બોલી કે,—

"હવસકા દામ હય, ઇમાનકા આગર હય પયસા,
રગે સબ્બો ખિરદકો વાસ્તે તલવાર હય પયસા
ખુશામદ હય, ગરજ હય, દુશ્મની હય, પ્યાર હય પયસા,
ખુદાકોભી ભુલાદે, વહો ખુદાઇ ખ્માર હય પયસા!
કમીમે સબ બખેરે હયે, ઇસીમે શોર હય શર હય,
જિસ્મે કહેતા હય જર આલમ, વહી હર ઝગરેકા ઘર હય!"

થોડા વખતમા હંસી પોતાના મહેલમાં આવી અને દ્વાર બંધ કરી દીધા, પછી ત્હેણે લખવાનો સામાન, કાગળ વિગેરે પાસે લઇ કઇ લખવાની શરૂઆત કરી ત્હેણે પિતાના લખેલા પત્રો બ્હાર કાઢયા અને તે જોતી જોતી કઇ લખવા લાગી

સુમારે બે ત્રણ કલાક ત્હેણે કઇ લખ્યા કર્યું, તે પુન લખવાની શરૂઆત કરતી હતી એટલામા બાગમા કોઇ બોલે છે એવો ત્હેને ભાસ થયો તે ઉઠી દ્વાર ઉઘાડી જોવા લાગી ઠાકોર બિલાવસિગ અને ચુમકખા (સુલતાન બહાદુરનો પુત્ર) કઇ વાતચીત કરતા ઉભા હતા ત્હેમનો સવાદ ઘણો ધીમેથી ચાલતો હતો તેથી હંસી તે કઇ સ્હમજી શકી નહી તે ત્હ્યા જ ઉભી રહી થોડા વખત પછી બિલાવસિગ ચાલ્યો ગયો ચુમકખા આમ તેમ ફરવા લાગ્યો હંસીએ કઇ વિચાર કર્યો એકવાર ત્હેણે બાગમા સર્વત્ર નજર ફેકી અને આસ પાસ બીજુ કોઇ છે નહી એવી ચોક્કસ ખાત્રી થયા પછી ત્હેણે ચુમકખાને ખબર આપવા એક તાળી વગાડી! હંસીની ઇચ્છા પ્રમાણે તે તાળીનો અવાજ સાભળી ચુમકખા ચકિત મુદ્રાથી આમ તેમ જોવા લાગ્યો હંસીએ પુન એક બીજી

તાળી વગાડી ! યુસફખા મહેલ તરફ જોવા લાગ્યો પરંતુ અદ્યાપિ પર્યંત હેને હુંસી દેખાઇ ન્હોતી. પુન. હુંસીએ ત્રીજી તાળી વગાડી. હુંસીનુ કામ થયુ યુસફખાએ હેને ઓળખી લીધી. બન્નેને કેટલો આનંદ અને કેટલી અજાયબી થઇ હશે હેનો ખ્યાલ કરવો સહેલ નથી. હેણે ઘણીજ અદબથી હુંસીને સલામ કરી હુંસીને કિંચિત શરમ આવી, તો પણ હેને ત્યાંજ ઉભા રહેવા ઇશારત કરી સુચવ્યુ યુસફખા ત્યાંજ, ઉભો રહ્યો ! હાવી વખતે કયો તરૂણ ઉભો ન રહે ? હુંસી મહેલમા જઇ લાકડીએ બાંધેલો કાગળ લઇ આવી તથા તે કાગળ જોરથી યુસફખા તરફ ફેંક્યો

તે પત્ર યુસફખાની પાસેજ આવીને પડયો અત્યંત ઉતાવળથી લાકડીએ બાંધેલો પત્ર છોડયો, અને હેમાની હકીકત વાચી અતિશય હર્ષથી હેની મુદ્રા પ્રફુલ્લિત થઇ પત્ર વાચી રહ્યા પછી હેણે થોડો વખત વિચાર કર્યો હુંસી આ સર્વ પ્રકાર અત્યંત ઉત્સુકતાથી જોઇ રહી હતી. યુસફખા આજુ બાજુ જોઇ, કોઇ નથી એમ ખાત્રી થવાથી ધીમે ધીમે નીચેના ભાગમા મહેલ આગળ આવી ઉભો પુન હેણે હુંસી પ્રતિ દૃષ્ટિ કરી, તે સાભળી શકે એવા અવાજથી પરંતુ પૂર્ણ ચાલાકીથી બોલ્યો,—"આજે જ રાત્રે અગી-આર વાગતા—"

હુંસીએ થોડો વખત વિચાર કર્યો ને પછી "માફ ત્યારે". હેવી સજ્ઞાનું સુચન કર્યું

નવમ પરિચ્છેદ.

દુશ્ચિંતા.

" History which is indeed, little more than the register of the crimes, follies and misfortunes of mankind' Gibbon.

ચિત્તોડગઢનો રાણો સંગ્રામસિંહ, મોગલ બાદશાહ બાબર-એ રણશૂર તુર્કથી લ્હડતા લ્હડતા મરણ પામ્યો ત્હેને બે સ્ત્રીઓ હતી, અને તે બન્નેને એક એક પુત્ર હતો મ્હોટી રાણી કર્ણવતીને પુત્ર પ્રાપ્તિ નહી થવાથી, રાણીએ ઉદારહૃદયા કર્ણવતીના આગ્રહથી જવા હિરબાઇ સાથે લગ્ન કર્યું ઇશ્વરકૃપાથી ત્હેને એક પુત્ર થયો, અને ત્હેનુ નામ વિક્રમાજીત રાખવામા આવ્યુ. થોડા વખત પછી કર્ણવતીને પણ ગર્ભ રહ્યો અને એક પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ* સંગ્રામસિંહનો પ્રેમ કર્ણવતી ઉપર વિશેષ હોવાથી, તથા પટરાણી હોવાથી ગાદીનો હક્કદાર વારસ કર્ણવતીનો પુત્ર ઉદયસિંહ ઠર્યો

* ટોડકૃત 'રાજસ્થાનનો ઇતિહાસ' જેણે વાચ્યો છે, હેવા વાચકોને ઉપલા પ્રકરણમા આ ચાલુ બીના વાચી કિંચિત્ આશ્ચર્ય થશે, પણ કથાનકની મદદ ખાતર ખરા ઇતિહાસમાં હમે થોડો ફેરફાર કર્યો છે. છતાં પ્રસ્તાવનામાં તે બાબત ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વાંચકવર્ગે ધ્યાનમા રાખવુ.

હેના જન્મ પછી થોડી મુદ્દતમા રાણા સગ્રામસિહ પરલોક પ્રયાણ કરી ગયો તે વખતે આ બન્ને ભાઇઓ, સ્હમજ વિનાના-બાળક હતા, એથી કરીને સગ્રામસિહનો ભાઇ રત્નસિહ આ ગાદી ઉપર બેઠો, રત્નસિહ પોતાના ભાઇના જેવો રાજનીતિ કુશળ ન્હોતો તો પણ શૂરો તથા સ્હમજવાળો હતો સગ્રામસિહના વખતના મત્રીની સ્હાયતાથી હેણે ચિત્તોડગઢની સારી સભાળ રાખી સુમારે પાચ છ વર્ષ વિત્યા બાદ રત્નસિહ પણ મરણ પામ્યો એટલે તે વખતે પણ ઉદયસિહ ન્હાનો હોવાથી રાજ્ય સુત્ર વિક્રમાજીતના હસ્તમા આવ્યુ વિક્રમાજીત રાજ્ય કારભાર ચલાવવાને યોગ્ય હતો કે કેમ એ પ્રિય પાઠકોની સ્હમજમા આવીજ ગયુ છે અસ્તુ

મનુષ્ય સ્વભાવને અનુસરી પોતાના પુત્રને-વિક્રમાજીતને-રાજ્યાધિકાર પ્રાપ્ત થયાથી જવાહિરબાઇને આનદ થયો પરતુ તે જાણતી હતી કે પોતાનો પુત્ર દુર્ગુણી છે, તથા રાજ્ય ચલાવવાની તેનામાં યોગ્યતા નથી એ પણ તે જાણતી હતી તેથા હેને ઘણુ લાગી આવ્યુ અને જેવુ હેણે 'સુલતાન બહાદુર ચિત્તોડગઢ ઉપર ચ્હાઇ કરનાર છે' હેવ, વૃદ્ધ કર્મચદના મ્હોડેથી સાભળ્યુ, ત્ય્હારે તો હેને ચિત્તોડગઢના રક્ષણાર્થે ઘણી ચિતા થવા લાગી જે વખતની ઘટના લખવામા આવે છે તે વખતે રજપુત સ્ત્રીઓના હૃદયો સ્વદેશાભિમાનથી, પરિપૂર્ણ હતા ચિત્તોડગઢ ઉપર શત્રુની નજર થઇ છે હેવુ સ્હમજવામા આવતાજ સર્વ રજપુત સ્ત્રીઓ વીરપ્રસૂ, વીરનારીઓ, વીરપત્નીઓ એ તરવાર લઇ મયદાને જગમા લ્હડવાને વિચાર કરવા માડયો જેમ એકાદ પુરૂષને લ્હડાઇનો પાઠ આપવાથી હેની કેવી સ્થિતિ થાય છે, એ જેમણે યશવતસિહની પત્નિનુ, જોધપુરની રાણી

દુર્ગાવતીનુ ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનુ ચરિત્ર વાચ્યુ છે ત્હેમને ફરીથી કહેવાની જરૂર જેવુ રહેતુ નથી પિતાનો, પુત્રનો, ભાઇનો કે પતિનો લ્હડાઇ વખતે ભય રાખવો હેમા રજપુત સ્ત્રીનુ મ્હોડુ રજપુત સ્ત્રી કદાપી ફરીથી જોતી નહી રજપુતોના ઇતિહાસના પ્રત્યેક ભાગમા પ્રત્યે પૃષ્ઠમા તથા પ્રત્યેક લીટીમા, રજપુત સ્ત્રીઓનુ અભિમાન, અને દેશ ઉપરનો ત્હેમનો અથાગ પ્રેમ સૂર્યતેજ પ્રમાણે હજુ પણ ભારતવર્ષમા ચળકી રહ્યો છે ! સગ્રામસિની રાણી કર્ણવતી અને જવાહિરબાઇ=એ બન્ને હેતીજ ચુસ્ત દેશાભિમાની સ્ત્રીઓ હતી સર્વ ઇતિહાસ-પુસ્તક વાચવાથી હમારા કથનની સત્યતા માલુમ પડશે અસ્તુ

રાણી જવાહિરબાઈ પન્નાદાઈ[1] સાથે પોતાના મહેલમા બેઠી હતી. ચિતાથી ત્હેની મુખમુદ્રા ઘણી જ મ્લાન દેખાતી હતી પન્નાદાઈ ત્હેની મુદ્રા પ્રતિ જોતી કઈ વિચાર કરતી બેઠી હતી

"દેખા દીદી-" જવાહિરબાઇ પન્નાદાઇને કહેવા લાગી,-'યહ બેટા મેરા મુઁહ કાલા કરેગા જરૂર મુઝે તો ઐસાહી જાન પડતા હે-"

"બેટી !" પન્ના પ્રેમપૂર્વક ત્હેનુ શાત્વન કરવા બોલી,-"તુમ પાગલ તો નહી હો, ઇતની ફિકર કાહેકી ? ક્યા બેટા વિક્રમ ઇતના ડરપોક હૈ ?"

---

[1] જે સ્વામિભક્ત પન્નાએ બાપા રાવળનો વશ કાયમ રાખવા માટે પોતાના પુત્ર બનવીરનો તલવારથી બળ દીધો અને સગના ન્હાના પુત્ર ઉદયસિહનુ રક્ષણ કર્યુ તે વીર સ્ત્રી આ પન્ના જ હતી. બીલાવસિગે પોતાની ફોજ યવનરાજાને મદદ કરવામા રોકી ? નસીબ જ ફર્યુ છે બીજુ શુ ?"

"ડરપોક તો નહીં, પર મૂર્ખ તો જરૂર હૈ" જવાહિરબાઇએ જોર દઇને કહ્યું.

"સમઝેગા–" પન્નાબાઈ બોલી,–"લ્હડાઈ શરૂ થઈ એટલે તો છુપાવાનો નથી. ગમે તેમ પણ રાણા સંગનો પુત્ર છે"

"તે ખરૂ–" જવાહિરબાઈ બોલી,–"પણ સૈન્ય તૈયાર ક્યાં છે ? આ મૂર્ખાની વ્યવસ્થાથી સર્વત્ર અધાધુધી ચાલે છે કર્મચંદે કહ્યું હતું કે, યવનરાજ ઉતાવળથી તૈયારી કરી આ તરફ આવે છે. ચિત્તોડગઢનો ટકાવ તે વખતે થશે કે કેમ ત્હેની કોને ખબર ?"

."દેખો, ઐસા મત કહો." પન્ના વચમાં જ બોલી,–"આટલા બધા શૂરા પુરૂષો અને આટલી બધી વીર સ્ત્રીઓ હોવા છતાં ચિત્તોડગઢનો બંદોબસ્ત થશે નહી એમ ત્હને લાગે છે ? ગાંડી ક્યહાંની ? વિજળીની સ્હામે આવી વાત કરીશ તો ત્હેને કેટલો બધો ગુસ્સો આવશે.

"વો કૌનસી બાત ?" વિજળીએ દ્વારની અંદર પગ મૂકતાં પૂછ્યું.

"આ જો વિજળી આવી." પન્નાદાઇએ કહ્યું, પછી તો વિજળીને કહેવા લાગી, "વિજળી ! યવનરાજા ચિત્તોડગઢ ઉપર ચ્હડી આવે છે ત્હારો શું મત છે ?

"મ્હારો મત તે શું હોય ? મ્હારી તલવાર ત્હેમનું યોગ્ય સ્વાગત કરશે,' વિજળીએ પોતાની તલવાર તરફ જોતાં સાભિમાનપૂર્વક કહ્યું

એટલામાંજ એક દાસીએ આવીને કહ્યું,–'જવાહિરબાઈ ! આપને મહારાણી (કર્ણવતી) બોલાવે છે." જવાહિરબાઈ તત્કાળ

ત્હાથી ઉઠી અને કુર્ણવતી પાસે ગઇ કુર્ણવતી એક કોચ ઉપર બેસી, એક પત્ર વાચતી હતી જવાહિરબાઇ ત્હેની પાસે જઇને બેઠી.

"દેખો જવ્હાર!" કુર્ણવતી તે પત્રની ઘડી કરતી –"દ્વાર બંધ કરકે આના, એક બાત કરની હૈ" કુર્ણવતીના કહેવા પ્રમાણે જવાહિરબાઇ દિવાનખાનાનુ દ્વાર બંધ કરી આવી કુર્ણવતીએ ત્હેની ઉદાસ મુદ્રા તરફ જોયુ અને કહ્યુ,–"ત્હારૂ મ્હો આટલુ બધુ ઉતરી ગયલુ કેમ દેખાય છે ?"

"ચિત્તોડગઢના દિવસો ફર્યા છે વિક્રમાજીત મારૂ મ્હો કાળુ કરાવશે—" જવાહિરબાઇએ કહ્યુ

"પરંતુ તે માટે ત્હને આટલુ બધુ કેમ લાગે છે ? ચિત્તોડગઢના દિવસ ફર્યા છે તે કંઇ મ્હારી જાણ બ્હાર નથી. આ જોયો પત્ર—"જવાહિરબાઇએ આશ્ચર્ય પામી તે પત્ર લીધો અને ઉઘાડીને વાચ્યો ત્હેની મુદ્રા કંઇક ચમત્કારિક થઇ તે આશ્ચર્યથી બોલી,-" શુ ઠાકો

"હવે બીજુ શુ ?" કુર્ણવતી ધીમેથીજ બોલી,–"આપણે પણ કંઇ તજવીજ કરવી જોઇએ કાટાથી કાંટો કહાડવોજ જોઇએ. મ્હારા તરફ આશ્ચર્યથી જોઇશ નહીં હુ કહુ તે ઉપર બરોબર લક્ષ્ય આપ તે પ્રમાણે કરવાથી આ આવેલા વંટોળીઆમાથી આપણુ રક્ષણ થશે. પ્રથમ આપણે યવનરાજાને રસ્તામા રોકવાની તજવીજ કરવી જોઇએ અને અહીંનો રાજ્યકારભાર વિક્રમ પાસેથી આપણે સભાળી લેવો જોઇએ. પ્રત્યક્ષપણે જો આપણે વિક્રમાજીતને બાજુએ રાખીશુ તો ત્હેને જરા ખોટુ લાગશે માટે કેટલીક ફોજ ત્હેને સોપી ત્હેને યવનરાજાનો અટકાવ કરવા આગળ મોકલવો" "પણ એમ કેમ બની શકશે ?" જવાહિરબાઇ વચમાજ બોલી, "જીજી ! તું ત્હેને

પૂર્ણ ઓળખતી નથી નાશો કરવો અને સ્વસ્થ પડ્યા રહેવુ, એજ ત્હને ગમ છે ત્હને રાજ્યની તથા તેની વ્યવસ્થા જોવાની દરકાર નથી. એટલુ તો ઠીક થયુ છે કે, પેલા દાંટાને ત્હેનાથી દૂર કરવામા આવ્યા છે "

"તું કહે છે તેમ વિક્રમ બગડ્યો છે હેની મ્હને સંપૂર્ણ ખાત્રી છે, પણ બ્હેન ! આપણા જ દાત જો આપણા જ હોઠ પેટ પાડ્યુ ત્હા પાટા ક્યા બાધીએ ? કોને કહેવુ ? તો પણ આપણે સભાળી લેવુ જોઇએ આ મક્સારનો નિમકહરામ ઠાકોર કેવો જાતિ સહાર કરવાને તૈયાર થઇ બેઠા છે ? તે પ્રમાણે આપણો વિક્રમ સુદ્ધા કરે ! ત્હેને પોતાનુ પોતાના વડીલોનુ, રજપુત જાતનુ અભિમાન જ ક્યા છે ? ગમે તેમ હોય પરતુ કઈ પણ યુક્તિ કરીને વિક્રમના હાથમાથી અહીંના સર્વ કારભાર આપણે સભાળી લેવાજ જોઇએ

"કર્મચંદજી ત્હેના બદલ રાજ્ય કાર્ય સભાળેતો કેમ ? જવાહિરબાઇએ પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરી પ્રશ્ન પૂછ્યો

"અરે ! હેમનુ નામ તો કહાડીશજ નહી. વિક્રમપર્વની માફ-કજ ત્હેમના નામથી કટાળે છે વળી બીજી વાત વિષે પણ હુ જો કઇ ત્હેને કહીશ તો હુ ત્હેની સાવકી મા છુ જાણી તો સાભળશે પણ નહી. તેટલા માટે—"

"તેટલા માટે શુ કરવુ ? મ્હારે એ કાર્ય કરવુ એમ ત્હારૂ કહેવુ છે ?" જવાહિરબાઇએ આશ્ચર્યથી પૂછ્યુ

"અવશ્ય" કર્ણવતી બોલી, "એ ત્હારેજ કરવુજ પડશે

સૈન્યની વ્યવસ્થાનુ સર્વ કામ ત્હારા હસ્તક લે વળી અંદરખાનેથી હુ ત્હને મદદ કરીશ. કર્મચંદ પણ છુપી રીતે સલાહરૂપ મદદ આપવાનુ કાર્ય કરશે."

"પણ વિક્રમને અહીંથી મ્હમજાવીને કહાડશે કોણ ?" જવાહિરબાઇએ કઇ વિચાર કરી કહ્યુ, " ત્હારૂ તો સાવકી મા જાણી સાભળશે નહી તથા મ્હારૂ પણુ હુ ત્હેની સગી મા હોવા છતા બિલકુલ સાંભળવાનો નથી ત્હેના વર્તનથી તો મ્હારે માથે આ કાળી ટીલી આવી છે—" જવાહિરબાઇ નીચુ જોઇ બોલી

" જા, જા, ગાડી !" કર્ણવતીએ ત્હેના હાથ પોતાના હાથના પ્રેમથી લેતા કહ્યુ,—" જવાહિર ! તુ ગાડી તો નથી ને ? પુત્ર ખરાબ થયો છે પરંતુ તું તો ખરાબ નથી ને ? તું પણ વીરકન્યા છે, વીરની પત્ની છે. યુદ્ધકલામાં નિપુણ છે, તો પછી આટલુ બધુ ખોટુ લગાડવાનુ શુ કારણ ? ત્હારા શૌર્યના જોરથી તું ત્હારૂ નામ ઉજ્વળ કરી શકીશ—"

" જીજી ! ' જવાહિરબાઇ પોતાનો નીચેનો ઓષ્ટ પીસી બોલી,—" હુ વીરકન્યાછુ, વીરની પત્નીછુ પણ વીરપ્રસૂ નથી. મ્હારા નામ ઉપર બટ્ટો લાગે છે અને તેટલા માટે ઓજીજી, આ હૃદય સહસ્ત્રધા વિદિર્ણ થાય છે. મ્હારૂ હૃદયદુ:ખ અસહ્ય છે ત્હને શુ કહુ ?" આ બોલતા બોલતાં ત્હેનો ચ્હેરો સતાપથી લાલચોળ થઇ ગયો અને ત્હેનાં નેત્રોની નીચલી પાપણો ઉપર ચકચકિત અશ્રુબિંદુ દેખાવા લાગ્યા. કર્ણવતી, આશ્ચર્ય, પ્રેમ અને દુ:ખ ઇત્યાદિ વિકારોથી મિશ્રિત થયેલા ચ્હેરાથી—મુદ્રાથી ત્હેના પ્રતિ જોવા લાગી. તે પ્રેમથી જવાહિરબાઇને ભેટી પડી અને પોતાના ઉત્તરિય વસ્ત્રના

પાલવથી ત્હેના આંસુ લુછી બોલી,—જયાલિંગ, જયાલિંગ મ્હારા માટે હાના વિચારોને તિલાંજલી આપી ? ગાંધારીના પુત્ર હોવાંજ કુપુત્ર નહોતા નીકળ્યા કે ? તો પછી ગાંધારીનું નામ કલંકિત કેમ ન થયું વારૂ ?"

"તે ખરું પરંતુ તેઓ ન્હાના તો નીશાળીઆજ નહોતા"

"પરંતુ અદ્યાપિ પર્યંત વિક્રમને યુદ્ધમાં જવાનો પ્રસંગ ક્યારે આવ્યો છે ?" કર્ણવતીએ કહ્યું,—જયાલિંગ ! તું આગળથીજ ત્હારા હૃદયને વિદિર્ણ કરે છે હવે હુંજ ત્હેને યુદ્ધમાં—મલ્લયુદ્ધમાં જવા માટે તૈયાર પાડીશ ત્હેમાં ત્હેનું પરાક્રમ અગર બાયલાપણું દેખાઈ આવશેજ

"વારૂ યાદ રાખજે કે જો ત્હેમાં તે અપયશ લઈ પરત આવ્યો તો હું ત્હેને કિલ્લામાં પ્રવેશ સુદ્ધાં કરવા દઈશ નહીં. અને ત્હેનું કાળું મ્હોડું જોઈશ પણ નહીં.

"સારું થાઓ, આગળથી કંઈપણ ગભરાઈ કરીશ નહીં સર્વ ત્હારી ઈચ્છાનુસારજ થશે"

દશમ પરિચ્છેદ.

વિજળી અને વિક્રમાજીત.

'લોગ કહે તે હર્ષ કે અહલેજર નહીં તો કુછ નહીં,
જર હુવા પયદા તો સમજો ઘર નહીં તો કુછ નહીં.

મુઝકો સબ હાસિલ હય લેકિન હય કમી એક બાતકી,
જરભી હય, ઔર ઘરભી હય દિલબર નહી તો કુછ નહી.'

(એક ફિર્દુ કવિ)

જે પુષ્કરણી ઉપર **વિક્રમાજીતના** ગુપ્ત દરબારનો આપણને પરિચય થયો હતો તેજ પુષ્કરણી ઉપર આ વખતે **વિજળી** અને **વિક્રમાજીત** બેઠા હતા પુનેમનો દિવસ હોવાથી આકાશપટ ઉપર પૂર્ણ ચાંદની ખીલી રહી હતી પૂર્ણચંદ્ર પ્રેમના ઉચ્છવાસથી સુંદરી વસુધરાને પૂર્ણ સુખે હસાવી રહ્યો હતો ચંદ્રના શીતળ કિરણોમાં આનંદનું અમૃત ઝરતું હતું પ્રિયતમા વસુમતી પોતાનું હૃદય ખોલી અમૃત ઝીલતી હતી રાત્રિના મલિન મુખને ઉજળું કરીને, નક્ષત્ર મંડળને અમૃત પ્રવાહમાં તરતું મૂકીને, ચકોરના અસ્થિર હૃદયમાં સુખપૂર્ણ સુધા-ધારા રેડીને પુષ્પોના હૃદય હૃદયદ્રાવક પરિમલ સાથે પોતાના પિયુષને મેળવીને, પુષ્કરણીના પવિત્ર ઘાટને પ્રેમપ્રવાહથી શીતળ કરીને, તથા એ પ્રમાણે સકળ સૃષ્ટિને હસાવી પૂર્ણ-ચંદ્ર આનંદથી પ્રફુલ્લ સુખે સ્મિત કરતો હતો

વિક્રમાજીત કેટલીક વખત **વિજળી** તરફ તો કેટલીક વખત પુષ્કરણીમાં ગોમુખમાંથી બાર પડતા પાણી તરફ જોતો કાંઈ વિચાર કરતો બેઠો હતો **વિજળી** પોતાની શમસેરની મૂઠ ઉપરના કોતર કામને જોવામાં નિમગ્ન હતી, આમ છતાં પણ કેટલીક વખતે તે છુપી રીત્યે **વિક્રમાજીતના** મુખનું અવલોકન કરવા ચૂકતી નહીં **વિક્રમાજીતના** મનમાં કાંઇ વાતચીત કરવાનો વિચાર ચાલતો હતો, પરંતુ વાત કેવી રીત્યે ઉપાડવી તેની તેને એકદમ સઝ પડી નહી

વિજળીના મુખનું અવલોકન કરતાં તે ઉપર કાંઇ વિનોદાત્મક હાસ્ય વિલસતું હોય હેવુ સૂચન થતું હતું. વિક્રમાજીતે કેટલાક વખતપર્યંત કાંઇ વિચાર કર્યો અને ત્હાર પછી તે કાંઇ નિશ્ચય કરી વિજળીના સુંદર મુખમંડળ તરફ અનિમિષ નેત્રે આતુરતાદર્શક ભાવથી જોઇ રહ્યો. વિજળી વિક્રમાજીતની યુક્તિ પ્રયુક્તિ સહમજી ગઇ. હેણે વિક્રમાજીતની ઇચ્છા વિરૂદ્ધ વર્તન ચલાવ્યું નહિં— પોતાનું મુખ પાછુ ફેરવ્યુ નહિ. વિક્રમાજીત અચકાતો અચકાતો બોલ્યો,–"વિજળી ! હુ ત્હને એક વાત પછનાર છુ, ગુસ્સો તો નહિં આવે ને ?" આટલું બોલી તે પ્રથમ પ્રમાણે હેના તરફ સ્થિર નેત્રે જોઇ રહ્યો. હેને એમ માલૂમ પડ્યું કે હુ ઘણું બોલી ગયો છુ. તેથી તે વિરામ્યો

"ગુસ્સો ઉપસ્થિત થવાનું કાંઇ પ્રયોજન ?" વિજળીએ હેને ઉત્તેજન સૂચક પ્રત્યુત્તર આપ્યો.

"વિજળી !" વિક્રમાજીત કિંચિત આગળ ખસી આવી કહેવા લાગ્યો. "વિજળી ! તું ઘણીજ સ્વરૂપવતી છે ! આકાશમાં ચમકતા આ તારકો તો શુ પરંતુ તેજસ્વી જણાતા આ નિશાકાના કરતાં પણ તું વધારે સુંદર છે ! જો, જો, આ પાણીના પવિત્ર જલરાશિમાં ત્હારા સુંદર સર્વાંગની કે'વી આકર્ષક છાયા પ્રસરી રહી છે ? ખરેખર, તું લાવણ્ય લતિકા, સ્વર્ગનુ પારિજાત, પ્રેમની પવિત્રદેવી, રતિને પણ શરમાવે હેવી રામા છે !" વિક્રમાજીતનું આ સ્તુતિ દર્શક કથન શ્રવણ થતા જ વિજળી પોતાના હાસ્યનો પ્રતિરોધ કરી શકી નહિ હેને હસતી જોઈ વિક્રમાજીત છેકજ ઓશિયાળા જે'વો થઇ ગયો, અને હેની હેવી સ્થિતિ થાય એ

સ્વાભાવિકજ હતું. જો હાવા પ્રસગે અન્ય કોઇ તરૂણુ યુવતી હોત અને ત્હેણે પોતાના સૌંદર્ય સબંધી એકાદ તરૂણ તરફથી હાવું સ્તુતિ-સૂચક કથન સાંભળ્યું હોત તો તે લજ્જાને આધીન થઇ ગઇ હોત; એટલુજ નહિં પરતુ ત્હેણે પોતાનાં કુટિલ નેત્રોથી હૃદયને વીંધી નાખનારા નેત્ર કટાક્ષ તે તરૂણુ તરફ ફેંક્યા હોત, પરંતુ વિજળી હેવી સ્ત્રિઓમાંની ન્હોતી, કારણુ ત્હેણે હેવું કાંઇ કર્યું નહિં; ઉલટું સરખા સ્નેહિની મશ્કરી કરી હોય અને જે પ્રમાણે મનુષ્ય હશે તે પ્રમાણે એ હશી પડી; આથી કરીને વિક્રમાજીત ઓશિયાળો થઇ જાય હેમાં શુ આશ્ચર્ય જે'વુ છે ?

કેટલાક પુરૂષોમાં જે પ્રમાણે સ્ત્રીઓના હાવભાવ કરવાની ટેવ હોય છે વિજળી હેવાજ પ્રકારની વ્યક્તિ હતી. તે તરૂણાવસ્થામાં હતી, સૌંદર્યવતી હતી પરતુ સૌંદર્યને અને અગર તારૂણ્યને વિકાસત કરનાર–પ્રત્યક્ષ કરનાર–હાવભાવ કરવાની સ્ત્રીઓની પ્રાકૃતિક પ્રવૃત્તિ ત્હેનામાં ન્હોતી; આથીજ વિજળીને હસવુ આવ્યું.

અલ્પ સમય પશ્ચાત્ વિક્રમાજીત કિંચિત્ કઠોર સ્વરે બોલ્યો.– "વિજળી ! તું શા માટે હાસ્ય કરે છે? શુ હુ ત્હને અસત્ય કહું છુ?"

વિક્રમાજીતનો પ્રસ્તુત પ્રશ્ન સાંભળ્યા પછી ત્હેનો પ્રત્યુત્તર વાળવાનું ઉદ્દામપ્રવૃત્તિ વિજળીને કઠિન થઇ પડયુ, તે જોઇ વિક્રમાજીતે આગળ બોલવાની શરૂઆત કરી,–"વિજળી ! હુ ત્હારા ઉપર મોહિત થયો છું. હે લાવેણ્યલતિકે ! ત્હારી પ્રતિચ્છાયા રાત્રિ દિવસ મ્હારા નેત્રો સમિપ તરવરે છે. હું ત્હારા ઉપર મુગ્ધ થયો છુ !! બોલ મ્હને સત્ય કહે કે તું મ્હને ચ્હાય છે કે નાહ ?" આટલું બોલી

વિક્રમાજીત એકાગ્ર નજરે વિજળી તરફ પોતાની પાસે વિરાજીત થયલા હાવભાવહીન સાૈન્દર્યરાશી તરફ જોવા લાગ્યો વિજળી કાંઇક વિચારમા મગ્ન હતી તેહેની મુદ્રાએ અલ્પ સમયમા અત્યત ગંભીરતાનુ સ્વરૂપ ધારણ કર્યુ

વિક્રમાજીત બહુકાલપર્યંત પ્રત્યુત્તર શ્રવણ કરવાને આતુરતાથી બેસી રહ્યા, પરંતુ જ્યારે વિજળી તરફથી કાંઇ પણ પ્રત્યુત્તર ન મળ્યો ત્યારે તે બોલ્યો,- "તુ ઉત્તર શા માટે નથી આપતી? તું શા માટે મહને મરણાન્ત વ્યથામા રાખે છે! એક વખત કહે કે તુ મહને ચ્હાય છે કે નહિ?"

"આપના આ પ્રશ્નનો યથોચિત પ્રત્યુત્તર આપવાને માટે ઘણી અડચણ ઉપસ્થિત થઇ છે, આપ વિચારતો કરી જુવો કે શુ હાલ આ પ્રકારનો પ્રેમાલાપ કરવાને આ સમય છે?"

"એટલે" વિક્રમાજીતે આશ્ચર્યથી પુછ્યુ, "મ્હારા પ્રશ્નનો સારાંશ?"

"વિજળી કિંચિત્ ક્રોધમિશ્રણ સ્વરે બોલી—"આપને તો જાણે કાંઇ ખબરજ નથી! યવન સૈન્ય ચિત્તોડગઢ ઉપર ચ્હડી આવે છે હેવા સમયે આ પ્રેમાલાપ? ઘણી આશ્ચર્યજનક વાત!"

વિક્રમાજીત પુન આશિયાળા જેવા થઇ ગયા તે કંઇ બોલ્યો નહિ

• 'તે સર્વ મ્હારી ધ્યાનમા છે," વિક્રમાજીત અલ્પ સમય પર્યંત વિચાર કરી બોલ્યો 'મહને તુ તદ્દન મૂર્ખજ સમજે છે કે શુ?

વાહ તે તો ઠીક પરંતુ મ્હારા સંશય દૂર કર અને મ્હને જણાવ કે તું મ્હને ચ્હાય છે કે નહિ

પુન પાછો એજ પ્રશ્ન સાંભળી વિજયીના ભવાં સંકુચિત થયા તે થોડે દૂર ખસી અભિમાનપૂર્વક બોલી,—" અદ્યાપિ પર્યંત આપ રાજપૂત કન્યાના સ્વભાવથી અજ્ઞાત્ હોવ હેવું હું ધારું છું! સૌંદર્ય ગાન ગાવાથી તે આપના ઉપર લુબ્ધ થાય એમ તહમો ધારો છો કેમ? આપની આ મહત ભૂલ છે જેને પોતાની પ્રજાનું, સ્ત્રીઓનું અને પોતાના દેશનું અભિમાન છે હેવા જ વીરોની પ્રેમમૂર્તિઓ રાજપૂત બાળાઓના હૃદય પ્રદેશમા વિરાજીત થાય છે, સમજ્યા! સુલતાન બહાદુર પ્રચંડ સેના સહિત દુર્ગપ્રતિ આક્રમણ કરે છે એ ઇતિહાસથી તહમે અજ્ઞાત્ નથી જ તેહમના પ્રતિકાર કરી તહમારા દેશનું, દેશના જાતિબંધુઓનું, નિરાધાર સ્ત્રિઓનું તેમજ આપણા આ ચિત્તોડદુર્ગનું રક્ષણ કરવા માટે તહમે શું કર્યું છે? સૈન્યની કોઇ પણ પ્રકારની વ્યવસ્થા કરી છે? આજુ બાજુના ઠાકોર તેમજ સરદારોને મદદ કરવાને માટે આમંત્રિત કર્યા છે? દુર્ગની બાંધણી મજબૂત છે કે નહિ, શત્રુઓ ઘેરો ઘાલે તો આવશ્યક બાંધા ખોરાકી સિલક છે કે નહિ, કિલ્લામા લ્હડનાર સૈનિકો પૂરતી સંખ્યામા છે કે નહિ એ સર્વ અગત્યની બાબતોનો આપે અદ્યાપિ પર્યંત કાંઇ વિચાર કર્યો છે? આ મહત્વની, દેશના કલ્યાણની વાત મૂકી તહમે પ્રેમાલાપ કરવાનો વિષય શોધી કાઢ્યો છે તો તે ઉપરથી મ્હારે તહમારા માટે કેવો અભિપ્રાય બાંધવો? આજ સુધી આપને માટે મ્હને કંઇક અભિમાન હતું, પરંતુ હવે તો આપની પરીક્ષા થઇ ચૂકી! આ સર્વ પ્રકાર ઉપરથી—આપની આ મૂર્ખતાયુક્ત મહત્વાકાંક્ષા

ઉપરથી—હું તો આપને ક્યારનુ જ સ્હમજી ચૂકી છું. વીર રમણી—હું હાવા ભીરૂ પુરૂષનુ મ્હોં સુદ્ધાં જોવાને ઇચ્છતી નથી, તો પછી પ્રેમાલાપ કરવાની તો વાત જ ક્યહાંથી થાય ?" વિજળીનાં આ તિરસ્કારયુક્ત વાગ્બાણો સાંભળતાં જ વિક્રમાજીત ઘણો જ લેવાઇ ગયો. શરમને લીધે તે પોતાનુ મુખ પણ ઉંચુ કરી શક્યો નહિં. વિજળી જે કંઈ બોલી છે એ સત્ય છે હેવુ ત્હેને માલૂમ પડી આવ્યુ. તેથી તે કંઇ પણ પ્રત્યુત્તર ના આપતાં નીચું જોઇ રહ્યો. પોતાના કથનની કંઇક અસર ઉદ્દભવેલી જોઇ વિજળીને પણ અત્યાનંદ ઉપસ્થિત થયો. તે ત્હેના પ્રતિ અલ્પ સમય અનિમિષ નેત્રે ટગર ટગર જોઈ રહ્યા બાદ તરતજ ઉઠી અને ત્યહાંથી પલાયન કરવાની શરૂઆત કરવા લાગી. વિજળીને પલાયન કરવાની તૈયારીમાં જોઇ વિક્રમાજીતે ઉંચુ જોયુ અને બોલ્યો,—"વિજળી ! કૃપા કરી અલ્પ કાળ ઉભી રહે. મ્હારી ત્હારી સાથે બીજી એક બાબત ઉપર વાતચીત કરવાની છે."

વિજળી ઉભી રહી. વિક્રમાજીત આગળ બોલ્યો,—" ઉભી શા માટે રહે છે ? નીચે બેસ." વિજળી પુનઃ નીચે બેઠી. વિક્રમાજીત ત્હેને કહેવા લાગ્યો,—"વિજળી ! ત્હેં જે કાંઈ કહ્યું છે તે અક્ષરસઃ સત્ય છે. મ્હેં ત્હારા કથનાનુસાર સર્વ બાબતો પ્રતિ દુર્લક્ષ્ય કર્યું છે. પરંતુ હવે મ્હારે શું કરવું તે ત્હારી ઇચ્છાનુસાર પ્રદર્શિત કર. ત્હારા કથનાનુસાર હું વર્તીશ હેમાં લેશ પણ સંદેહ ધારતી નહિ."

વિક્રમાજીતનુ ઉપર્યુક્ત કથન શ્રવણ કર્યા પશ્ચાત્ વિજળી કિંચિત્ હસી અને પછી બોલી,—"પિતાશ્રી (કર્મચંદ) આજ કેટલા

કાળથી કણા કરે છે એ બાબત ઉપર આપે કિંચિન્માત્ર પણ વિચાર કર્યો છે કે? મહારાણીશ્રી (કર્ણવતી)એ અને ન્હાનાં રાણીશ્રી (જવાહરબાઇ)એ આપને કેટલી શિક્ષા આપી? આપ ત્હેમની ઇચ્છાનુસાર કદાપિ વર્ત્યા છો? ત્હારે પછી મ્હારા કથનનો શું ઉપયોગ?"

"અરે રે! વિજળી! તું મ્હને હવે વધારે શા માટે બાળે છે? જો થઇ ગયું ત્હેનો શો ઉપાય? ત્હારી વાણિમાં હેવી કંઇક ખુબી છે કે હું તે પ્રમાણે અવશ્ય કરીશ–" વિક્રમાજીતને પૂર્ણ શુદ્ધિ ઉપર લાવવા કે કયેમ? કોણ જાણે, વિજળીએ કહ્યું,— "એમ! એક દરે આપને આપની જન્મદાયિની માતાનું બોલવું ના ગમ્યુ, વડિલને સ્થળે જે મ્હારા પિતા—જે'મને રાજ્યકાર્યનો વિશેષ અનુભવ હેવા વૃદ્ધ વડિલના ઉપદેશ પ્રતિ પણ ત્હમે દુર્લક્ષ્ય કર્યું અને ફક્ત મ્હારૂં કથન જ આપને પસંદ પડયુ એ શુ આશ્ચર્યજનક નથી? પરંતુ ઠીક છે, ત્હમારો મનોગત વિચાર હું સ્હમજી ચુકી છું. ત્હમારી ઇચ્છાનુસાર કાંઇ પણ બનનાર નથી. છતાં જો મ્હારી સૂચનાનુસાર વર્તવાની સ્પૃહા હોય તો મ્હારા બ્યાનપર કાન દઇ ધ્યાન આપો. માદક પદાર્થોનું સેવન છેક જ બંધ કરવું પડશે, દુષ્ટ લોકોની સોબતને તિલાજલિ આપવી પડશે, પિતાશ્રી, મહારાણીશ્રી તથા ન્હાનાં રાણીશ્રી જે કંઇ સૂચવે તે સાંભળવુંજ પડશે, સાભળી ત્હેને અમલ વર્તનમાં કરવો જ પડશે, એટલુંજ નહિં પરંતુ આપણા ઉપર જે ગુજરાતનો રાજા ચ્હડી આવે છે. ત્હેનો પરાજ્ય કરવા કાલેને કાલે જ આપનો સૈન્ય સહિત અત્રેથી રવાના થવું પડશે.

" કબુલ છે ! ખરેખર ! કબુલ છે !" વિક્રમાજીત એકજ આવેશથી બોલ્યો,

"ગર મુલ્કકે ખાતિર મેરી દુનિયામે
યહ તોકિર હો,
હાયમ હો હથકડી ઔર પાઉમે
જંજીર હો,
આબોઆદિ ખાતિર તીર હો મિલતી
ગલે સમશીર હો,
સુલી મીલો, ફાસી મિલો ઔર માત
દામનગીર હો,
ઇસસે બડકે ગર કોઇ દુનિયામે
યહ તામીર હો,
મન્જુર હો, મન્જુર હો, મન્જુર હો, મન્જુર હો"

દીર્ઘકાળ પર્યંત સ્થિર અને અવાક બેઠા પછી ધીમેથી વિક્રમાજીતે વિજળીને પૂછ્યું. "આમ કરવાથી તો ત્હને સંતોષ થશે ને ?"

પુનઃ પરિસ્થિતિ ઉપર વાત પલટાતે હેતુ ધારી વિજળી ગંભીર મુદ્રાથી કહેવા લાગી—"મ્હારા સંતોષ સાથ તમારા કાર્યને શો સંબંધ ? જો તમારા વડિલોનું નામ અમર કરવાની ઇચ્છા હોય તો મ્હારી સૂચનાનુસાર કરો"

"વારૂ, મ્હારૂં કર્તવ્ય સમજીને જ હું આ કાર્ય કરીશ. પરંતુ વિજળી ! ત્હને પણ લ્હડવાની ઘણી હોંશ છે તો તું મ્હારી સાથે મ્હને સાહાય્ય કરવા આવીશ કે ?" વિક્રમાજીતે પૂછ્યું.

"હા પણ એક શરતે ?" વિજળીએ કહ્યું, "સુલતાન બહાદુરનો પરાભવ ન થાય ત્યાં સુધી આપે વીરને લાછન લાગે હેવો એક પણ શબ્દ ઉચ્ચારવો નહિ, નહિ તો હું જ તમારી સ્વવૈરિણી થઈશ"

વિક્રમાજીતે તે કબુલ કર્યું. ત્યાર બાદ બન્ને છુટા પડયા જે કામ કોઈથી ના થયું તે વિજળીએ કર્યું !

એકાદશ પરિચ્છેદ

વાત, પિત્ત અને કફ.

ચિત્તોડગઢથી આગરે એએક ગાઉના અંતરે ઠાકુરવાડા નામનુ ગામ હતુ, હેની આસપાસ બધે જગલ આવેલુ હતુ, ગામની અંદર પાચ પચ્ચીસ ઉપરાંત વિશેષ ઘર ન્હોતા આજુબાજુનો પ્રદેશ ફળદ્રુપ હતો અસ્તુ

ઠાકુરવાડાના એક મજબુત ઘરમા જંગીલાલ (વાત) તિનકાદાસ (પિત્ત) અને વિજયલાલ (કફ) એ ત્રિમૂર્તિને નજર કેદ રાખવામાં આવી હતી હેમને આ સ્થળે નજર કેદ રાખવાનુ પ્રયોજન એજ હતુ કે વિક્રમાજીતના સમજવામા આવે નહી, કારણ ઠાકુરવાડામાં કાઇ તુરગ ન્હોતી. પોતાના સ્નેહિઓને ઠાકુરવાડામા લઇ જઇને કેદ કર્યા હશે હેવો વિક્રમાજીતને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો ન્હોતો. વિક્રમાજીત પોતાના સ્નેહિઓને ભલી જઈ ગન્ય કાર્યભારમા ધ્યાન

આપશે એટલે તે ત્રણેને મુક્ત કરીશું હેવો કર્મચંદનો વિચાર હતો.

જે દિવસે બે સિપાઇઓ સાથે આપણી આ ત્રિમૂર્તિ ઠાકુરવાડા જઇ પ્હોંચી તે વખતે ત્હાંના લોકોને ઘણું આશ્ચર્ય લાગ્યું. જે ગૃહની અંદર ત્હેમને નજરકેદ રાખવામાં આવ્યા હતા તે ગૃહના બ્હારના ઓટલા ઉપર આખો દિવસ ગામની કેટલીક મંડળી તો બેઠેલીને બેઠેલીજ રહેતી ! આ મંડળી વારવાર આપણી આ ત્રિમૂર્તિનો ઇતિહાસ સીપાઇઓને પૂછતી પરંતુ તે બિચારાઓ પણ સત્ય હકીકતથી અજ્ઞાત્ હતા.

પ્રથમ દિવસે તો આપણી આ ત્રિમૂર્તિની મુખમુદ્રા શોકાચ્છાદિત હતી પરંતુ તેજ રાત્રે તેઓએ પોતપોતાની અંદર કંઇ મસલત ચલાવી તથા બીજા દિવસથી તેઓ વિશેષ આનંદ પ્રદર્શિત કરવા લાગ્યા. વિજયલાલ બન્ને સમય સ્વયંપાકનું કાર્ય કરતો, તિનકદાસ ભાંગ વાટતો તથા જગીલાલ બન્ને સમય—અનેક વખત સૂચવવાને હરકત નથી—ભાગ ધૂટી ત્હા જે મંડળી હાજર હોય ત્હેમને પાતો અને પોતે પણ ભાગના ઘેનમા મસ્ત રહેતો. હાવો કાર્યક્રમ ન્હેમણે ઠરાવ્યો હતો, તદનુસાર હરનિશ ત્હેમનું કાર્ય ચાલ્યા કરતું હતુ. પોતે એકલા હોય ત્હારે પણ તેઓ આપસ આપસમાં મશ્કરી ઠઠ્ઠા કરે, ગાય, નાચે તથા પોતાની ઇચ્છાનુસાર વર્તન કરે. આમના લોકોને તથા પહેરાવાળા સિપાઇઓને તો એમજ માલૂમ પડયુ કે એ ત્રણે ગાડા છે, કારણ ત્હે હેમની પૂર્વ સ્થિતિનો ઇતિહાસ પૂછતાં તે ઇતિહાસનુ તેઓએ હેવા પ્રકારે વર્ણન કર્યું કે લોકોમાં તથા સિપાઇઓમાં ત્હેમના ગાડપણના ઉદ્ભવેલા મતને વધારે પુષ્ટિ મળી.

રાત્રિનો સમય હતો. ભગવાન્ નિશાનાથ આકાશપટ ઉપર

હાસ્ય કરી પોતાની શ્યામા વિભાવરીને ઉજ્વળ કરી રહ્યા હતા. ચાંદની પોતાનાં માત પિતાને આનંદમાં જોઇ તે આનંદમાં વધારો કરવા હાસ્ય કરતી ઉછળી રહી હતી. મંદમંદ પવન હૃદયમાં ઉન્મત્ત ભાવનાઓનો સંચાર કરતો હતો. હાવા રમણીય મમયે આપણી ત્રિમૂર્તિ તરતજ ભોજકાર્ય પૂર્ણ કરી ભુમાતા ઉપર ચાંદનીના ઉજ્વલ પ્રકાશમાં વિરાજીત થઇ હતી. સિપાઇઓ પણ ગામમાંથી આવેલી આઠ દશ વ્યક્તિઓ સાથે ગપાટા હાંકતા બેઠા હતા. બોલતા બોલતાં આપણી ત્રિમૂર્તિની વાત ઉપર તેઓ ઉતરી પડયા, તથા હેમને અત્રે શા કારણથી નજરકેદ રાખવામાં આવ્યા છે, હેવો સર્વ મંડળે પ્રશ્ન કર્યો. જંગીલાલ પોતાના મ્હોડાથી તબલા વગાડવાનું કાર્ય બંધ કરી આગળ આવી બોલ્યો;—"દેખો ભાઇ! તુમ હમેરી કહાની સુનને ચહાતે હો—અચ્છા—બહુતહી અચ્છા—તબલા જૈસે બહુત અચ્છા—વૈસે હમેરી કહાની ભી બહુત અચ્છી ઔર ઉતની હી સચ્ચી—(તિનકાદાસ તરફ વળી) કયુ, સચ કે નહી?"

"અચ્છા તો સુનો—" જંગીલાલ જમીન ઉપર હાથ અફાળી બોલ્યો;—"તુમેરે તમુરે જીસ રીતને ઇતના અચ્છા બજતા હૈ વૈસી હમરી કહાણી પણ અચ્છી હે. દેખો! દૂર—દૂર—બહુત દૂર દેખો વહાં એક વિશાળ દેશ હૈ—" જંગીલાલે હાથ લાંબો કરી દિશા દર્શાવી. જંગીલાલના હાવા ચાળા ચરકા જોઇ બેઠેલી મંડળીને પણ ગમ્મત પડવા લાગી. એક સિપાઇ બોલ્યો,—"અચ્છા આગે—તુમેરી કહાની તો બડી ચટાકલી દિખાતી હૈ."

"હાં—સચ હૈ, ઘણી જ ચટકદાર—" જંગીલાલ વિજયલાલની પીઠને અઢેલીને બેઠા પછી બોલ્યો;—"હાં તે મ્હોટા દેશનો હું રાજા

હુ-" જગીલાલ પોતે કહે છે તે સત્ય છે એમ પ્રત્યક્ષ કરવા માટે પોતાની છાતી ઉપર હાથ ઠોકી કહ્યુ એટલામા તિનકદાસ વચ્ચેજ બોલી ઉઠ્યો,—" ઔર તુમ દોનોકા મૈય બાપ હુ—" વિજયલાલ ઉભો થઇ આગળ આવી બોલ્યો,—" ઔર એ ! રાજા તો મૈય હુ—" આવા પ્રકારના રંગ જોઇ લોકોને હસવુ આવ્યુ. તેઓ સર્વ આ ત્રિમૂર્તિ પ્રતિ ટગર ટગર જોઇ રહ્યા જગીલાલ વચમાજ બોલ્યો,— " તમે બધા હસો છો ! હવે તો હમે હમારી વાત કહેનાર જ નથી તમને અક્કલ જ ક્યા છે ? રાજા આગળ ઉભા ઉભા દાત કાઢવાથી તેનુ કેવુ ભયંકર પરિણામ આવે છે એ તમે જાણતા જ નથી ? ! આ કાઈ નસિરૂદ્દીનનો દરબાર નથી સમજ્યા !

લોકોની પણ ગમ્મત મેળવવાની ઇચ્છા હતી, એટલે જગીલાલનુ તેમણે શાંત્વન કર્યું ત્યાર બાદ જગીલાલ પાછો પોતાની કલ્પિત કહાણી કહેવા લાગ્યો—" યાદ રાખો તે મ્હોટા દેશનો હુ રાજા ને ખોટા રાજા આ ! (તિનકદાસ તરફ આંગળી કરીને) તથા હમારા બન્નેના બાપ આ " એમ કહી તેણે વિજયલાલની પીઠ ઉપર પુન પોતાના શરીરનો ભાર નાખ્યો વળી પાછો આગળ કહેવા લાગ્યો—' હમારે ને ચિત્તોડગઢના રાજાને દુશ્મનાવટ છે તેથી લડાઇ નક્કી કરવામા આવી ચિત્તોડગઢવાળા કહેવા લાગ્યા, હમો ભાલા, તલવારો અને બાણોથી લડીશુ ત્યારે મ્હે જણાવ્યુ કે હમે ઢોલ, તબલા, સારંગી વિગેરેથી તમારી સ્હામે ઝઝુમી તમારો પ્રતિકાર કરીશ છેવટે લડાઈ શરૂ થઇ અને તેમા ચિત્તોડગઢવાળાઓએ સખ્ત હાર ખાધી ! ! ! "

" તો પછી તમને ત્રણે નામદારોને અહી કેદ શા માટે કરવામાં આવ્યા ?" એક સિપાઇએ પુછ્યુ

સિપાઇનો પ્રશ્ન સાભળતા જ જગીલાલ હસવા લાગ્યો, તેને હસતા જોઇ તિનકાદાસ રડવા લાગ્યા તથા વિજયલાલ ઉઠીને નાચવા તથા કૂદવા મડયા. થોડા વખત પછી લોકોએ ધાર્યું કે આ રગ હવે અટકશે પરતુ લગભગ પાએક કલાક સુધી તેઓનુ આ હાસ્યરસ પ્રાધાન્ય નાટક ચાલ્યુ

તિનકાદાસને રડતા જોઇ એક વ્યક્તિએ પ્રશ્ન કર્યો.—"તમે રડો છો શા માટે ?"

"હમારો મ્હોટો રાજા હસે છે માટે !" તિનકાદાસ પ્રત્યુત્તર આપીને શાત થયો. વિજયલાલનુ તાળીઓ વગાડી નાચવાનુ કાર્ય હજુ ચાલુ જ હતુ તે બોલ્યો,—'મ્હારા નાચવાનુ કારણ મ્હને કોઇ પૂછતુ નથી માટે હવે હુ તો રડુ છુ !" પરતુ એક વ્યક્તિએ તેને શાત કર્યો. જગીલાલ પણ પોતાનુ હસવાનુ કાર્ય બધ કરી શાત થઇને બેઠો, તથા થોડો સમય શાન્ત રહી બોલ્યો,- "હમારી વાત કહેતા હમને ઘણુ કષ્ટ થાય છે હુ હવે કઇજ કહેનાર નથી" આમ કહી તે ઉભો થયો રાત્રિ વિશેષ વ્યતીત થઇ ગઇ છે તેનુ ધ્યાનમા આવતા પોતપોતાના ગૃહ વિદાય થઇ ગયા, સિપાઇઓ પણ દ્વાર બધ કરી નિદ્રાધીન થયા

ઉપર્યુક્ત પ્રદર્શિત કરવામા આવેલા દિવસ પશ્ચાત્ આ ત્રણે વ્યક્તિઓની ચર્ચા કરવાનો એક મુખ્ય વિષય ઠાકુરવાડાના બાળુઓને થઇ પડયો હાના પ્રકારો ચાલ્યા ત્રીજે દિવસે તે ગામમા થઇને એક પ્રચડ ફોજ કૂચ કરતી દેખાઇ તપાસ કરતા માલમ પડયું કે ચિતોડગઢનો નૃપ વિક્રમાજીત ગુજરાતના રાજા સામે લડવા માટે જાય છે તે સાભળી ગામના લોકોને ઘણુ આશ્ચર્ય લાગ્યુ, કારણ

વિક્રમાજીત મૂર્ખ છે, રાજ્યકાર્યભારમા લક્ષ્ય આપતો નથી હેવી હકીકત સર્વત્ર પ્રસિદ્ધ થઇ ગઇ હતી એ ત્રણેને પણ એ બાબતની ખબર પડી તથા તેઓએ આપસ આપસમાં કાંઇ યોજના ઘડી કાઢી વિક્રમાજીતની સેનાને આજે આ ગામમાંથી કૂચ કરતી જોઇ લોકો વિચારમાં પડી ગયા હતા અને તે સંબંધી વાતચીત કરતા તેઓ પોતપોતાને ત્હાંજ બેસી રહ્યા હતા.

ઉપર્યુક્ત નાચતાનનો પ્રકાર બની ગયાને ફક્ત બે દિવસ વ્યતીત થયા છે તે દિવસાનુસાર આજે પણ ચાંદની પ્રકાશી રહી છે. ગામમાંથી સિધુ આવેલુ હોવાથી વિજયલાલે રસોઇ બનાવી તથા ત્રણે જણાએ મિષ્ટ ભોજનને પોતાના ઉદરમાં સ્થાન આપ્યુ. ભાગના નીશા ઉપર તેઓએ ખોરાક પણ દાબીનેજ લીધો. ભોજન કાર્યથી નિવૃત્ત થયા પછી તે ત્રણે જણ ગાવાં હાંકવાને બ્હાર આવીને ભૂમિ ઉપર બેઠા સિપાઇઓ પણ પોતાની પેટપૂજા કરવા માટે ભોજન તૈયાર કરવાનાં કાર્યમાં પ્રવૃત્ત થયેલા હોવાથી ત્હેમનુ લક્ષ્ય આ તિમૂર્તિ પ્રતિ વિશેષ ન્હોતુ.

જંગીલાલે તિનકાદાસને ગાવાની સૂચના કરી વિજયલાલ સિપાઇદદાનો સોટો લઇ તંબુરો બજાવવા લાગ્યો. પોતાની રીત પ્રમાણે જંગીલાલ તબલા બજાવવા લાગ્યો. તિનકદાસ ગાવા લાગ્યો,-

"તુને કૈસા જાદૂ ડારા હૈ, તું નૈન મિલાને વાલી,
તુને કૈસા જાદૂ ડારા હૈ, તું ઝુમ્ ઝુમ્ ચલને વાલી-
(ઉઠીને નાચતાં નાચતાં)
ઝુમ, ઝુમ, ઝુમ, ઝુમ,—ચલનેવાલી—
તોરે બાલ ઘુંઘરવાલે, તોરે આંખ કાલે કાલે—"

"ભૂગ-ભૂગ—તદ્ ધા-" જગીલાલ મસ્ત. ઉઠીને નાચતો નાચતો ગાવા લાગ્યો, **"તોરે બાલ ઘુંઘરવાલે ડડડ"** દેખો ભાઇ! તુમ નહી નાચના" તિનકાદાસે કહ્યું.- "તુમ તબલા બજાવો-" જગીલાલ નીચે બેઠો, તિનકાદાસ નાચતો નાચતો ગાવા લાગ્યો.

"તોરે બાલ ઘુંઘરવાલે, તોરે આંખો કાલે કાલે
તોરે ગાલો થે કુછ લાલી,—તોરે ગાલો થે કુછ લાલી—"

"આય હાય-આય હાય!" વિજયલાલ પોતાનો તમ્બુરો જમીન ઉપર પછાડી બોલ્યો —"ગજબ કિયા!"

"તોરે ગાલો થે કુછ લાલી, એરી છુમ્ છુમ્ ચલનેવાલી
એરી છુમ્ છુમ્ ચલને વાલી—"

"સિતમ્! સિતમ્!" જગીલાલ બરાડ્યા તથા તિનકાદાસ વિશેષ રંગમા આવ્યો તે પુન ગાવા લાગ્યો.-

પોતાના મિત્રના હાવભાવ તથા હેનુ ગાયન નર્તન જોતા જગીલાલ અને વિજયલાલ કેમ શાંત બેસી રહે ? તેઓ પણ ઉઠીને ઉભા થયા તથા નાચવા લાગ્યા

સિપાઇઓ પૈકી એક બોલ્યો,-કેસે બેવકુફ હૈ ?"

એટલામાજ વિજયલાલ. આકાશ તરફ ઉંચી નજર કર્યા પછી એકદમ બોલી ઉઠ્યો,——હવે હુ શુ કરૂ ? ઓ મા ! તેગ બેટા મેરા હે ડડડ વિજયલાલ મર ગયા—" આમ બોલી તે રડવા લાગ્યો

જગીલાલ તથા તિનકાદાસ અટક્યા. અને વિજયલાલને પૂછવા લાગ્યા,—"બેટા ક્યા હુવા ? "ક્યા હુવા ક્યા ?" વિજયલાલ

રડતો રડતો બોલ્યો,—"દિખતા નહી? આસ્માન ગિર રહા હૈ! અબ મૈં કૈસા બસુંગા?"

"એમ હોય તો—" જંગીલાલ બોલ્યો, "ત્હારી લાકડી આમ લાવ, હું આકાશને અદ્ધરજ રાખીશ, નીચે નહી પડવા દઉં—"

"મેરા તમ્બુરા તો મૈ નહી દુંગા!" વિજયલાલે દૂર દ્રષ્ટિ ફેંકી કહ્યું.

એક સિપાઇ દદાની લાકડી—સોટો—પાસેજ પડી હતી. તે જંગીલાલે ઉચકી લેઇને પ્રશ્ન કર્યો,—"કહાસે ગિર રહા હૈ?"

"વો દેખો=વો દેખો—" કરતા બન્ને જણુ સ્વયંપાક કરવામાં પ્રવૃત્ત થયલા સિપાઇઓ નજીક ગયા. તિનકાદાસે તેટલાજ સમયમાં સંધિ જોઇ ત્હાં પોબાર ગણ્યા! સિપાઇઓ બિચારા સાવધ ન્હોતા. ત્હાં આગળ તેઓ સ્વયપાકની ધામધુમમાં ગુથાયા હતા. હાં હા, કહેતાં વિજયલાલે અને જંગીલાલે પોતાની લાકડીઓ સિપાઇઓના બરડા ઉપર જોસથી ફટકાવી તરત ત્હાંથી સટકી ગયા!!!

દ્વાદશ પરિચ્છેદ.

હુરનું પ્રથમ સ્વરૂપ.

"ઘન ઘોર છટા ક્યા છાઇ હય? રૂત બદલી આજ જમાનેકી,
પી ઓર પીલાતા જા સાકી, હો ખબર તેરે મયખાનેકી.

નરગીસકે ઇશારે હોતે હય, ફુલોકા રંગ બદલતા હય,
ગુન્ચેકી સુરાહી ઢલતી હય, લાલીકા પ્યાલા ચલતા હય."

* * *

"આંખોમેં હય તસબીર સુરતકી દિલરૂબાકી,
દિલમેં અદા ખુબી હય, ઉસ નાજની અદાકી.
ગુન્ચે દહન વહ મેરા બોલે હય કમ કીસીબે,
ઇનને જોહી ઇસારત હોટોમે મુસ્કુરાકી"

(એક ઉર્દુ કવિ).

ગત્ પરિચ્છેદમાં દર્શાવ્યાનુસાર તે નામચીન ત્રિપુટીએ પછીથી શુ કર્યુ તે જાણવાની પાઠકોને જીજ્ઞાસા હશે પરંતુ તેઓનો ઇતિહાસ જાણવાની ઉત્કંઠાને થોડો વખત ધૈર્યનું અવલબન કરાવી પાઠકોએ પ્રસ્તુત પરિચ્છેદ પ્રતિ લક્ષ્ય આપવુ હેવી પ્રાર્થના છે.

સુલતાન બહાદુરના સૈન્યે ચંબલ નદી ઉપર આવેલા એક વિસ્તૃત મેદાનમા છાવણી કરી હતી જે'નાથી પાઠકો અજ્ઞાતતો નથીજ. સુલતાન તે સ્થળેથી ક્યહારે કુચ કરશે એ અનિશ્ચિત હતું.

સુલતાન બહાદુરે આ પ્રસગે પોતાનો જનાનો સાથે રાખ્યો ન્હોતો. મનના સમાધાનાર્થ ત્હેમણે અલ્પ સમયથી નુર નામની દાસીને પોતાની ખિદમતમાં રાખી હતી. નુરનો પરિચય આગળ વર્ણવવામા આવેલા એક પરિચ્છેદમા પાઠકો સાથે કરાવ્યો છે. આજે પોતાની પ્રિયતમા નુર ત્હેમની સાથે બીજી બાજુમાંજ બેઠી હતી. હમેશાં જ્યહારે એકાંત હોય ત્યહારે પોતાની પાસેજ બેસવાનું નુરને બાદશાહી માન મળ્યું હતું ! સ્હામેજ એક સુવર્ણના થાળમાં શરાબની સુરાહી અને શરાબ પીવા માટેના સુવર્ણ પાત્રો પડેલા

હતા. બે ચાર શરબતના શીશા પણ દૃષ્ટ્યમાન થતા હતા. પાનદાન તથા અત્તરદાન વિગેરેની પણ ત્હ્યાં તંગી ન્હોતી

હુરનો વિચાર આજે બાદશાહ પાસેથી કાઇ વાત કઢાવવાનો હતો, અને તેથી કરીને તે વારવાર પોતાના નેત્રકટાક્ષ સુલતાન તરફ ફેંકતી હતી સુલતાન હુર પ્રતિ પ્રેમમય દૃષ્ટિથી જોતા બોલ્યા, “હુર ! મ્હારી દિલદાર દિલારા ! હુ ભલે આખા હિંદુસ્તાનનો સુલતાન છુ, પરંતુ ત્હારો તો એક અદના તાબયે ફરમાન છું. મ્હારા મનની બેચેની ત્હારા દિદારુના દૃશ્યથી નાશ થાય છે !” સુલતાન બહાદુરે પોતાની મહત્તાને એક બાજુએ મૂકી સાધારણ વ્યક્તિને યોગ્ય હેવા ઉપર્યુક્ત વાક્યોનો ઉપયોગ કર્યો

“આપ નામવરનો એ લૌંડી પર મ્હોટા એહશાન છે, પરવર દિગાર મ્હારાપર મિહરબાન છે, આપના દિલની બેચેની હોય તે દૂર કરવાનો ઇલાજ તૈયાર છે, ફક્ત આપના ફર્માનનીજ વાર છે” હુરે મદિરાની સુરાહી તરફ આગળી કરીને કહ્યુ

સુલતાન બહાદુરે પણ તે બાબતમા અનુમતિ દર્શાવી જે'થી હુરે સુરાહીમાથી સુવર્ણપાત્રમા મદ્ય રેડ્યુ

હુરને એક ગ્લાસ ભરીને સુલતાને ત્હેના હાથમા આપવા માડ્યુ પરતુ ત્હેને મદ્યપાન કરવાની ટેવ નહી હોવાથી ત્હેણે ધીમેથી ના પાડી પરતુ સુલતાન ત્હેને ક્ય્હા છોડે તેમ હતું ? છેવટે નિરૂપાયને વશ થઇ હુરને સુલતાનની ઇચ્છાને આધીન થવાની ફરજ પડી. મદ્ય-પાન કરવાથી રમણિય પ્રતિમા હુરનુ મુખમંડળ ઘણું તેજસ્વી દેખાવા લાગ્યુ ગુલાબની લાલ સુરખીએ ત્હેના ગોરા ચ્હેરા ઉપર ગાદી બિછાવી શાહ હુર પ્રતિ દૃષ્ટિ કરી બડબડવા લાગ્યો,

"ભરભર જામ પીલા ગુલ લાલ બનાદે મતવાલા
તું લા–લા–લા–લા"

ત્હાર બાદ થોડો વખત બન્ને જણા શાંત રહ્યા. અલ્પસમય વ્યતીત થયા પશ્ચાત્ શાહે નૂરને કોઇ સરસ ચીજ ગાવાને કહ્યું નૂરને આજે સુલતાનની ઇચ્છાને તાબે થયા સિવાય છુટકો નહોતો કારણ ત્હેને સુલતાન પાસેથી કોઇ પ્રકારની બાતમી મેળવવી હતી. આથી કરીને શાહને નમન કરી તે ગાવા લાગી ગાતાં ગાતાં સ્વર્ગ-સુખનો અનુભવ કરાવવા લાગી,—

ગઝલ

"કુછ રહી હય હશ્રમેં વો આંખ શરમાઈ હુઇ,
હાય કયસી ઇસ ભરી મેહફિલમેં રૂસવાઇ હુઇ;
ઠોકરે ખિલવાયગી યે ચાવ અઠલાઇ હુઈ,
ક્યા જવાની ફિરતી હય જોબનપે ઇતરાઇ હુઈ;
ખુલ ગયા જોબન તો અસ્મતસે હયાને યૂં કહાં,
એક અંગડાઇસે હમ દોનોંકી રૂસવાઇ હુઇ;
મયઁ તો રાજે દિલ છુપાઉં પર છુપા રહને ભીદ,
જાન કી દુશ્મન્ યે જાલિમ આંખ લલચાઇ હુઇ;
વસ્લકી શબ વાહરે બેતાબિયે શોકે વિશાલ,
શર્મભી નીચી નિગાહોંસે તમાશાઈ હુઈ;
ગમજ. ઓ નાજો અદા સબમે હયાકા હય લગાઓ,
હાયરે બચપનકી શોખી ભી હય શરમાઈ હુઇ!"

(એક ઉર્દૂ કવિ.)

નૂરે પણ નીશો કર્યો હતો એટલે તે હદ ઉપરાંત રાગ ખેંચીને સૂર આલાપી ગાતાં ગાતાં સુલતાનના હૈયાને પણ ચલિત કરી દેતી હતી. સુલતાન આસન ઉપરથી ઉભો થયો અને નૂરના પોતાના હૃદય પ્રદેશ સાથે આલિંગન આપી ત્હેના કપોળ પ્રદેશ ઉપર ફરકતી કેશકલાપની મોહક લટને દૂર કરી ત્હેના ઉપર એક પ્રેમપૂર્ણ ચુંબન કર્યું. પુનઃ બન્ને જણ અનેકાસન ઉપર બેઠાં. નૂર વખત સાંધી સુલતાનને પુઃન મદિરાના બે ત્રણ પેગ આપ્યા. સુલતાને આનંદથી ત્હેનો સ્વિકાર કીધો. ત્હાર બાદ તે સ્મિત કરતો બોલ્યો.—" નૂર તેરા નામ ભી કૈસા અચ્છા હૈ?"

"જી–" નૂરે પ્રત્યુત્તરમાં ફક્ત એકજ અક્ષર પધરાવ્યો. આ ઉત્તર આપતાં ત્હેની ભ્રકુટી સંકુચિત થઇ હતી ત્હેની અંદર તિરસ્કારની છાયા પણ મિશ્ર થઇ હતી. પરંતુ સુલતાનના મનને તે પ્રેમના હાવભાવ–પ્રેમનું નૃત્ય–લાગ્યા તે ત્હેના ગુલાબી ગાલ ઉપર હાથ ફેરવતો બોલ્યો,–' ઐસા મત કરો!" નૂરે તે પ્રકાર દૂર કરવા માટે લાડપણાથી કહ્યું,–" ઔર કિતને દિન યહાં ઠહરોગે? ક્યા અભિનક કામ નહી હુવા?" એમ કહી તે સુલતાનનાં ખોળામાં પડી. નૂરના જેવી તરૂણ, સુંદર સ્ત્રી સ્વેચ્છાથી પોતાના અંગ ઉપર પડી એ જોઈ સુલતાનને અનહદ આનંદ થયો. તે પ્રેમપરિપૂર્ણ નેત્રોએ નૂર પ્રતિ અનિમિષ નેત્રે જોઇ રહ્યો તે તરૂણ હતો એટલુંજ નહી પરંતુ તે વિલાસી તેમજ લાલીની પ્યાલીનો પૂજારી હતો ત્હેણે પોતાનો જમણો હાથ ધીમેથી નૂરના કંઠમાં નાખ્યો તથા સ્મિત કરતો કરતો બોલ્યો–"હવે કાલ પરમ અહિંથી રવાના થઇશુંજ. નૂર' જિગરજાન' અલ્લાની મહેરબાનીથી સર્વ ઠીકજ થયું છે હુમાયુ

બાદશાહને મદદે આંવવા માટે વિનતી પત્ર લખવામાં આવ્યો છે ? બીજી હકીકત આજે મ્હારા જાણવામા આવી છે કે ચિતોડગઢમાં આ લ્હડાઇની તથા આપણી કૂચ કર્યાની હકીકત્ત પ્રસિદ્ધ થઇ ગઇ છે તથા મ્હારો પરાજય કરવા ત્હાંનો રાજા વિક્રમાજીત ફોજ લઇ મ્હારી માથે મયદાનેજગમાં લ્હડવા આવે છે—"

ત્હેના ઉછરંગમાંથી ઉઠી જવાનો આ ઉત્તમ પ્રસગ છે હેવુ વિચારી હૂર સુલતાનના ખોળામાંથી ઉઠી અને પાછી પ્રથમ પ્રમાણેજ કોચ ઉપર બેઠી, તથા ભયભીત ચ્હેરો કરી બોલી,

"ત્હારે હવે લ્હડાઇ થશે કે કેમ ? ચિતોડગઢના રાજપૂતો બળવાન છે એમ કહેવાય છે—"

"હ:" સુલતાન નિષ્કાળજીથી બોલ્યો,—"ત્હેની ફિક્ર નહી. વિક્રમાજીત બ્હિકણ્ છે."

ઓ—" હૂરે આશ્ચર્યથી પૂછ્યુ, "તો પછી તે લ્હડવાને કેમ આવ્યો ?"

"તે તો આવનાર હતો જ નહી પરતુ વિજળી નામની એક બહાદુર યુવાન બાળકીએ——પણ હૂર ત્હારે આ હકીકતનુ શુ કામ છે ?" સુલતાન બહાદુરે વચમાંજ પ્રશ્ન કર્યો. પોતે પોતાની સર્વ ગુપ્ત વાત-મસલત હૂરને કહી દીધી તેથી ત્હેને કંઇક અનુતાપ થયો. હૂર પણ શુ પ્રત્યુત્તર આપવો ત્હેના વિચારમાં પડી ગઈ. સુલતાની સર્વ ગુપ્ત બાતમી હૂરને જાણવાની આવશ્યકતા હતી અને તેથી લુબ્ધ થઈ ત્હેમજ મદિરાપાનથી મુગ્ધ થઇ ત્હેને સર્વ હકીકત કહેવા લાગ્યો હતો; પરંતુ હવે ત્હેને પોતાની કરેલી

ભય માટે પસ્તાવો થતો હોય તેવું ત્હેની મુખમુદ્રા ઉપરથી સ્પષ્ટ સૂચન થતું હતું.

હુરે પ્રશ્ન કર્યો,—"કેમ અટક્યા ? મ્હને કહેવાથી શું કોઈ પ્રકારે નુકશાન છે ?" એમ કહેતાં ત્હેણે સુલતાન પ્રતિ એક પ્રબળ નેત્રકટાક્ષ કર્યો.

"ક્યા તુમ તુમારે નરમકી ચાલાકીસે મુઝેકુ ઘાયલ કરનેમ ફતેહ સમજતી હય ? નહીંગિઝ ! ઐસા મત કરના."

"મઈ જરા માલુમે નહીં આતા તબારે યહી મજા દેની પડતી હૈ—" એમ કહી હુર પોતાના હાથ સુલતાનના કરપ્રદેશમાંથી સરકાવી લઈ દૂર જઈ ઉભી. અલ્પ સમય પર્યંત સુલતાન પ્રતિ ટગર ટગર જોયા પછી તે બીજી દિશા તરફ પ્રયાણ કરવા લાગી. ત્હેની આવા પ્રકારની ગેલબાત જોઈ સુલતાન ત્હેની પાસે ગયો અને ત્હેના કોમળ હસ્ત પોતાના હસ્તમાં લઈ, ત્હેણીને આસન પ્રતિ ખેંચી લાવ્યો અને આસન ઉપર બેસાડી પછી મધુસ્વરે બોલ્યો,—"હુર ! દિલદાર દિલારા ! આના મ તુમકો મના કરતા હું—મગર ક્યોં યહ બાત કિસીકો કહનેકી નહીં હૈ—"

"ક્યા ! આપ નામવર મુઝેકુ કમઅક્કલ સમજતા હો ક્યા ? મૈં દિવાની હું ! જિસમેં અપની સલામતી ઔર આબાદી હય, વોહી મેરા ખ્યાલ હય" આમ કહી હુર સુલતાનના શરીરને પોતાના હસ્તાદિ અવયવોથી વિશેષ દબાવીને બેઠી. સુલતાન ત્હેને વિશેષ દબાવીને બોલ્યો —

'પ્રિય દિલઆરામ ! ચિતોડગઢમાં કર્મચંદ નામનો એક બુઢ્ઢો માણસ છે ત્હેનીજ યુવાન પુત્રીએ વિક્રમાજીતને બચાવ માટે ઉશ્કેરી

ત્હાંથી રવાના કર્યો છે પરંતુ વિક્રમાજીતથી કંઈ થઈ શકનાર નથી હેની મ્હને ખાત્રી છે.

"ત્હારે તો વિજળી કોઈ નીરમાણુજ હોવી જોઈએ ?–" હુરે પ્રશ્ન પૂછવા અર્થે કહ્યુ

"તેમાં શુ સંશય ?" સુલતાને પ્રત્યુત્તર વાળ્યો વળી ત્હેની ખુબસુરતી પણ ઘણીજ છે અહા ! ત્હેની ખુબસુરતીનો ખ્યાલ લાવતાં મને એક ઉર્દુ શાયરની લીટીઓ યાદ આવે છે કે -

"નહી મોહતાજ જેવરકા જિસે ખુબી ખુદા દે દે;
કે દેખો ખુશનુમા લગતા હય, કયસા ચાંદ બિનગહને !"

વળી એ યુવતીના મદોન્મત યૌવનની પ્રશંસા કરવા માટે ફક્ત એટલુજ કહેવુ બસ થશે કે -

"હર અદા મસ્તાના સરસે પાઉં તક છાઈ હુઈ;
ઉફ તેરી કાફિર જવાની જોશપર આઈ હુઈ !"

"વાહ આપ ખુદાવિંદે તો ખુબ કરી ! વારૂ ત્હેને વિક્રમાજીતનો શા માટે ફરફેરવો પડયો ?" હુરે આગળનો ઇતિહાસ જાણી લેવા જીજ્ઞાસાથી તેમજ મોહક હાવ ભાવથી પ્રશ્ન કર્યો

"મ્હારા કાનપર હેવી હકીકત આવી છે કે ચિતોડગઢ ઉપર પોતાનો રાજ્ય ચલાવવાની ત્હેની પ્રબળ ઇચ્છા છે પણ—"

"પણ શા માટે ?" હુરે પૂછ્યુ પુન સુલતાન આગળનો ઇતિહાસ કહેવાનુ બંધ રાખશે કે કેમ હેવી ત્હેને બીતિ ઉત્પન્ન થઇ:

" ત્હેની મહત્વાકાંક્ષા જ્યહાં સુધી તે હિંદુ છે ત્હાં સુધી તો પૂર્ણ થશે નહી ? "

" એટલે ? "

" એટલે શું ? પોતાને રાણીનું પદ મેળવવાની ત્હેની અભિલાષા છે. કોઇ પણ શાહની તે સ્ત્રી થવી જોઇએ, અર્થાત્ પોતાની અભિલાષા પૂર્ણ કરવા માટે તે મ્હારી રાણી થવાનું કબૂલ કરશે !" એટલું બોલી સુલતાન બહાદુર હસવા લાગ્યા. હુરને તો આ સાંભળતાંજ કંઇક આશ્ચર્ય લાગ્યું ત્હેણે પ્રશ્ન કર્યો,—" પરતુ તે તમારા હાથમાં કે'વી રીત્યે આવશે ? "

" હ: હેમા તે શુ ? " વિજળી જે'વી બહાદુર અને મહત્વાકાંક્ષી સ્ત્રીને સહજમાં વશ કરી શકાશે—તે વશ થશેજ. "

" વારૂં તે તો ઠીક, પરંતુ વિક્રમાજીત ચ્હડી આવે છે ત્હેનું શું કરશો ? " આ પ્રશ્ન કરી હુરે સુલતાન બહાદુરને મોહિનીની પ્રબળ જાળમાં ફસાવીને વાત કહાવી લેવાના ઉદ્દેશથી સુલતાનના કંઠની આસપાસ પોતાના હાથ નાખ્યા અને કહ્યુ,–" કોઇ પણ શત્રુનો પરાજય કરવો હોય છે. ત્હારે અગાઉથી કેટલી બધી તૈયારી કરવી પડે છે ? "

" પરતુ હવે હું શી યુક્તિ લ્હડાવાનો છુ ત્હેની ત્હેને ખબર છે કે ? વિજળીની આગળ જઇ ફિતુર કરીશ તે હાથમાં આવી કે મુસફખાને મંદસોરથી બોલાવ્યો છે ત્હેને વિક્રમાજીતની ફોજ સાથે લ્હડવાને રવાના કરીશ. વિક્રમાજીત સાથે વિશેષ સેના આવી હશેજ; અને તે આવશે કે હું તરતજ લૅબ્રીખાન સાથે ગઢ ઉપર ઘેરો ઘાલવા જઇ પ્હોંચીશ. વિજળી મ્હારા હાથમાંજ છે. "

"પરંતુ હું તો આપની ખિદમતમાંજ રહીશ હો !"

"હાં હાં જરૂર" સુલતાન નુરના કૃષ્ણવર્ણ કેશકલાપની ભાલપ્રદેશ પર લટકતી એક લટ પકડી ત્હેને પોતાના હાથમાં રમાડતાં બોલ્યા, "ત્હને હું નહી છોડી દઉં સ્હમજી !" એટલામાં બ્હારથી બાતમી આવી કે. રૂમી મુસ્તફા પધારે છે, તેથી તે ત્હાંથી ચાલી ગઇ. નુરના ગયાને એક ક્ષણ પણ નહી થઇ હશે એટલામાં તો તંબુનો બ્હારનો પડદો સરકાવી લુબ્રીખાન 'ઉર્ફે' રૂમી મુસ્તાફા અંદર આવ્યો.

નુર જેવી બહાર પડી કે ત્હેની નજરે એકાએક યુસફખાં પડયો. યુસફખાંએ ઇશારત કરી નુરને પોતાની પાસે બોલાવી નુરને જો કે આશ્ચર્ય તો લાગ્યુ તો પણ તે ત્હેની પાસે ગઈ. યુસફે આસપાસ દૃષ્ટિપાત ફેંકી નુરને કહ્યું,–"નુર ! ત્હારી પાસે મ્હારે એક કામ કરાવવાનુ છે !" એમ કહી ત્હેણે પાંચ સોના મહોર નુરના આગળ ધરી અને ધીમેથી પાછો કહેવા લાગ્યો,–"પેલા પીપળાના ઝાડ પાસે એક સ્ત્રી છે. આજની રાત તું ત્હેની સોબતમાં રહે" યુસફનુ લાવું કથન સાભળી નુરને આશ્ચર્ય લાગ્યુ તથા કંઇક શંકાને પણ ત્હેના હૃદયમા સ્થાન મળ્યુ. તે તીક્ષ્ણ દૃષ્ટિથી યુસફખા પ્રતિ અલ્પસમય પર્યંત જોઇ રહી. યુસફ ત્હેના મનમા ઉત્પન્ન થએલી શંકા સ્હમજી ગયો અને તેથી કરીને ત્હેના સમાધાનાર્થ બોલ્યો,–"નુર ! હું ત્હને બ્હેન પ્રમાણે માનુ છુ. તું કોઇ પણ પ્રકારની શંકાને ત્હારા મનમાં સ્થાન આપીશ નહી, ત્હારા સંરક્ષણ માટે હું આ આપું છુ. ત્હેનો સ્વિકાર કર્ય." એમ કહી ત્હેણે પોતાના અંગરખા નીચે છુપાવેલી એક તીક્ષ્ણ મ્હોટી કટાર ત્હેના આગળ ધરી. નુરે આનંદથી તે કટા-

ના સ્વિકાર કર્યો તેના મનની શંકા દૂર થઇ તેણે ચુમકના કથનને અનુમોદન આપ્યુ ચુમકખાને અનહદ આનંદ થયો. પછી તે હેને મહોરો આપવા લાગ્યો પરંતુ હુરે તેનો સ્વિકાર કર્યો નહી

“ શું આ બક્ષીસ હેને અલ્પ લાગે છે ?” ચુમકે પોતાના ખીસામાથી વધારે મહોરો કાઢવાને હાથ નાખતા કહ્યું

નહી, મ્હારે આ કાર્ય બદલ મારે પણ પ્રકારના બદલાની આવશ્યકતા નથી ”

“ વાહ, જેવી ત્હારી ઇચ્છા, પરંતુ આ વાત કોઇને કહીશ નહી ” એમ કહી તે ચાલવા લાગ્યો

“ તમે બેફિકર રહો ” હેવો પ્રત્યુત્તર આપી હુર ચુમકખાની સાથે પાછળ જવા લાગી

અલ્પસમયમા તે બન્ને છાવણીથી તદ્દન એકાંત સ્થળમા આવેલા એક સુંદર તંબુ નજીક જઇ પહોંચ્યા. આ તંબુની આસપાસ વિશેષ ખુલ્લી જગ્યા હતી. ચુમકખા દ્વાર આગળ અટકી બોલ્યો.

‘ તું અંદર જા અને જો તે પુછે તો મ્હારૂ નામ દેજે ”

હુર ચકને ખસેડી અંદર ગઇ તો તેણે શુ જોયુ ? એક મનુષ્ય ઉભો ઉભો તંબુની મ્નારનુ નિરીક્ષણ કરતો હતો. હુરને અત્યંત આશ્ચર્ય લાગ્યુ, તથા ચુમકખા માટે તેના મનમા કંઇક આશા પુન ઉત્પન્ન થઇ તે બહાર નીકળી જવાની તૈયારીમા હતી એટલામા તે મનુષ્ય સાથે તેની નજર એક થઈ ! તે મનુષ્ય આગળ આવી બોલ્યો,–“ કોણ વસંતિ !

હુર આશ્ચર્યાવસ્થામા કંઇક પાછી ખસી તેણે તે મનુષ્ય તરફ નિહાળીને જોયુ તેને કંઇક ઓળખાણ પડી તે નાક ઉપર આંગળી

મૂકી ધીમેથી બોલી,– 'ચુપ ચુપ—મ્હારૂ નામાભિધાન નુર છે '-હેવું કહી ત્હેણે પુનઃ તંબુની બ્હાર આવી તથા યુસફખાને કહ્યું–,"ત્હમ જાઓ, કોઇ પણ પ્રકારની ચિંતા રાખશો નહી"

યુસફે કહ્યું,–"ઠીક, સભાળ રાખજો હો. ત્હમારી પાસે રાત્રે કોઈ આવનાર નથી. રાત્રે કદાચિત્ હું એકાદ વખત આવું તો—"

"કંઈ જરૂર નથી–આપ છેકજ નિશ્ચિત રહો" નુરે કહ્યું યુસફખા આનંદિત વદને ત્હાંથી પ્રયાણ કરી ગયો નુરે ત્હારબાદ તબુની પ્રદક્ષિણા કરી અને આસપાસ નજર ફેકી. સર્વત્ર શુન્યકાર હતો. નુર પુનઃ અદર ગઇ તથા અલ્પસમય તે મનુષ્ય પ્રતિ અનિમિષ નેત્રે જોઇ રહી નુરના નેત્રોમાંથી આસુ ટપકવા લાગ્યા. નુરની હાવી સ્થિતિ જોઈ તે મનુષ્ય ત્હેને ભેટી પડયો અને કહ્યું:–'વસંતિ' આમ કેમ ?"

ત્રયોદશ પરિચ્છેદ.

નુરનું દ્વિતીય સ્વરૂપ.

Truly, if Hindustan is ever saved, it will be by the virtues of its women, for more honourable, more honest minded, more nobly- endowed female humanity, is not to be found in the most highly

civilized regions of the earth than amongst the Zananahs of *Indian.

W. Knighthon

ગત્ પારચ્છેદમાં દર્શાવવામાં આવેલ યુવક તે બીજુ કોઈ નહી પરતુ હુંસી સ્વતઃ પુરૂષ વેશમાં હતી. અસ્તુ.

હૂરનુ સત્ય નામ પણ વસતિ હતુ તથા તે રાજપૂત રમણી હતી એ પણ પાઠકગણના લક્ષ્યમાં આવી ગયુ છે, તોપણ ત્હેના નામાભિધાનાર્થે હૂરજ નામ કાયમ રાખવામા આંવશે, કારણ જ્યહાં સુધી તે મુસલમાની છાવણીમાં હશે ત્યહાંસુધી એ નામ કાયમ રાખ્યા સીવાય છુટકો નથી. વાંચકવર્ગે હૂર અને વસંતિ નામ એકજ છે એટલુ ધ્યાનમાં રાખી વાર્તાપ્રવાહમાં આગળ વધવાથી કોઇપણ પ્રકારનો ઘોટાળો થશે નહી.

પુનઃ હુંસી હૂરને ભેટવા આગળ આવી પરતુ હૂરપાછી ખસી જઇ બોલી,—" બ્હેન ! મ્હનેત્હમારા પવિત્ર શરીરનો સ્પર્શ કરશો નહી. હું ભ્રષ્ટ છુ" ત્હેને વિશેષ લાગી આવ્યું. તે આક્રંદ કરવા લાગી.

હૂરના આક્રંદનુ કારણ હુસીના લક્ષ્યમા તરતજ આવી ગયુ હતુ. પોતાનો પિતા પોતાને કેદ કર્યા સિવાય રહેનાર નથીજ હેવી

---

* ખરેખર જો હિદુસ્તાન સુરક્ષિત રહ્યું હોય તો તે ત્હેની સદ્ગુણી સન્નારીઓનો પ્રતાપ છે; કેમકે અતિ પવિત્ર, અતિ નિર્મળ હૃદયની, અતિ ઉદાર સ્રીયો, જે'વી હિદના જનાનામાં છે, ત્હેવી ત્હમને પૃથ્વીતલના કોઇ પણ સુધરેલા પ્રદેશમાંથી મળી શકશે નહી.

ડબલ્યું નાઇટન.

જે વખતે ત્હેને કલ્પના આવી ત્યહારે ત્હેણે તેજ સમયે ચિતોડ-ગઢના સંરક્ષણાર્થે પોતાના પિતાએ કરેલુ ફિતુર ગઢ ઉપર જાહેર કરવા અને બની શકે તો સુલતાનના સૈન્યમાંથી કઇક ગુપ્ત બાતમીઓ મેળવવા વસંતિને અગાઉથી રવાના કરી દીધી હતી. વસંતિનું સ્વરૂપ હેવું આકર્ષક હતુ કે તે પોતાનું પાતિવ્રત્ય જાળવી શકશે નહિં હેવી હંસીને સુદ્ધાં માહિતી હતી; પરતુ ત્હેને રવાના કરતી વખતે હંસીએ કહ્યું હતું કે,–વસતિ સુલતાનની ફોજમાં હું ત્હને મોકલું છું તો ખરી પરતુ જો સાભળ આપણા કાર્યની સિદ્ધિ અર્થે ત્હારે સર્વ સહન કરવુજ પડશે. ચિતોડગઢના રક્ષણાર્થે શરીર, પ્રાણ કે કશાની પણ દરકાર કરીશ નહી. ત્હારે સર્વ સહન કરવુંજ પડશે. જો ઇશ્વર ત્હને ત્હારા કાર્યમાં યશ આપશે !” એમ કહી હંસીએ વસતિને રજા આપી હતી. અસ્તુ.

હંસીની રજા લઇ વસંતિએ પ્રયાણ કર્યું. પોતાના રૂપ સૌંદર્યને લીધે ત્હેને યવન સેનામાં પ્રવેશ કરવા કોઇ પણ પ્રકારની હરકત નડી નહી. વળી તે સેનામાં પ્રવેશ કરતાં ત્હેણીએ પોતાના વસતિ નામને બદલે હુર (ચદ્રમા) હેવુ મુસલમાની નામ રાખ્યુ. હુરનો ખુદ સુલતાન બહાદુરની સેવામાજ સ્થાન મળ્યુ. ત્હેણીના હૃદયનું સમાધાન થયુ. પરતુ વિલાસી સુલતાનની પાપી નજરમાં ત્હેનુ લાવણ્ય ચોખ્ખું રહી શકયુ નહી, પરંતુ હુર દૃઢ નિશ્ચયવાળી, પવિત્ર મનવાળી તથા સ્વકર્તવ્ય તત્પર હતી. અદ્યાપિ પર્યંત ત્હેના સર્વસ્વનો નાશ થયો ન્હોતો. આમ છતાં પણ સુલતાનના વિલાસી હાથોનો પોતાને સ્પર્શ થયો એથી કરીને તે પોતાને ભ્રષ્ટજ સ્હમજતી હતી. હાલ્ના પ્રકારનો વિચાર ત્હેના મનમાં ઉત્પન્ન થતાં ત્હેને ઘણું દુ:ખ થતું

પરંતુ યવન મેનામા તે પોતાનુ દુખ કો'ને કહે ? અર્થાત્ ત્હેણે પોતાના હૃદયનો ઘણા દિવસ પર્યંતનો દબાવી રાખેલો ઉભરો હુંસીને જોતાંજ બ્હાર પડ્યો—હુંસીને જોઇ તો ઘણુ આક્રંદ કરવા લાગી

હુરને શાંત થયેલી જોઇ હુંશીએ ત્હેને વધુ આશ્વાસન આપવાના પ્રયાસ કરતા કહ્યું,—"વસતિ! તું ગાંડી તો નથી ને? અગાઉથીજ મનનો ક્ષોભ પમાડી તું ત્હારી કર્તવ્ય પરાયણતાથી વિમુખ શા માટે થાય છે? જે કાર્યાર્થે મ્હે ત્હને અત્રે મોકલી છે તે કાર્ય તે કેટલુ કર્યું છે કિંવા ત્હેમા કેટલો યશ મેળવ્યો છે, તે કહે એમ કહી ત્હેણે ત્હેના અશ્રુપૂર્ણ નેત્રો લુછ્યા હુરે એક વખત હુંસી પ્રતિ પ્રેમ પૂર્ણ દૃષ્ટિથી જોયું, પશ્ચાત્ તે બોલી,—"આપે તે દિવસે કહ્યું હતુ તે તદ્દન સત્ય છે—"

"શુ થનાર છે?" હુંસીએ જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો

હુરે ગભીરતાથી બોલી,—'ત્હમારૂ કથન સત્યજ હતુ ચિત્તોડગઢના દિવસોજ ફર્યા છે. ચિત્તોડગઢનો નાશજ થશે—"

હુંસી સ્તબ્ધિત થઇ ગઇ હુરના ગંભીર ચ્હેરા ઉપરથીજ તે કહે છે તે સત્યજ છે એમ ત્હેને ખાત્રી પણ થઇ ત્હેણે દીર્ઘકાલ પર્યંત હુરની ગભીર મુખમુદ્રા પ્રતિ જોયા કર્યું ત્હાર પશ્ચાત્ એક એક દીર્ઘ નિશ્વાસ નાખી તે બોલી,—"હા, વસતિ! તેમજ લાગે છે, પરતુ તેથી શુ! આપણુ દૈવ ફર્યું છે તો પણ આપણને સ્વસ્થ બેસી રહેવુ ઉચિત નથી ઇશ્વરેચ્છાને ફરી જતા ક્યાં વાર લાગે છે? હાવે વખતે આપણે ભવિષ્ય પ્રતિ દૃષ્ટિ ન કરતાં આપણા કર્તવ્યપ્રતિ દૃષ્ટિ કરી નિશ્ચયે તેટલા માટે ત્હે શુ કર્યું છે તે કહે

એટલે મ્હારાથી બનતી ત્વરાએ અત્રથી પ્રયાણ કરાય—"

"ક્યહાં જવું છે? ચિત્તોડગઢ પ્રતિ?"

"હા, પરંતુ હવે તું વિશેષ વખત વ્યતીત કરીશ નહી. સુલતાનની કે ત્હેની ફોજની કંઇ પણ માહિતી ત્હને માલૂમ પડી આવી છે? તેઓએ શું મસલત ચલાવી છે? અદ્યાપિપર્યંત તેઓ અત્રેજ છાવણી નાખી કેમ રોકાઇ રહ્યા છે? ચિત્તોડપ્રતિ ત્હેમણે પોતાનો દૂત મોકલ્યો છે કે કેમ? ત્હારા કંઇ વર્તમાન ત્હારા જાણવામાં હોય તો મ્હને એકદમ કહે વિલંબ ન કર"

હુંસીની આ પ્રશ્ન પરંપરા સાંભળતા હુરે એક વખત આશ્ચર્યથી ત્હેના પ્રતિ દૃષ્ટિ કરી તો ત્હેણીની મુખમુદ્રા ઉપર કિંચિત્ વિષાદની છાયા દેખાતી હતી

હુરે પ્રત્યુત્તર આપ્યો,—"હું સુલતાનની સર્વ મસલતથી વાકેફ છું ત્હેની ફોજ એક લાખના સુમારે છે"

"તું શું કહે છે?" હુંસીએ એક ઉષ્ણ નિશ્વાસ નાખી કહ્યું, "ત્હારે પિતાશ્રીને આટલું બધું દ્રવ્ય આપી ત્હેમના ન્હાની સરખી ફોજની ત્હેમને શા માટે મદદ માગવી પડી?"

"ચિત્તોડગઢના મનુષ્યોનું બળ કમી કરવા માટે—" હુરે ઉત્તર આપ્યો, "સુલતાન પાસે લક્ષ્મીખાન ઉર્ફે રૂમીમુસ્તફા નામનો એક પરદેશી મનુષ્ય છે, તે ઘણોજ ચતુર છે, ત્હેની સલાહ લઇનેજ સુલતાન સર્વ કાર્ય કરે છે ત્હેના કહેવાથીજ મહારાજાને (ભિલાવસિંગને) દ્રવ્ય આપી ત્હેમની પાસેથી મદદ માગી છે."

"વારુ એ તો ઠીક પરંતુ ચિત્તોડગઢ તરફના કંઇ વર્તમાન?"

હંસીએ વિશેષ ઉત્સુકતાથી પૂછ્યુ "ગઢ ઉપર આ બાબતની જાણ થઈ છે કે કેમ?"

"ગઢ ઉપર આ બાબતની જાણ થયલી હોવીજ જાઇએ, કારણ વિક્રમાજીત સૈન્ય લઇ સુલતાન સાથે લડાઇ કરવા આવે છે હેતુ મ્હેં સુલતાનના મ્હોડેથીજ સાંભળ્યુ છે"

"એક રીત્યે ઠીકજ થયુ છે." હંસીએ આનન્દથી કહ્યુ.

"બ્હેન! તમે ભૂલ્ય ખાઓ છો! સઘળી ઘટના ચિત્તોડગઢની વિરૂદ્ધ ઘટે છે અને ઘટશે

"એમ કેમ વારુ?" હંસીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

"હું કહુ તે લક્ષ્યપૂર્વક સાંભળો, એટલે તમારી ખાત્રી થશે. સર્વ વાત કહાવવા અર્થે મ્હારા સર્વસ્વનો નાશ થયો છે. જો ચિત્તોડગઢનો બચાવ થશે તો મ્હને તે માટે વિશેષ લાગશે નહી, નહી તો પછી હુ પણ મયદાને જંગમા તલવાર લઇ ઝઝુમીશ અને ચિત્તોડની રક્ષાને અર્થે તથા મ્હારા પાપકર્મોની મુક્તિને અર્થે હુ મ્હારા પ્રાણનુ બલિદાન આપીશ" હુરે દ્રઢતાથી પ્રત્યુત્તર વાળ્યો

"વારુ તુ ત્હારી યથાર્થભૂત હકીકત મ્હને નિવેદન કર" હંસિએ કહ્યુ.

ત્હાર પશ્ચાત્ હુરે રૂમી મુસ્તફા અને સુલતાન વચ્ચે થયલો સવાદ તથા આજેજ સુલતાન સાથે થયલી વાતચીત એ સર્વ હકીકત હંસીને નિવેદન કરી. હુરની હકીકત સાંભળી રહ્યા પશ્ચાત્ થોડો સમય બન્ને જણીઓ એક બીજા પ્રતિ ટગર ટગર જોઇ રહી. છેવટે હંસી હુરના ખભા ઉપર હાથ ઠોકી બોલી,–"વસતિ! તું કહે છે તેજ સત્ય છે. ચિત્તોડગઢ ભસ્મિભૂત થશે એજ સત્ય છે કારણ સર્વ

હકીકત ચિત્તોડ વિરૂદ્ધ છે પરતુ વસતિ ! ત્હારા સર્વ મના થયેલા નાશનુ કઇપણ સાર્થક થવુ જોઇએ શરમાઇશ નહી ત્હારૂ મન પવિત્ર છે અને ત્હેં મ્હારા કહેવાથીજ ચિત્તોડના રક્ષણાર્થે તેમ કર્યુ છે, ત્હેમા ત્હારે શરમાના જેવુ કે ખોટું લગાડવાનુ કારણ નથી મ્હારો મનોદેવતા મ્હને કહે છે કે-વિજળી આ સુલતાનની રાણી થશે ! તે ફિતુરી થશે, તે ચિત્તોડના નાશનુ કારણ થશે-હુ કહુ છુ ને સત્યજ કહુછુ પરતુ હુ એ સર્વથી વિરૂદ્ધ ઉતરીશ ! તુ મ્હારા મ્હો મ્હામુ શુ જુએ છે ? ત્હારા મનમા એમ છે કે સુલતાન બહાદુર તથા લંકીખાન જેવા યુદ્ધકુશલ તથા રાજનીતિકુશલ પુરૂષો સ્હામે હુ શુ કરી શકીશ, પરતુ તુ જો તો ખરી કે સુલતાનના સર્વ ખેત ધુળધાણી થાય છે કે નહી ? હુમાયુ બાદશાહને ત્હેણે મદદે બોલાવ્યો છે ને ? હુમાયુ ત્હેને સહાય્ય કરવા આવશે નહી હેવોજ હુ ઉપાય લઇશ વિજળી તો ફિતુર કરવામા શામિલ થનાર છે ને ? થવા દે-જો વિજળી ફિતુરી થઇ તો હુ ત્હેની યોગ્ય પ્રાયશ્ચિત આપ્યા સિવાય રહેનાર નથી ત્હને આ બધળુ અસત્યભાસશે, પણ નહી ચિત્તોડગઢનો નાશ થવાનો છે એ હુ સહમજુ છુ છતા સુલતાનની સર્વ યુક્તિઓ વિફળ કરીશ" આ વાકયો બોલતી વખતે હંસીનો ચ્હેરો ક્રોધથી લાલચોળ થઇ ગયો હતો ! તે વખતે તે પુરૂષ વેશમા હતી તેથી કરીને તો ત્હેનુ કથન-ત્હેના હાવભાવ ઘણાજ ઉત્તમ પ્રકારે પ્રદર્શિત થતા હતા હુર કઇક આશ્ચર્ય, કઇક કૌતુક, કઇક પ્રેમ, કઇક આદર ઇત્યાદી પ્રકારની વિકારયુક્ત દ્દષ્ટિથી હંસી તરફ જોઇ રહી હતી.

અલ્પ સમય પર્યંત કોઇ બોલ્યુ નહી બન્ને રમણીઓ પોત પોતાના આત્મા સાથેજ કોઇપણ પ્રકારનો વિચાર કરવા લાગી વિચાર

કરતાં કરતાં હુરે વચમાંજ કહ્યું–"બ્હેન ! મ્હારે હજુ તમને એક વાત કરવાની છે"

"શું ? હંસીએ વિચારમગ્ન સ્થિતિમાંજ પૂછ્યું.

હુરે પોતાના ઉત્તરિય વસ્ત્રમાં છુપાવેલી કટાર બ્હાર કાઢી અને તે હંસીને બતાવતાં કહ્યું,–" આ જોઇ ! સુલતાન મ્હારા કબજામાં જ છે, ત્હેણે મ્હારો નાશ કર્યો છે, હું ત્હેનો પણ નાશ કરૂં–અને તેથી કરીને ત્હમારી ઇચ્છાનુસાર એક મહદ્ કાર્ય પૂર્ણ થશે" આમ કહી હુર હંસી શું પ્રત્યુત્તર આપે છે તે જાણવાની જીજ્ઞાસાથી ત્હેના મુખ તરફ ટગર ટગર જોઈ રહી.

હંસીએ હુરનું કહેવું પૂર્ણ સાંભળ્યું ન્હોતું, પરંતુ છેવટના શબ્દો સાંભળી ત્હેણે પુછ્યું,–" કયું મ્હોટું કાર્ય થશે ?"

હુરે પોતાનો મનોગત વિચાર પ્રદર્શિત કર્યો હંસી તટસ્થ થઇ બોલી,–"હેવું કશું કરીશ નહીં ! એ આપણને યોગ્ય ન કહેવાય' એમ કરવાથી કોઇ પણ પ્રકારનો ફાયદો નથી તું પાપી છે, હેવો ત્હારા મનમાનો વિચાર જ તું દૂર કર."

પોતાના વિચારને હંસી માન્ય કરશે હેવું હુરને લાગતું હતું પરંતુ ત્હેણે તે બદલ વિરૂદ્ધતા દર્શાવવાથી ન્હેને આશ્ચર્ય થયું તે આશ્ચર્યથી હંસી તરફ જોઇ રહી.

હંસીએ પોતાના વિચારોને અંતે કહ્યું,–" વસતિ ! ત્હને આશ્ચર્ય ઉત્પન્ન થતું હશે, પરંતુ તુંજ વિચાર કરી જોને કે સુલતાનને મારવાથી શું લાભ થશે ? તેથી કરીને આવેલું સંકટ દૂર થાય એમ તું ધારે છે ? તેમ બનેજ નહી. અદ્યાપિ પર્યંત તું મ્હારા ઇચ્છાનુસાર ચાલી છે, તો હજુ પણ અલ્પકાળ સુધી તેમ કર ત્હારી

પાસેથી મળી આવેલી હકીકતથી મ્હને કેટલો બધો લાભ થયો છે ? હજુ પણ મ્હારે ત્હારી મદદની આવશ્યક્તા છે.''

વિજળી સુલતાન પાસે આવે ત્હા સૂધી ત્હારે અત્રેજ રહેવું પડશે. પછી તું સમયાનુસાર પલાયન કરી ગઢ ઉપર આવી પ્હોચજે

" ત્હમે ક્હા જશો ? "

" ગઢ તરફ "

" ત્હમે આટલા દિવસ ક્હાં હતા ? "

હમીએ પોતાનો સર્વ વૃત્તાત ત્હેને નિવેદન કર્યો.

' હવે ત્હમે શુ કરશો ? અહીંથી ત્હમારો છુટકો કે'વી રીત્યે થશે ?'

હુરનો ઉપર્યુક્ત પ્રશ્ન સાભળી હસી હસી પડી. ત્હેણે કઇ વિચાર કર્યો, ત્હાર પશ્ચાત્ ત્હેણે પોતાની યુક્તિ મોઘમ રીત્યે હુરને કહી બતાવી,

ચતુર્દશ પરિચ્છેદ.

પલાયન.

"દેશને માટે ક્ષત્રિય બળી મરશે મરશે,
માતભૂમિ સેવાથી ન ડરશે ન હટશે.
રણે મરવુ એ વીર ધર્મ ક્ષત્રિય રૂડો,
શીર બાળાનો એ અવિચળ સૌભાગ્ય ચુડો.
કાયર કપે થાલીમા થાળ થણારે,

રાજપુત ન જપે સમશેર ઝાટકે.
એક લિંગી માટે મરવું છે તરવું,
રજપુતાણીનું પિધું દુધ સફળ કરવું

સૂર્યોદય થવાનો થોડાજ વખતની વાર હતી એવી વખતે એક નોકર બે ઘોડા લઇ હસો અને દુર જે તંબુમાં નિદ્રાધીન થયા હતા તે તંબુના દ્વાર આગળ આવ્યો ઘોડાની ખરીનો અવાજ સાંભળતાંજ દુર બહાર આવો નોકરે ત્હેને અદબથી સલામ કરી દુરે સલામ ઝીલી તે અસ્વો પ્રતિ જોયુ અને તે ત્યહાં શા માટે લાવવામાં આવ્યા હતા ત્હેનુ કારણ પણ ત્હેના ધ્યાનમાં આવ્યુ હોય એમ ત્હેની મુખમુદ્રા ઉપરથી સિદ્ધ થતુ હતું કારણ ત્હેને ઘોડા લઇને આવનાર નોકરને કઇ પણ પુછ્યુ નહી તે ત્હેને ત્યહાંજ ઉભા રહેવાનુ કહી અંદર ગઇ

"ઘોડા આવ્યા હોય એમ લાગે છે—" પુરુષ વેષમાં હસીએ સ્મિત કરતા કરતા પુછ્યુ.—"એ ઠીકજ થયુ હજુ સુધી યુસફખાં આવ્યો નથી ?

"નથી આવ્યો—" દુરે કાતરસ્વરે કહ્યુ પોતાની પ્રિય મૈત્રિણીનો—હવે વિયોગ થશે એમ જાણી ત્હેને અનહદ ચિંતા થઇ હસી ત્હેની સ્થિતિની પરીક્ષા કરી ગઇ ત્હેણે ત્હેને પોતાના વક્ષઃસ્થળ સાથે ચાંપી અને કહ્યુ—"વસતી, ચિતોડગઢ માટે ત્હેના ખુરમને માટે આપણે ખોટું લગાડવુ જોઇએ નહી"

"બ્હેન ! હવે ક્યહારે પાછી આપની મુલાકાત થશે ?"

"ઇશ્વર કરશે તો જલદીથીજ થશે આગળથી તે માટે ચિંતા કરીશ નહીં. આપણે એક અતિ મહત્વના કાર્યમા ગુથાયાં છીએ. આવી વખતે એક બીજાના સુખ દુઃખ સબધી બિલકુલ વિચાર કરવો જોઇએ નહી. અહીંઆ થોડાજ સમયમા યુસફખાં આવશે. ત્હેનાથી આપણો વિશેષ પરિચય છે એ ગુપ્ત રાખવાનુ છે. ત્હને સુચના કરવાની એટલીજ કે હવે પછી પણ તું પ્રથમની માફક પોતાનો આપણની ઉપયોગી બાબતોની માહિતી મેળવતી રહે, આપણો પ્રાણ અને દેહ ચિતોડગઢના માટે છે તેટલા માટે તે ગઢના કલ્યાણ માટે—નિદાન તે ગઢ ઉપર જેના દાત છે ત્હેનાજ દાત પૂર્ણપણે પાડવા માટે આપણા દેહનો અને પ્રાણનો ગમે તે રીતે ઉપયોગ કર. તે બદલ ચિતા કરવી નહીં કે દુઃખ લગાડવુ નહીં જો તેવુ દુખ હૃદયમા લાવી ચિતા મગ્ન રહીશ તો ધ્યાનમા રાખ કે આપણુ આ બધુ કર્યું કરાવ્યુ ધુળધાણી થઇ જશે. ચિતોડગઢના રક્ષણાર્થ આપણે આપણું આ બધુ કર્યું કરાવ્યુ ધુળધાણી થઇ જશે. ચિતોડગઢના રક્ષણાર્થ આપણે આપણું બળિ-દાન આપવાને પણ ચૂકવુ જોઇએ નહીં" આમ કહી ત્હેણે હુર ઉર્ફે વસતિની નેત્રોના આસુ લુછી નાખ્યા, પછી તે બોલી,—"હુ ત્હને સાથે લઇને જાત, પરતુ અદ્યાપિ અહીંઆ ત્હારી વિશેષ જરૂર છે. જ્યહારે ત્હારા મનમાં ખાત્રી થાય કે હવે આપણુ અત્રેનુ કાર્ય પૂર્ણ થયુ છે, ત્યહારે તુ અહીંથી પલાયન કરી મ્હારી પાસે આવતી રહેજે. એટલે કઈ આપણો વિયોગ થનાર નથી. (ચમકીને) આ જો બહાર યુસફખાં આવ્યો હોય એમ લાગે છે" બન્ને બહાર આવી.

બહાર યુસફખા ખરેખર આવ્યો હતો અને તે ઘોડાવાળા

સાથે કંઈ વાત ચાત કરતો હતો હસીને જોતાંજ યુસફખાં સલામ કરી બોલ્યો;—" રાત્રિ તો આનન્દમાં નિર્ગમન કરીને ? "

હસીને આ પ્રશ્ન કિંચિત્ ચમત્કારિક લાગ્યો,—" પરંતુ ત્હેણે પોતાની મનોભાવ જાહેરમાં વ્યક્ત કર્યો નહીં તે પોતાના પુરૂષ વેષને છાજે એવી સલામ કરી બોલી;—"તમે મોકલેલી ઘણી ચતુર છે. " તે ઉત્તર સાંભળીને અત્યંત આનંદ થયો, અને તે સ્મિત સુચક મુદ્રાથી હુર પ્રતિ જોવા લાગ્યો તે જોઇ હુર શરમાયા જેવી થઇ ગઇ.

" આપણને તે કાર્ય કરવાનુંજ છે—' હસી પોતાના અશ્વ પાસે જઇ ત્હેની પીઠ થાબડતી યુસફખાને કહેવા લાગી,—" તેથી વખત વ્યતિત કરવો યોગ્ય નથી– "

" હા—તે ખરૂ છે " એમ કહી યુસફખા પોતાના ઘોડા ઉપર સ્વાર થયો

હંસીએ પણ પોતાના અશ્વ ઉપર આરોહણ કર્યું. બન્નેએ ઘોડાને એડી મારી જતા જતા હસીને યુસફખા બન્નેના અશ્વો ' ફુરે, ફુરે" અવાજ કરતા છાવણીમાથી પસાર થવા લાગ્યા. ઠેક ઠકાણે સિપાઈ લોકો ઉઠી ત્હેને અદબથી સલામ કરતા હતા યુસફખાને સર્વ ઓળખતા હતા. પરંતુ પુરૂષ વેષમાંની હસીને કોઈ પિછાનતુ નહતુ તેટલા માટે યુસફખાં સાથે આ નવીન જૈવાનક કોણ છે એનો વિચાર કરતા આશ્ચર્ય ધરતા હતા.

થોડાજ વખતમા હસી અને યુસફખા છાવણીની બહાર પડયાં બન્નેએ એકબીજા સાથે બીલકુલ ન બોલતા પોતાના મન સાથે વિચાર કરતાં આગળ વધતા હતા યુસફખાં હુરના મનોહર મુખ

પ્રતિ વારવાર જોતો હતો. હસી સુન્દર હતી. તેટલા માટે હેને પુરૂષ વેષ અત્યત શોભતો હતો યુસફખા ધીમે ધીમે પોતાના પ્રતિ આતુર દૃષ્ટિથી જુએ છે તે હસી જાણતી હતી પરતુ હેણે હેની નજર પોતાની નજર સાથે મિલાવી નહીં. ઉલટુ,–"તું મ્હારા તરફ આતુર દૃષ્ટિથી જુએ છે, તે મ્હારી જાણમા છે." એવુ શુદ્ધ હેણે પોતાની મુદ્રા ઉપરથી જાણવા દીધુ નહીં આટલુ છતા પણ હેની તીક્ષ્ણ નજર યુસુફખાં પ્રતિ હતી યુસફખા પોતાના મનમાં હંસીના પ્રથમ દર્શનની યાદ કરી વિચાર કરતો હતો. તે સ્વગત બોલ્યો.–"તે દિવસથી મ્હારૂ મન આ મનોહારિણીએ હરી લીધું છે. આજે તે પોતે–સ્વય પોતાની ઇચ્છાથી મ્હારી પાસે આવી છે. હવે તે મ્હારી છે, પરંતુ હુ પિતાને આના માટે શુ કહુ ? આવા વખતે આ સબધિ વાત કરવી અનુચિત ગણાશે ત્હારે હેની હાલ વ્યવસ્થા પણ શુ કરવી ? હુર એની સેવામાં રહેશે પણ રાખવી ક્યાં ? મર્દના લેબાશમાં પણ તે કેટલી સુન્દર જણાય છે ! " ઇત્યાદિ વિચાર સાગરનાં મોજા સાથે આપણો યુસફખા અથડાતો હતો હેના મનમા ચાલતો આ વિચાર હસીએ કલ્પનાથી ધારી રાખ્યો હતો. તે પણ પોતાના મન સાથે કઈ વિચાર કરતી હતી ? હેના વિચાર યુસફખાને કોઈ પણ પ્રકારે હાથ તાલી આપી પલાયન કરી જવાનો હતો. બિચારા યુસફને આ બાબતની કલ્પના પણ ન હતી.

છાવણીથી ઘણે દૂર ગયા પછી યુસફખાંએ હસીને કહ્યું,-"તે દિવસે ત્હમારી અને મ્હારી દૃષ્ટિ એક થઈ ત્યારથી આપની પુનઃ ભેટ લેવાને માટે હું ઘણોજ આતુરતા ધરાવતો હતો ? મ્હારી આતુરતા આપ રાજીખુશીથી મ્હારી સાથે આવ્યાં છો તેથી પૂર્ણ થાય

છે અને તેટલા માટે આ યુસફ્ખા આપ ખાનુનો હૃદયના આશેશ પૂર્વક અત્યત આભાર માને છે હમે થોડાજ સમયમા ચિતોડગઢ ઉપર સ્વારી કરવાના વિચારમા છીએ, એ વખતે હમારી આ લશ્કરી છાવણીમાં તમારો યોગ્ય સત્કાર-વ્યવસ્થા નહીં થાય ત્હેને માટે મ્હને ઘણુ લાગે છે તોપણ આ સેવકનુ સર્વસ્વ આપના સેવામા સમર્પણ છે "

હસીનું યુસફ્ખાના આ બોલવા તરફ લક્ષ્ય હતુ કે નહી તે કોને ખબર ? તે ગભીરતાથી બોલી,– "યુસફ્ખા હુ આપની સાથે કયેમ આવી છુ ત્હેની આપને કલ્પના નથી," યુસફ્ખા આશ્ચર્ય ચક્તિ મુદ્રાથી હસીના મુખપ્રદેશ પ્રતિ જોઇ રહ્યા હસી આગળ બોલી,–" મ્હારા બોલવાથી આપને આશ્ચર્ય લાગશે, પરતુ આજ હૂં આપને સર્વ હકીકત નિવેદન કરનાર છુ ચાલો આપણે પેલા ઝાડ નીચે બેસી સ્વસ્થતાથી વાત કરીએ" એમ કહી હસી ઘોડા ઉપરથી ઉતરી પડી અને ત્હેની લગામ પોતાના હાથમા પકડી ચાલવા લાગી અને યુસફ્ખા પણ ઉતરીને ચાલવા લાગ્યો હસીએ આસપાસ દૃષ્ટિ કરી સઘળે શાતિનુ સામ્રાજ્ય પ્રવર્તાયલુ હતું ઉદય થયેલા આરક્ત સૂર્યના કોમળ કિરણો સર્વત્ર પ્રસરવા લાગ્યા હતા

બન્ને જણ તે ઝાડ નીચે જઇ બે પથરા પડયા હતા ત્હેના ઉપર બેઠા યુસફ્ખાએ પોતાના ઘોડાને ચરવા છોડયો હસીએ પણ પોતાના ઘોડાને ચરવાને માટે મોકળો કર્યો પરતુ લગામ હાથમાજ પકડી રાખી હસીના શબ્દોથી દ્વિધા થયલો યુસફ્ખા એ સ્હમજ્યો નહી ને બેઠો કે તરતજ પૂછ્યુ.–"હ, તમે શા માટે આવ્યાં છો?"

"ત્હમારું, ત્હમારા પિતાનુ અને ત્હમારી ફોજનુ રક્ષણ કરવા—"

"એટલે!' યુસફખાએ આશ્ચર્યવત્ થઇ પૂછ્યુ,—" હુ ત્હમારા બોલવાનો ભાવાર્થ સ્હમજ્યો નહીં"

"કહુ છુ—સર્વ કહું છુ—" હસી એક વખત યુસફખાના અશ્વપ્રતિ અને એક વખત પોતાના અશ્વપ્રતિ દષ્ટિ ફેકી બોલી,—" આપના પિતા ચિતોડગઢ ઉપર સ્વારી કરવાને નીકળ્યા છે ને? વારૂ, ત્હેમણે આપણી માર્ફત મ્હારા પિતા પાસે મદદ મગાવી પદર હજાર સ્વારો આપી છે?"

"વારૂ, પણ આ વાતતો ગુપ્ત હતી—"

"હશે! પરતુ મ્હારા જાણવામા તે આવી છે—મ્હારા પિતાએ આપને ફોજ આપી ખરી પરતુ એ આવેલી ફોજ—થોડા છે પરતુ આપને ક્યારે દગો દેશે તે કંઈ ખાત્રીપૂર્વક કહી શકાતું નથી"

યુસફખાએ સ્તભિત થઇ પૂછ્યું,—" એટલે—એટલે!"

હસીએ યુસફખાના ઘોડા પ્રતિ દષ્ટિ કરી તો તે ચરતો ચરતો વિશેષ દૂર નીકળી ગયો હતો ત્હેનો પોતાનો ઘોડો પોતાની છેકજ પાસે હતો ત્હેણે ત્હેને હજુ પણ વધારે પાસે ખેચ્યો ને કહ્યુ,—"એટલે શુ, હમારા સ્સ્થાનની હિતુરીજ છે

યુસફખા છેકજ સ્તભિત થયો! પોતે શુ સાભળે છે ત્હેનુ પણ પોતાને ભાન ન હતુ તે નેત્રો વિકાસી હસીની મુખમુદ્રા પ્રતિ જોવા લાગ્યો, હસી તેની ખાત્રી કરવા બોલી,—આપને આ હકીકત અસત્ય ભાસશે પરતુ તે તદ્દન—અક્ષરસઃ ખરી છે ત્હમેજ જુઓ—

રજપૂત કોઇ દીવસ પૈસા પ્રતિ દૃષ્ટિ કરી ચિતોડગઢથી બેઈમાન થઇ મુસલમાનોને મદદ કરશે કે શુ ? બીલકુલ નહી કરે,'—

યુસફખાંને આ સર્વ હકીકત સત્ય લાગી. એમાં અસત્યનો કિંચિત્ માત્ર પણ અંશ હશે એમ સુદ્ધાં પણ ત્હેને લાગ્યુ નહીં. બરોબર છે, જે તરૂણી ઉપર–સુન્દરી ઉપર પોતે પ્રેમ કરે છે તે પોતાની પાસે બેસી એકાદ વાત કહે તો તે અસત્ય કયમ લાગે ? સુંદર તરૂણીનો પ્રભાવજ કંઇ વિચિત્ર છે મ્હોટા મ્હોટા અધિકારી પણ કેવળ સુન્દર સ્ત્રીઓની હકીકત ઉપર વિશ્વાસ રાખી ફસાઇ પડ્યા છે, તો પછી બીચારા યુસફખાનો શુ હિસાબ ?

હસી ઉભી થઇ બોલી,–"અદ્યાપિ પણ આપને વિશ્વાસ ન પડતો હોય તો જુઓ આ બે પત્ર" એમ કહી ત્હેણે પોતાના અંગરખા નીચે રાખેલા બે પત્રો બહાર કહાડી યુસફખાનના હાથમા મૂક્યા યુસફખાએ અત્યત ઉતાવળથી તે પૈકીનો એક પત્ર ઉઘાડી વાચવાનો પ્રારભ કર્યો પત્રના અક્ષર ઠાકુર બિલાવસિગના દેખાતા હતા તે પત્ર વાચવામા છેકજ લીન થઇ ગયો હતો, એ જોઇ હસીએ ચપળતાથી પોતાના અશ્વને પલાણ્યો અને ઘોડાને જોરથી એડી મારી ઘોડો પણ ત્હેનો ઉદ્દેશ સ્હમજ્યો કે શુ કોણ જાણે, તે પણ એકદમ વિજળીની ઝડપે ઉડયો.

હંસીના સભાપણથી યુસફખાનુ હૃદય આગળથીજ વિચલિત થયુ હતુ ત્હેમા વળી તે પત્રમાની હકીકત એવી ચમત્કારિક હતી કે યુસફખાનુ મન ત્હેમા ગુથાયલું હતું, એટલામા હંસી પલાયન કરી ગઈ તે ત્હેના લક્ષમાં આવ્યુ નહીં. પ્રથમ પત્ર વાંચી તરતજ તે વખતે ત્હેણે બીજો પત્ર ઉઘાડવાની શરૂઆત કરી, તે વખતે

ત્હેણે સહજ ઉચુ જોયું તો હસી ત્હા દેખાઈ નહીં ! ત્હેને આશ્ચર્ય લાગ્યું. પરંતુ બીજો પત્ર વાંચવાની ઉત્કંઠા હોવાના કારણથી ત્હેણે વિશેષ વિચાર કર્યો નહીં. તે પેલો બીજો પત્ર વાંચવા લાગ્યો

આ બીજો પત્ર કંઈ વિશેષ મ્હોટો ન હતો તે પત્ર વાચી રહ્યા બાદ ત્હેણે ઉચુ જોઈ પોતાની સ્હામે હસી છે, એમ સમજી સહજ કહ્યું,–"આ પત્રો તમને કેમ અને ક્યાથી મળ્યા વારૂ ?"
પણ હસી ક્યાં હતી ? આટલા વખતમાં હસી બે માઈલ ઉપરાંત આગળ ચાલી ગઈ હશે. યુસફખાને ભાન આવતા આસપાસ જોવા લાગ્યો. હસી ત્હેને દેખાઈ નહીં. યુસફખાને ત્હેના નામની પણ ખબર ન હતી. ત્હેની અત્યત ચમત્કારિક સ્થિતિ થઇ.

તે બન્ને પત્રો ખોટા હતા હસીએજ તે તૈયાર કર્યા હતા. એક ઠાકુર બિલાવસિગનો અને એક ત્હેના સેનાપતિનો એમ બનાવેલા હતા બન્ને પત્રો સંશયાસ્પદ હતા આવી રીતે યુસફખાંની સાહાય્યથી હસીએ પોતાના પિતાને હાથ તાલી આપી. અને પિતાના અક્ષર પ્રમાણે અક્ષર કહાડી યુસફખાને ફસાવ્યો અને જે ગઢના માટે ત્હેણે આ યુક્તિ લ્હડાવી ને ચિતોડગઢ તરફ ત્હેણી ઉત્સાહિત મને ચાલી ગઇ હતી.

સુલતાન બહાદુરની ચીત્તોડપર ચ્હડાઈ

ભાગ ૨ જો.

પંચદશ પરિચ્છેદ.

ચુસફખાં.

" ક્યા કરે ચાહને વાલેકા ભરોસા કોઇ,
સચ હય દુનિયામે કિસીકા નહી હોતા કોઈ,
અય જફાકા નહી મેરી વફાઓકા ખિયાલ,
ચુભી કર લેતા હય પત્થરકા કલેજા કોઈ ? "
(એક ઉર્દુ કવી.)

પ્રથમ હુંશી પલાયન કરી ગઇ હશે એવી ચુસફખાને શંકા શુદ્ધા આવી નહીં સ્હવારનો વખત હોવાથી કદાચિત્ તે પાસેના નદી તીર ઉપર પ્રાતર્વિધિ કરવા માટે ગઇ હશે એમ ત્હેને લાગ્યું, એથી તે ઘણો વખત ત્હાંજ ત્હેની રાહ જોઈ બેસી રહ્યો. તો પણ ત્હેનું લક્ષ ત્હેના આગમન પ્રતિ નહતું તે, તે પત્રો સબંધી અને ઠાકુર બિલાવસિંગની દગાબાજી સબંધે વિચાર કરતો હતો. ને વિચાર કરવા લાગ્યો, કે " આ બદમાસ બિલાવસિંગે શું ખરેખર

આપણને ફસાવવાનીજ યુક્તિ કરી છે ? આ પત્ર ત્હેના સેનાપતિનો દેખાય છે એ લોકોએ હમારી ફોજમા આ પત્રો શા માટે મોકલ્યા ? હમે ત્હેમને ફસાવનાર હતા તે પહેલા તો ત્હેમણે અમારી આંખોમાં ધુળ નાખી ને શુ ? હમારી ફોજમા કેટલીક ટુકડીઓએ ફિતુર કર્યુ છે કે કરવાના બેતમા છે ? હમારી ફોજમા કેટલાક રજપુત છે. તેથી કરીને ફિતુર થતાં વખત લાગશે નહીં. અદરો અદરમાજ કઇ ભયકર કારસ્થાન થવાનુ છે કે શુ ? એમજ હોવુ જોઇએ. આ પત્રોજ તે કારસ્થાન ઉઘાડુ પાડે છે ત્યારે હવે શુ કરવુ ? હવે શુ, બિલાવસિગને એકદમ કેદ કરવો જોઇએ. તે સિવાય બીજો ઇલાજજ નથી " ઇત્યાદિ વિચાર ત્હેના મનમા ઘોળાતા હતા. આવાજ વિચારો કરતો થકો ત્યા ઘણો વખત બેસી રહ્યો હસી આવી નહીં યુસફખાને આશ્ચર્ય લાગ્યુ તે બોલ્યો,—" ત્હારે એ કહા ગઈ હશે ? એ રસ્તો ભૂલી કે પાછી છાવણીમા ગઈ કે થયું શુ ? " વિગેરે શબ્દો સ્વત બડબડી ત્હેણે પોતાના ઘોડા તરફ જોયુ તો તે ઘણે દૂર ચરતો ચરતો ગયો હતો યુસફખા વિચાર કરી ઘોડા પાસે ગયો અને એકવાર ત્હેની પીઠ થાબડી ત્હેના ઉપર આરૂઢ થયો ઘોડો દોડવા લાગ્યો ઘોડા ઉપર બેસી યુસફખાએ હસીની શોધ કરી પરતુ ત્હેનો પત્તો લાગ્યો નહીં, એટલે છેવટે નિરાશ થઇ છાવણી પ્રતિ પાછો ફર્યો.

ગરીબ બિચારો યુસફખાં હસી ઉપર તો પ્રેમ કરવા લાગ્યો હતો. હસી પોતાના ઉપર આશક થઇ પડી છે એવી પણ તેના મનમાં કલ્પના ઉદ્ભવી હતી. પરંતુ આજે હમીએ પોતાને હાથ

તાલી આપી છે અને ત્હેના પિતાને ત્હેમના કર્મનો બદલો આપવાનો પ્રયત્ન કરી ગઇ છે તે કોને ખબર? હસી સબંધી ત્હેને કંઇ પણ માહિતી ન હતી, ઠાકુર બિલાવસિંગની તે પુત્રી હશે એવી માત્ર ત્હેણે અટકળ બાંધી હતી હસીનુ સૌંદર્ય જોઈ તે મુગ્ધ થયો હતો. તે પોતાની ઇચ્છાથી પોતાને સાથે આવી હમણા તે ક્યા ગઇ છે? પરંતુ ત્હેણે મ્હને ફસાવ્યો છે એવુ અદ્યાપિ ત્હેની ધ્યાનમા આવ્યું હતુ નહીં. તે છાવણી તરફ ગઇ હશે એવી ત્હેણે કલ્પના કરી અને તે છાવણી તરફ વળ્યો. અસ્તુ

પણ ધન્ય છે રાજનીતિ કુશલ હસીને! કેવળ કલ્પનાથી ત્હેણે એ પુરૂષોને હાથ તાલી આપી એટલુંજ નહીં પણ બન્નેને વિલક્ષણ ઘોટાળામા નાખ્યા થોડા દિવસ માટે તો ચિતોડગઢનુ સંરક્ષણ કર્યું કેદમા હતી તે દિવસે ત્હેણે બાગમા યુસફખાને જોતાજ પોતાનો છુટકો કરી લેવાનો ઘાટ ઘડયો અને એક પત્થરે બે પક્ષી મારી–પોતાનો છુટકો કર્યો તથા પોતાના પિતાને દગાબાજી બદલ યોગ્ય પ્રાયશ્ચિત અપાવવાનો પણ ઘાટ ઘડ્યો અને તે સાધ્ય પણ થયો ત્હેણે પોતાના પિતાના હસ્તાક્ષર કઢાડી સેનાપતિના નામનો એક પત્ર તૈયાર કર્યો. ત્હેમા એજ મુખ્ય બાબત હતી કે,–"ત્હમે સુલતાનની ફોજમા ફિતુર કર્યું કે તરતજ ચિતોડગઢનું રક્ષણ થશે એમજ સ્હમજી રાખજો. સેનાપતિના પત્રમાં 'આપની આજ્ઞાનુસાર એક બે ટુકડીઓએ ફિતુર કર્યું છે સર્વે આજ્ઞાનુસાર થશે કાળજી કરશો નહીં' આવા કપટી

પત્રો લખી હ્‍હેને યુસફ્‍ખાને ધોટાળામા નાખ્યો. પોતાના નીકળી ગયા પછી યુસફ્‍ખાની ચમત્કારિક સ્થિતિ થશે અને તે પોતાની રાહ જોતો બેસી રહેશે ઇત્યાદિ જે જે કલ્પનાઓ હ્‍હેણે અગાઉથી પોતાના મન સાથે કરી રાખી હતી તેજ પ્રમાણે હ્‍હેની સ્થિતિ થઇ. તેજ મુજબ તે પત્રો યુસફખા સુલતાનને બતાવશે અને પછી સુલતાન બહાદુર પોતાના પિતા બિલાવસિંગને ક્ષમા ન કરતા યોગ્ય પ્રાયશ્ચિત કરાવશે એવી હ્‍હેને પૂર્ણ ખાત્રી હતી અને પોતાની ઇચ્છાનુસાર થાય તે માટે તે ઘણી ઉત્સુક હતી. હુરી દેશાભિમાનિની હતી પોતાનો બાપ ચિત્તોડગઢથી બેઇમાન થાય એ વાત હ્‍હેને ઘણીલાગી આવતી હતી અને હ્‍હેને યોગ્ય પ્રાયશ્ચિત પછી તે પોતાનો પિતા હોય તો પણ શુ થયુ,–હ્‍હેને મળવુ જોઇએ એમ હ્‍હેણે ધાર્યુ તેથીજ હ્‍હેણે ઉપર જણાવ્યા પ્રમાણે યુક્તિ લડાવી નહીં તો વાસ્તવિક યુસફખાનુ અને હ્‍હેનુ પ્રથમ નેત્ર મિલન થયુ તેજ વખતે તે હ્‍હેના ઉપર મોહિત થઈ હતે, પરતુ કોમળ મનોવિકારને પોષક દ્રવ્ય નહીં મળવાથી અને બાપની નિમકહરામી જોઇ એક નિગળોજ વિચાર ઉત્પન્ન થવાથી યુસફખા ઉપરનો અનુરાગ તેજ વખતે નહીં જેવો થઇ ગયા અને હુરા નિષ્કલક મને પ્રણયતરગમા ઉત્સાહિત થઇ ચિતોડગઢ ઉપરના પ્રેમને અભિમાનમા વિશેષ વૃદ્ધિ કરી અસ્તુ

• યુસફખા છાવણીમા આવ્યો હ્‍હેણે હુસીની શોધ કરી પરતુ તે હુરા ન હતી હ્‍હેનુ મન નિરાશ થયુ. મ્લાનવદને તે પોતાના તબુમા જઇને બેઠો. હ્‍હેનો બાપ સુલતાન બહાદુર મ્હોટો વિલક્ષણ અને રાજ્યકારસ્થાની હતો. પોતાના પુત્રને–યુસફ્‍ખાને હ્‍હેણે વિલાસી બનાવ્યો નહતો શ્રૃગારિક બાબતોમા હ્‍હેનુ મન ખેચાય નહીં તેટલા

માટે સુલતાને બાલ્યાવસ્થાથીજ તેને રાજ્યકારભારમાં નાખ્યો હતો. દરેક યુદ્ધમાં તે યુસફને પોતાની સાથે લઇ જતો અને લડાઇમાં કેમ ચાતુરી બતાવવી તે શીખવતો હતો તે કારણથી યુસફખાં પ્રણય સંબંધી તદ્દન અનભિજ્ઞ હતો પરંતુ તારૂણ્યાવસ્થામાં યુસફખાંના હૃદયમંદિર ઉપર પ્રથમ રમણીની રમણિય મૂર્તિ ચિત્રિત થઇ અને મદને પ્રેમશાસ્ત્રનો પહેલો રસ્તો હુરીના નેત્ર કટાક્ષો મારફત બતાવી દીધો ત્યારથીજ યુસફખાં પ્રેમશાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યો સુલતાન બહાદુરને તેની કલ્પના પણ ન હતી આજે યુસફની પ્રેમપ્રતિમા હાથમાં આવી અલોપ થઇ જવાથી યુસફખાં વિચાર તરંગો સાથે વિહરતો મ્લાનવદને પોતાના તંબુમાં પડ્યા હતો

હુરી એમ એકાએક ક્યાં ગઇ હશે એ માટે તેણે અસંખ્ય કલ્પનાઓ કરી પણ તેને કશી સમજ પડી નહીં આખરે તેણે પોતાના બે વિશ્વાસુ માણસોને બોલાવીને કહ્યું,–"ઘણીવાર સ્વારી સાથે એક કોમળ પ્રકૃતિનો સુંદર જુવાન હતો કે જેને તમે જોયોજ છે તે અને હું આજે સ્હવારે સહજ ચિતોડગઢની બાજુ નજર કરવા ગયા હતા તે કશા કારણસર સ્હવારે રસ્તો ભૂલ્યો છે એમ લાગે છે તો તમે બન્ને જણ આસપાસ પાંચ દશ ગાઉ સુધી તેની તપાસ કરી આવોને" તે બન્ને નોકર સલામ કરી ચાલ્યા ગયા યુસફખાં અતિ ઉત્કંઠાથી તેમની રાહ જોવા લાગ્યા

કલાક પછી કલાક વીતવા લાગ્યા બે પ્રહર વીતિ ગયા ત્રીજો પ્રહર પૂર્ણ થવા આવ્યો છતા મોકલેલા નોકરોનો પત્તોજ ન મળે! યુસફખાંની જિજ્ઞાસા પ્રબળ થવા લાગી સંધ્યાકાળ થવા આવી આખરે તે બે પૈકીનો એક છેક સૂર્યાસ્ત થવા પછી આવ્યો તેના

કપડાં રક્તથી ભીંજાયલાં અને ધુળથી પરિપૂર્ણ હતાં મ્હોં મ્લાન થઇ ગયો હતો. તેહેની તે સ્થિતિ જોઇ યુસફખાં આશ્ચર્ય ચકિત થઇ ગયો. તેહેણે પ્રશ્ન કર્યો—"આ શું? પત્તો લાગ્યો કે?"

"લાગ્યો સરકાર—આપનો તે પરિચયી યુવક ચીતોડગઢ ગયો."

'ચિતોડગઢ તરફ—શું તું સત્ય કહે છે?'

"તદ્દન ખરૂં કહું છું, સરકાર!"

તેહેનો ઉત્તર સાંભળી યુસફખાં મનમાં બબડ્યા—'ચિતોડગઢ તરફ તેહેને શું કાર્ય હશે વારૂ?" પછી તે પેલા સિપાઇને ઉદ્દેશી બોલ્યો,—ત્હારી આવી સ્થિતિ કેમ કરીને થઇ? ત્હારો સાબતી ક્યહાં છે? નોકર પોતાના શરીરેથી પરસેવો લુછી બોલ્યો,—"શું કહું સરકાર! ઘણોજ ભયંકર દિવસ પસાર થયો. હમે ત્રિજા પ્રહર પર્યંત સાત આઠ ગાઉમાં આપના તે યુવકની શોધ કરી આખરે એક ઠેકાણે એક ખેતરવાળાએ કહ્યું કે તે ચિતોડગઢ તરફ ગયો છે. હમે ચિતોડગઢ પ્રતિ જવાનો નિશ્ચય કરતા હતા એટલામાં એક ડુંગરની પાસે નીચેના ભાગમાં એક છાવણી પડેલી અમે દીઠી. તે કોંની હશે એવી હમને શંકા થઇ તેથી હમે ત્યાં ગયા.

"ત્હારે તે કોંની હતી તે ખબર પડી કે?"

"ચિતોડગઢનો રાજા વિક્રમાજીત મ્હોટી ફોજ લઇ આવ્યો છે એવું હમને માલુમ પડ્યું, હમને આશ્ચર્ય લાગ્યું. એટલામાંજ હમારા માટે છાવણીના લોકોને વહેમ પડ્યો તેથી તેહેમની સાથે લડવાનો પ્રસંગ આવ્યો. તેમાં મ્હારો સાથીદાર મરણને શરણ થયો અને હું મ્હોટી મુશ્કેલીથી બચીને અહીં આવ્યો."

તે નોકરનુ આવું કથન સાભળતાજ યુસફખાંની સ્થિતિ વિશેષ ચમત્કારિક થઇ. હવે આપણે આપણા પિતાને આ બદલ શુ કહેવું? તે આપણુને શુ કહેશે? હુમાંને પારકી બાળિકાને ત્હેં છાવણીમાં શા માટે આણી એમ પછે તો શુ જવાબ આપવો? આવા વિચારો ત્હેના મનોપ્રદેશને ભ્રમિત કરવા લાગ્યા ત્હેણે પેલા સિપાઇને ચાલ્યા જવા સુચના કરી ફક્ત આ પ્રકાર ગુપ્ત રાખવા સૂચના કરી તે ચાલ્યો ગયો. એટલામાજ હુરે આવી ત્હેને સુલતાન બહાદુર બોલાવે છે એમ સુચવ્યુ

ષોડષ પરિચ્છેદ,

ફિતુરીનું પ્રાયશ્ચિત.

ગત બે પરિચ્છેદોમા બનેલી, હકીકતથી યુસફખાની સ્થિતિ ઘણીજ ચમત્કારિક થઇ પડી હતી અને તે ઉદાસચિત્ત બની ગયો હતો જો પોતાની ઉદાસિનતા પિતાને જણાઇ આવશે તો તેઓ કારણ પૂછશે અને પછી મ્હારે સર્વ ખરી હકીકત નિવેદન કરવી પડશે, ઇત્યાદિ વિચારો ત્હેના મનમા આવ્યા, તેથી ત્હેણે પોતાનો ચ્હેરો મ્હામા માણસને આનંદી લાગે તેવી ખટપટ કરી તે મુદ્દામ હસતો હસતો પોતા પિતાના તંબુમા ગયો સુલતાન બહાદુર સંધ્યાકાળનો નિમાજ પઢી તરતજ ઉઠયા હતા. યુસફખા ત્હેમની પાસે જઇને ઉભો રહ્યો સુલતાન બહાદુર એક કોચ ઉપર બેસી બોલ્યા,–"યુસફ, આજ સ્હવારે ત્હારી સાથે એક જુવાન હતો તે કોણ હતો?"

જે વાત ન નીકળે એવી યુસફખાની ઇચ્છા હતી તેજ વાત સુલતાને કહાઢી એ જોઇ યુસફખાની સ્થિતિ અત્યંત ચમત્કારિક થઇ તે ચુપજ બેઠો એ જોઇ સુલતાન બહાદુર બોલ્યા,-"બોલ તે જવાન કોણ હતો વારૂ? તે અહીં ક્યેમ આવ્યો હતો? ત્હેને અને ત્હારે ક્યહાંથી ઓળખ થઇ? તે હમણા ક્યહાં છે?"

પોતાના પિતાના તે પ્રશ્ન ઉપર પ્રશ્ન સાભળતાજ યુસફખાને ઘણુજ આશ્ચર્ય લાગ્યું ત્હેણે કઇ પણ ઉત્તર આપ્યો નહી ઓશિયાળ મુદ્રાએ તે નીચુ જોવા લાગ્યો સુલતાન બહાદુર ત્હેના ચ્હેરા તરફ જોવા લાગ્યા સુલતાનુ પોતાના પુત્ર માટે વિશેષ કડક હતા, ગમે તે વાત પુત્રોએ પોતાની કહેવીજ જોઇએ પિતાથી કોઇ પણ દિવસે યુસફખાએ કપટ રાખ્યું ન હતુ તે સુશીલ હતો આજપર્યંત ત્હેણે પિતાની સમતિ વિના કોઇપણ કાર્ય કર્યું ન હતુ તથા કોઇ પણ વાત પિતાથી છુપાવી પણ ન હતી આજની આ એક બાબતજ-પ્રેમપ્રસગ પિતાથા છાનો રાખ્યો હતો પરંતુ પિતાને સંશય આવ્યો છે હવે તો છુપાવી રાખવો એ યોગ્ય નથી એમ ત્હેને લાગ્યુ એવો વિચાર કરી તે ધીમેથી બોલ્યો,-"પિદર' (પિતા) અધાપિપર્યંત મ્હે આપનાથી કોઇ પણ બાબત છુપાવી નથી મ્હારી પણ છુપાવી રાખવાની ઇચ્છાજ નથી. પરંતુ કેવળ સંકોચના સબબે એક ક્ષુલ્લક વાત માટે મ્હે આપની કહી નહી તે બદલ માફી માગુચ્છુ" એમ કહી તે પોતાના પિતાની મુખમુદ્રા પ્રતિ જોવા લાગ્યો સુલતાન ગભીર મુદ્રાએ ત્હેના પ્રતિ જોઇ રહ્યા હતા ને બોલ્યા,-" વારૂ આગળ-"

યુસફખાએ કહ્યું,-"મ્હને કહેવાને શરમ લાગે છે પરંતુ ને

દિવસે આપશ્રીની આજ્ઞાનુસાર હું અતિથિ થાણું કરી મસ્મોરના ઠાકુર સિવાસિંગ તરફ ગયો હતો તે સમયે ત્યાં મેં એક ખુ-બસુરત યુવાન લડકી જોઈ—"

"યુસફખાનનું ઉપર્યુક્ત કથન સાંભળતાંજ સુલતાન સ્વસ્થ બેઠી તેની મુખપ્રતિ દૃષ્ટિ રાખી બોલ્યા -"વાહ પછી—"

પોતાના પિતાના તો આવા શબ્દો સાંભળતાંજ યુસફખા વિશેષ અભિલાષી થઈ ગયા તે બોલ્યા -' તે લડકીને જોઈ ત્યાર પછી મારી મન સ્થિતિ અસ્વસ્થ થઈ-'

'જોરત ન એના ઘર ફિક થયા-એમ-ને' સુલતાને પૂછ્યું

યુસફખાન ઉત્તર પત્ર પ્રતિ લક્ષ ન આપતા આગળ કહેવા લાગ્યો -" પરમ દિવસે આપે મને અત્ર બોલાવ્યો હતો જે દિવસે હું નીકળનાર હતો તેજ દિવસે તે લડકીએ પત્ર પાઠવી મારી સાથે આવવાની ઇચ્છા દર્શાવી-" ધૂર્ત સુલતાન ! ત્યમાંજ બોલ્યા "અને અહવારે મેં જે યુવાન તારી સાથે જોયો તે તે લડકીજ હતી એમ લાગે છે-એમજ હશે ના? જેથી જો કે તેણે પુરુષ વેષ પરિધાન કર્યો હતો તદપિ તેના મુખ ઉપરની કોમળતા ચોકીજ ઝળકાઈ રહી—"

યુસફખાન શાંત-ચુપ બેઠો જોઈ સુલતાને પૂછ્યું -વાહ તે પુત્રી કોની હતી વાહ ? ઠાકુર સિવાસિંગની તો નહીં ? '

. "તે સબંધી મેં તેને કશુંજ પૂછ્યું નહીં. મને તેના નામની પણ ખબર નથી-- '

'કેં' પૂછ્યું નહીં ?

"મ્હેં ત્હેને એકાદ વખત પૂછ્યુ તો ત્હેણે તે વાતજ ઉડાવી દીધી—"

સુલતાન એકદમ બોલ્યા—"અરેરે યુમક! ત્હને આ લડકીએ ફસાવ્યો

યુમકખા આશ્ચર્યથી પોતાના પિતાના મ્હોં તરફ જોવા લાગ્યો સુલતાને ત્હેને પૂછ્યુ,—"વારૂ, તે ત્હારી સાથે કેમ આવી હતી? હમણા તે ક્યાં છે?"

યુમકખાએ થોડા વખત વિચાર કરી પ્રાતઃકાળથી અદ્યાપિ પર્યંત બનેલી સર્વ હકીકત પોતાના પિતાને કહી સુલતાને તે લક્ષપૂર્વક સાંભળી લીધી ઘણો વખત વીત્યા બાદ સુલતાન દીવા પ્રતિ દૃષ્ટિ કરી બોલ્યો, યુમક! મ્હેં વચમાંજ જે જણાવ્યુ તે કંઈ ખોટું નથી ત્હને તે સ્ત્રીએ ખરેખરી નાથતાવી આપી છે વારૂ પણ તે પત્રો ક્યાં છે? યુમકખાના ખીસામાંજ તે પત્રો હતા ત્હેણે તે કહાડી પોતાના પિતાના હાથમા મુક્યા સુલતાન દીવા પાસે ગયા અને ત્હેણે તે પત્રો લક્ષપૂર્વક વાંચ્યા પછી ત્હેમણે યુમકખા તરફ ફરી ગંભીરતાથી કહ્યુ,—"યુમક! યુવાનીને અનુસરીને ત્હારા હાથ જે કર્મ થવા પામ્યુ છે તે બદલ હું ત્હને દોષ આપતો નથી પરંતુ હમણા હુ જે કંઈ કહું તે લક્ષ દઈને સાંભળ, આ સર્વ હું ત્હને મિત્રની રીતિથી કહુ છુ "બહાદુર! તુ યુવાવસ્થામા છે એ યુવાવસ્થાનો સમયજ વિશેષે કરીને સ્ત્રીઓના પ્રતિ—મુગ્ધાઓ પ્રતિ પ્રેમ સાધવાના વિચારમા પસાર થાય છે યુવાનીમા પ્રેમ માટે હૃદય ઘણું ઉદાસ રહે છે ત્હેણે કરેલા હાવભાવ ત્હને વાસ્તવિક લાગ્યા, પરંતુ તે ત્હને ફસાવવાની યુક્તિજ હતી બિલાવસિંગની પુત્રી ઉપર તું

ખીદા થયો છે, પરંતુ તે ત્હારા ઉપર ફિદા થઈ નથી. કોઈ ઉદ્દેશાર્થેજ તે ત્હારી સાથે ન્હાસી આવી અને પછી ત્હેણે ત્હને ફસાવ્યો. આમાં ત્હેનો શું ઉદ્દેશ હતો કે હશે ત્હેની કલ્પના થઈ શકતી નથી. પરંતુ કંઈપણ એનો ગુપ્ત ઉદ્દેશ છે, એ તો નક્કી. તે ગમે તે હો તું માત્ર ત્હેને છેકજ ભૂલી જા. તે હવે ત્હને બીલકુલ મળનાર નથી. તેથી ત્હેનું ચિન્તન કરી વિના કારણ ત્હારા હૃદયને ત્રાસ આપીશ નહી. ચિતોડગઢનું કાર્ય પૂર્ણ થયા પછી ત્હારી શાદીનો વિચાર હું કરનારજ છું"

સુમરખાંએ તે વિષય ટાળવાના ઈરાદાથી કહ્યું,-"તે પત્રો સબંધી શું કરવું છે? તે ખબર છે કે?"

સુલતાન તે પત્રો તરફ જોતા બોલ્યા,-"ખાઈ રહ્યા પછી આપણે સ્વસ્થતાથી તે સબંધી વિચાર કરીશું. લૅશ્કરખાની-રૂમી મુસ્તફાની થોડી મદદ લેવી પડશે. તે ઘણો કારસ્થાની છે"

"વારૂ ત્હારે-" એમ કહી યુવક ત્યાંથી ચાલ્યો ગયો

યુવક નીકળ્યો તેવોજ પોતાના તંબુ પ્રતિ ચાલ્યો. ત્યાં જઈ તે પલંગ ઉપર પડ્યો. ત્હેનું મન વિશેષ ઉદ્વિગ્ન થયું હતું,-"ઠાકુર સાહેબની પુત્રીએ શું મ્હને ખરેખર ફસાવ્યો છે? પરંતુ તેમ કરવાનો ત્હેની મુખમુદ્રા ઉપરથી તો તે છેકજ સરળ મનની અને ઉદાર સ્વભાવની દેખાય છે તો પછી ત્હેણે મ્હને શા માટે ફસાવ્યો? મ્હારે ચિતોડગઢ જવું છે એમ ત્હેણે ના માટે કહ્યું નહીં? હું ત્હેને પરવાનગી આપતાં ત્હેણે કપટ ના માટે કર્યું? ધારો કે ત્હેણે કપટ કર્યું હશે તોપણ હું ત્હે-ને ના માટે નીંદુ? તે કેમજ બને-તે કેમ બને? વારૂ ત્હેણે મ્હા-

રા હાથમા તે પત્ર આપી પલાયન કરવાનો શુ ઉદ્દેશ હશે ? જો તે બીજુ કંઇ નિમિત્ત બતાવી ત્યાથી ગઇ હતે તો મ્હને ત્હેના સબંધી શકા ઉદ્દ્ભવતે નહીં. તેવી એ રીતે મદસોરથી અત્ર આવતા આવતા રસ્તામાં જતા તે પલાયન કરી ગઈ હોત તો પણ ત્હેનાથી તેમ બની શકતે ? ત્હેણે અત્રે સુધી આવવાનો શ્રમ શા માટે લીધો ? તે પત્રો ત્હેને ક્યાહાથી અને કેવી રીતે પ્રાપ્ત થયા ? વાસ્તવિક રીતે ત્હેમા ત્હેના પિતાનેજ નુકશાન છે વળી ત્હેના અહીં આવવાનો અને અહીં આવ્યા પછી પણ આજ સ્હવારેજ તે પત્રો મ્હારા હાથમાં આપવાનો ત્હેનો શુ ઉદ્દેશ હશે ? ખરેખર આ સર્વ બાબત ગૂઢ છે ? ભેદપૂર્ણ છે ! !" આવા વિચાર સાગરના તરગો સાથે ત્હેનુ હૃદય અફળાવા લાગ્યુ ત્હેના પિતાએ ત્હેને હસીને વિસરી જવાની સુચના કરી હતી. પરતુ ચુસફખા જેવો પ્રથમજ પ્રેમ માર્ગનો મુસાફિર પોતાના હૃદયથી માનેલા પ્રેમ પાત્રને કેવી રીતે ભુલી જાય ? હંસીની સુન્દર પ્રતિમા ત્હેના હૃદયપટ ઉપર અકિત થઇ ગઈ હતી હંસીએ ત્હેનાથી કપટ કર્યું હતું તો પણ ત્હેણે છેકજ પોતાના હૃદયમાથી ખસેડી મુકવાનુ અશકય હતુ,

એટલામાંજ એક નોકર ત્હેનુ ખાવાનુ લઈ ત્હા આવ્યો મનની અસ્વસ્થતાથી ત્હેને આજ ખાવાનુ ભાવ્યુ નહીં

. તે ખાનુ જેવુ તેવુ લીધા પછી પાછો બીછાના ઉપર પડયો એટલામાજ પાનપટ્ટી લઈ હુર હા આવી ચુસફખાની મુખમુદ્રા ઘણીજ ઉદાસિન દેખાતી હતી ત્હેનું કારણ પણ હુર જાણતી હતી ચુસફખાને હુ ગમે તે રીતે થાપ આપીશ અને ચિતોડગઢ પ્રતિ પ્રયાણ કરી જઇશ એમ હંસીએ ગત રાત્રિએજ હુરને સુચવી દીધુ

હતું. હુરને યુસફખાં માટે ઘણું લાગ્યું યુસફખાં સરળ વૃત્તિનો મનુષ્ય હતો. તે સહજ બોલી,—"કુમાર! આપનો ચ્હેરો આજે કેમ કંઇ અત્યંત ઉદાસિન જણાય છે ?

જેવી રીત હુર યુસફખાનો સ્વભાવ જાણી લેવાનું શીખી હતી તેજ પ્રમાણ યુસફખાં પણ હુરનો સ્વભાવ જાણતો હતો પોતાની હૃદયવ્યથા કોઇને કહેવાથી કોઇને પાસે મનને હલકું કરવાથી પોતાની વ્યથા ઓછી થશે એમ તે જાણતો હતો તેથી હુરને જોતાંજ યુસફખાના મનમાં કંઇ કલ્પના આવી પ્રેમવિરહથી વિહ્વળ થયેલા મનની સ્થિતિ હુર સરખી સ્ત્રીને કહેવાનું તેને વધુ શ્રેયસ્કર લાગ્યું કે શું ? કોણ જાણે ! તે બોલ્યો,—'હુર ! તારે કંઇ કામ ન હોય તો અહીંજ બેસને."

હુરને આ સાંભળી કિંચિત આશ્ચર્ય લાગ્યું, પરંતુ તેણે તે પોતાની મુદ્રા ઉપર દર્શાવ્યું નહીં તે બોલી, "કંઇ કામ છે ?"

યુસફખાં વિચાર કરી બોલ્યો,—"કંઇ વિશેષ કામ નથી તો પણ તું જરા કલાકક અહીંઆ બેસ આજે મારૂં મન સ્વસ્થ નથી હું તને કંઇ કહેવાનો વિચાર રાખું છું"

"આપની સ્થાન ઉપર ઘણીજ મમતા છે" હુર નીચે બેસતા બોલી

યુસફખાં દીનવાણીથી બોલ્યો,—'હુર ! હું તને મારી બ્હેન બરોબર સમજું છું તું અહીં પાસે આવ સંકોચ કરીશ નહીં અને મનમાં કંઇ કલ્પવિકલ્પ પણ કરીશ નહી

હુર તેની પાસે જઇ તેનાથી થોડા અંતરે બેઠી યુસફખાને તેથી આનંદ થયો તે બોલ્યો,–'કાલ તું જેની ખિદમતમાં હતી તેની સાથે રાત્રે ત્યારે કોઇ પ્રકારની વાત થઇ હતી ? '

હુર હસી અને બોલી—'સાધારણ બોનાડુ થયુ હતુ'

"હમને હેનુ' નામ ખબર છે?"

હુરને વિચાર આવ્યો ને બોલી,—'હેનુ નામ લા-મ્હારૂં' ચમત્કારિક નામ છે શુ થાઉ? (વિચાર કરતી હોય તેમ મુદ્રા કરીને) બયા—બયાગ—એવુજ કંઇ છે.'

હેનુ નામ બયાગ (વિના) છે બાગને કે કેમ કોણ જાણે, આગળ યુસફ કહેવા લાગ્યા, હેનુ હૃદય પાણ કઠીન છે હુર તે આજે ચિતોડગઢ ગઇ છે મ્હારી મ્હાટે તુ ચિતોડગઢ જઇ શકે? મ્હારો વિચાર હેના પ્રતિ એક પત્ર મોકલવાનો છે તુ તે પત્ર લઇ જા—"

હુરને હૃદયમા તો અનહદ આનદ થયો ને કંઇ ઉત્તર આપવા જતી હતી, એટલામાજ એક નોકરે આવી યુસફખાને સુલતાન પ્રતિ જવાનુ કહ્યુ ને સાભળી યુસફખા હુર પ્રતિ દ્રષ્ટિ કરી બોલ્યો,—"હુર! ફરી એકાદ વખત આપણે આ બાબત વિચાર કરીશુ' એમ કહી ને પોતાના પિતાના તબુ પ્રતિ ગયો હુર પણ વિચાર કરતી કરતી ત્યાથી ચાલી ગઇ

યુસફખા સુલતાન પાસે પહોચ્યો કે સુલતાને હેને પોતાની પાસે બેસાડ્યો અને કહ્યુ,—"હમે તે પત્ર સબધી વિચાર કર્યા છે તે ખરો હો કે ખોટો હો પરતુ તું હવે આવતી કાલે થોડી ફોજ લઇ જા અને હેને કેદ કરી લાવ પછી હેને આ પત્ર બતાવી ગુજરાત પ્રતિ મોકલી દઇશુ, અને જો ચિતોડના કલ્લામા અપયશ આવ્યો તો તો આ ખિલાવાને (માનસગને) સમુદ્રમા ડુબાવી દેવાની સજા ફરમાવીશુ, નિમકહરામીને એજ યોગ્ય છે"

સપ્તદશ પરિચ્છેદ.

ઝપા ઝપી.

વિજળીનું મન તદ્દન અસ્વસ્થ હતુ. જે બહાદુરીથી તે વિક્રમાજીતને લઈ થોડીજ ફોજ સાથે ચિતોડગઢથી બહાર પડી હતી તે વીર સ્ત્રીએ હજુ સુધી વિક્રમાજીતને છોડ્યો ન હતો. તો પણ મુલતાનની ફોજ સંબંધી જે કંઇ ગુપ્ત બાતમી હેમના ગુપ્ત દુતોએ મેળવી હતી તે સાંભળી વિજળીને ચિતોડગઢના સંરક્ષણ સંબંધી જબરદસ્ત ચિંતા થતી હતી, બીજુ વિક્રમાજીતને હેણે ચ્હડાવી બહાર તો કહાડ્યો હતો ખરો, પરંતુ તે વ્યસની બનેલો હોવાથી ખરેખરના કામમા છેકજ ના લાયક લાગશે એવું હેના વર્તન ઉપરથી પણ દેખાઈ આવતુ, તેથી હેને વિક્રમાજીતનો તિરસ્કાર આવવા લાગ્યો. હેના મનની અસ્વસ્થતાનુ મુખ્ય કારણ આજ હતુ.

ગત પરિચ્છેદમા યુસફખાએ જે બે સિપાઇ મોકલ્યા હતા અને તે પૈકી એક મરણ પામ્યો. હેને વિજળીની ફોજના સિપાઇઓએ જમ સ્થાન પ્હોંચાડ્યો હતો બીજો પોતાના જીવન રક્ષણાર્થે નાશી છુટ્યો તેથી આપણે અત્રે ફોજ સહિત આવ્યા છીએ તે સુલતાનની જાણમા આવ્યા સિવાય રહેશે નહીં આ બાબત વિજળી ઘણાજ ગંભીર વિચારમા પડી ચિતોડગઢથી નીકળેલી સર્વ ફોજનુ આધિપત્ય વિક્રમાજીત પાસે હતુ, પરંતુ યુદ્ધ સંબંધી વિશેષ યુક્તિઓ, રિતભાત વિગેરેથી વિક્રમાજીત વિશેષ અજ્ઞાત હતો તેટલા

માટે સૈન્ય નાખુશ દેખાવા લાગ્યુ અને તેથી કરીને સર્વ વ્યવસ્થા વિજળીએ પોતાના હાથમા લીધી. વિક્રમાજીતને તે સારૂ લાગ્યુ. અર્થાત ત્હેના ઉપરનો સર્વ ભાર વિજળી ઉપર આવી પડયો તે યઃકશ્ચિત અબલા હતી પરતુ ચિતોડગઢનો પ્રતિનો ત્હેનો પ્રેમ અનહદ હતો ત્હેના શરીરમાં એક દૈવી શક્તિ વાસ કરતી હતી તેટલા માટે એવડી મ્હોટી ફોજ ત્હેનો હુકમ આનદથી ઉઠાવી લેતી હતી આમ હતું તો પણ વિજળી વિક્રમાજીતને મ્હોટાપણાનુ માન આપી ત્હેની સલાહ લેતી હતી તો પણ વિક્રમાજીતના વર્તનમા બેજ દિવસમા ફેર પડયો સ્હવારે ઉઠી તે કોઇની પાસે જતો તો બરોબર મધ્યાન્હે પરત ફરતો. અને જે વખતે તે પાછો આવતો ત્હારે ત્હેના નેત્રો લાલ ચોળ થઈ ગયલા જણાતા. આજે સ્હવારથી તે કોઈ પાસે ગયો હતો તે બપોર વીતિ જવા આવ્યા તો પણ પાછો આવ્યો ન હતો તે જોઇ વિજળીને ચિતા થવા લાગી અને તે ત્હેના શોધાર્થે પોતાની સાથે બે રજપુત સિપાઇ લઈ નીકળી અસ્તુ

તે ઘોડા ઉપર બેસી આગળ ચાલતી હતી. અને ત્હેની પાછળ થોડા થોડા અતરે બે સિપાઇઓ ચાલતા હતા સિપાઇઓ વિજળીની પ્રશસા ઘણા માનથી કરતા હતા વિજળીના મનમા કોઇ બીજોજ વિચાર ચાલતો હતો,–'સુલતાનને તે સિપાઇના મૃત્યુ સમાચારની ખબર પડશે તો તેઓ શુ કરશે? હવે આપણે સ્થાનાતર કરવામા પણ ફાવી શકીએ તેમ નથી વિક્રમાજીત વિશેષ વિશેષ બગડતો જાય છે. ત્હેનુ શુ કરવુ? આપણી ફોજ સુલતાનની ફોજ સામે ટકી શકશે કે નહીં?

ચિતોડગઢનું પછી શું થશે? ઇત્યાદિ બાધક સાધક વિચાર કરતી તે આગળ ચાલતી હતી. આવતાં આવતાં, તે એક તળાવને કાંઠે આવી. ઘોડાને પાણી પીવા માટે તે તેને તળાવ આગળ લઇ ગઇ. તે નીચે ઉતરી અને ઘોડાની પીઠ થાબડી વિચાર કરતી ઉભી રહી. પછી તે સિપાઇઓ પણ તેની નજીક આવ્યા. અકસ્માત કોઇ વિલાપ થતો હોય એવો ભાન આવ્યો. તેણે એકચિત્ત આતુરતાથી લક્ષ આપ્યું તો ખરેખર નજીકમાંથી માણસના ડુસકાંનો અવાજ આવતો હતો. તેણે પાસે ઉભેલા તે સિપાઇઓ પૈકી એકને પુછ્યું,—
“હરિસિંગ તમે કંઇ સાંભળી શકો છો?”
બન્ને સિપાઇઓ એકદમ બોલી ઉઠ્યા,—‘અવાજ? શાનો અવાજ?’ એમ કહી તેઓએ કાન ધર્યા.

વિજયાએ કાન ધરી ફરીથી કહ્યું—“તે તરફ જુઓ—કંઇ સંભળાય છે?”

હરિસિંગે ઉત્તર આપ્યો,—“મને લાગે છે કે કોઇ રડે છે?
‘કેસરસિંગ તમે સાંભળ્યું કે?’”

કેસરસિંગ બોલ્યો—“હા, કંઇ એમ જણાય છે તો ખરું.”

વિજયાએ કહ્યું,—“આ નિર્જન વનમાં એ કોણ હશે વારુ? ચાલો જોઇએ, કોઇ સંકટમાં આવી પડ્યું છે કે શું?”

ઘોડાઓ પાણી પી રહ્યા હતા તેથી તેઓ તરતજ ઘોડેસ્વાર થયા અને જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશા પ્રતિ ઘોડાઓને ચલાવ્યા.

તપાસ કરતાં હરિસિંગે ને કેસરિસિંગે એ વિશાળ વૃક્ષ નીચે એક મનુષ્યને ઘાયલ થઇ પડેલો જોયો. એઓએ નિહાળવાથી તે મનુ-

બન્ના નાજુક શરીર ઉપર ઘા કર્યા હતા તેથી તે રક્તથી છેકજ રગદોળાઇ ગયો હતો તે બન્નેને તે મનુષ્યોની અનહદ દયા આવી તેઓ ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને તે મનુષ્યની સુશ્રુષા કરવા લાગ્યા એટલામા વિજળી પણ ત્યાં આવી તેણે તે મનુષ્યને જોઇ આશ્ચર્યવત્ થઇ કહ્યુ,-"અરે! આતો તિનકદાસ!"

પોતાનુ નામ સાભળતાજ-તિનકદાસે પોતાના નેત્રો ઉઘાડયા. તે ક્ષીણ સ્વરે બોલ્યો,-"થોડુ પાણી—પા—ણી"

વિજળીએ પોતાની પાસેથી ન્હાનો લોટો કહાડી પાસેના તળાવમાથી પાણી લાવી આપ્યુ પાણી પાયા પછી ત્હેના જખમો ઉપર પાટા બાધવાથી ત્હેને કંઇક શુધિ આવી તે વખતે વિજળીએ ત્હેને પ્રશ્ન કર્યો,-"તમે અહી ક્યાથી?"

તિનકદાસ કહેવા લાગ્યા,-"જયચંદ્રજીની આજ્ઞા હમને ત્રણેને કેદ કરીને એક બેટા નામના ગામમા લાવીને પૂરવાની હતી અને તે સ્થળે હમે કેટલાક દિવસ હતા એક દિવસ મહારાજ (વિક્રમાજીત) પોતાની ફોજ સાથે ત્હાં આગળ થઇને જાય છે એવુ સાભળ્યુ. પછી હમે યુક્તિ કરી પલાયન કરી અહીં આવ્યા બે દિવસ પૂર્વ મહારાજ સાથે હમારી સહજ ભેટ થઇ—"

"અરેરે!" વિજળી એકદમ બોલી,-"તેથીજ તે આજકાલ વિશેષ બગડ્યા છે કેમ?"

તિનકદાસ આગળ બોલ્યો,-"આજ હમે મહારાજ સાથે સહજ આ તળાવ ઉપર બેઠા હતા ખુબ નીશો કર્યો હતો એટલામા આઠ દશ મુસલમાન આવ્યા અને ત્હેમણે હમને ચારેને પકડયા!"

"અને પછી?"

"પછી શું?" હું નીશામાં હતો હું ત્હેમની નજરે પડયો કે તરતજ ત્હેમણે મ્હારી આવી સ્થિતિ કરી-"

"અને મહારાજ?" કેસરસિંગે પ્રશ્ન કર્યો.

"ત્હેમને, જંગીલાલને અને વિજયલાલને તેઓ લઇ ગયા-"

હમારા મહારાજાને મુસલમાનોએ કેદ કર્યા?" હરિસિંગ તલવારની મુઠ ઉપર હાથ નાખી બોલ્યો

તે હકીકત સાંભળી વિજળીની ગંભીર સ્થિતિ થઈગઇ! તે કર્કશ સ્વરે તિનકદાસને કહેવા લાગી,-"ચંડાળો ત્હમારી ગોબતથીજ ચિતોડગઢની આવી દશા થઇ ત્હોં સુધી મહારાજની આંખો ઉઘડતી નથી. ત્હને તો ઇશ્વરે ઠીક પ્રાયશ્ચિત આપ્યું છે. જે બીજા બચી ગયા છે ત્હેમને પણ આવી કઇ બક્ષીસ મળશે તરફડીને મરી જા ત્હારા ઉપર દયા કરવી એ સાપને દૂધ પાવા બરોબર છે" એમ કહી તે પોતાના સિપાઇઓ પ્રતિ વળી બોલી,-"કેસરસિંગ તથા હરિસિંગ!!! હવે એક બીજાના મ્હોં જોઇ બેસી રહેવું યોગ્ય નથી ચાલો તૈયાર થાઓ. મહારાજાને છોડાવવાની આપણે કંઇ પણ યુક્તિ કરવીજ જોઇએ" એમ કહી ત્હેણે પોતે તથા સ્વારોએ ઘોડા ઉપર પલાણ કરી ઘોડાઓ એ ધાટ દોડાવ્યા. તિનકદાસ ત્હાજ પડી રહ્યો

તે ત્રણે એક ગાઉ પણ ગયા હશે નહીં એટલામાં એજ વિક્રમાદિત વગેરેને કેદ કરીને લઇ જનાર મુસલમાન લોકોની ટોળી ત્હેમની નજરે પડી! પોતાની તીક્ષ્ણ દૃષ્ટિથી જોઇ વિજળી પોતાના અનુચરોને કહેવા લાગી,-"એકંદરે આઠ મંડળી દેખાય છે. આગળ ચાર સ્વારોના તાબામાં જંગીલાલ અને વિજયલાલ દેખાય છે.

પાછળના ચારના નાળાના મહારાજ દેખાય છે. એટલા સાથ લડવાનું છે. તેટલા માટે મ્હોટી ચતુરાઈથીજ કામ કહાડી લેવાનું છે, મ્હુમજ્યા ? હું હુકમ આપું કે એકદમ તુટી પડવું"

બન્ને સિપાઈઓએ ત્હેની ઇચ્છાને અનુસરવાનું જણાવ્યું. ત્રણે એ પુન પોતાના ઘોડાઓને દોડાવ્યા થોડાજ વખતમા આ ત્રણે જણ તે ટોળા નજીક જઈ પહોચ્યા આમના ઘોડાની ખરી-ઓનો અવાજ સાભળતાજ તે ટોળીઓના સિપાઈઓ પાછળ જોવા લાગ્યા વિજળી આગળ થઈ તે ટોળીના ઉપરીને કહેવા લાગી "મિયા સાહેબ ! આ હમારા કેદીને (વિક્રમાર્જુન પ્રતિ આગળી કરીને) હમારે સ્વાધીન કરો"

વિજળીના તે હુકમનો અવાજ સાભળતાજ સર્વ મુસલમાન સિપાઈઓ ત્હેના મ્હો તરફ જોવા લાગ્યા. તે ટોળીનો નાયક આખો મીચકાવી દાઢીને હાથમા ફેરવતો બોલ્યા,—"યે બિબી કયા કરતી હૈ ?"

વિજળીના કપાળમા આટીઓ પડી તે પુન જોર ક્રોધના આવેશથી બોલી,—ઇસકો છોડ દો—"

"આયરે-યે આપકા નખરા ! એક સિપાઈ વચમાજ બોલ્યા

વિજળી તે સિપાઈ પ્રતિ તિરસ્કારથી જોતી બોલી,—"જેમા મિયા સાહેબ ! મેં કહતી હું સો માનો, ઇસકો છોડ દો—"

"નહીં છોડેગે"

"હરિસિંગ—કેસરસિંગ—કયા દેખતે હો—" વિજળીના મ્હોમાથી શબ્દો નીકળતાજ સર્વે સજ્જ થયા. વિજળીએ એકીસપાટે નાયકનું માથું પોતાની તરવારથી ત્હેના શરીરથી જુદું કરી નાખ્યું અને તે

કાર્ય વિજળીએ એટલી ચપલતાથી કર્યું કે નાયકને પોતાનો બચાવ કરવાનો વખતજ મળ્યો નહીં. આ તરફ તે રજપુત સિપાહીઓ પણ ઝપાઝપીમાં પડ્યા હતા. મુસલમાન ટોળીને કાબુ બનશે એમ ખ્યાલજ ન હતો. તેથી પ્રથમ તો તેઓ એકદમ સ્તબ્ધ થઇ ગયા, પરંતુ હવે તે સાવધ થયા અને બન્ને પક્ષની ઝપાઝપી શરૂ થઈ.

આ તરફ આવી મંડી તેમ છિકણ વિક્રમાદિત વિજળીને મદદ કરવાની છોડી ત્યાંથી નાશી છુટ્યો. તે ઘોડા ઉપરજ હતો, એટલે તેહને પલાયન કરી જતાં હરકત પડી નહીં. વિજળીને આ સમય જોઈ કંઇ લાગ્યું હશે તેહની કલ્પના થતાં તરતજ તે પોતાના સિપાહીઓને "અરે પાછા વળો-મહારાજ નીકળી ગયા" એમ કહી તેણે પોતાનો ઘોડો વાળ્યો. હરિસિંગ અને કેસરસિંગ પણ તેહની આજ્ઞાનુસાર ત્યાંથી નીકળ્યા. ત્રણે જણ ત્યાંથી એક ક્ષણમાં પસાર થઇ ગયા! મુસલમાન સિપાહીઓએ કંઇ વિચાર કરી તેમનો કેડો કરવાનું બંધ રાખ્યું. જંગીલાલ અને વિજયલાલ ત્યારેજ એક બાજુએ ઉભા હતા તેમનેજ પુનઃ કેદ કરી બાકીના સિપાહી આગળ ચાલ્યા.

ઝપાઝપી પૂર્ણ રંગમાં આવતાં વિજળીએ શત્રુથી શું કમ કરી બતાવ્યું? શું તે છિકણ છે? જે વિજળીના શરીરમાં વીરત્વનો વાસ થાય છે, જાણે આટલી મોટી ફોજને પોતાની સત્તા નીચે નાખી છે તે વિજળી સ્ત્રીકણ છે કે શું? કોને ખબર?

વિક્રમાદિત ત્યાંથી પલાયન કરીને કેટલે જગા તિનકમાસ પડ્યો ત્યાં સુધી પોતાના અશ્વને બેહદ દોડાવ્યો. હવે ભિકનું પ્રયોજન નથી એવી ખાત્રી થયા બાદ તેણે પોતાના અશ્વની લગામ

ડોલા મૂકી, જે ઝાડ નીચે આવી ઘોડા અટક્યા વિક્રમાજીત નીચે ઉતર્યા તિનકાદામ ઝીણતાથી આંખો મીંચી પડ્યો હતો તેહેણે અશ્વના પગની ખરીના અવાજથી પોતાના નેત્રો વિકાસ્યા વિક્રમાજીત તેહેની પાસે આવી બોલ્યો,-"તને આ ઘાવ કોણે માર્યા ?"

તિનકાદામ ઉત્તર આપી શકે તેટલી તેહેનામાં શક્તિ ન હતી

વિક્રમાજીત કપાળ ઉપરના પરસેવા લુછી બોલ્યા,-"આજે કોનું મ્હોડું જોયું હશે ! વિજળી આવી તેથી ઠીક થયું નહીં તો તે લોકોએ હમને શું કર્યું હોત તે કોને ખબર ?

એટલામાં ઘોડાઓના પગની ખરીઓનો અવાજ સંભળાવા લાગ્યો વિક્રમાજીત સાંતો પોતાના અશ્વ આગળ જઈ બોલ્યો -"શત્રુઓ આવતા હોય એમ લાગે છે" પરંતુ તેહેણે જોયું તો વિજળી અને તેહેના બે સિપાઈ સિવાય બીજું કોઈ ન હતું તે જોઈ તેના જીવમાં જીવ આવ્યો તે પુન નીચે બેઠા

આઠ વાગ્યાનો સમાર થયો હતો, તાપનું જોર ઘણું ઓછું થયું હતું વિજળી પાસે આવી અને હુકમ કરતી હોય તેવા અવાજે વિક્રમાજીતને કહ્યું,-"હવે અહીં બેસવાનું નથી આપણી છાવણીમાં ચાલો"

વિક્રમાજીતે વિજળીની મુદ્રા પ્રતિ જોયું તો તેહેનો ચહેરો અત્યંત ક્રોધગ્રસ્ત દેખાતો હતો તેના નેત્રોમાંથી અગ્નિ વર્ષી રહ્યો હતો આજે વિજળીએજ વિક્રમાજીતનું રક્ષણ કર્યું હતું પરંતુ તેહેને આવી રીતે દબાવીને બોલવાનો અધિકાર ન ? વિક્રમાજીતને તેથી વાંકુજ ખરાબ લાગ્યું તે ઉદ્ધતાઈથી બોલ્યા,-"તું જા હું થોડા વખત પછી આવું છું"

"નહીં મ્હારા સાથે આવવુંજ પડશે."

"એમ હોય તો હું બીલકુલ આવતોજ નથી."

"તમને જબરદસ્તીથી લઇ જઇશ."

"વિજળી !" વિક્રમાજીત ક્રોધાંધ થઇ બોલ્યો,–"તું આ કોને કહે છે ?"

વિજળીએ હજુ સુધી પોતાના ખરા ક્રોધનું સ્વરૂપ બહાર દર્શાવ્યું નહતું. તે હવે એકદમ ક્રોધાવેશમાં જુસ્સાથી બોલી,–"નામર્દ, બ્હાવરા ! તને આ પ્રશ્ન પૂછતા શરમ નથી આવતી? મ્હારા ઉપર આ ક્રોધ ? અને જો તેઓ તને પકડી ગયા હોત તો ?–અરે ! જરા હાથ તો હલાવવો હતો ! તું પુરૂષ કહેવડાવે છે પરંતુ ત્હારા પુરૂષાર્થ ઉપર ધિક્કાર છે ! ગાય સુદ્ધા શિંગડા હલાવી વાઘનો પ્રતિકાર કરે છે અને તું મનુષ્ય–સગ્રામસિંહ રાણાનો પુત્ર ! નામ વિક્રમાજીત ! શરમ, શરમ આવવી જોઇએ ! વાસ્તવિક આવા સમયે તો ત્હારૂં શરીર રક્તથી રગદોળાવું જોઇએ. પરંતુ બ્હીકણ ! તને શું થનાર છે ? ચાલ ! મ્હારી સાથેજ ચાલવું પડશે વિશેષ ગરબડ કરીશ તો બળાત્કારથી લઇ જઇશ ! અરેરે ! ચિતોડગઢ ! ત્હારા દિવસોજ ફર્યા છે. અને ત્હેનું પ્રાયશ્ચિત આ નરાધમને ભોગવવુંજ પડશે ! વિક્રમાજીત ! હવે હદ આવી રહી છે ! તને કેટલી વખત કહેવું ? જે દુષ્ટની સોબતથી ત્હારી પાયમાલી થઇ, ત્હારી બુદ્ધિ નાગવત થઇ, ત્હારૂં વીર્ય વ્યર્થ થયું તેજ દુષ્ટની સોબતમા હજુ પણ મોહાંધ બની તું ભટકે છે ! માથા ઉપર યવનરૂપ વાદળ કેટલા જોસથી ચઢી આવ્યું છે ત્હેનો તને કિંચિત પણ વિચાર છે ! એ વાદળને તૂટી પડતા વખત લાગનાર નથી. કહેવાનું કહ્યું છે ! હવે વિશેષ

કહેવાથી શુ લાભ ? રહમજીને ચાલવા માંડ. આજે ત્હેં નામર્દનુ કામ કરી ત્હારા પિતા વીરસઆમસિંહનુ કુળ લજાવ્યુ છે! ત્હારૂ અપવિત્ર મુખ પણ જોવુ જોઇએ નહીં આજે મ્હારો ત્હારા ઉપર અપ્રતિમ ક્રોધ ઉદ્દભવ્યો છે મ્હારી તલવાર વીરોના લોહીની તરસી છે ત્હારા જેવાના મર્દને તે લાયક નથી બાકી તો ત્હને ત્હેનો આસ્વાદ આપી ચિતોડગઢ પ્રતિની ત્હારી બે દરકારની પ્રાયશ્ચિત આપત ચાલ જલદી ચાલ"

વિક્રમાજીત આ સર્વ સાંભળતો નીચુ મ્હોં ઘાલી બેસી રહ્યો હતો. કેસરસિંહ અને હરિસિંગ આશ્ચર્યથી વિજળી પ્રતિ જોઈ રહ્યા હતા

થોડાજ વખતમાં વિજળી, વિક્રમાજીત તથા બન્ને સિપાઇઓ સાથે છાવણીમા જવા નીકળી.

અષ્ટાદશ પરિચ્છેદ.

રણ નિમંત્રણ.

હસી ! તું તો ખરેખરે બગીને પેટ તુળશી જેવીજ છું એમ કહેવુંજ રાસ્ત છે." જવાહિરબાઇએ હસીની પીઠપર હાથ ફેરવતાં. પ્રેમથી કહ્યું. હસીના ચિતોડગઢના રક્ષણાર્થના પ્રયત્નો જોઈ સર્વે ત્હેને દેવી તરીકેજ જોતા મર્દને તે પ્રિય થઇ પડી હતી. ચિતોડ-

ગઢ ઉપરના તેઓના આગમનને ફક્ત બેજ દિવસ થયા હતા, પણ એટલા અલ્પકાળમાં તેના પરાક્રમથી સર્વ કોઈ મોહિત થઈ ગયું હતું, અને પ્રત્યેકના હૃદયમાં તેના વિષે પૂજ્યબુદ્ધિ અને પ્રેમ ઉત્પન્ન થયા હતા

રંગમહેલમાં કુર્ણવતી જવાહિરબાઈ, તેની પાસેજ હુંસી અને થોડેજ દૂર પન્ના એટલી મળી બેઠી હતી તેજ વખતે જવાહિર બાઈ ઉપરોક્ત શબ્દ બોલી પછી ત્યાં બેઠેલી પ્રત્યેકે જવાહિરબાઈના શબ્દનો અનુવાદ કર્યો. પોતાની સ્તુતિ સાંભળી હુંસીને જરૂર આનંદ થયો તો પણ તેને જરૂર શરમ આવી

કુર્ણવતી બોલી - "જવાહિર ! દુનિયામાં હમેશાં એવું ચાલ્યાજ કરે છે કે ચિતમાઉત બનાવ નીકળ્યા તેથી તને ખોટું લાગ છે કાલી ઘેલી વાતો એમ તને લાગ હશે? આજ (હુંસીન) પોતાના પિતાના કૃત્ય બદલ કેટલી લાજ પામે છે? તે પિતાને શિક્ષા—પોતાના કર્મનું પ્રાયશ્ચિત આપવા પણ ચૂકી નથી ચિતારગઢ સબંધી તેના પિતાના હૃદયમાં પ્રેમ ન હોય તો ભલે પણ આના તેણીજ પૂરી છે ને! એટલું તો હું પણ કહીશ કે ચિતોડગઢના દિવસો ફર્યા છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી. તેથીજ ઈશ્વર હમારા જતનમાં બોલાવી નરસાં હમારે પ્રાણ દેવા તૈયાર છે તો આપણે બરાબર સાવધ રહેવું જોઈએ જાઈને ફિતુર કરવું હોય તેને ખુશીથી કરવા દો ઈશ્વર આપણને મદદ કરવાની ઈચ્છા રાખે છે તે આપણા થકીજ થાશે હવે કોઈના ઉપર વિશ્વાસ રાખવો બરોબર નથી આપણેજ આપણું જોવું જોઈએ કેમ હુંસી! એમજને?"

હંસીએ થોડો વખત વિચાર કરીને કહ્યું,—એમ તો ખરૂં, તો પણ મ્હને લાગે છે કે જે આપણને મદદ કરશે એવું આપણને લાગે છે હેમને આવેલા સંકટની ખબર આપી મદદે બોલાવવા એ વિશેષ ઉત્તમ છે. તે આપણા થઇને આવશે કે કયેમ એ બાબતનો ભરોસો શું ? તેથી મ્હારા મતાનુસાર સર્વ ઠાકુર લોકોને અને સરદારોને એકેક પત્ર પાઠવી મદદે બોલાવવા જે આવનાર છે તે આવશે નહીં આવનાર હોય તે નહીં આવે આપણાથી બનશે તો આપણે કરીશું"

હેનું આ કારણ સહિત કથન સાંભળી સર્વેને આનંદ થયો જયાદિરબાઈ હેને પ્રથમની માફક પંપાળતી બોલી,—"હંસી ! તું આટલી ચાલાકી, આટલું ડહાપણ ક્યાંથી શીખી ?

કર્ણવતી આગળ બોલી,—"ત્યારે કર્મચંદજીને જ આ કામ સોંપો તો આ સબંધીની સર્વ વ્યવસ્થા કરશે"

હંસી પછી બોલી,—'બીજી એક વાત મ્હારા હૃદયમાં છે તે પૂર્ણ કરવી એમ વિચાર છે–પણ"

'પણ કેમ ? શરમાય છે નહીં બોલ, ત્હારો શું વિચાર છે ?" કર્ણવતીએ કહ્યું

હંસીને શું વિચાર આવ્યો ? કોણ જાણે ! તે બોલી–" જવાદો, હમણાં તે વાત નહીં કહું મેં અદ્યાપિપર્યંત હેનો વિચાર કર્યો નથી " એમ કહી હેણે તે વિષય ટાળવાના હેતુથી કહ્યું,—"વિજળી જે અહીંથી લશ્કર સાથે ગઇ છે હેના તરફના કંઇ વર્તમાન છે કે ?"

હંસીએ પહેલા વિષયને કેમ ઉડાવી દીધો તે બાબત ત્રણે જણી-ઓને આશ્ચર્ય થયું પેલી બબડી,–'છોકરી શરમાળ દેખાય છે–'

"વાહરે હુંસી ! ચાલતી વાતને ફેરવી બીજી વાત શા માટે કહાડી વારૂ ?" જવાહિર બાઈએ પ્રશ્ન કર્યો

કર્ણવતીએ પુછ્યું,–' ત્હારા હૃદયમાં શાની કલ્પના ઉદ્દભવેલી હતી ? "

હુંસી ગંભીરતાથી બોલી,–"મ્હારા હૃદયમાં એક કલ્પના ઉદ્દભવી છે ખરી પણ મેં પોતે ત્હેના ઉપર બીલકુલ વિચાર કર્યો નથી મ્હારા મનને જ્યારે તે વિશે ખાત્રી થશે ત્યારે હું ત્હમને કહીશજ "

"વારૂ ત્હારે વિચાર કરીને કહે" કર્ણવતીએ કહ્યું પછી હુંસી કંઈ વિચાર કરવાને કોણ જાણે ત્યાંથી ઉઠીને ચાલી ગઈ

કોઈ પણ કંઈ બોલ્યું નહીં

થોડા વખત પછી પન્ના બોલી,–"ખરેખર ! વિજળી તરફથી આ દિવસમાં કંઈક સમાચાર આવ્યા નહીં" કર્ણવતી બોલી,–"હું પણ ત્હેનોજ વિચાર કરૂં છું ખરું પણ પન્ના ! કર્મચંદજીને બોલાવી લાવ જોઈએ વારૂ આજને આજ સર્વ સ્થળે પત્રો રવાના કરીદઈએ '

પન્ના ત્યાંથી ચાલી ગઈ.

જવાહિરબાઈ બોલી,–હુંસી વર્ણીજ શાણી અને ચતુર છે, આજે આપણને ત્હેના તરફથી કેટલી મદદ મળી છે ! '

"ત્હેમાં શું સંદેહ ? તે જે કંઈ બાતમી લાવી છે તે આપણને કેટલી ઉપયોગી છે ! પરંતુ જાઓ બિચારો સુલતાન ! ત્હેને લાગ્યું હશે કે, રૂમાની સ્હાયતાથી અનેક પ્રકારનાં કારસ્થાનો કરીને હું ચિત્તોડગઢને છેકજ ધૂળમાં મિલાવું, પણ ત્હેની સર્વ યુક્તિઓ ત્હેનેજ

બોધક થનાર છે અસ્તુ જવાહિર ! હેનો આપણે સંપૂર્ણ વિચાર કરી સારો બદલો મેળવવો જોઇએ વિજળી તરફથી ચાર દીવસથી કંઈ સમાચાર આવ્યા નથી તેથી ફિકર થયા કરે છે બાકી વિજળી તો ખરેખરી વિજળી (વિદ્યુત)જ છે. હેના પ્રતિથી કંઇ વર્તમાન આવશે એટલે હુ એક પત્ર પાડવી સુલતાનની સર્વ હકીકત હેને વિદિત કરીશ. સુલતાને પોતાની ફોજના ચાર ભાગ કર્યા છે ને ? વિજળીએ પણ તેમજ કરવુ-'

'વિક્રમાજીતની રીતભાત કેવી હશે હેની કોં'ને ખબર ? ' જવાહિરબાઇએ કપાળને સંકોચી કહ્યું.

'વિજળી હેને રસ્તા ઉપર લાવશે. અંદીશા પણ હેણેજ હેને બહાર પાડયો છે'

એટલામા એક દાસીએ આવી કર્ણવતીના હાથમા એક લખોટો આપ્યો. કર્ણવતીએ જોયુ તો અક્ષર વિજળીનાજ હતા હેણે દાસીને ત્હાંથી જવાની આજ્ઞા કરી દાસી ચાલી ગઇ કર્ણવતીએ લખોટો ફોડી અંદરનો પત્ર કહાડયો પત્ર ઘણોજ મ્હોટો હતો હેણે તદ ને અથથી ઇતિ પર્યન્ત વાંચ્યો, અને ચમત્કારિક મુદ્રાએ જવાહિર બાઇ તરફ જોવા લાગી જવાહિર બાઇને આશ્ચર્ય લાગ્યુ, તે પત્ર પ્રતિ જોતા બોલી,-"જીજી ! કોં'નો પત્ર છે અને હેની અંદર શા વર્તમાન છે ?"

કર્ણવતીએ ગંભીરતાથી કહ્યુ,—"વિજળી પ્રતિના વર્તમાન આવ્યા છે ?'

'જોઉં પત્ર—' જવાહિરે પત્ર લેવા હાથ લાંબો કરી કહ્યું.

કર્ણવતી બોલી,–'જવાહિર ! તું આ પત્ર વાંચીશ નહીં તારા મનને દુઃખ થશે'

જવાહિર બાઈને આશ્ચર્ય લાગ્યું અને તેણે કર્ણવતીના ચહેરો ઘણોજ ભયંકર લાગ્યો તે બોલી,–'મા કંઈ અનિષ્ટ થયું છે કે શું? અરરર ! રાજકુંવર, વિક્રમ સમાધીજ કંઈ હશે ખાતરી ? મને તે જોવા દે' એમ કહી તેણે ઝડપથી તે પત્ર કર્ણવતીના હાથમાંથી બળાત્કારથી ખુંચવી લીધો આવી રીતે બળાત્કાર તેણે કદાપિ કરી ન હતી પરંતુ આ વખતે તેના મનમાં પોતાના પુત્રના વર્તન બદ્દલ ગુસ્સો ઉત્પન્ન થયેલો હોવાથી તેનાથી આવું વર્તન થયું

જવાહિરબાઈએ તે પત્ર વાંચ્યો કર્ણવતીએ પણ તેને વાંચવા દીધો પત્ર વાંચી રહેતાંજ જવાહિર બાઈની મુદ્રા ક્રોધથી રક્ત વર્ણ થઈ ! તે પોતાનો નીચેનો હોઠ દાંત તળે દબાવતી બોલી–' જોયું, બહેન ! મેં તેને પ્રથમજ કહ્યું હતું કે આ દુષ્ટ મારું મોં કાળું કરશે તે વચન તેણે સત્ય કરી બતાવ્યું કે નહીં તે જો વિજયાને તેણે કેદ કરી છે ને ? ઠીક કર્યું નરાધમ! હિનાના તે ચડાવેલા ! તે વિના કારણ બાર વેઠ્યો ! આજે તેના આ બાયલા કૃત્યથી મારું મોં કાળું થયું અને સાથે તેનું પણ તેમજ થયું ! એટલુંજ નહીં પણ આપણા ગાદીના વંશનું અને સર્વ રજપુતોનું મોં કાળું થયું છે !'

પોતાના પુત્રનું આવું કૃત્ય જોઈ દુઃખથી અને ક્રોધથી બેભાન થયેલી જવાહિર બાઈ થર થર કંપવા લાગી તે ક્રોધથી સિંહણ જેવી ભયંકર થઈ ગઈ કર્ણવતી આ પ્રકાર જોઈ સ્તંભિત થઈ

થઈ ગઈ ! તેણે જવાહિર બાઈને પોતાની બાથમાં દબાવતાં કહ્યું,–
"જવાહિર ! શાંતથા–શાંત થા !"

જવાહિર તેના ગળામાં હાથ નાખી ક્રોધથી બોલી,–"હુ શાંત થઉં ? કેવી રીતે શાંત થઉં ? કેવી રીતે શાંત થઉં ? મ્હારો પતિ લડતાં મરણને શરણ થયો મ્હારા બાપનું પણ નામ સાંભળી મોટા વીર કંપતા હતા મ્હારા મમનગોનું શોર્ય હજુ પણ સમાજને વિદિતજ છે હું નિરાશ્ર હોઉં તો પણ એ વાતને મ્હારાથી વળાવા શક્તિમાન છું હું ત્રણ ચાર લોકોને એકલે હાથે પરાજિત કરી નાખું તેમ છું પરન્તુ મ્હારોજ આ દુષ્ટ પુત્ર શત્રુને સ્વાધીન થયો હતો–તેને હું શું ઉપમા આપું ? કહે ત્યારે વાત કે હવે મ્હારું મન કઈ રીતે શાંત થાય ?" જવાહિર બાઈના નેત્રોમાંથી અશ્રુપ્રવાહ ચાલવા માંડ્યો ! કર્ણવતી શું બોલે ? તે તેના મ્હો પ્રતિ જોવા લાગી ક્રોધનું પરિમાણ રડવાથીજ થાય છે જવાહિર બાઈ–તે વીર સ્ત્રી રડવા લાગી !

થોડા વખત પછી કર્ણવતી બોલી,–"જવાહિર ! આમ શું કરે છે થઈ ગયેલી વાતનો વિચાર કરવાથી શો ફાયદો ? નું સંતાન કમળ અને દિવાનું સંતાન કાજળ જ છે, એમ સાંભળ્યુંજ આવ્યું છે. શાંત થઈ જા કર્મચંદજી આવે છે. સર્વને આ પત્ર બતાવવાનો નથી" એમ કહી તેણે જવાહિરના આંસુ લૂછ્યાં કેટલોક વખત વીત્યા બાદ જવાહિર સાહેજ શાંત થઈ

થોડાજ વખતમાં સત્કારપૂર્વક પાસે પડેલા કોચ ઉપર બેસવાનું સૂચવ્યું કર્મચંદ ત્યાં બેઠો

કર્ણવતીએ પૂછ્યું,—"સુલતાન તરફના કંઈ સમાચાર મળ્યા કે ?"

"તે પોતાની ફોજ સાથે ત્હાંજ છે. હેનો શું વિચાર છે તે કંઈ સમજાતું નથી. બાકી તે કંઈ પણ કારસ્થાન રચે છે હેમાં કિંચિત માત્ર પણ સંશય નથી. નવીન બાતમી એજ છે કે હેણે મંદસોરના ઠાકોરને પકડી મંગાવ્યો છે, એવું સંભળાય છે."

બન્ને જણને આ સાંભળી આશ્ચર્ય થયું તે બોલીઓ,—"સુલતાને તેમ શા માટે કર્યું ?"

'કોને ખબર !'

'ઠીક—આપણો બંદોબસ્ત કેવી રીતે ચાલે છે ?'

'જે ફોજ છે તે તૈયાર છે. ધાન્ય પણ હવે લાંબી મુદત ચાલશે નહીં. બીજા માણસોની પણ જરૂર છે.'

'ત્યારે આપણા બાકિબદાને પત્ર લખો. અર્જુનસિંહ (કર્ણવતીના બાપ) તો પત્ર પ્હોંચતા તુરત આવશે. બુંદી, દેવળા, ઝાલાવાડ વિગેરેના ઠાકોર પણ સ્નામી છે."

'મેં એ આ સર્વને સુચના આપી દીધી છે—' કર્મચંદ બોલ્યો, 'તે વખતસર મદદે આવશેજ."

કર્ણવતી બોલી,—'પણ પુન: તેમને આજે પત્ર પાઠવી જલદીથી બોલાવવાને ? કારણ સુલતાનનો શો ભરોસો ?'

કર્મચંદ વિચાર કરીને બોલ્યો,—તે ખરું, પણ જો સર્વ અત્યારથીજ આવશે તો પછી હેમના ખાનપાનની વ્યવસ્થા આપણે કરવી પડશે કે નહીં ? અને સર્વને પ્હોંચી વળે એટલું ધાન્ય આપણી પાસે ક્યહાં છે ?'

'આ મ્હોટી પચાત છે ખરા—'

જવાહિરબાઇ વચમાંજ બોલી,—પરંતુ જેને આપણે બોલાવીશું ત્હેને અત્રેની ખરી સ્થિતિ દર્શાવીશું તો તે સ્વત:ના ખાનપાનની વ્યવસ્થા કરીનેજ આવશે. વળી જે કોઇ આવશે ત્હેમનું સગું — કોઇની બ્હેન, કોઇનો ભાઇ, તો કોઇનો ભત્રીજો અહીં હશેજ તેથી વિશેષ હરકત નહીં નડે"

જવાહિરના આ સમર્થક બોલોથી કર્મચંદને ઘણું કૌતુક લાગ્યું આખરે બીજી વાતચીત થયા પછી તેજ દિવસે દૂતો માર્ફત સર્વ મુખ્ય મુખ્ય ઠાકોરો તરફ અને સરદારો તરફ પત્રો રવાના કર્યા.

એકોનવિંશ પરિચ્છેદ.

સુલતાનનો નવીન દાવ.

વિજળીએ કરેલા વિચાર પ્રમાણે ત્હેના લશ્કરના પડાવની ખબર સુલતાન બહાદુરની મ્હેમજમાં આવી, અને બીજે દીવસે ત્હેણે પોતાના આઠ દશ ઘોડેસ્વાર તે છાવણીની ખબરો મેળવવા મોકલી દીધા તે સ્વારો તળાવના કિનારે બેઠેલા વિક્રમાજીતને પકડી લઇ ચાલ્યા જતા હતા એટલામાં વિજળી અને ત્હેના સિપાઇઓએ આવી વિક્રમાજીતને છોડાવ્યો એ હકીકત આગળ એક પરિચ્છેદમાં દર્શાવવામાં આવી છે તે સ્વારોએ વિજળીની પુઠ ન પકડી ત્હેનુ

કારણ એજ હતું કે વિક્રમાજીત નાસી છુટયા તો ભલે છુટયા પરંતુ આ બન્નેને (જંગીલાલ અને વિજયલાલ) તો સુલતાન બહાદુર પાસે લઇ જવાશે એવી તેમની પ્રતિજ્ઞા હતી વળી તેઓને ખબર હતી કે જો આપણે તેમની પુઠ પકડીશુ તો આ બન્ને પણ પલાયન કરી જશે આથી તેઓએ બન્નેને પકડી પોતાની કારણી પ્રતિકુત્ય કરી

આ તરફ વિજયસી જે લડાઇ દુશ્મનાન ઠાર કર્યા વિના પાછી ફરી તેનું કારણ એકતો ફક્ત તેની પ્રતિજ્ઞા વિક્રમાજીતના મુક્ત કરવાની હતી. અને તે તો સંધ્યા માંથી પલાયન કરી ગયા, બીજું તેને અને તેના સિપાઇઓને દુશ્મનના આઠ માણસો સાથે લડવું ભારે હતુ, તે તે જાણતી હતી ત્રીજુ વિક્રમાજીતની નામર્દાઇથી તેને અપ્રતિમ ક્રોધ ઉપજ્યા હતા અને આટલા સઘળા કારણાને લઇનેજ તે પોતાના સિપાઇઓ સાથે ભાગે ઝપાઝપીમાથી પલાયન કરી ગઇ પોતાનો પક્ષ તેઓ લેશે નહીં એવી પણ તેને ખાત્રી હતી. અસ્તુ.

તેજ દિવસ સાયકાળે જંગીલાલ અને વિજયલાલને સુલતાન આગળ ઉભા કરવામા આવ્યા, અને ઝપાઝપીની સર્વ હકીકત નિવેદન કરવામાં આવી સુલતાને તે સર્વ લક્ષપૂર્વક સાંભળી લીધુ, અને પછી ક્રોધથી કહ્યુ,—"બદમાશોને આવતી કાલે સવારે તોપને ગોળે ઉડાવી દો."

સુલતાનના મહોઢાના આ શબ્દો સાંભળતાજ તે બન્નેના પ્રાણ ઉડી ગયા તેઓ હાથ જોડી દીન મુદ્રાથી બોલ્યા.—'ગરીબ પરવર—"

"જાવ-જાવ' સિપાહી સૈનિકો લે જાવ" સુલતાને કહ્યું

નોકર ત્હેમને લઇ ગયો

રૂમી સુલતાન પાસેજ બેઠા હતો તે બોલ્યો "ત્હારે શું, ત્હમે આમને તોપને ગોળે ઉડાવી દેશો?'

'હેમા શો સંશય-હરામખોરોએ આપના ચાર લોકોને મારી નાખ્યા" સુલતાન સંતાપથી બોલ્યો.

સુલતાનના આ સંતાપ ઉપર રૂમી હસ્યો તે જોઇ સુલતાને પૂછ્યું -' કેમ? હસવાનું શું પ્રયોજન?'

રૂમી હસતા હસતા બોલ્યો -'જે થયુ તે સર્વ લાભ પ્રદજ થયુ છે એમ ત્હમને નથી લાગતુ શું? આ બન્ને કેદીઓને એકદમ તોપને ગોળે ઉડાવી દેવા કરતા ત્હેમની પાસેથી આપણે કંઇ કાર્ય ભાગ સાધીશું એમ ત્હમને નથી લાગતું કે શું?

"એમની પાસેથી શું ફાયદો થશે વારૂ?"

"ત્હમને તો એમજ લાગે છે કે શત્રુ તરફનું કોઇ પણ માણસ ઉપયોગીજ નથી મ્હારા વિચાર તેથીજ વિરોધીજ શત્રુ પ્રતિનો કોઇપણ મનુષ્ય આપણા હાથમા આવે તો ત્હેના તરફથી આપણને શત્રુના સૈન્યની સર્વ છુપી હકીકત જાણવાનો પણ લાભ મળે"

સુલતાન આશ્ચર્યથી બોલ્યો -"ત્હમે શું કહો છો, મ્હને બરોબર સમજ પડતી નથી"

રૂમી શાંતતાથી બોલ્યો,-'આ કેદી આપની પાસે આણવામા આવ્યો છે ખરો પણ ત્હેને ક્યાંથી આણવામા આવ્યો? ને આટલા દિવસ ક્યાં હતો? ત્હેનો ધંધો શું છે? શત્રુ સાથે ત્હેને શો સંબંધ છે એ સર્વ બાબતની આપે કંઇ તપાસ કરી છે?'

રૂમી મુસ્તફાનું ઉપરોક્ત કથન સાંભળી સુલતાનને આશ્ચર્ય લાગ્યું રૂમી મ્હોટો યુક્તિબાજ પુરુષ છે મ્હેં જે બે કેદીને તોપને ગોળે ઉડાવી દેવાની સજા કરી તે આને પસંદ પડ્યું હોય એમ લાગતું નથી, ઇત્યાદિ વિચાર સુલતાનના મનમાં આવ્યા તેથી તે બોલ્યા,–"પરંતુ આ બે કેદી તરફથી આપણને શું લાભ સાંપડવાનો છે?"

"અલબત્ત આ બે પૈકીનો એક પણ ચિતોડગઢમાં રહેલો હશે તો ત્હેને આપણે જીવનદાન આપવાની લાલચ આપી ત્હેની પાસેથી સર્વ બાતમી કઢાવી લઇશું રાજ તરફના કયા સરદારોની વિશેષ બીક છે? ચિતોડગઢ ઉપર કેટલી ફોજ છે વિગેરે બાબતો તેઓ જ્યારે આપણને કહેશે ત્યારે તેઓ આપણને કેટલા બધા ઉપયોગી થઇ પડશે"

"ત્યારે શું ત્હેમને હમણાંજ આપણી હજુર બોલાવું?"

"ના હવે હમણાં નહીં" રૂમી વિચાર કરી બોલ્યો,–"ત્હેમના હૃદયમાં ત્હેમના જીવન વિશેની જે ચિંતા ઉદ્ભવી છે તે ઠીકજ થયું છે આજ રાત્રે હું ત્હેમની પાસે જઇ ત્હેમને ગુપ્તજ આશા આપીશ તેટલે ત્હેમનું મન આપને અનુકુળ થશે વળી સવારે એવી યુક્તિ લડાવવી કે ઠરાવ્યા પ્રમાણે તોપને ગોળે ઉડાવી દેવાની સર્વ તૈયારી કરવીજ, પરંતુ તે વખતે હું આપને પ્રાર્થના કરૂં એટલે આપે ત્હેમની શિક્ષા માફ કરવી, પછી ત્હેમનો મ્હારા ઉપર વિશ્વાસ બેસશે તથા તેથી કરીને આપણને ઉપયોગી માહિતી પણ મળશે."

રૂમીની યુક્તિ સાંભળી સુલતાન બહાદુરને આનંદ થયો તે બોલ્યો,–"આ મ્હારી માટે સર્વ કંઇ–જે કરવું હોય તે ત્હમારી ઇ...

ચ્છાનુસાર કરી જે લાભપ્રદ લાગે તે કરો ત્હમને પૂર્ણ સત્તા છે"

'હવે એક વાત એ ધ્યાનમાં રાખવા જેવી છે કે તે બન્નેને એક ઠેકાણે કેદ કરવાં નહીં.''

સુલતાને કહ્યું,-''ત્હમે જઇને તે વ્યવસ્થા કરો. સુલતાનનો ઉત્તર સાંભળી રૂમી ચાલ્યો ગયો

આ તરફ વિજયલાલ, અને જંગીલાલને યોજનાનુસાર જૂદે જૂદે સ્થળે કેદ કરવામાં આવ્યા બન્ને જણ પોતાનો મૃત્યુકાળ સમિપ આવેલો જાણી ઘણાજ ગભરાઇ ગયા હતા. બન્નેના મનમાં એમ લાગ્યુ કે આપણે પણ વિક્રમાજીતની માફક પલાયન કરી ન ગયા તે મ્હોટી મુર્ખામી કરી છે. પરંતુ હવે તેવા વિચારથી શું ફાયદો !

સંધ્યાકાળ થતાંજ બન્નેને સીધુ મળ્યુ. બન્ને જણ ઇશ્વર ઉપર વિશ્વાસ રાખી સ્વયપાક બનાવી ભોજન કર્યું. રાત્રે દશ વાગવાના સુમારમાં રૂમી વેશ બદલી પ્રથમ જંગીલાલ પાસે આવ્યો. " કેમ ઉંઘ આવી છે કે ?" રૂમીએ દ્વાર આગળથી પુછ્યુ. તંબુમાં અંધારૂ હતું. જંગીલાલ વિચાર વમળમાં ગોથા ખાતો હતો. તે ઉઠીને બેઠો થયો. ત્હેણે પૂછ્યુ,-' કોણ છે ?"

" બહાર આવ—"

જંગીલાલને આશ્ચર્ય અને ભ્રાતિ લાગી આ કોણ હશે ? આપણને શા માટે બોલાવતો હશે ? શુ મ્હારો છુટકો કરવાને તો નહીં આવ્યો હોય ? એવો આશાજનક વિચાર પણ ત્હેનાં મનમાં આવ્યો

" અરે થોડો વખત બહાર આવ—ત્હારા ફાયદાનીજ એક વાત કહેવાની છે."

જંગીલાલની આશા વધવા લાગી ને ધીમેથી ઉઠીને બહાર આવ્યો. રૂમીએ આખા શરીરે કાળો પોષાક પહેર્યો હતો જંગીલાલને બહાર આવેલો જોતાંજ રૂમી બોલ્યો,–"આવ્યો આવ ગભરાઇશ નહીં, હું ત્હારૂ રક્ષણ કરીશ."

બન્ને જણ તંબુની બહાર આવીને બેઠા કૃષ્ણપક્ષના દિવસોની શરૂઆત હોવાના કારણથી ચંદ્રનો ઉદય થવાને હજુ વિલંબ હતો. તો પણ ચહેરો ઓળખી શકવા જેટલો તારાનો પ્રકાશ પડતો હતો રૂમી ધીમેથી બોલ્યો,–" કાલે ત્હમને તોપને ગોળે ઉડાવી દેવાનો હજુર હુકમ થયો છે."

જંગીલાલે કહ્યું,–" જેવું મ્હારૂ નશીબ ! બાકી મ્હે કંઈ કોઈનું બગાડ્યું નથી."

" ત્હમારે કોઇને કંઇ સંદેશો કહાવવાનો છે ?

" હવે હમારી મદદે કોણ આવે તેમ.છે ? જ્યહાં નશીબજ ફર્યું ત્યહાં કોઈ શું કરે ?

ઇશ્વરના ઘરના ખેલ જન શું કરશેરે ?
પ્રભુ પુરે જેવું તેલ તેવા દીપ બળશેરે.

(ત્રિપાઠી)

" ત્હારે ઉગરવાની ઇચ્છા છે ?"

'એ શું પુછો છો? મ્હારાજ' મરવાનુ ત કાઇને ગમતુ હશે?"

"ત્હારે જીવન રક્ષણાર્થે પ્રયત્ન કેમ કરતો નથી."

"હમારૂ ગરીબનુ કોણ સાભળે?"

"હુ ત્હને બચાવુ તો?"

"મહારાજ' આપનો ઉપકાર જન્મોજન્મપર્યંત બીલકુલ વિસરીશ નહીં. હુ આપને પગે પડુ છુ, મ્હારી વિનતી લક્ષ્યમા લ્યો ને મ્હને જીવનદાન અપાવો–" એમ કહી, જગીલાલ રૂમીને પગે પડયો

રૂમી ત્હેનો હાથ ઝાલી ત્હેને ઉઠાડતો બોલ્યો,–"ઉઠ ઉઠ, મ્હારાથી બનશે તેટલો પ્રયત્ન કરીશ." જગીલાલ ઉઠયો એટલે પાછો રૂમી બોલ્યો,–"જે હુ કહુ તે ઉપર ખુબ ધ્યાન આપ' આવતી કાલે સવારે જ્યારે ત્હમને તાપને ગોળે ઉડાવા લઈ જાય ત્યહારે સુલતાન ત્યહાં બેઠા હશે ત્હેમને ત્હારે કરગરીને કહેવું કે,–"ગરીબપરવર' હમને વિના કારણ શા મારે શિક્ષા કરો છો?" પછી મ્હારો એક મિત્ર સુલતાન સાથે છે તે ત્હમારો પક્ષ લેશે. વારૂ આજે ચિતોડગઢથી ફોજ આવી ત્હેનો સેનાધિપતિ કોણ છે? ફોજ કેટલી છે? ત્હને ખબર તો હશેજ."

જંગીલાલ ઘણો ધૂર્ત હતો રૂમીના પોતાની સાથેના કથનથી ત્હેને પોતાની સ્થિતિ કેવી ભયકર અવસ્થામા છે તે ખબરજ હતી. અને ત્હેણે વિચાર્યુ કે જો આવા વખતે આપણે કઈ પણ માહિતી

આપીશું નહીં તો આપણો પ્રાણ બચશે નહીં. હેને જો કે ખરી રીતે વિશેષ માહિતી ન હતી તો પણ આસપાસ દૃષ્ટિ કરી ગંભીરતાથી અને ધીમેથી તે બોલ્યો;—"તમારા સુલતાનની ફોજથી તે વિશેષ નથી. તો પણ ડુંગર આગળ હોવાથી તમને તે ભારે પડશે તમે એક કામ કરો."

'શું કામ કરવું?'

'આ રજપુત ફોજનું સર્વ મૂળ વિજળી નામની એક યુવાન બાળા છે હેને જો તમે પકડી મંગાવશો તો બધું કાર્ય તમારા લાભમાં થશે. અને જો મ્હને બચાવશો તો હું તમને સારો ઉપયોગી થઈ પડીશ.'

રૂમીને એટલુંજ જોઇતું હતું. તે બોલ્યો,—"હું જોઇશ." એમ કહી તે ત્હાંથી ચાલ્યો ગયો. તે સ્વગત બોલ્યો,—"આ વિજળી સબંધી હું જ્હેના ત્હેના મ્હોઢેથી સાંભળું છું. બસ, ગમે તેમ કરી કાલેને કાલેજ ત્હેને પકડી મંગાવું. જોઉં તો ખરો કે તે વીર સ્ત્રી કેવી છે?

પછી તે વિજયલાલ પાસે ગયો. જંગીલાલ પ્રમાણેજ ત્હેની સાથે પણ ત્હેણે વાત કરી, તે ઉપરથી જંગીલાલ જેટલો ઉપયોગી થઇ પડશે તેટલો આ થનાર નથી. એવી ત્હેની તેજ વખતે ખાત્રી થઇ. તે ત્હાંથી પણ પાછો ફર્યો. પોતાના તંબુ પ્રતિ જતાં જતાં તે બોલ્યો,—સર્વ ઠીકજ થયું. પેલો (જંગીલાલ) આપને ઘણોજ ઉપયોગી છે. એ વિજળી આવશે કે તે પોતે સ્હમજશે તો ઠીક છે નહીં તો આ બીજાને (જંગીલાલને) ત્હેની સમક્ષ તોપને મોઢે

ઉડાવી દઇશું. અને ત્હેને પણ તેવી સજા ફરમાવીશું એટલે જીવન રક્ષણાર્થે તે આપણી થશેજ ખરૂ સાર્થક ત્હારૂંજ થશે.

વિંશ પરિચ્છેદ,

રૂમીની રાણી.

મનુષ્યની ઇચ્છા શક્તિ કયે પ્રસંગે અને કયા કારણે એકા એક પ્રજ્વલિત થશે હેનો કંઇ નિયમ નથી. રૂમીએ વિજળી સંબંધી ઘણી ચમત્કારિક હકીકત સાંભળી હતી. પરંતુ જગીલાલના મ્હોડેની ત્હેનુ વર્ણન સાંભળતાંજ ત્હેની ઇચ્છાશક્તિ એકદમ પ્રજ્વલિત થઇ આવી. વિજળીને પોતાની અર્ધાંગના બનાવવાનો ત્હેણે દૃઢ નિશ્ચય કર્યો. અને તેથી ત્હેણે ચાર ધુર્ત તથા વિશ્વાસુ સ્વારો પાસે પોતાની ભાવી રાણીને માટે એક સુંદર તખ્ત તૈયાર કરાવ્યો, અને તે પોતાના સિપાઇઓની રાહ જોતો બેઠો તે ઘણોજ ધુર્ત, કારસ્થાની, ઉંડી કલ્પના શક્તિવાળો અને સુખ દુઃખથી વિચલીત થાય નહીં એવો હતો, તો પણ સિપાઇઓ ક્યહારે આવે અને હું પ્રેમ દેવી વિજળીને ક્યહારે નિહાળું, એવી ત્હેની પ્રબળ જીજ્ઞાસા હતી. પોતાના મનની આવી અધીરતા જોઇ ત્હેને ઘણું આશ્ચર્ય લાગ્યું. તો પણ ત્હેણે પોતાની અધીરતા બહાર દર્શાવી નહીં. અસ્તુ.

દૈવયોગે તે દિવસે રાત્રે આઠ નવ વાગવાના સુમારમાં ત્હેના સિપાઇઓ એક તરૂણ અને સુંદર સ્ત્રીને લઇ આવ્યા ! તે સ્ત્રી અવગુંઠિતા હતી રૂમીએ પોતાની તીક્ષ્ણ નજરથી ત્હેની અવગુંઠન યુક્ત મુદ્રા પ્રતિ દૃષ્ટિ કરી, જો કે ત્હેની મુદ્રા કે બીજા અવયવો સ્પષ્ટતાથી દેખાયા નહીં તો પણ તે અવગુંઠનની અંદર એક સુંદર રમણી રત્ન છુપાયલુ છે એવુ ત્હેના શરીરના સુંદર બાંધા ઉપરથી લાગ્યુ. રૂમીની એ વૃદ્ધ દાસી ત્હેની તહેનાતમા રાખવાને માટે તૈયાર રાખી હતી. ત્હેની તે દાસીને સ્વાધીન કરવામા આવી રૂમીએ પોતાના સિપાઇઓને યોગ્ય બક્ષિસ આપી વિદાય કર્યા, અને તે વિજળીના આગમનના સમાચાર સુલતાનને આપવા ગયો

આ તરફ તે દાસી સુંદરીને લઈ દરવેશના ખાસ તંબુમા ગઈ તંબુની અંદરની વ્યવસ્થા ઘણીજ મનમોહક હતી. આવનાર સુંદરીએ પોતાનો બુરખો દૂર કર્યો ! દાસીએ જોયુ તો, અઢાર વર્ષની પૂર્ણ વયમા આવેલી કે જેને સ્યામાંગી સંબોધી શકાય તેવી એક યુવાન સ્ત્રી તે હતી ! ત્હેનો વર્ણ શુભ્ર હતો એના ઉજ્વળ અંગમા એક પણ વ્યંગ દ્રષ્ટિગોચર થતુ નથી મુખમંડળ કોમળ તથા રમણિય છે અધર રક્તવર્ણ તથા પાતળા છે આ વખતે ત્હેની મુખ મુદ્રા કિંચિત ઉદાસ હતી અને તે ઉદાસિનતાનુ કારણ પણ સ્પષ્ટ હતુ. કારણ તે બંદિવાન હતી ! એ દાસીઓએ ત્હેની યોગ્ય પ્રકારે સેવા કરવી શરૂ કરી. તંબુની વ્યવસ્થા અને દાસીઓની સેવા જોઇ તેને આશ્ચર્ય લાગ્યુ, અને આનંદ પણ થયો તે ચકિત મુદ્રાથી તંબુમા સર્વત્ર જોવા લાગી એક બાજુએ સુવાને માટે સુંદર પલંગ, ત્હેની પાસેજ પાનપટ્ટી ખાવાનો સામાન, બીજી

બાજુએ ભરત કામ કરેલા સુંદર કોચ, જમીન ઉપર ઉત્કૃષ્ટ ગાલીચો અને તંબુની જમીન ઉપર બીછાવેલ સુદર ગાલીચા જોઇ રાજ વિલાસી ઠાઠ જોઇ ત્હેને સહુ ચમત્કારિક લાગ્યુ, તે સાથે આનંદ સૂર્યના કિરણો પણ પ્રકાશમાન થયા. એક મ્હોટા ટાટમાં દાસી ઉપહારનો સામાન લાવી અને ઘણાજ આદરથી ત્હેને ઉપહાર માટે બેસવા વિનતી કરી તે પણ કંઇ ન બોલતાં ઉપહારાર્થે બેઠી. ઉપહારના સર્વ પદાર્થો ઉત્તમ હતા દાસી તથા સુદરીમાથી કોઇએ વાતચીત કરી નહીં. સુન્દરીની મુદ્રા ઉપરનો આન દ દાસીની જાણ બહાર ન હતો છતાં તે ચુપજ રહી. ઉપહાર પૂર્ણ થયા બાદ એક દાસીએ ત્હેને પાન બીડુ કરી આપ્યુ. સ્વત ના ઘરમા હોય તેવી રીતે સુંદરી વિશેષ હાવભાવ કરતી કોચ ઉપર જઇ પડી. એક દાસી ત્હેની સેવામા રહી અને બીજી ઉચ્ચિષ્ટ વાસણો સાફ કરવામા રોકાઇ.

ઘણો વખત તે કોચ ઉપર વિચાર કરતી પડી રહી પરતુ તે શુ વિચાર કરતી હતી તે ઇશ્વર જાણે ! એક દાસી હલકેથી બોલી, આપની નિદ્રાધીન થવાની ઇચ્છા હોય તો પલગ ઉપર પોઢી જાવ.

દાસીનુ તે વિનતીપૂર્વક બોલવુ સાભળી ત્હેને ઘણો આનદ થયો તે પલગ ઉપર મૃદુશય્યામાં જઇને પડી દાસી તરફ જોતા તે બોલી.—" પખો વિગેરે કઇ નથી કે શુ ?"

દાસી ઉઠીને મયુરના સુંદર પીછાંવાળો એક મોહક પંખો લઇ આવી અને ત્હેને ધીમે ધીમે પવન નાખવા લાગી. ઉંઘ આવી કે જાણી જોઇને ઇશ્વર જાણે ત્હેણે પોતાનાં નેત્રો બધ કર્યા, અને સ્વસ્થ પડી રહી. દાસી પવન નાખતીજ હતી. બીજી દાસી પોતાનુ

કાર્ય પરવારી ત્હાં આવીને બેઠી. તે સુંદર સ્ત્રીને નિદ્રા આવી છે એમ સમજી તેઓ બન્નેએ ધીમે ધીમે વાત કરવા માંડી. એક બોલી,-" છોકરી ઘણી સુંદર છે નહીં વારૂ ?"

" ત્હેનું નામજ જ્યહાં વિજળી છે તો પછી તો કયેમ સ્વરૂપવતી ન હોય ?"

ખરી રીતે જોતાં તે સુંદરી જાગતીજ હતી. ને 'વિજળી' એ નામ સાંભળતાંજ ચમકી અને પોતાનાં નેત્રો સ્હેજ સ્ફુર્યાં પરંતુ દાસી પોતાના બોલવાના નાદમાં હતી તેથી તે આ સમજી નહી તે બોલતીજ હતી.

' અહીંઆ લાવ્યા બદલ ત્હેને વિશેષ દુઃખ થયલુ દેખાતું નથી ? "

" વાહરે વાંડી ' દુઃખ થાય એવુ શું છે જે ? રાજાની રાણી જેવી તો ત્હેની સ્વાગતા થાય છે.

" રાણી સરખી કેમ ? છે સ્વતઃજ હવે તો રાણી થનાર છે ને?"

દાસીનુ આ કથન સાંભળતાંજ તે સુદરી ચમકી અને એકદમ પથારીમાં બેઠી થઇ ત્હેણે તે દાસીને પ્રશ્ન કર્યો,-' તમે શુ કહો છો?" તે બન્ને દાસીઓ ચુપ થઇ ગઇ-ઓશિયાળીઓ થઇ ગઇ. તેઓ કઇ પણ ન બોલતાં નીચું જોવા લાગી. તે સ્ત્રીએ એક વખત ત્હેમની મુદ્રાપ્રતિ જોયુ અને પછી કહ્યું,- ' ઘણો વખત વીતિ ગયો છે, તમે સુઇ જાઓ."

દાસી નમ્રતાથી બોલી;-" જેવો હુકમ. પણ આપ હમારા ઉપર ગુસ્સો ન કરશો. હમે તો આપની દાસીઓ છીએ સહજ

વાત કરતાં હતાં. હમે અહીંયાજ પેલી તરફ સુઇ જઇશું. આપને કંઇ જોઇએ કરે તો" દાસીની નમ્રતા જોઇ પુનઃ હેના આરક્ત ઓષ્ઠપર હાસ્ય રમવા લાગ્યું તે બોલી,–" વારૂ જાઓ હમે સુઇ જાઓ"

દાસી તંબુના દ્વાર નજીક જઇ બન્ને બાજુ બન્ને જણુ સુઇ ગઈ.

તે સુંદરી પણ મૃદુશય્યા ઉપર પોતાનો કોમળ દેહ નાંખી અસ્પષ્ટ સ્વરે બોલી;–" હું રાણી થઇશ ? કો'ની રાણી ? વાહ ! આવું સુખ રોજ મળે તો પછી બીજું શું જોઇએ ?" હેણે સ્મિત કર્યું એકાદ ધનલોભી માણસને એકાદ ધનનો ખજાનો પ્રાપ્ત થાય ને જેવો આનંદ થાય તેવાજ પ્રકારનો આનંદ હમારા આ નુતન સ્ત્રી પાત્રના મુખ ઉપર દેખાવા લાગ્યો" અસ્તુ.

પ્રાત:કાળ થયો. તે સુંદર સ્ત્રી ઉઠી. હેની ખિદમતમા રહેનારી દાસીઓ ત્હાં હાજરજ હતી હેણે હેને સલામ કરીને પૂછ્યું,–"રાત્રે નિદ્રા તો સારી રીતે આવી હતી ને ?

સુંદરીએ સહાસ્યમુદ્રાથી સલામ ગ્રહણ કરી, પછી તે પ્રાતર્વિધિ કરવાને તૈયાર થઈ.

પ્રાતર્વિધિ પૂર્ણ કરી તે પુન: પોતાના ઠેકાણે આવી દાસીએ હેની આગળ ચાંદીના પ્યાલામાં ગરમ કરી મસાલો નાખેલુ દૂધ આણ્યું તે દૂધ પીતી હતી એટલામાં બહાર કોઇના પગલાનો અવાજ સંભળાયો સુંદરીએ દાસીને હુકમ કર્યો,–"બહાર કોણ છે તે જો જોઉં વારૂ ?"

હેની આજ્ઞાનુસાર દાસી બહાર ગઇ અને પુનઃ તરતજ પરત આવી બોલી;–"જેને ઘેર આપ આવ્યાં છો, તે બહાર ઉભા છે, અંદર આવવા દઉં?"

સુંદરીનું હૃદય કંપિત થયું, નેત્રોની ચંચળતા વધી તો અસ્પષ્ટ સ્વરે બોલી,–"કોણ છે તે? બહાર આવીને શા માટે ઉભા રહ્યા છો?'

"ત્યહારે ત્હેમને અંદર બોલાવુને ?" દાસીએ પૂછ્યું,

ના' કહેવાનું ત્હેના ઓષ્ઠ ઉપર આવી રહ્યું હતું. પરંતુ તે શબ્દ બહાર પડ્યો નહીં, તેથી દાસીને લાગ્યું કે ત્હેની અનુમતિ છે, તેથી તે બહાર જઇ રૂમીને અંદર બોલાવી લાવી પડદો એક બાજુએ કરી રૂમી અંદર આવ્યો હહદ્દાફના સમયનો પોષાક ત્હેણે પરિધાન કર્યો હતો ત્હેની તે વખતની એકંદર રીતભાત વિશેષ ચિત્તાકર્ષક હતી ત્હેને જોતાજ તે ઉઠીને ઉભી થઇ રૂમીએ ત્હેની આગળ આવી અદબથી સલામ કરી અને કહ્યું,–"રાત્રિ સુખમા વ્યતિત થઇ ને?"

સુંદરીને કંઇક આશ્ચર્ય લાગ્યું ત્હેણે એક વખત ત્હેના તરફ જોયું અને નીચી દૃષ્ટિ કરી બોલી,–

"મ્હને અહીં શા માટે આણી હતી?" સુંદરીએ પ્રશ્ન કર્યો.

રૂમીએ પ્રેમ પૂર્વક પૂછ્યું,–"અહીં તમારે માટે તમને ચિંતા શા માટે થાય છે? શું તમારી સેવામાં કંઇ ઓછું પડે છે?

"તેવું તો કંઇજ નથી–" સુંદરીએ પ્રત્યુત્તર આપ્યો-

ત્યહારે તમને એટલુંજ કહી મૂકું છું કે અહીંઆ તમને કોઇ પણ પ્રકારની હરકત પડનાર નથી. જોઇએ તેટલું સુખ તમને મળશે વિશેષ હકીકત સંધ્યા કાળે સ્વસ્થતાથી કહીશ વારુ ત્યહારે હવે હું જાઉં ?"

"કામ હશે—"

તે ઉત્તર સાંભળી રૂમી મનમાં બોલ્યો,–"હુ અહીં બેસી રહું એવી ત્હેની જીજ્ઞાસા છે. પરંતુ ત્હેને કામ વિશેષ હોવાથી ચાલ્યો ગયો.

રૂમીના ગયા પછી સુંદરી એક કોચ ઉપર બેસી સ્વતઃ બોલી "આજે સંધ્યા કાળે મ્હારૂં નશીબ કેવુ છે તે સમજાશે તે મ્હારા ઉપર મોહિત છે, ત્હેને મુઠીમા લેતા વાર લાગશે નહીં" એમ સ્વતઃ બોલી• ને કિંચિત્ હસી.

બીજા પ્રહરનું ભોજન લીધા બાદ દાસીએ વિવિધ પ્રકારના કિંમતી વસ્ત્રો, સોનાના, મોતીના આભુષણો આણી ત્હેની આગળ મૂકયા."

સુંદરીના નેત્ર આશ્ચર્યથી અને હર્ષથી વિસ્ફુરિત થાય ને અલંકારોનું પરીક્ષણ કરવા લાગી વચમા વચમાં તે દાસીને પણ પૂછતી હતી,–'આ સાડી ઉતમ છે નહીં વારૂ?"'

આ કાચળી ત્હને કેવી દેખાય છે? આ દાગીના મ્હને પસંદ નથી' આ કંઇક ઠીક છે?' ઇત્યાદિ બોલ ઉપરથી—હાવભાવ ઉપરથી મનુષ્યસ્વભાવ ઓળખી શકવાની જો તે દાસીને માહિતી હોત તો તે ત્હેને છેકજ હલકા હૃદયની અને લોભી ઠરાવત

આખરે ત્હેણે ત્હેમાથી ઉત્તમ પ્રકારના વસ્ત્રાભુષણો પરિધાન કર્યા.' અલંકારોને પણ સ્થાન આપ્યુ. બાકીના વસ્ત્રાલંકાર તથા આભુષણો દાસી લઇ ગઇ.

સંધ્યાકાળ થવા આવી, તે વખતે બીજી એક બે દાસીઓ આવી મધળીઓએ મળી નખુને વિશેષ શણગાર્યો સુંદરી આ સર્વ

પ્રકાર જોઇ રહી હતી. મનમાંને મનમાં તે ઘણીજ ખુશ થતી હતી.

સૂર્ય આથમ્યો. દાસીઓની ઘણી ધાંધળ ચાલી; કારણ યદ્યપિ ઘણું કાર્ય બાકી રહ્યું હતું. "ત્હેમના આવવાની વખત થઇ છે." એમ કહેતી દાસીઓ વિશેષ ત્વરાથી કામ કરતી હતી.

દાસીઓએ સર્વ કાર્ય સંપૂર્ણ કર્યું. સઘળી તૈયાર થઇ ગઇ; એટલામાં એક દાસીએ રૂમીના આવ્યાના સમાચાર આપ્યા. એક દાસી સિવાય બીજી બધીઓ ત્હાંથી ચાલી ગઇ રૂમી અંદર આવ્યો. આ વખતે ત્હેણે ઉત્તમ પ્રકારનો રજપુત યુવકનો પોષાક પહેર્યો હતો. સુંદરી લજ્જા વશ થઇ ઉભી રહી. જે કોચ પાસે તે ઉભી હતી તેજ કોચ ઉપર રૂમી બેઠો અને સહજ બોલ્યો,–"શું અહીં બેસવું નથી કે ?"

ઘણા વખત સુધી કોઇ કંઇ બોલ્યું નહીં. રૂમીએ આસપાસ જોયું. એકજ દાસી એક બાજુ ઉભી રહી આ બન્ને તરફ કૌતુક મય દૃષ્ટિથી જોઇ રહી હતી. રૂમીએ ત્હેને જવાની આજ્ઞા કરી. દાસી ત્હાંથી ચાલી ગઇ પછી રૂમી સુન્દરી પાસે જઇ બોલ્યો;— "વિજળી અહાહા ! ત્હારૂં નામ કેવુ રમણિય છે, ખરેજ વિજળી ! ત્હારા રૂપની અને ગુણની પ્રશંસા સાંભળીનેજ મ્હેં ત્હને અહીં પકડી મંગાવવાનો અપરાધ કર્યો છે. પરંતુ તે બદલ તું ક્ષમા કર અને મ્હારા સર્વસ્વની તું અધિકારિણી થા. મ્હારી પાસે અતુલ સંપત્તિ છે હોજ છે. તું પ્રસન્ન થા. મ્હારા આનંદનેં વર્ધિત કર."

કહેવાનું તાત્પર્ય એટલુંજ કે તે સુંદરી રૂમીની રાણી થઇ ! પરંતુ શું આ વિજળીજ છે કે !

એકવિંશ પરિચ્છેદ.

અતિથિયોની યોજના.

સુલતાન બહાદુરની સ્વારીની વાત સહજમાં આવતાજ ચિતોડગ'ની પ્રત્યેક વ્યક્તિને ચિંતા ઉદ્‌ભવી હતી. રાજ્યતંત્રનો સર્વ ભાર કર્ણવતી, જવાહિરબાઇને કર્મચંદ એ ત્રણના ઉપર હતો. ચિતોડગઢના સંરક્ષણાર્થે તેઓ રાત્રિ દિવસ વિચાર કર્યા કરતાં હતાં. વિક્રમાજીતની મૂર્ખતા, સૈન્યની બરોબર બંદોબસ્તની વ્યવસ્થા નહીં, ધાન્યનો પણ પુરતો જથો નહીં, ભિલાવસિંગ સરખો જાતભાઇ સુલતાન સાથે સામેલ થયો તે, સુલતાનની પ્રચંડ સેના આ સર્વ બાબતોના વિચાર કરતાં ત્હેમને ભય લાગી આવતું. વળી આવી વખતે કો'ને મદદે બોલાવવા? તે પૈકી કોણ કોણ આવશે? ત્હેમની મદદથી ફાયદો થશે કે નહીં? ગઢનો નિભાવ કેવી રીતે ચાલુ રહેશે? એવા પણ વિવિધ વિચારોમાં ઉપરોક્ત ત્રણે વ્યક્તિ ઉપરાંત હંસી પણ નિમગ્ન રહેતી હતી.

આજે સર્વનાં મન આનંદિત જણાય છે! ગઢ ઉપર આજે સર્વત્ર આનંદનું સામ્રાજ્ય સ્થપાયલું જોવામાં આવે છે. સર્વના મુખમંડળ ઉપર તેજ ચમકી રહ્યું છે. સર્વના હૃદયમાં આશાજનક વિચારો ઉદ્‌ભવતા હતા અને તેઓને ભવિષ્યકાળ રમણિય લાગતો હતો. એકાએક શોકની જગ્યાએ આનંદને ક્યાંથી સ્થાન મળ્યું

વારૂ ? પ્રિય પાઠકો ! ચાલો. આપણે હેમના આજના અનહદ આનંદનું કારણ તપાસીએ

ગજ મહેલમાં કર્ણવતી જવાહિરબાઇ, હુમી અને પન્ના એ ચારે જણ કંઇક વિશેષ મહત્વની વાત કરતા બેઠા હતા ને ચારેમાં હુમીજ તરૂણ અને અલ્પવયી હતી તો પણ ચિતોડગઢના રક્ષણાર્થે હેણે જે કામ કર્યું તે લેઇ સર્વને હેના શાણપણની અને દૂરદર્શિત્વની સારી ઓળખ પડી હતી તેટલા માટે આવેલા સંકટ માટે જે કંઇ મસલત કરવામાં આવતી હેમાં હુમીની સલાહ લેવાતી અને તે પણ રાજી ખુશીથી યોગ્ય સલાહ આપતી.

હુંમી બોલી,—"જોડેને જોડેને આપણે મદદ અર્થે પત્રો પાઠવેલા છે તે જો સરતારસીંગજી પ્રમાણે વિશ્વાસથી મદદ કરવા તૈયાર થશે તો પછી આ સુલતાન બહાદુરને આપણે હઠાવીશુંજ એ નિ-શંક છે

"ઘણે ભાગા ખણ તરફથી પ્રત્યુત્તર આવી ગયા છે" કર્ણવતી વિચાર કરતા બોલી,—"વિક્રમાજીતનું પોતાના પ્રતિનું વર્તન વિસરી જઇ સરતાનસિંગજી આવ્યો કે નહીં? તેજ પ્રમાણે વાઘજી, શાર્દુલરાય, કીરતનસિંગ વિગેરેના પણ ઉત્તેજન સૂચક પત્રો આવ્યા છે. તેઓ પણ આજકાલમાં આવી પ્હોચશે અને પોતાના ખાનપાન તથા લ્હડાઇ સબંધી હેમને કંઇ ખર્ચ થાય તે પણ પોતાને કરનાર છે, એ શું હેમને આપણા ઉપરનો મહદ્ ઉપકાર ન કહી શકાય ?"

તે સાંભળી હુમીની મુદ્રા કિંચિત્ ગંભીર થઇ, પણ પ્રથમ

કોઇનું પણ તે પ્રતિલક્ષ્ય ગયુ નહીં જવાહિરબાઇ બોલી,-"હેમા ઉપકાર શાનો? ચિતોડગઢનું અપમાન એટલે સર્વ રજપુતોનુ અપમાન ત્હેના રક્ષણાર્થે તેઓ પોતાની બનતુ કરે તે શુ વિશેષ કહી શકાયકે?"

પન્ના બોલી,-'તે ખરૂ છે, પરતુ હવે પૂર્વના જેવા દિવસો નથી, એ પણ ધ્યાનમા રાખવું જોઇએ" હસી કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરતી હતી ત્હેના મનમાં આ બાબત કઇ કહેવાનો વિચાર હોય હેવું સ્પષ્ટ દેખાતું હતુ પરતું "મ્હારૂ કથન તે ત્રણને ગમશે કે નહીં ત્હેની કોને ખબર?"

એવી પણ ત્હેના મનમા શકા આવી કર્ણવતીએ સહજ ત્હેની મુદ્રા પતિ જોઈ પૂછ્યુ,-"હસી' ન્હારા મનમા શુ વિચાર પ્રણાલિકા ગોઠવાય છે?"

હસી એકદમ બોલી ઉઠી,-"મ્હને એવી એક શકા—" પર તુ પુન: ત્હેને શુ લાગ્યુ તે નો ઇશ્વર જાણે તે પોતાની જીભ દાબી બોલી,-"નહીં—કંઇ નહીં મ્હારી ત્હેમા ભૂલ્યજ છે

કર્ણવતી ત્હેની પોતાની પાસે લાવી પ્રેમાળસ્વરે બોલી,-"હંસી' ત્હારો વિચાર આવી રીને છુપાવીશ નહીં ત્હે પ્હેલાં પણ એક વખત તેમ કર્યુ છે, તે બરોબર નહીં ચિતોડગઢનુ રક્ષણ કરવું એ સૌનુ કર્તવ્ય છે અને તે બાબત તે જઇ કહેવા જેવુ હોય તે સ્પષ્ટતાથી કહી દેવુ જોઇએ જો હમારા વિચારોમા કઇ ભૂલ્ય જેવું દેખાયતો ત્હેને દર્શાવી પછી યોગ્ય વિચાર નક્કી ઠરાવવો જોઇએ.

જવાહિરબાઇ બોલી,-"ખરેજ હંસી' તું સ્પષ્ટતાથી વાત કરે તો સારૂ."

હુસી કંઈક ચમત્કારિક મુદ્રા કરી બોલી,-"ત્હારે ખરૂં કહું કે? મ્હારા મનમાં એક શંકા ઉદભવી છે.—'

"શી શંકા?"

"આપ કહો છો કે અમુક અમુક સરદારો પોતાના ખર્ચે આપણુને મદદ કરવા આવનાર છે; પરંતુ ધારો કે કદાચ એમાંનો એકાદ ફિતુર કરશે તો? માટે અગાઉથી ચોક્કસ રહેવું જોઈએ ગઢમાં દાખલ થયા પછી એમ થાય તો આપણી સર્વ બાજી ધુળધાણી થઈ જાય.—"

હુંસીનું બોલવું સાંભળી ત્રણે જણીઓ સ્તંભિત થઈ ગઈ. ત્રણે જણુ હુંસી પ્રતિ સાશંક દૃષ્ટિથી જોવા લાગી ઘણા વખત સુધી કોઈ કંઈ બોલ્યું નહી. પછી કર્ણવતી એક દીર્ઘ નિશ્વાસ નાખી બોલી,—"ખરૂં છે હુંસી' ત્હારી શંકા યોગ્ય છે. એ બદલ આપણે વિચાર કરવો આવશ્યક છે." એમ કહી તે કંઈ વિચારમાં પડી.

'હુંસી આગળ બોલી;—' મ્હારા પિતાએજ આપણુને સાવધ કર્યા છે."

જવાહિરબાઈ બોલી,-"અને તેથીજ ત્હારા મનમા આ શંકા ઉદ્દભવી છે!"

પન્નાદાઈએ કહ્યુ,-"એમજ છે."

હુંસીએ ઉઠાવેલી શંકા અસંભાવ્ય નથી પરંતું જો કદાચ આપણે આવનારા સરદારો સંબંધી મનમાં શંકાને માન આપીશું અને ત્હેમની મદદની ઉપેક્ષા કરીશું તો આપણે શત્રુ સ્હામે કેમ ટકી શકીશું? એવું કર્ણવતીને લાગ્યુ અને તે પ્રમાણે તે કહી પણ

દીધું તે સાંભળી હસી બોલી,-"એ ખરું છે, તો પણ બીજા તરફ સંપૂર્ણ ભરોસો રાખવો નહીં.

જવાહિર બાઇ બોલી;-"મ્હને એમ લાગે છે કે આવનારા પરોણાઓને ગઢની નીચે દરવાજા ઉપર જગ્યા આપવી, અને કિલ્લા ઉપર સર્વ મોરચાના ઠેકાણાં, ધાન્યના કોઠારો, દારૂ ગોળો અને હથિયાર સંબંધીની વ્યવસ્થા આપણી દેખરેખ હેઠળ રાખીએ."

હવે હું મ્હારા મનનો વિચાર જણાવીશ-"કર્ણવતી બોલી;-" ત્યહારે એવું કરવું કે ગઢના મુખ્ય દરવાજા ઉપર બુંદીના ઠાકોરસાહેબ સરતાનસિંગજીને નીમવા એમ હસી ત્હારો શું મત છે?"

"વીરત્વતાની યોગ્યતા ઉપર અને સ્થળની મજબુતાઇ ઉપર આ વાત અવલબીને રહેલી છે. છેકજ પાછળનો દરવાજો જે પાડળપોળ છે ત્હાં પણ કોઇ જબરદસ્ત શુરવીરની જરૂર છે. તેજ મુજબ જોરલાપોળ આગળ પણ કોઇ ઉત્તમ વીરને રાખવો જોઇએ. પછી ગઢનો મુખ્ય દરવાજો. આ મુખ્ય નાકાંનો યોગ્ય બંદોબસ્ત કર્યા પછી ગઢની પાછળ કરવી જોઇએ-"

"ત્યહારે સુલતાનસિંગનેજ પાડળપોળ ઉપર નીમો-" જવાહિરબાઇએ સૂચવ્યું;-" પછી જોરલાપોળ ઉપર અબુના ઠાકોર રહેશે-"

"તે ખરૂ-પરંતુ સુલતાનસિંગ પાસે પાંચશે શૂરા સિપાઇઓ છે." કર્ણવતીએ કહ્યું;-"મુખ્ય દરવાજેજ પુષ્કળ ફોજ રાખવી જોઇએ-"

છેવટે ઘણા વખત પર્યંત ભવતિ ન ભવતિ થયા પછી નીચે મુજબ વ્યવસ્થા ઠરાવી.

ચિત્તોડગઢનો મુખ્ય દરવાજો રામપોળ—સુરતાનસિંગ પાંચશો હાડિયા નામના શુરવીર લોકો સાથે.

ચિત્તોડગઢનું સંરક્ષણ કરનારા દરવાજા.

લક્ષ્મણપોળ—દેવળાના ઠાકોર ૭૦૦ લોકો સાથે; ચિત્તોડગઢનું નિશાન લઈને.

ગણેશપોળ—ઝાલોરના ઠાકોર શાર્દૂલરાય ૩૫૦ તીરંદાજ સાથે.

જોરલાપોળ—અબુના રાજા કીરતસિંગ ૩ તોપો અને ૫૦૦ પાયદળ સાથે.

હનુમાનપોળ—રાયમલ્લ (ચંદેરીના ઠાકોર) ભરપુર સૈન્ય સાથે.

ભૈરવપોળ—દુર્ગારાવ ચંદાવત ૧૫૦૦ તીરંદાજ સાથે.

પાડળપોળ—જયસિંહ (સોનીગઢનો રાજા) પોતાની સર્વ ફોજ સાથે.

આ પ્રમાણે બહારથી આવનારા અને આવેલા પરોણાઓની યોજના થયા પછી તેમણે પોતાના ઘરની ફોજની વ્યવસ્થા કેવા પ્રકારે કરવી તે સબંધી વિચાર કર્યો હંસીએ ધાન્યના સર્વ કોઠારો ઉપર બંદોબસ્ત રાખવાનું કબુલ કર્યું, જવાહિરબાઈએ હથિયારો અને દારૂગોળાની વ્યવસ્થા રાખવાનુ જણાવ્યુ, કર્ણવતીએ ગઢ ઉપર અંતર્વ્યવસ્થા અને દુર્દૈવે ભાગ પાડેલા જોહારની વ્યવસ્થા કરવાનું પોતાને માથે લીધુ. વિજળી પ્રતિ પણ એક પત્ર લખવાનો ઠરાવ કર્યો.

હંસી અને કર્ણવતી ભેટયાં. હંસી બોલી,-" આપણે યોજેલી સર્વ વ્યવસ્થા ઠીક છે. તો પણ કાંટાથી કાંટો કાઢવાની વ્યવસ્થા શું ઉત્તમ નથી ?"

કુર્ણવતી આશ્ચર્યથી બોલી;–" તે શું વારૂં ?"

હુંસીએ પોતાનો હેતુ કહેવાની શરૂઆત કરી.

દ્વાવિંશ પરિચ્છેદ.

યુદ્ધની તૈયારી.

" એકંદરે; આપણી ઇચ્છાનુસાર જ્યારે દરેક કાર્ય થાય છે ત્હારે આપણુને ઘણું સારૂં લાગે છે હુમાયુને આપે આ કામમાં તટસ્થ રહેવુ એવુ જણાવ્યુ છે ને ? ઠીક છે મ્હને લાગે છે કે હવે આપણુને અહીંથી આગળ કુચ કરવાને હરકત નથી."

રૂમી જે કંઇ કહેતો હતો તે તરફ સુલતાનનું લક્ષ હતુંજ પરંતુ ત્હેના મનમાં આ સિવાય બીજો પણ એક વિચાર ઘોળાતો હતો. તે વિચાર કરી બોલ્યો,–" પરંતુ હવે આપણે આપણા લશ્કરની કેવાં પ્રકારે વ્યવસ્થા કરવી ? પ્રથમ આપણે જે પ્રમાણે યોજના કરી હતી તેજ કાયમ રાખવી કે કંઇ ફેરફાર કરવો.

• ".થોડો ફેરફાર કરવો પડશે. આપણી ફોજ મ્હોટી છે. ત્હેના ચાર ભાગ કરી તે પૈકીનો એકજ ભાગ આ મેદાનમાં રાખવો. અને હવે મ્હારે બુંદી કોટા પ્રતિ જવું નિરર્થક છે. આપણી સ્વારીનો હેતુ ચિત્તોડગઢ ઉપર સહમજાઇ ગયો છે; તેથી હવે પહેલા યોજેલા

કપટનો દેખાવ ખેલાશે નહીં. હવે આપણે સરળતાથી સર્વ કરવું પડશે. આપણી ફોજ વિશેષ છે, તોપો નવી છે, ચિત્તોડગઢ ઉપર એક અંતસ્થ માણસ આપણને અનુકુળ છે, ચિત્તોડગઢ ઉપરની તમામ હકીકત મ્હારી ધ્યાનમાં છે; તે ઉપરથી આપને કંઇ વિશેષ ચિંતા કરવા જેવું નથી—"

"તે ખરૂં તોપણ રજપુતો રણમાં પડતી વખતે પોતાની કાચાનો ધર્મ ભૂલે છે એ ધ્યાન બહાર રાખવાનું નથી. ચિત્તોડગઢના લોકો પણ કંઇ છેક ભોળા નથી. તેઓએ પણ કંઈ બંદોબસ્ત કર્યો હશેજ."

"આ વાત તો આપણે ધ્યાનમાં રાખવીજ જોઇએ." રૂમી બોલ્યો,—"હવે એમ કરો, હું વિચાર કરી આગળની સર્વ વ્યવસ્થાનું ટિપ્પણ કરૂં છું પછી તે અનુસાર જે વ્યવસ્થા કરવી યોગ્ય લાગશે તે કરીશ."

સુલતાને વિચાર કરી કહ્યું;—"પરંતુ તે મ્હને બતાવજો એટલે બન્નેની પસંદગીથી શુ કરવું તે નક્કી કરશુ."

રૂમી ત્હેનું આ વાક્ય સાભળી સ્તંભિત થયો. ત્હેણે એકવાર બારિકાઇથી સુલતાન પ્રતિ જોયું અને હસતાં હસતાં કહ્યુ,—"નહી તો પણ આપ મ્હારા માલક છો એ હુ સહમજું છું. આપની ઇચ્છાનુસારજ સર્વ થશે." એમ કહી તે ત્યહાંથી ચાલ્યો ગયો. ત્હેના ગયા પછી સુલતાન બોલ્યો;—"વાહરે દગાબાજ! તું ધીમે ધીમે મ્હારી સત્તા ખુંચવી લેવાની ઇચ્છા રાખે છે કેમ? ત્હારા ઉપર મ્હેં હદ ઉપરાંત વિશ્વાસ મુક્યો આજે મ્હારા સર્વ લશ્કરનું

સુત્ર ત્હારા હાથમાં આવ્યું છે. પરંતુ ફિકર નહીં. Measara for measure ત્હારા જેવોજ હું થઇશ. પરંતુ ત્હને સ્હમજ પણ નહીં પડે.

સુલતાનના મનમાં આવા વિચારો આવવાનુ કારણ રૂમીએ વિજળીને (?) પોતાના હાથમાં લીધી તેજ હતુ. એમ અનુમાન કરી શકાય છે. વિજળીને જોવાની સુલતાન બહાદુરને ઘણી આકાંક્ષા હતી, પણ રૂમીને કોણ જાણે શુ સંશય આવ્યો કે ત્હેણે તેમ કરવા સાફ નકારમાં જવાબ દીધો. કદાપિ વિજળીનુ સૌંદર્ય જોઇ સુલતાન ત્હેને પોતાની કરી બેસે એવુ રૂમીને લાગ્યુ હશે ! ગમેતેમ હો ! રૂમીના ઘરમાં સુંદરીના આગમન પછી સુલતાન અને રૂમી બન્નેનાં મન એક બીજા ઉપરથી ઉઠયા હતા. પોતાના માટે સુલતાનના મનમાં સંશય ઉત્પન્ન થયો છે એ રૂમી સારી રીતે જાણતો હતો. પરંતુ તે સાથે ત્હેને એવી પણ ખાત્રી હતી કે મ્હારી મદદ સિવાય સુલતાન કઇ કરી શકનાર નથી, અને આથીજ તે વિશેષ બેફિકર હતો.

રૂમી મુસ્તફાના ગયા પછી થોડી વારે મુસફખાં પોતાના પિતા પાસે આવ્યો સુલતાન કંઇ વિચાર કરતા બેઠા હતા ત્હેણે મુસફને પ્રશ્ન કર્યો;–"કેમ વારૂ, કઇ કામ છે?"

મુસફખાં પાસે આવીને બોલ્યો,–"આજકાલ રૂમીની સત્તા કંઇ વિશેષ વધી ગઇ છે! આપ એ વિષે સાવધ છો નહીં? નહીંતો પછી—"

"પરંતુ ત્હેની મદદ સિવાય આપણે કંઇ કરી શકીએ તેમ નથી. એ પણ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ."

"તે ખરૂ છે પણ હદ ઉપરાંતની સત્તા આપવામાં આપ સહેજ ભૂલ્યા છો. કલ્પના કરો કે ચિત્તોડગઢવાસિઓથીજ કદાચિત્ એણે મિત્રતા કરી તો પછી આપણી શી સ્થિતિ થાય વારૂ?"

"તે મ્હારા ધ્યાનમાં આવી ગયું છે. પણ પ્રથમથીજ ભૂલ્ય થઈ ગઇ છે ત્હેની કલ્પના શકિત ઉત્તમ હોવાથી મ્હેં ધીમે ધીમે ઘણોખરો અધિકાર ત્હેને સોપ્યો હવે તે ધીમે ધીમે પાછો લેવોજ જોઇએ એકદમ વિરૂદ્ધતા બતાવવાથી સારૂ પરિણામ આવી શકે તેમ નથી નહીતો તે આપણને ડસશેજ."

"વિજળીને એણે પકડી મગાવી પોતાની કરી રાખી છે એની શું મતલબ? આપે તે સબંધી કઇ વિચાર કર્યો છે કે નહી?"

"તે સબંધે અવશ્ય કંઈ બદોબસ્ત થવો જોઇએ પરંતુ શું કરવુ તે મ્હે અદ્યાપિ પર્યંત નક્કી કર્યું નથી."

"મ્હને લાગે છે કે હુરને ત્હેના સહવાસમાં. રાખવી."

"ઠીક છે હું તે સંબધી વિચાર કરીશ."

થોડા વખત પછી ગુસફખા ચાલ્યો ગયો.

એ ત્રણ દિવસમાંજ રૂમી અને સુલતાન વચ્ચે આગળની સર્વ વ્યવસ્થાની વાતચીત થઈ ગઇ અને ત્હેણે થોડી ફોજ તે મેલનમાંજ ગુસફખાંની દેખરેખ નીચે રાખી બાકીની ફોજ સાથે ત્હાંથી ચિત્તોડગઢ પ્રતિ આક્રમણ કર્યું.

જે દિવસે વિજળીએ વિક્રમાજીતને છોડાવ્યો હતો. ત્હેને બીજે દિવસે સંધ્યા કાળે ત્હેની જડાવ નામની દાસીને યવન સિપા-

ઇઓ પકડી ગયા હતા. વિજળીએ હમેશ મુજબ હેને પોતાના ઘોડાને પાણી પીવડાવી આવવા પાસેના તળાવ ઉપર મોકલી હતી સુલતાનના સિપાઇઓ વિજળીની શોધમાંજ હતા અને તેઓ જડાવને બારોબાર વિજળી સ્હમજી પકડીને લઇ ગયા હતા. આજ જડાવ રૂમીની રાણી થઇ હેના વિચારો હલકા હતા તથા તે સ્હેજ ભપકો જોતાં અંજાઇ જાય એવા સ્વભાવની હતી એ પાઠકો આગળની હેની રીતભાત ઉપરથી જાણી ચુક્યા હશેજ અસ્તુ.

જડાવને પકડી ગયાની હકીકત સાંભળતાંજ સુલતાનનો આ દાવ વિજળીએ જાણી લીધો અને તેજ રાત્રિએ પોતાની છાવણી ઉઠાવી બીજી તરફ લઈ ગઇ ચિત્તોડગઢ ઉપર કર્ણવતી વિગેરે મંડળીએ કરેલો બંદોબસ્ત હેની સ્હમજમાં આવી ગયો હતો તો પણ હેના મનનું સંપૂર્ણ સમાધાન થયું નહીં, ઇશ્વર જાણે કે શા માટે આજકાલ હેની નીરાશા વધવા લાગી હતી ચિત્તોડગઢનો નાશ થશેજ એવી હે[illegible] હૃદયને ખાત્રી થઇ ગઇ હતી આ વખતે હેના હાથ નીચે સ્હાડા ચાર હજારના આસરે ફોજ હતી, તથા તે સર્વ હેને આધીન હતુ તો પણ સુલતાન વિરૂદ્ધ પોતાનો ટકાવ થઈ શકશે નહીં એમજ હેને લાગતું.

એવાજ નિરાશાજનક દિવસ વ્યતિત કરતાં કરતા એક દિવસે હેણે . પોતાની સર્વ ફોજને એકત્ર કરી નીચે પ્રમાણે બોધ કર્યો;-

"બંધુઓ! આપણો રાજા એવો મૂર્ખ શિરોમણી છે કે જેના ચિત્તોડગઢને પરાધીન થવાનો વખત આવી પ્હોંચ્યો હોય એમ જણાય છે ગમે તેમ થાય ચીતોડ સ્વતત્ર રહે કે પરતત્ર દશાને પ્રાપ્ત થાય, આપણે આપણા કર્તવ્ય પ્રતિ જોવાનું છે આપણે

મ્લેચ્છ લોકોનો અપરાધ કાઢીએ? ત્હેના કરતા વિશેષ અપરાધ આ-પણા પોતાના રાજાનોજ છે ભાઇઓ વિચારોતો ખરા કે જે ઇન્દ્રપ્ર-સ્થમાં એક સમયે પાંડવોના પવિત્ર અધિકારનો વિસ્તાર હતો અને છેવટે મહારથી પૃથ્વીરાજ ચહુઆણ જેવા ધર્માત્મા ક્ષત્રિય રાજાના વંશનો વિસ્તાર હતો, તે સિંહભૂમિમાં આજે મુસલમાન શાહનો કર્ણકટુ ધ્વનિ સંભળાય છે બધુંઓ! પરંતુ હું ધારૂં છું કે હજુ સુધી ક્ષત્રિઓનુ લોહી શીથીલ થયું નથી હજુ વિરલાઓ છે નથી એમ તો નહીંજ અરેરે! જ્હેણે પોતાના ભૂમિને વિસારી તે અધર્મા અધમ કહેવાય છે ત્રિક્ષઓ રણમાં પડતાં આ કાયાનો ધર્મ ભૂલે છે રાણા પ્રતાપનું દૃષ્ટાંત આછુ નથી. આપણે પણ બાપા રાવળનાં સતાનો છીએ દેશને માટે આપણે આપણા તનમનથી લઢવું જોઇએ દર્ભને સાથરે સૂઇને ક્ષત્રિ મરણ પામે છે તે ક્ષત્રિય નથી એટલે. કે ક્ષત્રિઓએ પોતાના પરલો-કના પુણ્યના સંચય સારૂ પોતાના ભૂમિ માટે લ્હઢતા લ્હઢતા પોતાનો પ્રાણ વિસર્જન કરવો જોઇએ,—

> વિરા' શુ શૌર્ય ગયું છે? શુ રજપૂત થશે ગુલામ?
> ચિત્તોડ પરાધિન બનશે શુ જશે રજપૂત નામ?
> નહિ, નાહ, નહિ,! રણમાં ચાલો, ઝળકાવો તમ હથિયાર!
> રે ઝૂમો રાણા સાથે શૂરા બાવીસ હજાર!" .

ભાઇઓ! ત્હમારાજ અભિમાન ઉપર, ત્હમારાજ બળ ઉપર આપણા કુટુંબીઓનુ અવલંબન રહેલું છે. આપણી બ્હેનોની આબરૂ, પણ આપણા બળ ઉપર અવલંબીને રહેલી છે. જો કે મ્હને ખાત્રી

છે કે ચિત્તોડની વીરપત્નીઓ કોઈ પણ કાળે પોતાના પાતિવ્રત્યનું છેદન કરે એવી નથી પરંતુ તેઓના સુખને ખાતર આપણે કમર કસી શત્રુને આપણા હાથ દેખાડવા જોઇએ. મ્હને લાગે છે કે આપણી ફોજની સંખ્યા સ્હાડાચાર હજાર છે ત્હેના પાંચ ભાગ કરીએ ચાર ભાગમાં દરેક ભાગની અંદર હજાર હજાર સંખ્યા રાખી પાંચમાં ભાગમા પાંચસોની સંખ્યા રાખીએ તે પૈકી ચાર ભાગે ચિત્તોડગઢની ચારે બાજુ રહી શત્રુથી લ્હડવું અને ત્હેમનો પ્રતિકાર કરવા દેહની પણ દરકાર છોડી દેવી બાકી જે પાંચશો માણુસો વધશે તેઓને ચારે તરફ ફરતા રાખવા. તેઓએ શત્રુના સૈન્યમાં લુટફાટ કરવી હવે હું કહું તે ચાર સરદારો ઉભા થાય. કેસરસિંહ ઉભા થાઓ ત્હમે ગઢની પૂર્વ બાજુ સંભાળો, હરિસિંગ ત્હમે દક્ષિણે રહેજો, હું પૂર્વમાં રહીશ. ભુતાપસિંગ ત્હમે સર્વ ઠેકાણે ત્હમારાં પાંચસો લઈ ફરતા રહો." વિજળીની આ વ્યવસ્થા ફોજને પસંદ પડી. બીજે દિવસે પાંચ ભાગ થયા અને તે સર્વે ભાગે પોતાની નીમેલી જગ્યાનું રક્ષણ કરવાનું શરૂ કર્યું.

આવી રીતે બન્ને પક્ષની યુદ્ધની તૈયારી માટે તો આરંભ થયો પરંતુ આગળ કેવો રંગ જામે છે—ઇશ્વર ઇચ્છા કેવી છે તે આપણે જોઇએ.

ત્રયોવિંશ પરિચ્છેદ.

શાળીની યુક્તિ.

આગળ જણાવ્યા પ્રમાણે ચિત્તોડગઢ માટે અભિમાન ધરાવનાર શુરા સરદારો પોતપોતાની ફોજ લઇ ચિતોડગઢ આવી પ્હોંચ્યા અને કર્ણવતીએ ઠરાવ્યા પ્રમાણે ત્હેમની યોજન કરવામા આવી. રજપુત પક્ષની વ્યવસ્થા પૂર્ણ થયાને એક બે દિવસ થયા ન થયા એટલામાં સુલતાન બહાદુર પણ પોતાની ફોજ સાથે આવી દાખલ થયો. માત્ર ત્હેણે ઘેરો ન ઘાલતાં પોતાની ફોજ થોડે દૂર રાખી અને પોતાના એક સહાયકને ચિત્તોડગઢ હસ્તગત કરવા મોકલ્યો. તે સાથે રૂમીએ પણ પોતાની રાણીને મોકલી. રૂમીની રાણીનું નામ 'શાળી' હતું. શાળી રાણીએ રૂમીને ગઢ ઉપરની સર્વ હકિકતથી વાકેફ કર્યો હતો અને તે હકીકત સાંભળી રૂમીએ ત્હેને કઇ યુક્તિ બતાવી ગઢ ઉપર મોકલી હતી. શાળી ગઢ ઉપર આવી તે ગઢ ઉપરજ એક દાસી હતી એ સર્વ જાણતાં હતા તેથી ત્હેને કોઇએ અટકાવી નહીં; પરંતુ તે મુસલમાન થઇ છે. એ કો'ને ખબર ? હુર ઉર્ફે વસંતને આ બાબતની માહિતી હતી, માત્ર તે ત્હેને (શાળીને) વિજળી સ્હમજતી હતી, કારણ પૂર્વે ત્હેણે વિજળીને કદાપિ જોઇ ન હતી. પોતાની પોતાની બ્હેનતુલ્ય (હંસીની) આજ્ઞાનુસાર ત્હેણે આ પિતુરી સ્ત્રી ઉપર સંપૂર્ણ નજર રાખી અને ત્હેનું એકંદર વર્તન જોઇ શાળી ગઢ ઉપર આવતાં તે પણ ગઢ ઉપર આવી. માત્ર ત્હેણે ઉપર આવતાં

થોડો વખત લાગ્યો કારણ ત્હેને કોઇ પિછાણતું ન હતું. અર્થાત્ ત્હેણે પ્રથમ હંસીને ખબર મોકલી ત્હાર બાદ હંસીએ ત્હેને ઉપર બોલાવી લીધી. હંસીએ ત્હેની સર્વ હકીકત સાંભળી લીધી અને દ્વિતુરી થયેલ સ્ત્રી વિજળી નથી એવી ત્હેની ખાત્રી થઇ. હુરને તે સાંભળી આનંદ થયો; કારણ વિજળીના શૌર્ય સબધે ત્હેણે પ્રશસા સાંભળી હતી, તેથી તેવી શૂર સ્ત્રી દુશ્મનને મળે તો ઘણુ નુકશાન પ્હોંચાડે એવી ત્હેની ધારણા હતી. આથી કરીને જે વખતે ત્હેને દ્વિતુરી સ્ત્રી વિજળી નથી એવું માલૂમ પડયુ તે વખતે ત્હેને અનહદ આનંદ થયો. પરતુ દ્વિતુરી સ્ત્રી તરિકે ત્યહારે કોણ બીજી સ્ત્રી છે ત્હેની તપાસ શા માટે કરી નહીં ? કદાચિત્ એનુ કારણ થોડા વખતમાં સ્હમજી શકીશું; ત્યહાં સુધી આપણે રૂમી રાણીનો શું વિચાર છે તે જોઇએ.

રૂમીની પાસે બેસીને શાળી રાણીએ મહત્વાકાંક્ષાની કેટલીક વાતો સાંભળી હતી ! "પ્યારી ! તુ ગઢ ઉપર જઇ ત્યહાંથી સર્વ બાતમી લાવ જેથી ચિત્તોડગઢ આપણુંજ થશે, ચિત્તોડગઢ, ત્હેની આસપાસનો પ્રદેશ, ગઢ ઉપરની સંપત્તિ સર્વે આપણુંજ છે. હું ત્હને મ્હારી પટરાણી બનાવીશ. સુલતાન બહાદૂરની સર્વ ફોજ આપણાજ તાબામાં છે તેથી ત્હેને દગો દેઇ ગુજરાતનુ રાજ્ય ખુંચવી લેતાં પણ વિલંબ લાગનાર નથીજ ! પછી આપણા વૈભવમાં શું બાકી રહેશે ?" ક્ષુદ્રમનની શાળીને આ ચિત્ર મનોરમ લાગ્યું.

શાળી ગઢ ઉપર આવી અજેગઢ ઉપરનો બંદોબસ્ત લક્ષ્યપૂર્વક પરંતુ કોઇની નજરમાં ન આવે એવા પ્રકારે જોવા લાગી. આ વખતે ત્હેણે હુરને પણ ગઢ ઉપર જોઈ તેથી તે સ્તંભિત થઇ ! સુલતાનની

સેવામાં હુર છે તે આજ કે નહીં ! એ સ્હમજતાં ત્હેને ઘોટાળો પડયો. કારણ હુરને ત્હેણે ઘણો થોડો વખત જોઇ હતી. બીજું તે ત્યહાં તે મુસલમાની પોષાકમાં અને નામમાં હતી. અહીંઆ સર્વ ત્હેને વસંતિ નામાભિધાનથી ઓળખતાં. તેથી કરીને શાળી રાણીને ઘોટાળો લાગે ત્હેમાં વિશેષ આશ્ચર્ય જેવું કંઇ છેજ નહીં તોપણ ત્હેણે પોતાનો સંશય ટાળવા સારૂં વસતીને એક બાજુએ બોલાવી ત્હેને ધીમેથી પૂછ્યું,—" કેમ વારૂ, તુ કોઇ વખત સુલતાનની સેવામાં હતી કે ?" પરંતુ ચપળ વસતિએ છેકજ અનભિજ્ઞતા દર્શાવી શાળીને ઘણોજ ઘોટાળામાં નાખી હવે શાળી રૂમીએ ત્હેને શીખવ્યા પ્રમાણે કર્ણવતી, જવાહિરબાઇ, હંસી અને કર્મચંદ એમના પ્રતિ બારિક દૃષ્ટિ કરી જોઇ રહી. તથા ત્હેમની વચ્ચે ચાલતી વાતચીત બારિકાઇથી સાંભળવા લાગી સર્વમાં જવાહિરબાઇનો ચ્હેરો વિશેષ ઉદાસ હતો, અને ત્હેનુ કારણ શું હશે ત્હેની શોધમાં તે હતી. શાળીની આ બારિક નજર જ્યારે બીજા કોઇના લક્ષમાં હતી નહીં ત્યારે વસતીની આંખ ત્હેના પ્રતિ હતી અને તે આમ શા માટે કરે છે તે પણ તે પૂર્ણ જાણતી હતી શાળીને માત્ર પોતા ઉપર કોઇની દૃષ્ટિ નથી એવું લાગતું હતું

એક દિવસે બપોરના શાળી કર્ણવતીના મહેલ પાસે જતાં અંદર કોઇ ગુપચુપ વાત કરે છે એવુ ત્હેને લાગ્યુ તેથી તે ત્યહાં અટકી અને કાન દઇને સાંભળવા લાગી.

" જો સાંભળ જીજી ! હવે વિશેષ વિચાર કરવાથી કંઇ ફળ નથી. આજને આજ ભગવાનદાસને " કોઇએ કર્ણવતીને

કર્યું અને આ અવાજ હંસીનોજ છે એમ શાળીને ચોક્કસ ખાત્રી થઇ તે સ્વગત બોલી;—" હ, કંઈ પણ મસલત ચાલે છે ખરી ! કદાચિત હમણાં મ્હને કંઇ ઉપયોગી બાતમી મળશે. ભગવાનદાસને ક્યાં મોકલનાર છે વારૂ ? પરંતુ મ્હને કોઇ જોતું તો નથી ને ? (આસપાસ જોઇને) નહીં. બપોરનો વખત હોવાથી સર્વ નિદ્રાધીન છે. તેથીજ આ પણ અહીં ગુપ્ત ગોષ્ટી કરે છે." એમ બોલી તે પુનઃ સાંભળવા લાગી.

કર્ણવતી બોલી;—" ચિતોડગઢની હાલની સ્થિતિ તરફ જોતાં એમ જણાય છે કે ત્હારી યુક્તિ અજમાવી જોવી. પરંતુ પુનઃ એક પ્રકારની ભીતિ લાગે છે—સાંભળ, હુમાયુ તરફ આપણે લખીશું કે અમે ત્હમારી ભગિનીઓ તુલ્ય છીએ. માટે કૃપા કરી અમને મદદ કરો. પરંતુ કદાચ તે ના પાડશે તો ?" કર્ણવતીનું આ કથન સાંભળતાંજ શાળી ચમકી ! તે સ્વગત બોલી,—" અરે ! આ તો હુમાયુ શાહને મદદે બોલાવવા સંબંધીની વાતચીત ચાલે છે" પુનઃ તેણે કાન ધર્યા. હંસીએ ઉત્તર આપ્યો;—" નહીં, નહીં—તે એમ નહીં કરે. તે વીર છે દુષ્ટોથી સ્ત્રી જાતિનું રક્ષણ કરવું એ વીર પુરૂષનું લક્ષણ છે, તે આ કાર્ય બદલ ના પાડશેજ નહીં."

" વારૂ ત્યારે પ્રયત્ન કરી જોઇએ. બાકી જો ત્હારા કથનાનુસાર હુમાયુ આપણી મદદે આવ્યો તો સર્વ ઠીક થાય. અરેરે ! જે બને તે ખરૂં इश्वरेच्छा बलियासि

" વળી મ્હને પ્હેલાં એમ લાગતું હતું કે આપણા કિલ્લામાં કોઇ રાજ્યદ્રોહિ નથી પરંતુ મ્હને ખબર પડી છે તે પ્રમાણે એક

મનુષ્ય આપણી સાથે દગાબાજી રમે છે." હંસી છેવટના વાક્ય ઉપર જોર દઇ બોલી. ત્હેની આ હકીકત સાંભળી કર્ણવતી સ્તંભિત થઈ ગઈ તે બોલી,—" શુ કહે છે ? આવા વખતે પણ કિલ્લામાં દ્વિતુર—"

" ગભરાવાનું કારણ નથી. વખત આવ્યો કે—"

આગળના શબ્દો શાળીનાં સાંભળવામાં આવ્યા નહીં. તો પણ જેટલુ ત્હેણે સાંભળ્યું તેટલા ઉપરથી ત્હેને ચટપટી થવા લાગી. તે સ્વતઃ બડબડી,—" આ ચંડાળણીને મ્હારો હેતુ તો માલૂમ નથી પડયોને ? એવુજ જણાય છે. ઓળખવા દે—જોઉં તો ખરી કે તે મ્હને શું કરી શકે તેમ છે ?" એટલામાંજ ત્હેને કાને કોઇના પગલાંનો પાછળથી અવાજ સભળાયો ત્હેણે પાછળ દૃષ્ટિ કરી જોયું તો ત્હેની નજરે વસતી પડી વસંતીને જોતાજ શાળી છેકજ ઓશીયાળાં જેવી થઇ ગઇ હું બીજાની ગુપ્ત વાર્તા છુપી રીતે સાભળુ છું વળી મ્હારા માટે હંસીને શંકા પણ ઉત્પન્ન થઇ છે, ત્હેમાં આણે મ્હારી સ્થિતિ દીઠી એ વાત જ્યહારે તે હંસીને જઇને કહેશે ત્યહારે શુ થશે ? પછી મ્હારા ઉપર વિશેષ બંદોબસ્ત રાખશે, ઇશ્વર જાણે, કદાચ દૈવસયોગે કેદમાં પણ નાખે ! આ વિચારો શાળીના મનમાં આવ્યા, પરંતુ તેટલામાં ત્હેણે વસંતીનેજ ઉડાવવાનો નિશ્ચય કર્યો. તે પાછી વળી બોલી,–"અહો વસંતીબ્હેન ! તમે ક્યા હતા ? હું તમને ઘણા વખતથી શોધુ છુંને ? "

"હા, બરોબર છે ! તેથીજ અહીં ઉભાં રહી ભીંતની અંદર મ્હારી તપાસ કરતાં હશો ? "

"વસંતીના આ મર્મસૂચક શબ્દો સાંભળી શાળી સ્હમજીતો

ગઇ છતાં જાણે પોતે કઇ જાણુતીજ ન હોય તેવો ડોળ કરી હસતી હસતી બોલી,—નહીં, તેવું કંઈ નથી હાં બરોબર—સ્હેજ આમ આવો મ્હારે ત્હમને કંઇ કહેવાનુ છે" એમ કહી તે પાછળ વળી વસંતીનો હાથ પકડી ત્હેની આગળ ચાલવા લાગી. ત્હેનો ઉદ્દેશ એજ હતો કે મહેલમાં કોણ છે અને ત્હેમનુ બોલવુ આપણે ઉભા રહી સાંભળ્યું છે તે વસતીની જાણમા આવે નહીં. વસતી પણ હોશિયાર હતી. ત્હેને સર્વ ખબર હતી, તોપણ તે શાળી સાથે ગઈ.

શાળીએ ત્હેને બીજી બાજુ લઈ જઈ કઇક ક્ષુલ્લક વાત કહી અને સ્હેજ ઠઠ્ઠા મશ્કરી કરી ત્હેને જવા દીધી. વસતીએ પણ છેવટ સુધી પોતાની મુદ્રા અજાણીજ રાખી હતી શાળીને લાગ્યુ કે વસતી આપણી યુક્તિ સ્હમજી શકી નથી પછી વસતી એક તરફ ચાલી ગઇ અને શાળી, કર્ણવતી અને હંસીના સવાદ ઉપર કોઇપણ એકાંત સ્થળે વિચાર કરવા નીકળી પડી "હા—આ, વખતે પુષ્કરણી ઉપર કોઇ નહીં હોય તેથી ત્હાજ જાઉં" એમ કહી તે તરફ વળી.

પુષ્કરણી ઉપર ગયાથી આપણુને એકાત મળશે એવી શાળીને આશા હતી, પરંતુ ત્યહાં પ્હોચતાંજ ત્હેને નિરાશા પ્રાપ્ત થઇ ત્હેણે દષ્ટિ ઠરા જોયું તો જવાહરબાઇ ત્હાં બેઠેલી હતી પરંતુ આ શું? જવાહિરબાઇએ પોતાનાં નેત્રો ક્યેમ લુછ્યા વારૂ ? એની રીતભાત ઉપરથી તે રૂદન કરતી હોય એવું સ્પષ્ટતાથી સ્હમજાતું હતું. હું અહીં ઉભી રહું કે ચાલી જાઉં એ બાબત શાળી વિચારમાં પડી. તે પાછી ફરી એટલામાંજ સહજજ જવાહિરબાઇએ પાછળ ફરી

જોયું ત્હેણે શાળીને ચાલી જતાં જોઈ. તે પોતાનાં આંસુ લુંછી બોલી,–" કોણ છે ?"

શાળીએ પાછો ફરી જવાબ આપ્યો,–"હું છુ" તે ઉભી રહી.

"કેમ આવી હતી વારૂ ! જવાહિરબાઇએ પ્રશ્ન કર્યો.

'કંઈ નહીં. સહજજ.'

જવાહિરબાઇએ કોણ જાણે સાથી શાળીને પોતાની પાસે બોલાવી. તેજ વખતે શાળીના મનમાં કઇ ચમત્કારિક વિચાર આવ્યો. તે જવાહિરબાઇ પાસે આવીને ઉભી રહી. તે પાસે આવી એટલે ત્હેને બેસવાનુ કહી જવાહિર બોલી,–'કહે છે કે મુસલમાનો ત્હને પકડી ગયા હતા વારૂ ગમે તે હોય' વિજળી ક્યહાં છે ત્હેની ત્હને ખબર છે!"

'ના, બાઇ સાહેબ !'

'વિક્રમાજીત રહાજ ત્હેની પાસે—' પરંતુ જવાહિર વચનાજ અટકી તે કઇ વિચાર કરવા લાગી, ત્હેનો ચ્હેરો ઉદાસ દેખાતો હતો.

'બાઈ સાહેબ ! આપને આટલુ બધુ દુઃખ કયેમ થાય છે વારૂ ?'

પોતાનુ આનતરદુઃખ શાળી જેવી ક્ષુલ્લક દાસીને જવાહિરબાઇ કહે એવી ત્હેની પ્રકૃતિ નહતી પણ આજ કોણ જાણે શાથી ત્હેણે કહેવાનુ શરૂ કર્યું,–'જો સાભળ શાળી ! મ્હને આ છોકરા બદલ વિશેષ લાગણી થાય છે. એનામા કઇજ બળ નથી તે શુ કરી શકશે ? ચિત્તોડગઢની શી વ્યવસ્થા થશે—"

"ખરેખર બાઇ સાહેબ ! આ બાબત પ્રત્યેકને ચિંતા થાય છે. પરંતુ હજુ ત્હમારાથી પણ દગાબાજી ખેલાય છે ! ઉલટું ત્હમારી તો આવા પ્રસગે સલાહ લેવી જોઇએ.

જવાહિરબાઇએ એક વખત તીક્ષ્ણ નજરથી શાળી તરફ જોયું અને કહ્યું,—"તું કોને ઉદ્દેશીને બોલે છે વારૂ ?"

"બાઇ સાહેબ ત્હમને મ્હને ચુગલી કરનાર સ્હમજશો. બાકી ત્હમારી અવસ્થા જોઇ મ્હને અનહદ ખેદ થાય છે. કેટલા દિવસથી ત્હમને વાત કરૂં એવો મ્હારો વિચાર હતો. પણ એકાંત વખતજ મળ્યો નહિં."

"પરંતુ હવે તો આ સ્થળ એકાંત છેને ? જે કહેવું હોય તે કહે."

"બાઈ સાહેબ ! મહારાણી (કર્ણવતી) વિશે આપ શું ધારો છો ?"

"કેમ વારૂ ? તે તો મ્હારા ઉપર મમતા રાખે છે મ્હને આશ્વાસન આપે છે"

"ખરેખર—" શાળી તિરસ્કારથી હસીને બોલી,—"ત્હેની ગરજ પુરતી સાકર પીરસતા ત્હેને બહુ સારૂં આવડે છે

પુન જવાહિરબાઈ સ્તંભિત થઈ ! ત્હેણે શાળી પ્રતિ તિક્ષ્ણ દૃષ્ટિથી જોયુ અને પોતાના ઓષ્ઠ કરડી ત્હેણે પુછ્યું,—"ત્હારા બોલવાનો હેતુ ?"

"એનો હેતુ—તે દિલ્લીનો બાદશાહ"

"તું શુ કહે છે ?"

"હુ ખોટું નથી કહેતી—ત્હમે ત્હમારી કંઈ તજવીજ કરી કે નહીં ? ત્હમારે પણ ચેતવું જોઇએ

"નહીં તો શુ થશે ?"

"વિક્રમાજીતના હાથમાંથી ચિત્તોડ જશે"

"એમ કે? કહે વારૂ જોઉં આમ તું શા ઉપરથી કહે છે?"

"હમેંજ જોષતને! આજ સંધ્યાકાળે ભગવાનદાસ પત્ર લઇ હુમાયુ તરફ જનાર છે"

જવાહિરબાઇ શાળીના મ્હોં તરફ જોઇ કંઇ વિચાર કરવા લાગી. થોડા વખત પછી તે શાળીને કહેવા લાગી,—"હવે હેનો કંઈ ઉપાય?"

"ઉપાય છે—પરંતુ—"

"કહે, કહે! કોઇ વાતનો અંદેશો રાખીશ નહીં"

"અરે!" જવાહિરબાઈ એકદમ બોલી,—"ખરૂંજ, બરોબર પરંતુ શરૂઆત કેવા પ્રકારે કરવી?"

"ઓહો એમાં શું મ્હોટી વાત છે? જોઇએ એટલા રસ્તા છે"

"કહે તેવું વારૂ?"

"અહીંઆની ફોજનો સર્વ અધિકાર હમારા હાથમાં છે. હમે ગમે તેટલાં પણ રાજમાતા છો. પ્રથમ હમે—કર્ણવતી, હુસી અને કર્મચંદ ઉપર સખ્ત નજર રાખો"

"કેદમાંજ નાખીએ તો?" જવાહિરબાઇએ પ્રશ્ન કર્યો.

"ઘણુંજ સારૂં"

"ત્યારે પછીની સર્વ બાબત હું બજાવીશ" શાળી પોતાની યુક્તિ પાર પડયાથી હ્રદયમાં હરખાતા બોલી ત્યાર બાદ હેણે રૂમીની શીખવણી અનુસાર સર્વ હકીકત જવાહિર બાઇને કહેવા લાગી.

ચતુર્વિંશ પરિચ્છેદ.

ભગવાનદાસનું ગમન.

જો કે સૂર્યોદય થવાને હજુ વિશેષ વખતની વાર હતી છતાં પૂર્વ દિશામાં અરૂણ પ્રભા ઉષાકાન્તના આગમનની સુચના આપવા મંડી હતી આ વખતે મહેલમાં એ ત્રણ માણસો વાતચીત કરતા હતા

"મિસરજી !" કર્ણવતીએ ભગવાનદાસને કહ્યું,—"જલદી કરો હવે એકલિંગજીની કૃપાથી જે થાય તે ખરૂં !

"પુત્રી, ફિકર કરીશ નહીં જો તો ખરી કે કાર્યને કેવી રીતે પાર ઉતારીને આવું છું

"વારૂ ત્હારે હવે સિધાવો"

ભગવાનદાસે ઇશ્વરનું નામ લીધું અને તે ત્હાંથી ચાલી નીકળ્યો

"શું થશે તે કોને ખબર ?" કર્ણવતીએ સાશંક થઇ કહ્યું.

"થવાનું શું છે વળી ! આ પણ આપણો એક પ્રયત્ન છે." હસીએ ઉત્તર આપ્યો

"પરંતુ ત્હેમાં અસુનો પ્રશ્ન છે"

"તેવીજ આ હકીકત ભગવાનદાસ પરત ફરે ત્હાં સુધી ગુપ્ત રાખવાની છે."

"જવાહિરને કહેવું તો જોઇએ."

"કઇ ખાસ જરૂર નથી" હુસી બોલી,–"તે જરા સતાપી છે. ત્હેને આ રૂચશે નહીં" ·

"વારૂ ઠીક, ચાલો હવે તો સહેજ સૂઈ જઇએ અદ્યાપિ પર્યંત મ્હને ઉંઘ આવી ન હતી." એમ કહી કર્ણવતી બિછાના પ્રતિ ગઇ. હુસીએ પણ ત્હેનુ અનુકરણ કર્યું.

પ્રાત:કાળે તેઓ ઘણી વારે ઉઠ્યા ત્હેમને તે બદ્દલ સહેજ આશ્ચર્ય લાગ્યુ, તેથી પણ વધારે આશ્ચર્યવત્ થવાનું ત્હેમના નશીબમા હતું.

नजाने जानकीनाथ प्रात:काल किं भविष्यति ।

તે બહાર આવી જુએ છે તો દ્વાર આગળ બે દાસીઓ પહેરો ભરી ત્હેમની સભાળ રાખતી જણાઇ,–"આ શુ છે? ત્હમે અહીં શા માટે ઉભી છો? બન્નેએ એક સાથે પૂછ્યુ

તે પૈકી એક દાસીએ ઉદ્ધતાઇથી કહ્યુ,–"ત્હમારા ઉપર સખ્ત નજર રાખવાનો બાઇસાહેબ તરફથી અમને હુકમ થયો છે"

દાસીનો ઉત્તર સાભળી બન્ને આશ્ચર્યવત થઇ ગયા તે કઇ બોલતા હતા એટલામા જવાહિરબાઇ શાળી સાથે ત્હા આવી. કર્ણવતી એકદમ ત્હેના તરફ વળી બોલી,–"જવાહિર! દાસી શુ કહે છે! ખબર છે કે?"

"મ્હારા હુકમ પ્રમાણેજ તે કહે છે." જવાહિરબાઇએ ગંભીરતાથી કહ્યુ

જવાહિર! જવાહિર! આ હું શુ સાંભળુ છુ?" ક્રોધ તથા

આશ્ચર્ય મિશ્રિત વિકારોથી કર્ણવતીએ કહ્યુ,-"એટલે આની મતલબ ?"

"એની મતલબ જલદીથીજ જણાશે-" જવાહિરબાઇએ નિષ્કાળજીપણે કહ્યુ,-"મુસલમાન સાથે ફિતુરમા સામિલ થવાથી જવાહર આથી પણ વિશેષ કઠોર થશે—" એમ કહી તે શાળી તરફ ફરીને બોલી,—ચાલ, શાળી ! હવે આપણે બીજા કાર્યમાં પ્રવૃત થઇએ" પછી ત્હેણે પહેરો ભરનાર દાસીઓને કહ્યુ,—"આ બન્ને ઉપર ચોક્કસ ધ્યાન રાખજો !"

કર્ણવતી ક્રોધથી એકદમ થઇ ગઇ ! તે થર થર કંપવા લાગી. ત્હેના મ્હોઢામાથી એક પણ વધુ શબ્દ બહાર નીકળ્યો નહી હસી આટલો વખત સ્તબ્ધ હતી તે એકદમ બોલી,—"બાઇ સાહેબ ફિતુર ! શુ ઘરમાંજ ફિતુર ! આ ચંડાળણીએ જવાહિરબાઇના નિર્મળ હૃદયમા કપટકળાનો પ્રવેશ કરાવ્યો છે આ વખતે આપણે થોડી ધીરજ ધરવી જોઇએ" એમ કહી તે કર્ણવતીને પુન મહેલ-માં લઇ ગઇ. પ્રિય પાઠક ત્હારે હવે આપણે ચાલો થોડો વખત ભગવાનદાસ પ્રતિ દૃષ્ટિ કરીએ.

ભગવાનદાસ રાજકુલોપાધ્યાય હતા એમનુ વય સુમારે પચા-સેક વર્ષનું હતુ. વય તરફ જોઇ ત્હેમના કૃત્ય જોતા તેઓ ઘણાજ સશક્ત જણાતા. તે રાજકુલોપાધ્યના કાર્ય ઉપરાંત સમશેર, ભાલો, ઢાલ એ કેવી રીતે વાપરવા તે પણ ઉત્તમ પ્રકારે જાણતા હતા. રાણા સંગના વખતમા પણ તેઓએ કેટલીક વખત યુદ્ધમા ભાગ લઇ પોતાની બહાદુરી બતાવી હતી, અર્થાત ચિત્તોડગઢ વિષે ત્હેમના મનમાં અનહદ અભિમાન અને પ્રેમ હતો. તેટલુંજ નહી

પણ તે ઘણો વિશ્વાસુ પુરૂષ હતો. વળી તે હુમાયુને સારી રીતે ઓળખતો હતો આ સર્વ હકીકતમા લક્ષમા લઇને કર્ણવતીએ ત્હેને હુમાયુ પ્રતિ મોકલવાનુ ઠરાવ્યુ હતુ

ભગવાનદાસ કિલ્લાની બાહાર નીકળ્યો આજે ભગવાનદાસને બહાર જતો જોઇ પહેરાગીરને આશ્ચર્ય લાગ્યુ પરંતુ તેઓ સઘળાએ તેને ભક્તિ પુરઃસર નમન કર્યું ભગવાનદાસ ગઢની નીચે આવી આગ્રા તરફના રસ્તે ચાલવા લાગ્યો હાલમા હુમાયુ-શાહનો મુકામ ક્યા છે તેનો તેને ચોક્કસ ખબર ન હતી તેથી ત્હેણે વિચાર્યું કે આગ્રા જઇ તપાસ કરીશ ત્હા મળશે તો ઠીક બાકી જ્યા હશે ત્હાના સમાચાર આગ્રેથી મળશે એટલે શાહનો પતો મેળવતા વિશેષ હરકત નડશે નહી તેથી તે આગ્રા પ્રતિ વળ્યો.

* * * * *

ઇતિહાસ વાચકોને માહિત હશે કે ઇ૦ સ૦ ૧૫૩૦ મા હિંદનો પહેલો મોગલ બાદશાહ બાબર મૃત્યુ પામ્યો અને ત્હેનો પુત્ર હુમાયુ તખ્તનશીન થયો બાબરે મોગલ રાજ્યનો પાયો મજબુત બેસાડ્યો હતો તેને તે થોડા વધારે વર્ષ જીવ્યો હોતતો તે પોતાના રાજ્યની વિશેષ ઉત્તમ વ્યવસ્થા કરી શક્ત ત્હેમા બીલકુલ શકા રહેતી નથી પરતુ ઇશ્વરેચ્છાએ ત્હેનુ મૃત્યુ થવાથી હુમાયુ બાપની જગ્યાએ આવ્યો હુમાયુ પણ બાપના જેવો શૂરો, રાજનીતિ કુશળ, નિયમીત કાર્ય કરનારો, અને બુદ્ધિમાન હતો એટલુજ નહીં પરંતુ ત્હેણે રાજકારભારમા તથા યુધ્ધોમાં પોતાના પિતાના હાથ નીચે કામ કર્યું હતુ. તેથી ત્હેણે તખ્ત ઉપર આવતા પ્રથમ પોતાના પિતાની આજ્ઞાનુસાર કાબુલ, કંદહાર,

અને પંજાબ દેશ પોતાના સરદારને આપી દીધો અને ત્હાર બાદ તરતજ ત્હેણે દિલ્હીની પૂર્વ તરફ અયોધ્યા વિગેરે પ્રાંત પોતાને તાબે કર્યા આજ વખતે બંગાળા વગેરે તરફ પઠાણ રાજા રાજ્ય કરતો હતો હુમાયુએ ઈ૦ સ૦ ૧૫૩૨ ના સુમારમાં મ્હોટું સૈન્ય જમાવી બંગાળા ઉપર સ્વારી કરી, અને પઠાણ રાજાને પોતાને તાબે કર્યો આવી રીતે હુમાયુએ બે ત્રણ વર્ષમાં ઉત્તર હિંદુસ્તાન તરફનો સર્વ પ્રદેશ પોતાને તાબે કર્યો

જે વખતે સુલતાન બહાદુર ચિત્તોડગઢને ઘેરો ઘાલવા માટે આવ્યા હતા તે વખતે હુમાયુ બંગાળા પોતાને તાબે કરી ભારે વિજયોત્સાહથી દિલ્લી પ્રતિ પરત આવ્યો હતો

આ વખતે ત્હેનો મુકામ દિલ્લીથી બે દિવસના રસ્તા ઉપર હતો ગંગાના કિનારા ઉપર આવેલા એક વિસ્તિર્ણ મેદાનમાં ત્હેની છાવણીએ મુકામ કર્યો હતો હુમાયુને હવે કોઈપણ પ્રકારની ચિંતા ન હતી. ત્હેની છાવણીમાં સર્વત્ર આનંદ પ્રવર્તાઈ રહ્યો હતો તેથી વિશેષ ઉતાવળ ન કરતા હુમાયુ અવકાશાનુસાર પોતાની રાજ્યધાની પ્રતિ આવતો હતો અસ્તુ

રાત્રિના નવ વાગવાની તૈયારી હતી હુમાયુ પોતાના તંબુમાં બેસી એક સુંદર ગાયન સાંભળતો હતો ગાનાર સુંદરી પોતાના મધુર ગાયનથી અને મનોહર હાવભાવથી સ્વર્ગ સુખનો અનુભવ કરાવતી હતી,

(ગજલ.)

"કહ રહી હય હશ્રમે વો આંખ શરમાઈ હુઈ,
હાય કયસી ઇસભરી મેહફિલમે રૂસવાઈ હુઈ;

ઠોકરેં ખિલવાયગી યે ચાલ અઠલાઇ હુઇ,
ક્યા જવાની ફિરતી હય જોબનપે ઇતરાઇ હુઇ;
ખુલ ગયા જોબન તો અસ્મનસે હગા ને યૂં કહા,
એક અંગડાઇમે હમ દોનોંકી રુસવાઇ હુઇ,
મયઁ તો રાજે દિલ છુપાઉં પર છુપા રહને ભી દે,
જાનકી દુશ્મન યે જાલિમ આંખ લલચાઇ હુઇ;
વસ્લકી શબ વાદરે બેતાબિયે શૌકે વિસાલ,
શર્મભી નીચી નિગા હોસે તમાશાઇ હુઇ,
ગમજ ઓ નાજે અદા સબમે હયાકા હય લગાઓ,
હાયરે બચપનકી શોખી ભી હય શરમાઇ હુઇ"

ગાનારી વ્યક્તિએ પણ નીશો કર્યો હતો એટલે તે હદ ઉપરાંત રાગ ખેચીને ગાતી વળી વચમા હાવભાવથા હુમાયુના હૈયાને પણ ચલિત કરી દેતી હતી હુમાયુએ આ ગાયન પૂર્ણ થવાથી બીજું ગાવાની આજ્ઞા કરી પરતુ તરતજ એક નોકરે આવી સલામ કરી કહ્યુ,–"જહાપનાહ! બહાર એક હિંદુ આવ્યો છે"

હુમાયુ સુદરીના ગાયનમાં લીન હતો હ્‌મેણે પોતાના નોકરના શબ્દો સાભળ્યા નહીં, નોકરે પુન તેજ વાક્ય કહ્યુ

આ વખતે હુમાયુએ છેવટના ચાર શબ્દ સાભળ્યા. ત્હેણે કહ્યું,–"કયો હિંદુ? અત્યારે રાત્રિએ શુ કામ છે? ત્હેને કહે કે જરૂર હોય તો સ્હવારે આવજે–"

"અપરાધની ક્ષમા કરશો, મ્હે ત્હેને પ્રથમજ કહ્યુ કે સ્હવારે આવ પરતુ તે સાભળતો નથી. તે કહે છે કે મ્હારે કંઈ ખાસ

અરસપરસ હેમની અત્યારેજ મુલાકાત લેવાની જરૂર છે"

હુમાયુએ સહેજ વિચાર કરી કહ્યુ,—"જા હેને અંદર મોકલી દે—" પછી તે ગાનાર યુવતી પ્રતિ દૃષ્ટિ કરી સ્મિત કરતો બોલ્યો,—"આજે હમારા નેત્રોના હુકમથી હું હમારીજ સેવામાં હાજર થઇશ"

યુવતી કટાક્ષયુક્ત નજરે જોતી સલામ કરીને ત્યાંથી ચાલી ગઇ.

થોડાજ વખતમા નોકર ભગવાનદાસને લઇ અંદર આવ્યો. હેને જોતાજ હુમાયુ ચમકયો, તે સ્વગત બોલ્યો,—" અરે ! આ તો કોઈ ઓળખીતોજ જણાય છે ને–"

ભગવાનદાસે ધીમેથી કુનેસ બજાવી કહ્યુ,—" શહનશાહનો વિજય હો ! "

હુમાયુએ સલામ ઝીલી કહ્યુ,—" મ્હે હમને કોઇ સ્થળે જોયા હોય એવુ લાગે છે–"

ભગવાનદાસ હસ્યો અને બોલ્યો,—" કદાચિત્ આપ નામવરની ધારણા ખરી હશે. "

" હમે કોઇ વખત દિલ્લી આવ્યા હતા કે ? "

" ના પરન્તુ આપની મુલાકાત કંઇ પ્રથમજ નથી "

હુમાયુ ધીમેથી બોલ્યો,—" ત્યારે આપની મુલાકાત કયહાં થઇ હતી વારુ ? " હેણે ઘણો વિચાર કર્યો પરન્તુ કંઇ યાદ આવ્યું નહી ભગવાનદાસ હેના ચ્હેરા પ્રતિ જોઇ રહ્યો હતો હેણે ઘણી વારે કહ્યુ,—" આપણી કયહાં મુલાકાત થઈ હતી તે હુ આપને

છુ સુમારે પાચ વર્ષ પૂર્વે સિક્રિના રણમેદાનમા આપનો અને મ્હારો હસ્તમિલાપ થયો હતો "

હુમાયુને હવે યાદ આવ્યુ ! તે એકદમ ઉઠીને બોલ્યો,–'ત્હમારૂ નામ ભગવાનદાસ કે નહી ? હા–હા–તેજ હવે મ્હને સર્વ યાદ આવ્યુ " પછી તે અદબથી બોલ્યો,–" આવો અહી મ્હારી પાસે બેસો વીરોનુ કઈ રીતે સ્વાગત કરવુ તે મ્હારા વડિલ પ્રમાણે હુ પણ જાણુ છુ. " એમ કહી ભગવાનદાસને ત્હેણે પોતાની ગાદી ઉપર લઇ જઈ બસાડયો અને પોતે પણ ત્હેમની સાથે બેઠો !

" જો કે સિક્રીના યુદ્ધમા રજપુતોનો પરાજય થયો તો પણ તેઓ શૂરાતો ખરા–" હુમાયુ બોલ્યો,–" તે વખતે આપે મ્હારો પ્રાણ બચાવ્યો, કેમ નહી ? હા, એમજ હવે મ્હને તે વખતનો સર્વ બનાવ યાદ આવે છે તે વખતે આપે મ્હારા કાનમા કહ્યુ હતુ કે,–" વીર પુરૂષ ! ત્હને મ્હે માર્યો હોત પરંતુ નહી, ત્હારી વય પ્રમાણે તુ ખરો યોધ્ધો છે જા–ત્હારો વિજય થશે આજે આપનો તે આશિર્વાદ સફળ થયો વારૂ પણ આપનુ અત્રે કેમ એકાએક આગમન થયુ–"

ભગવાનદાસ પ્રેમાળપણે બોલ્યો,–હુમાયુ–ત્હારા આ ઉદાર સ્વભાવને લીધેજ ત્હારૂ કલ્યાણ થશે. રાણા સગને અને ત્હારા પિતાને જો કે વેર હતુ તોપણ બન્ને એક બીજાની યોગ્યતા જાણતા હતા "

" એમા શો સશય ? મ્હારા પિતા રાણાજીની હમેશા તારિફ કરેતા કહેતા હતા કે રાણા સગ સરખો ભાઇ હોતતો આપણે આખી દુનિયા જીતી હોત । "

" આજ તે બન્ને આ દુનિયામા નથી—"

"તો પણ ત્હેમની કીર્તિ અવિચળ છે"

"હા. તે તો ખરૂ, પરતુ હુમાયુ ! કલ્પના કર, રાણા સગના કુટુબ ઉપર જો કઇ આપત્તિ આવી હોય તો તે શૂર પુરૂષના કુટુબને મદદ કરવા તુ તૈયાર થઇ શકે ? આપણા કટ્ટા શત્રુની સ્ત્રી છોકરા ઉપર જો કોઈ વિનાકારણ અત્યાચાર ગુજારતો હોય તો તે તું જોઇ રહીશ કે ?'

'નહીં—કદાપિ નહીં'

'ત્યહારે આ પત્ર જો—' એમ કહી ભગવાનદાસે એક પત્ર કા'ઢી હુમાયુના હાથમા આપ્યો હુમાયુએ આશ્ચર્યચકિત થઇ તે ઉચકી લીધો અને ઉઘાડી વાચવાની શરૂઆત કરી,—

"ધર્મબધુ દિલ્હીપતિ હુમાયુશાહની પવિત્ર સેવામા

બધુ ! આજ એક સકટમા આવી પડેલી અબળા પોતાના ભાઇ બરોબર ગણી દિલ્હીપતિ સરખા વીર પુરૂષને પોતાની મદદે બોલાવે છે ! દિલ્હીપતિ ઉદાર છે, શૂરા છે, ગરીબના આધારરૂપ છે એવુ મ્હે સાભળ્યુ છે અને તેથીજ મ્હે આજે આટલી વિનતી કરી છે. મ્હારી આ વિનતીનો કંઇ ઉપયોગ થશે કે ? મ્હારા ઉપર આવેલુ સકટ જો મ્હારી એકલીના ઉપર હોત તો હુ મ્હારી પ્રાણાંધિક સમશેરની સ્હાયતાથી હુ ત્હેનુ નિવારણ કરત, પરતુ તેમ નથી મ્હારા ઉપર અવલબીને રહેલી મ્હારી પ્રજા ઉપર મ્હારા કુટુંબીઓ ઉપર તે આવ્યુ છે અને તે સંકટમાથી હુ એકલી અબળા ત્હેમનું રક્ષણ કરી શકતી નથી. ત્યહારે શુ, આપ વડિલ

બંધુ મ્હારા ઉપર કૃપા નહીં કરો ? હું હિંદુ છું તો પણ સ્ત્રી છું. સ્ત્રીનું રક્ષણ કરવું એ પ્રત્યેક વીર પુરૂષની ફરજ છે. દિલ્લીપતિ જાતનો વિચાર બાજુએ રાખી પોતાની ધર્મબગિનીનું રક્ષણ કરવાને આવશે કે કેમ ? મ્હને પ્રબળ આશા છે. દિલ્લીપતિ ! મોકલાવેલી રક્ષાનો સ્વિકાર કરો અને એક ક્ષણનો પણ વિલંબ ન કરતાં ઉતાવળથી મ્હારી મદદે આવવાની કૃપા કરો નહીં તો—પણ આપ મ્હારી—આપની ધર્મ બગિનીની એક સંકટમાં પડેલી અબળાની ઉપેક્ષા કરશો નહીંજ એવી મ્હને દ્રઢ ખાત્રી છે ઇશ્વર મ્હારી આ ઇચ્છા પૂર્ણ કરે !"

પત્રની હકીકત વાંચીને હુમાયુ આશ્ચર્ય ચકિત થયો, મુગ્ધ થયો ! તે બોલ્યો,-"આ કોનો પત્ર છે ? આ મ્હારી બ્હેનનું નામ શું ?"

"ત્યારે આપ તેના બંધુ થયા વારૂ ?"

'જે સ્ત્રીએ આટલી બધી પ્રબળ ઉત્કંઠાથી પત્ર લખ્યો છે ત્હેને નિરાશ કોણ કરે ? અને રક્ષા તે શું વારૂ ?

'અમે રજપૂત લોકોની સ્ત્રીઓ કોઇ પણ વીરને પોતાનો ભાઇ કરવા સારૂ એક રેશમી દોરો મોકલે છે' એમ કહી ભગવાનદાસે એક રત્નજડીત રાખી બહાર કાઢી અને આગળ બોલ્યા,—"જેણે તમને આ પત્ર લખ્યો છે તેણે આ રક્ષા મોકલી છે. તે જ આ રાખી આપને બાંધવામાં આવે છે" હુમાયુએ આનંદથી પોતાનો હાથ આગળ ધર્યો અને કહ્યું,—"હું આનંદથી રાજી ખુશીથી આ રક્ષા માન્ય કરૂં છું'

"હવે તે બ્હેનનુ રક્ષણ કરવાનુ કામ—પછી ત્હેમા પોતાને ગમે તેટલુ નુકશાન થાય તો પણ આપને શીર છે'

"તે હું જાણું છુ. વારૂં પણ આ બદલ પરત કંઇ આપવું પડે છે કે?'

"હા, ભાઇને એક કાંચળી પોતાની બ્હેન માટે આપવી પડે છે'

"વારૂ પણ મારી બ્હેનનું નામ—"

ભગવાનદાસ ત્હેના ચ્હેરા પ્રતિ દૃષ્ટિ કરતાં ધીમેથી બોલ્યા,—'ચિતોડગઢના રાણા સગની પત્ની કુર્ણવતી"

હુમાયુ આશ્ચર્યથી બોલ્યો,—આ હુ શુ સાભળુ છુ?'

"જે ખરૂ છે તેજ હુ તહમને કહુ છુ કેમ તહમને કઈ પશ્ચાતાપ થાય છે કે શુ?'

'નહીં, બીલકુલ નહી' હુમાયુ એકદમ બોલ્યો, મ્હારી બ્હેન ઉપર કયુ સકટ આવી પડયુ છે?"

"ગુજરાતનો રાજા સુલતાન બહાદુર—'

"અરે—પણ—પણ ત્હેના કામમા હુ હાથ નહી નાખુ, એવું હુ ત્હેને વચન આપી ચુકયો છુ એ મ્હારા ધર્મની વિરૂદ્ધ છે.'

ભગવાનદાસ સ્તમ્ભિત થઇ ગયા પર્ દાવ ઉંડો જશે એવી ત્હેની ભીતિ લાગી પરતુ હુમાયુ આગળ બોલ્યો,—"ગમે તેમ હોય પરતુ હુ મ્હારી બ્હેનનો ઉદ્ધાર કરવા જરૂરજ'

ભગવાનદાસ બોલ્યો,—' ત્હેમાજ તહમારૂ સુખ છે તહમને ખબર છે કે, તહમારો ભાઇ મિર્ઝાઝમાના સુલતાન પાસેજ છે."

"શુ કહોછો ?" હુમાયુએ આશ્ચર્યવત્ થઈ પુછ્યુ.

"ખોટુ નથી કહેતો ઈચ્છા હોયતો ગુપ્ત પણે તપાસ કરાવો હાલ તે ચગનજખાન નામથી ઓળખાય છે"

"એમ હશે તો મ્હારે તેનો બંદોબસ્ત કરવો પડશે" એમ કહી તેણે તાળી વગાડી નોકર અંદર આવ્યો "જા—આમની બરો બર વ્યવસ્થા કર" પછી તે ભગવાનદાસને કહેવા લાગ્યો,—આપ આની સાથે જાઓ એ આપની વ્યવસ્થા કરશે"

ભગવાનદાસ નોકર સાથે આનંદદાયક વિચારોમા વિહરતા ચાલ્યો ગયો.

પછી હુમાયુએ પોતાના ખજાનચીને બોલાવી એક સુંદર રત્ન-જડિત કાચળી બનાવરાવવા માટે આજ્ઞા કરી

પંચવિંશ પરિચ્છેદ.

(o)

શાળીનો આગલો દાવ.

હવે શાળીના માનનુ પૂછવુજ શુ! પ્રત્યક્ષ જવાહિરબાઈ તેના કથનાનુસાર દરેક કાર્ય કરતી હતી શાળીએ કહ્યુ,—કર્ણવતી ઉપર અને હરી ઉપર પહેરો મૂકો વસતીની પણ રીતભાત ઉપર નંજર રાખશો જે દિવસે ભગવાનદાસ ચાલ્યા ગયા તેજ દિવસે સંધ્યાકાળ પર્યંત શાળીએ જવાહિરબાઈ પાસે ઘણા ફેરફાર કરાવ્યા

જો કે કિલ્લામાં સૌના મન આવા બનાવથી ઘણા ઉંચા થઇ ગયા પરંતુ કિલ્લા ઉપરની સર્વ વ્યવસ્થા જવાહિરબાઇ પાસે હોવાથી ત્હેનો હુકમ સર્વને માન્ય કરવો પડતો પોતાનો ફેંકેલો પાસો પોબાર પડેલો જાણી શાળીને અનહદ આનંદ થયો ? તે જવાહિરને કહેવા લાગી;–" હવે ત્હમે જો જો કે સર્વ રાજ્ય વિક્રમાજીત પાસેજ છે.

" શાળી ! હું ત્હારા ઉપકારનો બદલો ઘણીજ ત્વરાથી વાળીશ ત્હારા કાર્ય બદલ જ્યહારે હું ત્હને યોગ્ય બક્ષિસ નહીં આપું તો બીજું કોણ આપશે હવે જો સાંભળ ત્હારા કહેવા પ્રમાણે મ્હેં સર્વ વ્યવસ્થા કરી છે હવે આગળ શું કરવું ? "

" હવે ત્હેનોજ હું વિચાર કરૂં છું હ–હ હું એમ કરૂં છું એક વાર ત્હેની પાસે જઈ આવું પછી જે કહે તે અનુસાર કરૂં "

" ખરૂં છે ત્હારા સ્વામીની એક વખત તું મુલાકાત લઇ આવ " જવાહિરબાઇએ કહ્યું શાળીને પોતાની સર્વ હકીકત ત્હેને નિવેદન કરી હતી

બીજે દિવસે શાળીએ જવું એવું ઠરાવ્યું

જવાહિરબાઇ આગળ બોલી,–" વળી એમ કર કે તું પરત આવે ત્યહારે કોઇ દાસી કે નોકરને લેતીઆવ "

" શા માટે ? " શાળીએ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો

" વાહ ગાંડી ! " જવાહિરબાઇ પ્રેમથી ત્હેના બરડો થાબડતાં બોલી;–" જો ત્હારા પ્રિયતમે કંઇ કામ કહી ત્હેનો ઉત્તર માગ્યો હોય તો જવાબ મોકલવા એકાદ મનુષ્ય જોઇએને ? હું ત્હને વારવાર ત્યહાં જવા દઇશ નહીં કારણ ત્હારા વિના મ્હને એક પળ પણ ચેન પડનાર નથી પ્રત્યેક બાબતમાં મ્હારે ત્હારી સલાહની જરૂર છે.

તેથી આપણું કામ પૂર્ણ થતા સુધી ત્હારે મ્હારા ઉપર કૃપા કરીને કોઇ સ્થળે જવુ નહીં જો કે ત્હારે ખાસ કારણ હશે તો હું તુમે ત્હારા પ્રિયતમને મળવા જવા દઇશ જો તું આવી ચતુર છે એમ મ્હને પહેલાંથી ખબર પડી હતે તો કેવી બહાર આવતે–"

જવાહિરબાઇના મ્હોઢામાંથી પોતાની સ્તુતિ સાંભળતાંજ હલકા મનની શાળીને કેટલો આનંદ થયો હશે ત્હેનો ખ્યાલ પાઠક વર્ગેજ કરી લેવો જવાહિરબાઇ આગળ બોલી,–"તું કાલે પ્રાતકાળેજ ત્હાં જા અને સર્વ બંદોબસ્ત કરી એકાદ માણસને લેતી આવ." આ ઉપર શાળીએ અનુમતિ દર્શાવી.

આ તરફ કર્ણવતી અને હંસી બન્નેને જવાહિરના વર્તનની સહમજ પડી નહીં ત્હેના મનમા પોતાની આવી સ્થિતિ કરવાનું કારણ જવાહિરને પૂછવાનો વિચાર હતો, પરતુ જવાહિરે દેખાજ દીધી નહીં અસ્તુ

બીજે દિવસે પ્રાતકાળેજ શાળી સુલતાન બહાદુરની છાવણીમાં જવા નીકળી જવાહિરબાઇએ ત્હેને ત્યહા જઇ શુ કહેવુ તે ફરીથી કહી [illegible] સુલતાન બહાદુર ચિત્તોડગઢથી થોડે દૂર આવીને રહ્યા હતા અને ત્હેમણ પોતાના એક માણસને છુપી રીતે ગઢ ઉપર મોકલ્યો હતો એ પણ આગળ એક પરિચ્છેદમા દર્શાવવામા આવ્યુ છે. પરતુ તે [illegible] ખોટુ હતુ રૂમીના કહેવાથીજ ત્હેણે આ યુક્તિ સહદારી હતી રૂમીએ આ યુક્તિ પોતાની રાણી તરફથી સામદામથી આ કાર્ય પૂર્ણ થાય છે કે નહીં તે જાણવા ખાતર યોજી હતી બાકી ત્હેનુ [illegible] આગળજ પડતુ, અર્થાત્ સુલતાન પણ રૂમીના કહેવા પ્રમાણેજ પગલુ ભરતા. અસ્તુ.

શાળી રૂમીના તરુણાં [illegible] રાગી રૂમીએ [illegible] નાની પાસે બેસાડી કેટલા [illegible] કાંઈ થયુ છે તે [illegible] તેની તિ[illegible] નજરે શાળીના [illegible] થયુ [illegible] એમ [illegible] આપી [illegible] શાળાએ [illegible] બાલી [illegible] તે [illegible] રૂમી [illegible] તમે [illegible] જાતિ [illegible] સાથે [illegible] છે તે?"

"તે બદલ [illegible] નથી"

"ત્યારે [illegible] થઈને [illegible] જાતિ [illegible] છે કે નહિ?'

[illegible] નથી [illegible]

'[illegible] છે [illegible] થઈ [illegible] કરી [illegible]'

[illegible] નથી

'[illegible]'

'આપણ વિચાર [illegible] છે નહી' તેઓ [illegible] મારી સાથે એક [illegible] જાતની મને પરવાનગી છે"

"[illegible] તેને એક વિશ્વાસુ [illegible]," એમ કહી તેણે તેના કાનમા કંઇ કહ્યું અને તેણે [illegible] આપી તેની સાથે એક સિપાઇ પણ ગયો

અંધાર થતા પહેલાતો શાળી ગઢ આવી પહોચી અને તેણે બનેલી સર્વ હકીકત કહી સંભળાવી જવાહિરબાઈ આનંદથી બોલી,–"બની રહે! એવા એક ગુપ્ત રસ્તો મ્હારા મહેલમા થઈનેજ છે. માત્ર તે બંધ કરેલા છે પરંતુ તે બાબત કોઈ જાતનો વાંધો નથી. બાઈ ત્હને એક વાત કહુ છુ કે આજેજ અંધાર પછી હું કર્ણાવતીને અને હસીને કંઈ શિક્ષા કરનાર છુ"

"શી શિક્ષા બાઈ?" શાળીએ ઉત્સુકતાથી અને આનંદથી પૂછ્યુ

"તે જલદીથીજ ત્હને ખબર પડશે" એમ કહી જવાહિરબાઈ ગુપ્ત માર્ગ સાફ કરાવવા ત્યાંથી ચાલી ગઈ

ષડવિંશ પરિચ્છેદ.

(૦)

ભયંકર શિક્ષા!

અંધારના ત્રણ વાગવાના સુમાર થયા હતો જવાહિરબાઈ પોતાના મહેલમા એક ભીંતને બે સીપાઈઓની મદદથી ખોદાવતી હતી પથ્થર કામ મજબુત હોવાથી ખોદનારાઓને ઘણી મહેનત પડતી વારંવાર એમ ખોદવુ તે બાબત જવાહિરબાઈ સૂચના કરતી હતી.

થોડાજ વખતમા શાળી ત્યા આવી તેણે પૂછ્યુ:–"આ શુ થાય છે?"

જવાહિરબાઇએ ત્હેની અવગના કરી કહ્યું,-'ચુપ' અહીંથીજ તે રસ્તો છે"

શાણી ચુપ થઈ ગઇ

કામ સંપુર્ણ થયા બાદ જવાહિરબાઇએ સિપાઇઓને કહ્યું,-"હવે તમે બહાર ચાલ્યા જાઓ, હું બોલાવું ત્યારે આવજો તથા આ હકીકત ગુપ્ત રાખજો" સિપાઇઓ ચાલ્યા ગયા

એટલામાં એક દાસીએ કહ્યું-"બાઈ સાહેબ! કર્ણવતીબાઇ તથા હુંસીબ્હેન આપની એક વખત મુલાકાત લેવા માટે ઘણીજ વિનંતી ગુજારે છે"

જવાહિરબાઇએ શાણી પ્રતિ જોઈ હલકેથી કહ્યું;-"શાણી! મ્હને લાગે છે કે તેમની એક વખત મુલાકાત લેવી, હવે તે આપણા તાબામાંજ છે"

"હા, શું હરકત છે, પરંતુ હુમાયુનાહને મ્હને પૂછયા વિના શા માટે પત્ર લખ્યો એમ ક્રોધાન્વિત થઇ પૂછજો અને પછી ખુબ ઝાટકણી કહાડજો'

"હા-હા-બરોબર છે-" જવાહિરબાઇ બોલ્યા,-' પછી તેણે આવેલી દાસીને કહ્યું,-"જા અહીંઆ તેમને લઇ આવ-" દાસી ચાલી ગઈ

કર્ણવતીએ પ્રથમથી પેલા સિપાઇઓ પાસે જે ભોંયરૂં હતું તે સ્ના ઉપર પથ્થરો ઢાંકી દીધા હતા એટલે લેશ માત્ર પણ પરખી શકાય તેવું નહતું.

"શાણી! ત્હારા ઉપર તે બન્ને ક્રોધાયમાન છે માટે તું એમની રૂબરૂમાં બેસીશ નહીં હં-પણ વારૂ ત્હારો પેલો સિપાઇ ક્યાં છે?

તેને બોલાવી લાવ, તેની સાથે મ્હારા પ્રિયતમને મ્હારે યોગ્ય સમાચાર મોકલવા છે" જવાહિરબાઇએ કહ્યું, શાણી ત્યાંથી ચાલી ગઇ અને તરતજ સિપાઇને બોલાવી પરત આવી.

જવાહિરબાઇએ કિંચિત્ હસીને પૂછ્યું કે,–'કમ ભાઇ! આમારૂં કામ મગજપૂર્વક અને વિશ્વાસથી કરશોને?'

સિપાઇ સલામ કરી બોલ્યો,–"જી–'

તે સાંભળી જવાહિરબાઇ મોટેથી હસી! તે હસવું વિલક્ષણ હતું! શાણી પણ સ્તંભિત થઇ અને તે હેના તરફ જોવા લાગી! જવાહિરબાઇએ હેને કહ્યું;-"હું તે આપતા જણાય છે. તું મારૂં જલ્લાદોને ખબર કર્યા વિના બેસી રહે જો કે જવાહિરની ઇચ્છા નહતી છતાં તેની ઇચ્છા વિરોધ જણાવાથી તેને ત્યાંજ બેસવા દીધી સિપાઇ પણ ત્યાંજ બેઠો ત્યાંતો ક્રોધ અને દુઃખના મલિનતાથી મ્લાન થઇ ગયેલી મુદ્રાએ કર્ણવતી અને હંસા ત્યાં આવ્યા

'આવો બ્હેન–" જવાહિરબાઇએ ટીખળથી કહ્યું–'આવો બેગમ, તમારે શું કહેવાનું છે?"

જવાહિરબાઇનું આવું ટીખળપણું સાંભળીને કર્ણવતીની મુખમુદ્રા ક્રોધથી લાલચોળ થઇ રહી તે કંઇ બોલનાર હતી પરંતુ હંસીએ હેને દબાવી રાખી નીચે બેસાડી પછી તેણે જવાહિરબાઇને કહ્યું,– 'આપે શું કરવું ધાર્યું છે.'

પુનઃ જવાહિરબાઇ શાણી પ્રતિ જોઇ મ્હોટેથી હસી? અત્યંત ચમત્કારિક દેખાવ થઇ પડ્યો! કર્ણવતી આરક્ત નેત્રોએ જવાહિર તરફ જોતાં થર થર કંપતી હતી હંસી આશ્ચર્યથી જોઇ રહી હતી

બાડી આંખ કરીને શાગી હસતી ત્હેમની આ દેખાવ જોઇ રહી હતી. જહાંગિરશાહ તિરસ્કાર, ઉદ્વેગ, દુખ અને કરૂણા મિશ્રિત મુદ્રાએ કોઇ વખત શાગી તરફ તો કોઇ વખત તે બન્ને—ક[illegible]ની અને હસી નજર જોતી હતી હમીનો પ્રશ્ન સાંભળી જહાંગિરશાહ થોડો વખત ચુપ રહી ત્હેણે પોતાનો ઓઠ ચાવી તિરસ્કારે કહ્યું,—"મ્હેં શું ધાર્યું છે? આ પ્રશ્નનું શું કારણ? ચિતોડગઢથી બેઇમાન થઇ ચુસફખાન સાથે મનાઇ કરનારને શું જીવતા રાખશો? નહીં કદાપિ નહીં જહાંગિરશાહ ત્હમારી સાથે બેઇમાની જોઇ રહેશે નહીં. હે ઇશ્વર! અરેરે! જે વખતે મ્હેં જાણ્યું કે ત્હમે ફિતુર કરવાને તૈયાર છો—મુસલમાનના મોહની થવા ઇચ્છો છો તે વખતે મ્હારૂં અંગ કેવું અગ્નિરૂપ થઇ ગયું હતું! તો પણ તેજ વખતે મ્હારા ક્રોધને મ્હેં દાબી દીધો પુરતી તપાસ કર્યા સિવાય એકદમ શિક્ષા કરવાથી માઠું પરિણામ નહીંજ આવે એમ ધારીનેજ અત્યાર સુધી મ્હેં ત્હમને કંઇ શિક્ષા કરી નહીં પરંતુ હવે બધું મ્હારી સમજમાં આવી ગયું છે ચિતોડગઢમાં, બાપ્પારાવળની—રાણાવંશની, ભૂમાતા ઉપર ત્હમે તલવાર ચલાવવા ધારો છો? આશ્ચર્ય—આશ્ચર્ય! સર્વ મ્હારી સમજમાં છે. હવે ત્હેનું ભયંકર પ્રાયશ્ચિત ત્હમારે સહન કરવું પડશેજ હવે હું વધુ વખત ત્હમારાં મ્હોઢાં જોવા રાજી નથી સર્વ જણને ત્હમારા ઉદાહરણથી ખબર પડશે કે ચિતોડગઢથી બેઇમાન થનારને કેવી શિક્ષા ભોગવવી પડે છે! કોણ હાજર છે? એકદમ અંદર આવ—"

આ બોલતી વખતે જહાંગિરશાહનો કર્કશ સ્વર, ત્હેની રીતભાત, ત્હેના નેત્રોની ભયંકરતા જોઇ ત્યાં જે માણસો હતા તે સર્વ સ્તબ્ધ થઇ ગયા તે સિપાઇ જરા હતો તો પણ થોડો વખત તટ-

દ્ધ થઇ ગયો જવાહિરબાઈ બુમ પાડી પુનઃ બોલી,–"અરે કોણ છે? ચાલ જલદી અહીં આવ." સિપાઈ અંદર આવ્યો.

જવાહિરબાઇ ઉપર પ્રમાણેજ ભય કરતા દર્શાવતી બોલી,–"હ જોઇ રહે નહીં–જલદી આગળ આવ–" તે ગાંડીની માફક પાછી હસીને બોલી,–"અહા! આ વખતે હવે મ્હને કેટલો આનંદ થાય છે." પછી તેહેણે સિપાઈને કહ્યું "આ પથ્થર ઉપાડી લે"

પરંતુ પાઠક! આ પથ્થર કે જેની નીચે જવાહિરબાઇએ શાળીને ભોંયરૂં–ગુપ્ત માર્ગ દર્શાવી બાતાવ્યું હતું તે ખરા ગતે ભોંયરું નહતું પરંતુ એક ઉંડો ખાડોજ બતાવ્યો હતો. એમ કરવાનું કારણ હવે જલદીથીજ સમજાશે.

સિપાઇએ પથ્થર ઉચકી લીધો અને એક બાજુએ મુક્યો; પથ્થર ઉપડી રહ્યા બાદ જવાહિરબાઇએ તેહને કહ્યું,–"અરે! ઉભો એમ રહ્યો શું–પકડ તે ચાંડાળણીને અને નાખ અંદર—"

"પરંતુ કોને" સિપાઇએ બ્હીતા બ્હીતા પ્રશ્ન કર્યો

જવાહિર એકદમ ઉઠી ઉભી થઇ અને શાળી તરફ આંગળી કરી દાંત પીસી બોલી,–"આ–આ ચંડાળણીને—"

સર્વ આશ્ચર્યવત્ થઇ ગયાં! આશ્ચર્યથી ગાંડા જેવા થઇ ગયા! શાળી! અરે દુર્દૈવ શાળી? આ દેખાવ જોઇને એકદમ ફિક્કી થઇ જવાહિરબાઇ બોલી,-"અરે જુઓ છો શું? તેને અંદર નાખો અને ઉપર પાછો પથ્થર મૂકી લીંપી દ્યો!"

સિપાઇ શાળી પાસે ગયો અને તેહેને કમરમાથી ઉચકી લઇ તે ખાડામાં પંરગતી ને બેભાન જેવી થઇ ગઇ હતી છેવટ અસ્ફુટ

સ્વરે બોલી;–"જેવું કરે તેવું પામે" આમ બોલી. સિપાઇએ એકદમ હેના ઉપર પત્થર મુક્યો અને દાસીને બોલાવી તે જગ્યા ઉપર પાણી રેડવડાવ્યું.

શાળીનો સિપાઇ જે બ્હીકથી થરથર કંપતો હતો હેના તરફ દૃષ્ટિ ફેંકી જવાહિરબાઇએ કહ્યું,–"જા ચાલ્યો જા અને કહે ત્હારા ધણીને ! અહીં એક ક્ષણભર પણ ઉભો રહીશ નહીં. ત્હારો અપવિત્ર સ્પર્શ અહીં ન જોઇએ." સિપાઇ પોતાનો છુટકો થયો જાણી અલ્લાને યાદ કરતો ત્યાંથી રસ્તો માપી ગયો

પછી જવાહિરબાઇ કર્ણવતી પ્રતિ ફરી બોલી,–"જીજી ! જીજી ! આ ચાંડાળણી સારૂ મ્હને આવુ વર્તન ચલાવવાની જરૂર પડી છે તુ મ્હને ક્ષમા આપ ! !" એમ કહી ત્હેણે કર્ણવતીના પગ આગળ પોતાનુ મસ્તક નમાવ્યુ અને ચિત્તક્ષોભને લીધે ત્હેને ગ્લાનિ ઉદ્દભવી

ઉપરોક્ત વર્ણવેલ પ્રસંગ એટલી તો ઝડપથી પૂર્ણ થયો કે સર્વ આશ્ચર્યવત્ થઇ ગયા. પોતે સ્વપ્નમા તો નથી એમ સર્વને ભાસ–કલ્પના થવા માંડી. ઉપરોક્ત સર્વ વાગ્બાણો શાળીને ઉદ્દેશીનેજ હતા પરંતુ જવાહિરબાઇ ક્રોધથી બેફામ થવાને લીધે શાળી તરફ ન જોતાં બીજા તરફ દૃષ્ટિ કરી બોલતા હતા અને આખરપર્યંત આ કથન કો'ને ઉદ્દેશીને છે, એની કોઇને સમજ પડી નહીં, પરંતુ જે વખતે જવાહિરબાઇએ શાળી તરફ આંગળી કરી બતાવી તે વખતે શાળીને અને તે પ્રકાર જોનારની કેવી ભયંકર સ્થિતિ થઇ હશે તે કલ્પના-સુજ્ઞ પાઠકોએજ કરી લેવી

ઘણીવારે કર્ણવતી શુદ્ધિમા આવી ત્હેણે પગે લાગતી પોતાની બ્હેન જેવી જવાહિર પ્રતિ જોયુ, તે ધીમેથી બોલી,–"ઉઠ–ઉઠ જવા-

હિર ! હું ત્હને ક્ષમા આપુ છું—ઉઠ” એમ કહી ત્હેણે ત્હેને બેઠી કરી. [illegible] પણ હવે કંઇક શુદ્ધિ ઉપર આવી હતી તે બોલી;—“સં-[illegible] ત્હેની આવી સ્થિતિ થઇ છે” એમ કહી ત્હેણે પાણી [illegible] લાવી ત્હેના તાળવા ઉપર છાંટયું થોડાજ સમયમાં જવાહિર [illegible] શુદ્ધિમા આવી ત્હેણે પ્રથમ [illegible] પ્રતિ જોયુ, ત્હેના [illegible] આવ્યુ હતું તે જાણીને બોલી,—“ઠીક—[illegible] [illegible] પણ [illegible] ભયંકર પ્રાયશ્ચિત કરાવવુ જોઇએ અને [illegible] ગયા તે ત્હેના સારા નશિબ !”

[illegible] બોલી,—[illegible] ! [illegible] ત્હને [illegible], [illegible]”

[illegible] બોલી,—“કંઇ નહીં જવાહિર ! [illegible] ક્ષમા કરૂં છુ. [illegible] ધ્યાનમા હતુ.

“[illegible] હતુ ?”

“હા, પ[illegible] એક વિશેષ કાર્યમા હુ ગુંથાયલી હોવાથી ત્હેના [illegible] આપાયુ નહીં”

“[illegible] ! [illegible] એવુ કપટ [illegible] પણું આશ્ચર્ય લાગ્યું. [illegible] ઘણું લાગી આવતું હોવાથી હું કેટલીક [illegible] બેસુ છુ. પરમ [illegible] એવાજ વિચારોમા હુ [illegible] ઉપર બેઠી હતી એટલામા આ [illegible] આવી અને [illegible] અર્થ સમજી ત્હારી અને મ્હારી વચ્ચે [illegible] રચ્યો.” આથી કરીને ત્હેણે તે દિવસે બનેલી [illegible] મ્હને કહી, હુ પણ ત્હેની સર્વ બાતમી લેવા ત્હેને [illegible] આ સર્વ નાટક ભજવવુ પડ્યુ.

'વારૂ ચાલો-એકંદરે જે થયું તે ઠીકજ થયું.' કર્ણવતીએ કહ્યું.

"પરંતુ હવે આપણે સાવધ થવું જોઇએ તે સિપાઇ ત્હાં પ્હોચતાંજ મુસલમાનો નિરાશ થશે અને લડાઇ કરવાને તૈયાર થશે,—" જવાહિરબાઇએ કહ્યું.

"પરંતુ આપણે તૈયારજ છીએ. વળી બહારથી પણ મદદ મંગાવી છે—" કર્ણવતીએ હુમાયુશાહને રક્ષા મોકલાવેલી તે હકીકત કહી સંભળાવી.

"હવે સર્વને સાવધ રહેવા માટે સુચના આપી દો—" હંસીએ કહ્યું.

કર્ણવતી તે કાર્ય માટે ચાલી ગઇ ત્યાર બાદ જવાહિરબાઇએ સિપાઇને ત્હાંથી ચાલ્યા જવા અને લડાઇ માટે સજ્જ થવા ફરમાવ્યું. સીપાઇ ચાલ્યો ગયો.

હવે ત્હાં જવાહિરબાઇ અને હંસીજ રહ્યાં. જવાહિરબાઇએ હંસીને કહ્યું,—'હંસી ! પ્રથમ તમને મ્હારૂં વર્તન જોઇ ઘણુંજ આશ્ચર્ય લાગ્યું હશે, કેમ નહીં ? મ્હારા મનમાં ત્હેને એકદમ શિક્ષા કરવાનો વિચાર હતો, પરંતુ એણે શું શું કારસ્થાનો કર્યાં છે, અને બીજું કોઇ ફિતુરમાં સામેલ છે કે કેમ તે જાણવાની ખાતર આમ કરવું પડ્યું. એક વખત મને લાગ્યું કે ધીમેથી ગુપ્ત સુચના મોકલી તમને નિશ્ચિંત કરૂં, પરંતુ પુન વિચાર કરી જોતાં મને જે કર્યું તેજ યોગ્ય લાગ્યું."

"પરંતુ એ વિદ્યા ભયંકર નથી વારૂ ?"

"ભયંકર ? એ વિદ્યા ભયંકર ? ગાંડી છું ચિતોડગઢથી—"

પરંતુ એટલામા બહારથી કોઈ જાતના અવાજ ઉપરા ઉપરી થવા લાગ્યા, બન્ને ચમક્યા,-"આ શું વાર ?"

એટલામા તો ગડગડાટ વધ્યો અને "મુસલમાનોએ ઘેરો ઘાલ્યો—લડાઈની શરૂઆત થઈ !" એવી ત્હેમને ચોક્કસ સમજ પડી

સપ્તવિંશ પરિચ્છેદ.

——(૦)——

સુલતાનનો ઘેરો.

——(૦)——

ચિતોડગઢ ગગનભેદી તો નહીં પરંતુ ઘણોજ મજબુત કિલ્લો છે. તે ઉત્તર અને દક્ષિણ દિશાઓની વચમા આવેલો છે. ત્હેની લબાઈ સુમારે ૩ા માઈલ અને પહોળાઈ ફક્ત અરધો માઈલ છે સમુદ્ર સપાટીથી ત્હેની ઉચાઈ ચારસે ફુટ કરતા વધારે નથી. ત્હેની પાસેજ એક ગામ છે—ત્હેનુ નામ પણ ચિત્તોડ છે ગામથી થોડે દૂર એક નદી છે ગામમાંથી ગઢ ઉપર જવાનો જે રસ્તો છે ત્યા આગળજ રસ્તામા એક પરિચ્છેદમા દર્શાવ્યા મુજબ પાડળપોળ થી રામપોળ પર્યંત સાત મજબુત દરવાજા છે ચિતોડગઢવાળાઓએ કેવા પ્રકારની યોજના કરી હતી તે આગળ દર્શાવવામાં આવ્યુ જ છે હવે સુલતાને ઘેરો કેવા પ્રકારે ઘાલ્યો હતો તે જોઈએ.

સુલતાન પાસે પ્રચડ સેના હતી ત્હેના સરદારો પણ વીર યોદ્ધાઓ હતા રૂમીમુસ્તફા સરખા મુત્સદ્દીની ત્હેને સારી મદદ હતી. ચિતોડગઢથી માઈલેક દક્ષિણની બાજુએ એક ન્હાની ટેકરી છે

આ ટેકરીનો રજપુતોએ કદી પણ બંદોબસ્ત કર્યો ન હતો રૂમીએ તે હસ્તગત કરી ત્હેના ઉપર પોતાનીજ તોપો ચ્હડાવી ! આ પ્રમાણે રૂમીએ કિલ્લાની દક્ષિણ બાજુ સભાળી ઉત્તરની બાજુએ કિંચિત ઇશાન ખુણા તરફ સુલતાને પોતાનુ થાણુ જમાવ્યુ હતુ પશ્ચિમની બાજુએ સરદાર અફઝલખાન અને અણહિલ પાટણનો રંગે રાજા ભૂપતરાય એમની યોજના કરવામા આવી, અને પૂર્વે મેદિનીરાય અને ઉપસેનાપતિ ટાટરખાન એમને નીમ્યા. આ સર્વ યોજના અગાઉથીજ કરવામા આવી હતી હુકમ થતાંજ સર્વેએ ક્ષણમાત્રનો પણ વિલંબ ન કરતા પોતપોતાને સ્થળે હાજર થઇ જવુ એવો હુકમ હતો

શાળીએ પોતાની મદદ માટે આણેલો સિપાઇ ત્હેની ભયંકર સ્થિતિ દર્શાવવા માટેજ જવાહિરબાઇએ બોલાવ્યો હતો ગરિબ બિચારો સિપાઇ ! શાળીની અવસ્થા જોઇ ત્હેને લાગ્યું કે આપણી પણ આવી ભયંકર દશા થશે પરંતુ જવાહિરબાઇએ ત્હેને છોડી દીધો. ત્હેને જા કહેતાંજ તે હરિણની ત્વરાથી ત્હાંથી ઉપડયો અને એકદમ મુસલમાન છાવણીમા આવી પહોંચ્યો તે રૂમી આગળ જઇને ઉભો રહ્યો ! રૂમીએ પૂછ્યુ, " કેમરે શુ થયુ છે ? "

બિચારા નોકરની જીભજ બંધ થઇ ગઇ હોય એવી ત્હેની મુદ્રા દેખાવા લાગી. તે અસ્પષ્ટ સ્વરે બોલ્યો,– ' ધા–ધા–ત–થ–યો ! "

રૂમીની અવસ્થા ઘણી ચમત્કારિક થઇ ત્હેણે ત્હેને થોડી વિશ્રાંતિ લેવા કહ્યુ થોડો વખત વીત્યાબાદ સિપાઇનુ કાળજુ સહેજ ઠેકાણે આવ્યુ પછી ત્હેણે ગઢ ઉપર બનેલી સર્વ બિનાથી રૂમીને વાકેફ કર્યો.

"યા અલ્લા!" રૂમી હતાશુદ્ધ થઈને બોલ્યો,–"શું તું આ ખબર કહે છે?"

થોડા વખત પછી તે બોલ્યો,–"હા–હા, ખબર હશે, પરંતુ હું જોઉં 'રંગ લક્ષણ'" એમ કહી હેણે એક ગોલંદાજને બોલાવી બે તોપો ભરવા કહ્યું."

પછી હેણે હેની કબજામાં કેદમાં રહેલા જંગીલાલ અને વિજયલાલને પોતાની આગળ લાવી કર્કશ સ્વરે કહ્યું,–તમે ચિત્તોડના નાગર છો કે નોકર નહિ. હવે તમારા ટુકડા પણ ચિત્તોડમાં જશે" એમ કહી હેણે હેમને તોપને ગાળે ઉડાવી દેવાનો હુકમ કર્યો. થોડાજ વખતમાં તોપો ભરવામાં આવી અને જંગીલાલને અને વિજયલાલને હેમના શરીરના ટુકડા કરી હવામાં ઉડાવી દેવામાં આવ્યા.

રૂમીનો સાળી ઉપર પ્રેમ હતો અર્થાત્ હેની થયલી ભયંકર દુર્ગતિ સાભળતાજ હેને ક્રોધ ઉદ્ભવ્યો અને તે ક્રોધાવેશમાં હેણે 'રાંડ નાસી તો હમારા બાપે' એવો ન્યાય કરી જંગીલાલ અને વિજયલાલને તોપને મ્હોઢે બાંધી ઉડાવી દીધા! પછી હેની ગઢને ઘેરો ઘાલવાની સુચના આપવા સારૂ નોબત વગાડી. સર્વ સરદાર લોક પોતાની તયારી કરવામાં ગુંથાયા પરંતુ આ શું? લુટારૂઓની માફક એકદમ પુષ્કળ લોકોએ હેમના ઉપર હલ્લો કર્યો અને ધાન્ય, ઘાસ લુટ્યું. કોઈ જગ્યાએ ઘાસમાં આગ લગાડી! કોઈ ઠેકાણેથી માલ લુટવામાં આવ્યો! આ ફોજ ક્યાંથી આવી અને કેટલી છે તેની કોઈને સમજ પડી નહીં! આ લુટારૂઓની માફક આવનાર લોક ચિતોડીના હતા અને હેણે સંધિ જોઈ છાપો માર્યો હતો!

પરંતુ આ વખતે ત્હેનો વિચાર લડાઇ કરવાનો બીલકુલ નહતો ગમે ત્હેને ત્રાસ આપવો એજ ત્હેમની ઇચ્છા હતી ' અર્થાત્ સંધ્યાકાળ પર્યંત ત્હેણે સુલતાન અથવા રૂમી આડાથી કરી જાગ નેવા ન દતા ત્હેમણે રાત્રેને રાત્રે પોતાની ફોજ તૈયાર કરી અને ચિતોડગઢ ઉપર વેગે ધાયો '

અષ્ટાવિંશ પરિચ્છેદ.

સંગ્રામ.

આજ જાય તો જાય આ ગઢ ચિતોડ ના !

રજપુતમાં બીજ થશે કદી મેવાડ રૂપ ના !

...નાગુનો ઉદય થવાનો થોડો વખત હતો, તો પણ પૂર્વ દિશામાં ત્હેના આગમનની નિશાનીઓ કિરણો રૂપે પ્રકાશતા હતી આજ સાથે રજપૂતો અને મુસલમાનો નયનને જરા પણ સહાય મળવા થવા લાગ્યા વખતમાં તો નિર્મળ તારામાં તરવારો ને ખડગો અને, નગારાં ગાજી રહ્યાં તરવારીયાઓ હાથે હાથ ' જય એકલિંગજીની ' ' એકલિંગજીની જય ! ' આમ ઉંચા ઉંચા પોકાર કરી રહ્યા હતા. હૈદલ સેનાના અશ્વોનો હણહણાટ, તરવારીઆઓનું તરવારીયાપણું, આંસગઓને વગવાની ઉત્સુકતા, મ્હોંનો લખલખાટ અને ઉત્સાહ એ સર્વ જોઇ રજપૂતો પ્રસન્ન થવા લાગ્યા.

મુસલમાનોએ પણ 'દીન ! દીન ! !' નામક યવન ગર્જનાથી ચુમો પાડી લડવા માડ્યુ તલવારોના ચળકાટથી, બંદુકોના અવાજથી, ઘોડાઓના કુદકાથી, એકલીંગજીની જયસુચક અવાજથી, દીનના પોકારથી રણભૂમિ ગાજી રહી બંને પક્ષમા શૂરવીર યોદ્ધાઓ હતા બન્ને પક્ષોમા પૂર્ણ ઉત્સાહ હતો રજપુતો તરફ ત્રણહજાર માણસો ઉભા રહી શરવૃષ્ટિ કરતા હતા અને યવન સનામા પણ તેથી જ્હેજ ઓ ! વીર યોદ્ધાઓ ઉભા ઉભા નરવીરતા દર્શાવતા હતા ! જેમ જેમ સૂર્યદેવ આકાશમા ઉંચે ચ્હડવા લાગ્યા તેમ તેમ શરવૃષ્ટિ પણ વધવા લાગી જાણે ગરમીથી રક્ષણ કરવાને માટે બાણોની જાળ આકાશમા પ્રસરી રહી હોય એમ દેખાતુ હતુ પ્રથમ યોગ વખત પર્યંત બાણોના સમસમાટ સિવાય બીજુ કઇ પણ સાભળવામા આવતુ ન હતુ પણ ધીમે ધીમે સ્થિતિ બદલાવા લાગી,-એક લિગજીનો જય !" એ ગર્જનાને દીન ! દીન' એ રણશબ્દોની ટક્કર લાગતાં તેનો પ્રતિધ્વનિ દશ દિગતર કપિત કરવા લાગ્યો ! રજપુત સનાના સેનાપતિએ પોતાના લસ્કરને ઉદ્દેશીને કહ્યુ કે,-"વીરો ! આજે આપણે આપણા દેશને માટે, આપણી ભૂમિના સરક્ષણ માટે આપણી કુળવધૂ અને પુત્રીઓ માટે લડવાનુ છે !" થોડીવાર પછી પાછો બોલ્યો,-"શાબાશ ! મ્હારા રણવીરો ! ધન્ય ધન્ય ! મ્હારી આના છે કે આપણી કુળવધુઓ, આપણી માતાઓ, આપણી પુત્રીઓ અને આપણી ભગિનીઓના શિયળના રક્ષણાર્થે તમો આગળ વધો, મુસલમાનોને મારી કહાડી ત્હેમના કાળા મ્હો કરી નાખો. જય એકલિગજીનો જય ! હરહર શભો ! જય એકલિગજીનો જય !" એ ગોત્રના ક્ષત્રિય વીરોએ આકાશ ગગની મુક્યુ, આવી

રીતે સેનાનો નાયક પોતાના બહાદુર યોદ્ધાઓને ઉત્તેજિત કરી હેમના બળમાં વૃદ્ધિ કરતો હતો. મુસલમાન સેનાપતિ મેદિનીરાય પણ તેવાજ જુસ્સાથી રણ મેદાન ગજાવી મુકતો. સરસર અવાજ સાથે ઉડતા બાણોને વીરો જેમ વરસાદની માફક વધાવી લે તેમ નિર્ભય રહી લ્હડતા હતા.

એ પ્રહર થયા ત્યહા સુધી બન્ને પક્ષે કિંચિત્ માત્ર પણ અટક્યા વિના યુદ્ધ કર્યું. બે પ્રહર વીતિ ગયા એટલે પછી મુસલમાનો પ્રતિથી કિંચિત્ શરવૃષ્ટિ ઓછી થઇ ! રજપુતોને વિશેષ બળ આવ્યુ. તેઓ ઘણાજ શ્રમિત થઇ ગયા હોવા છતા શરવૃષ્ટિ કરી. તીરોના સુઉઉ થતો સડસડાટ, તરવારોની અથડાઅથડી, ભાલાઓની ઘોંચાઘોંચી, ગોફણોની ફેંકાફેક, ન્હાની ન્હાની બહુકોમાથી નીકળતી ગોળીઓ, ઉંટપર લાધેલી ઝઝીરાનો માગે, વેગથી ચાલ્યો જતો હતો. આકાશમા બાણોની ઘટા છવાઇ ગઇ હતી, ધૂળથી સૂર્યમડળ પણ દેખાતું નહતુ.

રજપુતો અનહદ પરાક્રમ દર્શાવી શત્રુસૈન્યને મહાત કરતા હતા એટલામા તોપોનો અવાજ થયો ! તે સાભળતાજ રજપુતોએ ગગનભેદ કરી નાખે એવી રણગર્જના કરી પોતાનો આનદ પ્રદર્શિત કર્યો, પરતુ રજપુતવિરો ત્હમારી ધારણા હજુ પાર પડી નથી જુઓ તાજી ફોજ આગળ આવી મુસલમાની સૈન્યના મોખરે રહી લડવા લાગી અને શ્રમિત થયલા પાછળ ખસ્યા રજપુતો ચકિત થઇ ગયા ! નવીન યવનસેનાએ નવા જુસ્સાથી લ્હડવાની શરૂઆત કરી રજપુતોને તે દેખાતું હતુ. એટલે હવે તેઓથી ધીરજ રાખી શકાઇ નહી. સૂર્યાસ્ત થતાજ હેમનો મુખ્ય દરવાજો (પાડળપોળ) મુસલમાનોના હાથમા આવ્યો.

સર્યનારાયણના અસ્તાચલ ગમનનો સમય થઈ ચુક્યો હતો, એટલે [illegible] શાંતિના [illegible] યુદ્ધનું કાર્ય આજને માટે સમાપ્ત કર્યું [illegible] તેના [illegible] પોતાની છાવણીમા ગયા. આજની લડાઈમા જો કે રજપુતો કરતા મુસલમાનોની સંખ્યા વધારે [illegible] સરદારોની સંખ્યા [illegible] પ્રમાણમા હતી [illegible] રજપુતાણીઓની [illegible], [illegible] વિલાપ કરતી હતી [illegible], [illegible] અને પાછળથી [illegible] મુસલમાનોની મ્હોટી હતી, અને [illegible] તેની તો મુસલમાન છાવણીમાં બહુજ થોડી સંભાળ લેવાઈ હતી અને [illegible] હતી, ઉભયપક્ષના સૈનિકો [illegible] કરવા લાગ્યા.

રાત્રિના સમયમાં સર્વ વિશ્રાંતિ લેવાના [illegible] પ્રાતઃકાળ થતાંજ ઉભય પક્ષના સૈનિકો [illegible] તે સમયે વિજયસિંહે [illegible] કર્યું કે,-

"[illegible] વીરો! પોતાના દેશના, માની, અભિમાની, [illegible] અને ધર્મરક્ષક વીરો! ગઈ કાલના યુદ્ધમા જો કે આપણા અનેક વીરરત્નો રણભૂમિમા પડ્યા છે, પરંતુ યવન સૈનિકોનો નાશ આપણા કરતા વિશેષ પ્રમાણમાં થયો છે, એ જાણી આપણે [illegible] [illegible] રાખી લડવું જોઈએ. મુસલમાનો આપણા કરતા વિશેષ [illegible] છે અને વધારે બળહિન છે તોપણ તેઓને

સુખ નથી તેઓ ભાડુતી લ્હડવૈયા છે અને તરના આ ક છે તે ઘણા છે પણ આપણને થોડાને પહોચવા તેઓ શક્તિમાન નથી આપણે ઉત્સાહને ત્યાગવાનો નથી તે ઘણા છે, પણ આપણો ધર્મ મ્હોટો છે મ્હોટાનોજ જય છે. શુ મ્હારી વાણીમા આપણા ઉત્સાહને વૃદ્ધિગત કરવાની શક્તિ છે? નહીં, આપણો પવિત્રતમ ધર્મજ સર્વજ સર્વના અંતકરણોને ઉત્તેજિત અને ઉત્સાહપૂર્ણ બનાવવાને સમર્થ છે મ્હારા વ્હાલા બંધુઓ! જરા ધ્યાનથી વિચાર કરો કે, જો વિધર્મિય યવનો આપણા ચિત્તોડદુર્ગમા પ્રવેશ કરે, તો તેથી આપણી, આપણા સ્ત્રી સમાજની અને આપણા ધર્મની, દેવાલયોની તથા દેરાની કેવી ભયંકર સ્થિતિ થવાનો સંભવ છે! તેઓ આપણી પવિત્ર દેવમાતાઓને ભાગી નાખી ત્યા ગોવધ કરશે, દેવમંદિરોના સ્થાનોમા મસ્જીદો બંધાશે! રાણીઓ બેગમો બનશે, વહુ બેટીઓ લોંડીઓ બનશે! ભાઇઓ! જ્યારે એકવાર નગરમા મુસલમાનોનો પ્રવેશ થયો કે તેઓ આપણા દેશવાસીઓને લુંટી કંગાળ અને બેહાલ બનાવી મુકશે! આપણે નથી હાર્યા તો એમના આવા અઘોર અન્યાયની તેમને કોઇ શિક્ષા કરનાર નથી એ લુટારાઓ જણાવે છે કે,–'હિંદુઓ તમારો ધર્મ સારો નથી અમે તમને એક સારા ધર્મનુ શિક્ષણ આપીશુ અને તમારા જંગલીપણાને કાઢી નાખી તમને મનુષ્ય બનાવીશુ" કેટલુ બધુ સાહસ અને કેટલી બધી તેમની બાલિશતા! તેઓ કાયર છે, છતા આપણને કાયર કહે છે! તેઓ સ્વાર્થના દાસ છે, છળ કપટજ એમના વિલાસ છે અને નિરંતર વિષયવાસનાની જાળમાં ફસાયલા છે શુ તેઓ આપણને જ્ઞાન આપશે! ધર્મ આપશે! કદાપિ નહીં–કોઇ કાળે પણ એમ બનેજ નહીં! મિત્રો! સાવધાન–સાવધાન એમના અસત્ય ઉપદેશના

દેશમા કોઇ દેશદ્રોહી થશો નહીં કયો માચો નર પુરૂષ રાજપુત કલંક લઇને ત્હેના દેશના પતનમા દુમારો ? અસાવધ કાફિર કહીને આપણો ઉપહાસ કરે છે હુ આપને વારવાર પોકાર કરી કરીને કહુ છુ કે જો કોઇપણ પ્રકારે એ યવનો આપણને ગુલામીના બધનમા જકડી લેવાને સમર્થ થશે તો પછી આપણું સર્વસ્વ ગયુ એમજ સમજજો શુ એ પોતે આનદમા એક સ્થાને બેસીને ન્હાના પ્રકારના વિલાસો ભોગવશે, આપણા દેશની ઉપજથી એમના પરિવારનુ પોષણ કરશે અને ક્ષુધા તથા પિપાસા આપણા ભાગમા આવશે ? ના, એકલિગજીની તેવી મરજી નથી તે હજી આપણા પર રૂઠયા નથી મુસલમાનોને કાપી નાખો, દાટી દો, એમની કબરો ચિત્તોડની પાડોશમા થવા ઘો તમને ખબર છે કે જો તેઓ જીત્યા તો આપણી શી દશા થશે ? ગીઝનીમા પડીયુ ! સમરકદને બુખારાના બજારમા વેચાયેલુ ! પૃથ્વીરાજે દિલ્હી ગુમાવી, માંહોમાહે લ્હડીને જયચદે પટણા ગુમાવ્યુ, ઉત્તર હિંદુસ્તાન–ભરતનુ ભારત આજે રગદોળાય છે, ગીઆસ છે આર્યપુત્રોના મદિરમા પ્રાર્થના સ્થાને નિમાજ પઢાય છે. શુ ચિત્તોડના મદિરોને મસ્જીદ બનાવવાનુ પાપ આપણે વહોરી લઇશુ ! "

"નહીં બનશે ! રાજપુતો પ્રાણ દેશે, પણ પોતાના ઇષ્ટને અપમાન નહીં થવા દેશે ! " આખી સેના ગાજી ઉઠી !

'ધન્ય ! ધન્ય ! રાણી જયાઓ, ધન્ય ! તમે રજપુતાણીઓની કુખે જનમ્યા છો, ઉભા થાવ–તૈયાર થાઓ ! જુઓ આકાશમા તમને વરવાને અપ્સરાઓ ઉભી છે ! ત્હેને વરો ચિત્તોડના રક્ષણમા મરો ! પાછા ડગો નહી આપણો જય છે यतो धर्म स्ततो जय આપણે

અધર્મ કર્યો નથી, આપણે કલહના બી વાવ્યાં નથી ' તે જાતે મરવા આવ્યા છે તો મરવા દો ગઇ કાલે આપણે એક દરવાજો ગુમાવ્યો છે હવે તેમ થવું જોઇએ નહીં હિંમત રાખો શત્રુઓ કરતા તમે વધુ વીર્યવાન છો કાલના યુદ્ધમા આપણી કીર્તિને સહજ કલંક તો લાગ્યુજ ' કાલે આપણો વિજય ન થયો, એ આપણા સાહસની ન્યૂનતાજ છે. જો આપણે સાહસ કરીશુ-મરણિયા થઇશુ-પ્રાણદાન દઇશુ તો આપણી સર્વ ઇચ્છા પરિપૂર્ણ થશે ! ક્ષત્રિયો ધારે અને ન કરી શકે એવું કાર્ય આ વિશ્વમા અસ્તિત્વજ ધરાવતુ નથી ' આપણો સાહસી સ્વભાવ અવશ્ય આપણને સહાયક થશેજ આપણે યુદ્ધવિદ્યા વિશારદ કહેવાઇએ છીએ. માટે શ્રીએકલિંગજીનો જય બોલો અને દરેક શિરબંધુ પ્રતિજ્ઞા કરો કે,

" પ્રાણ જાય તો જાય આ, રહે ચિત્તોડ વન,
રણક્ષત્રમા ભીષ્મ થઇ, કઢ મ્લેચ્છરૂપ ધન "

વિજળીના આ ઉત્સાહવર્દ્ધક અને ઉત્તેજક વાક્યોનુ શ્રવણ કરીને સમસ્ત ક્ષત્રિય સૈન્યના શરીરમા એક નવીન પ્રકારના જીવનનો સંચાર થયો પ્રભાત પૂર્ણ થવા આવતાજ પુન પ્રથમ દિવસ પ્રમાણે તુમુલ રણકન્દનો પ્રારંભ થયો

મુસલમાન સેના મરણિયા થઇ તૈયાર ઉભી હતી ગઇ કાલે જે લોકો થાકેલા હતા તે નિરુત્સાહી બની ગયા હતા પરંતુ પાછળથી નવા આવેલા, ઘરબાર વગરના, દીનની ઝમાવત કરવાના આગ્રહી, ધર્માંધ, ગાઝીપેરે કુદકા મારનારા, જીવંચે તો બીબી માલેગી, મરેંગે તો બહેશતમાં હુરિયાળી હુરિયા ! એવા ધર્માવેશી મુસલમાનો આગળ વધ્યા મારામારને કાપાકાપનો અવાજ થઈ રહ્યો. રાજપુત સેનામાથી

શંખોને રણશિંગાના અવાજ થઇ રહ્યા, યવની સેનામાં મ્હોટા મ્હોટા હાડકા ફુંકાવા લાગ્યા, રાજપુતોએ તોરજોર બતાવ્યું, યવનો પણ કાચાપોચા નહતા-તેઓ પળ હિંદુઓની કાપણી કરવામાં પાછળ નહોતા પડયા આકાશમાં તરવારો ખણખણી રહી, ઝત્કારા થઇ રહ્યા, સમશેર અદ્ધર ઉડવા લાગી, ગોફણો કુદવા લાગી, હૈદલસના એક એકપર તુટી પડવા લાગી, પેદલ સેનાના ભાલા ભોંકાવા લાગ્યા. પડતા લહડવૈયાઓ કચડાવા લાગ્યા, બાણોનો વરસાદ વરસી રહ્યો

પરંતુ પાઠક! ચિત્તોડગઢના દિવસોજ ફર્યા હતા! રજપુતો ઘણાજ શૌર્યથી લહડતા પરંતુ પ્રચંડ શત્રુસેના આગળ તેઓ શું કરે? એ હાથના બાકી તો ન કરી શકે? સંધ્યાકાળ થતા ન થતામાં ભૈરવપોળ પણ મુસલમાનના હાથમાં ગઇ! ઘણા ખરા રજપુતો રણમાં પડયા!

\+ + + +

ત્રીજો દિવસ થયો! પુન લહડાઇની શરૂઆત થઇ, સર્વ સૈનિકોને બોધ આપવાનું કામ વિજળી કરતી તે હમેશા લહડાઇની શરૂઆત થતા પહેલાજ રજપુતોમાં અનહદ જુસ્સો ઉત્પન્ન કરાવતી! પરંતુ હેની સર્વ આશા નષ્ટપ્રાય થતી હતી આજ છેકજ વિચિત્ર રંગ હતો હનુમાનપોળ ઉપર રાયમલ્લ નામનો પ્રસિદ્ધ રજપુત સરદાર હતો, પરંતુ કાલે પણ હેને યુદ્ધમાં ભાગ લેવો પડેલો હોવાથી આજે હેના સૈન્યમાં જોઇએ તેટલી શક્તિ ન હતી રજપુત તરફની બાજુ નરમ દેખાવા લાગી તેટલા માટે મુસલમાનો બમણા જુસ્સાથી મરણીઆ થઇ પડયા બીજુ મુસલમાનોએ પણ આજે એક નિરાળીજ યુક્તિની યોજના કરી હતી હેણે એક રસ્તે એક આંખે ઢુંકડીઓ

ઉભી કરી હતી અને રજપુતવીર નાહ્લી ટુકડી પ્રતિ મગ્ન ધ્યાન કરવા જતાજ ત્હેના ઉપર બીજી ટુકડીવાળાઓ પાછળથી હુમલો કરતા

જો કે રજપુતો લ્હડવામા ઘણાજ બલિષ્ઠ હતા પરંતુ ભગવાન એકલિંગજીની કૃપા ત્હેમના ઉપર જણાતી ન હતી, હનુમાનપોળ પણ પણ યવનોના હસ્તક થઇ રહ્યા બાકી રહેલા રજપુતો આગળે દરવાજે પ્હોચ્યા

\+ + + +

આવી રીતે હનુમાનપોળ પછી જોરલાપોળ તે પછી ગણેશપોળ અને લક્ષ્મણપોળ પણ એક એક દિવસને અંતરે મુસલમાનોના કબ જામા આવી હજારો રજપુતોના શીરકમળ ભૂમાતા ઉપર પડયા, ચિત્તોડગઢનો એક ભાગ રક્તથી રંગાયો ! હવે યવન સૈનિકોનો સેનાધિપતિ રૂમી હતો, ત્હેણે તોપના મારાથી યુદ્ધ ચાલુ રાખ્યુ હવે ચિત્તોડગઢનુ સંરક્ષણ થવુ તદ્દન અશક્ય હતુ ! ઇશ્વર કરે તે ખરું

इश्वरेच्छा बलियसी ।

ગઢ ઉપર રોજના વર્તમાન પ્હોચતાજ હતા બિચારી કર્ણવતી ! કેટલી આશાથી હુમાયુશાહ તરફથી મદદની રાહ જોયા કરતી હતી અને તેજ વિચારમા બેભાન જેવી થઇ ગઇ હતી। પરંતુ અદ્યાપિ પર્યંત ત્હેની સહાય્ય આવવાના કઇ પણ ચિન્હ દેખાયા નહીં। કર્ણવતીના હૃદયમા વારવાર આ શકા થતી કે "હે પ્રભુ' શુ ત્હેણે મ્હારી રક્ષા નહીંજ સ્વિકારી હોય?" ત્હેણે હમણાજ લક્ષ્મણ પોળ શત્રુના તાબામા ગયાનુ સાભળ્યુ હતુ અને તે નિરાશા જનક બાતમી સાભળી વિષણ્ણ ચિત્તથી તે કઇ વિચાર કરતી બેઠી હતી તે સ્વગત બોલી,- 'અરેરે ! છેવટે પદ્મિનીના વખતે જે ભયંકર મહા

નાગો મેળવ્યનજ થયો તેનીજ પુન આવૃત્તિ થશે કે શું? હા એમજ દેખાય છે યુદ્ધ આટલા બધા દિવસ ચાલ્યો તેમા એક પણ દિવસે આપણો વિજય કરતા છે? ભગવાનદાસ પણ અદ્યાપિ આવ્યા નહીં શુ કરવું? વિક્રમાદિત્ય તેના (મગના) જેવો હોત તો? પરતુ નહીં ખરેજ છે કે.-

विधाता रचिता या रता ललाटेक्षर मालिका ।

न ता मार्जयितुं शक्ताः स्वशक्त्याप्यतिपण्डिताः ॥

એમ કહી તેણે એક દીર્ઘ નિશ્વાસ મક્યો

"બહાર કોણ છે કે?" કુર્ણવતીએ પુછ્યુ એક દાસી અદર કુર્ણવતીએ તેને કહ્યુ "જા જા પન્નાને દાદન બોલાવી લાવ" દાસી ચાલી ગઇ

થોડાજ વખતમા દાસી પન્નાબાઇને બોલાવી લાવી કુર્ણવતીએ દાસીને ચાલ્યા જવા કહ્યુ

દાસીના ગયા પછી કુર્ણવતીએ પન્નાને કહ્યુ, 'હવે આગળ-" તેનાથી આગળ બોલી શકાયુ નહી તે હિમતવાન હતી તો પણ અબળા હતી પન્ના પણ શુ કહે? તે પણ તેના મુખપ્રતિ કરુણ દૃષ્ટિથી જોવા લાગી ઘણાજ વખત પછી કુર્ણવતીએ કહ્યુ, ભગવાનદાસ તો કેમ હજુ સુધી આવ્યા નહીં અને હવે તો તેજ વખતે આવશે"

કયો વખત વાળ?'

"*જોહરવ્રતનો (જનહારનો)- "

---

*જોહરવ્રત એટલે બચવાનો બીજો ઉપાય ન હોય તે વખતે ચિતા ખડકી બળી મરવુ તે

પન્નાનું હૃદય કંપિત થયું ! તે અસ્પષ્ટ સ્વરે બોલી,-હા, મ્હને પણ એમજ ભાસે છે”

કર્ણવતી ગંભીર સ્વરે બોલી,—“તે થશેજ અને હમે પણ તેમજ કરીશું, એમાં શંકા નથી. જવાહિરે લ્હડવાનું નક્કી કર્યું છે—હું જોહાર કહીશ !—તેથી—તેથી” કર્ણવતી કંપિત સ્વરે બોલી,—“ઉદયસિંગ—મ્હારા પ્રાણાધિક પુત્ર ઉદયસિંગને ત્હાગેજ સ્હમજજે”

પન્નાને સર્વ સ્હમજાયું તે આંસુ ભરેલી આંખોથી કર્ણવતી પ્રતિ જોઇ રહી ઉદયના રક્ષણાર્થે ત્હણે કેટલા ધૈર્યથી પુર્ણ કરી તે ઇતિહાસ વાચકોથી અજાણ્યું નથીજ”

એકોનત્રિંશ પરિચ્છેદ.

(૦)

સંહાર અને જોહાર !'

રૂમીએ જે ટેકરી કબજે રાખી હતી ત્હેની લંબાઈ ઠેઠ ચિ-તોડગઢ સુધી હતી એમ આગળ એક પરિચ્છેદમાં દર્શાવવામાં આવ્યું છે ત્હેમાં ત્હેણે આ અરસામાંની અંદર તો ટેકરી ખોદાવી અંદર દારૂગોળો ભર્યો પછી ત્હેણે શું કર્યું તે આગળ આવશે

યવનો છેક રામપોળ સુધી આવી પ્હોચ્યા હતા આ જુઓ ! બહાદુર યોદ્ધો દુર્ગારાવ પોતાના અનહદ બળથી શત્રુ સનાની પાછી હઠાવે છે સમુદ્રના મોજાની માફક યવનસેના ત્હેની ચોતરફ ફેલાય

છે અને એક પલકમા તો છિન્નભિન્ન થઇ ભૂમાતાને નમસ્કાર કરી આવી જાય છે ! તરવારોનો અવાજ કાનોને બહેરા કરી નાખે છે. પરતુ આગ્રુ ? આ દુર્ગાગત પણ પડયો !

કિલ્લાની નીચે નજર કરો અહા ! વીરરમણી વિજળી કેટલી અધી શોભે છે ! હેના હાથમાની તરવાર હવાની અંદર ઉછળી રહી છે ! "શાબાશ ! મ્હારા વિરબધુઓ શાબાશ ! આગળ જોતા જાઓ, ત્હમારી બ્હેન, ત્હમારી માતા, ત્હમારી પ્રિયતમા ત્હમારૂં શાર્ય જુવે છે ! જુઓ દેવ પુષ્પ વૃષ્ટિ કરે છે ! શાબાસ હરિસિંગ ! નરસિંગ શુ જુઓ છો વધો આગળ ! ડગમગો નહીં ચાલવા ઘો ! શાબાશ છે ભૂપતરાય !" આવા પ્રકારે તે પોતાના સૈન્યને ઉત્તેજિત કરતી હતી જેટલી ચપલતાથી તે બોલતી હતી તેટલીજ ચપળતાથી તલવાર ચલાવતી હતી ! એટલામાજ હેનો ઘોડો ખચકાયો ! "અરેરે !" એટલા શબ્દ બોલી તે નીચે ઉતરી પડી. તે પુનઃ બુમ પાડી બોલી,—"હ—બ્હીશો નહીં. હું જીવુ છુ. ચાલવા ઘો. હરિસિંગ પાછળથી જો જો અરેરે ! ચુકયો—તીર પડયો !" એટલામા તો વિજળી અને દેવીસ્વરૂપ વિજળીના હાથ ઉપર કોઇએ ઘા કર્યો ! ને આઘાત એવો ભયંકર હતો કે વિજળી એકદમ જમીન ઉપર પડી ! તોપણ બોલી,—"અરે—બ્હી—શો ન—હીં હું નહીં—હોઉ—તે—વા—શુ !"

ચિત્તોડ ત્હને નમસ્કાર !" વિજળીએ ગઢ તરફ જોતાં કહ્યું.— પ્રિય વાચક ! આજ તે વીર દેવાંગના ચિત્તોડની ઉદ્ધારક દેવીના શબ્દો હતા ! દેવાગનાએ આકાશમાથી લબાવેલી વિજયમાળા પકડી વિજળી સ્વર્ગમા સંચરી ! તે વીર આર્યા ! અમરધામ નિવાસીની થઇ !!

રામપોળના બુરજ ઉપર દેવળ ઠાકુર વાઘજી (વ્યાઘ્રસિંગ) ચિત્તોડગઢનુ નિશાન લઇ ઉભો હતો ત્હેની આજુબાજુ પાંચસે વીર ઉભા રહી બંદુકો છોડનાર ઉપર બાણવૃષ્ટિ કરતા હતા. રૂમી પોતે બંદુકો છોડતો હતો યવન સેનામા હવે તેજ વીર બહાદુરીથી લ્હડતો હતો કારણ હમણાં લશ્કરનો સેનાપતિ તે રહ્યો હતો ત્હેણે આગળથી કરેલો દાવ તૈયાર હતો મુસલમાન સૈન્ય ચપળતાથી લક્ષ્મણ પોળ તરફ ખસી ગયુ. અને તરતજ સુરંગની અંદર બત્તી ચાંપવામા આવી. વાઘજી તો મરણીઆ થયલા શૂરાની માફક લ્હડતો હતો. ત્હેના માણસો પણ શરવૃષ્ટિ કરવામાજ નિમગ્ન હતા. પરતુ ગાઇ બોલી ઉઠયો,—આપણે જીત્યા છીએ ! યવન સૈન્ય પાછું હઠયું છે ! પરતુ તે તેઓ સર્વની ભૂલ હતી ! ચિત્તોડના દિવસો પૂર્ણ થઇ રહ્યા હતા ! રૂમીની યુક્તિથી તેઓ અજ્ઞાત હતા ! એકદમ મ્હોટો ગડગડાડ થયો અને રજપુત સૈનિકોનો એક ક્ષણ માત્રમા નાશ થયો ! इश्वरेच्छा बलियसि ।

પૂર્વદિગ્વધુ અરૂણ પ્રભાનુ લાલ વસ્ત્ર જોઇ હસતી હતી, ચિત્તોડગઢની રજપુત વધુઓ પણ આરક્ત વસ્ત્ર પરિધાન કરી જોહાર (ઝહરવ્રત) કરવાની તૈયારીઓ કરવા લાગી હતી! ચોદ વર્ષની ઉમરથી તે ચાળીસ વર્ષ પર્યતની સર્વ રજપુત લલનાઓ એક મ્હોટી ખડકીમા એકઠી થઇ હતી સર્વ મુની મુદ્રા ઉપર સ્વર્ગીય લાવણ્ય ચળકતું હતુ । ધર્મ રક્ષણ કરીને પ્રાણત્યાગ કરવા સર્વે તૈયાર હતી. સર્વેએ ઉત્તમ વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. આભુષણો ધાલ્યાં હતા. સર્વે હસતી હતી. કર્ણવતી એક બાજુએ ગંભીર મુદ્રાથી ઉભી રહી પોતાની પાસે બોલાવી પુછતી હતી કે;—"જોહાર કે સંહાર?"

"જોહાર' ઉત્તર આપે ત્હેને તે પોતાની પાંસે ઉભી રહેવા જણાવતી અને "સહાર" કહે ત્હેને "જવાહિરબાઇ પાસે જા" એમ કહેતી હતી હસી સર્વને કંકુનો ચાલ્લો કરતી હતી જવાહિરબાઇ બીજી બાજુએ ઉભી હતી ત્હેના જમણા હાથ નજીક તલવારોનો એક મોટો ઢગલો પડ્યો હતો, 'સહાર' કહીને જે રજપુતાણી ત્હેની પાસે આવતી ત્હેને તે એક તલવાર આપી કચ્છો મારી લ્હડવાને તૈયાર રહેવા સુચના કરતી! થોડાજ વખતમાં આ પ્રાસ્તાવિક સમારંભની પુર્ણાહુતી થઇ જવાહિરબાઇ તરફ છ હજાર લલના નાગી તલવારો લઇ ઉભી હતી! ત્હારે કર્ણવતીની બાજુ સાત હજાર સ્ત્રીઓ જોહાર કરવાને તૈયાર હતી. અત્યંત વિલક્ષણ પ્રસંગ!

કર્ણવતીએ હાક મારી,-"જવાહિર!"

જવાહિરબાઇ પાસે આવી કર્ણવતી ત્હેના હાથ પોતાના હાથમાં લઈ કંપિત સ્વરે બોલી. "જવાહિર વખત આવી પહોચ્યો છે! આપણે એક બીજાને અરસપરસ અનહદ પ્રેમથી ચ્હાતા આવ્યા છીએ ઇશ્વર આપણો હવે સ્વર્ગમાં સંયોગ કરાવશે. જવાહિર! તુ મ્હારી આજ્ઞાનુસાર ચાલી છે, ધન્ય છે ત્હને! આજે તુ વીરપત્નીને યોગ્ય એવુ આચરણ કરે છે, હવે તું હૃદયમાં શોક રાખીશ નહીં! આપણો વિયોગ ઝાઝો વખત ટકનાર નથી આંખો લુછી નાખ, અને જો કોઇ વખત મ્હારાથી ત્હારો કંઇ અપરાધ થયો હોય તો ક્ષમા આપ!" એમ કહી કર્ણવતીએ આંસુ સારતી જવાહિરને પોતાના હૃદય સાથે ચાંપી જવાહિરબાઇ ત્હેના હૃદય ઉપર મસ્તક મૂકી રડતી હતી. થોડા વખત પછી ત્હેણે કર્ણવતીના ચરણ આગળ પોતાનુ

મસ્તક નમાવ્યુ ! કર્ણવતીએ ત્હેને આશિર્વાદ આપ્યો પછી ત્હેણે હંસીને હાક મારી કહ્યું,—

"મ્હારી વ્હાલી પુત્રી ! જા અને યુદ્ધમા ત્હા. શૌર્ય બતાવ—" હંસીએ ત્હેના ચરણમા મસ્તક નમાવ્યુ અને આશિર્વાદાત્મક રજા લીધી !

જવાહિરબાઇએ પોતાની સર્વ ફોજ તૈયાર કરી ! તરુણ લલના પોતાના મધુર અવાજથી ગાતી,—

એકલિગજીકી જય બોલો, એકલિગજીકી
સબ સખી મિલકર લડકર રાખે કીર્ત બાપજીકી—એક૦
માત હમારી વીરપ્રસૂતા હમ હૈ વીર નારી
પિતા હમારે બ્રાતા હૈ શૂર નરબ્યારી એક૦

× × × ×

ચિત્તોડગઢનો મુખ્ય દરવાજો રામપોળ ઉઘાડ્યો અને કેસરી પોષાક પહેર્યા શૂર રજપુતો આગળ ધસ્યા ! મુસલમાન ફોજ દરવાજાની અંદર ઘુસી અને ઘનઘોર યુદ્ધની શરૂઆત થઈ ! આ વખતે રજપુતો ઘણાજ જુસ્સાથી લ્હડતા હતા પહેલા તો મુસલમાનોની વધુપ્રમાણમા કતલ થઇ ગઇ ! વારવાર 'જય એકલિગજીની' રણ-ગર્જના ઉઠતી હતી ! તરવારોનો ખણખણાટ અને ઘોડાના ખોંખારા સભળાતા હતા !

સુલતાન પોતાની સઘળી ફોજ સાથે લ્હડતો હતો, યુમફખાના હાથ નીચેનો ભાગ પણ હાજરજ હતો રજપુત સ્ત્રીઓ પણ લ્હડે છે એ જોઇ સુલતાનને આશ્ચર્ય લાગ્યુ

ચુમકખા એક કોમળ યુવાન સાથે લડતો હતો તે વીરની મુખમુદ્રા એજ ઉદાસ હતી ચુમકખા તે વીરના શૌર્યના જોઇ છક થઇ ગયો ! ચુમકખાની ટોકી ઉપર તે વીર પોતાની તલવાર નચાવતો બોલ્યો,–"ચુમકખા ! સભાળો–આ તમારી તરવારના બે ટુકડા થઇ થઇ ગયા જુઓ—" એમ કહી ત્હેણે તરવાર ફેરવી ! ચુમકખાંની તરવારના બે ટુકડા થઈ હવામા ઉડયા પરતુ તે વીરનો અવાજ સાભળી ચુમકખા સ્તબ્ધિત કેમ થઇ ગયો ? જુઓ તે વીર હજુ પણ એવીજ બહાદુરીથી લડે છે ! તે હુમીજ–પુરૂષ વેશમા હતી ! હુંસી ખડખડા હસી તે બોલી – ' આપને કસાવ્યા બદલ આપને ગુસ્સો આવ્યો હશે, પરતુ કુમાર આતો રાજકાર્યની વાત–આપ આમ સ્થિર ઉભા ન રહો–હુ આપને ભાલો આપુ કે ?"

એટલામાજ રૂમીએ છોડેલો ગોળો તે બન્નેની વચમા આવીને પડયો ! એક દિવ્ય જ્યોતિ આકાશમા ચઢે છે એવો ચુમકખાને ભાસ થયો ! હુંસીને તે ફરીથી જોઈ શકયો નહી !

બીજી બાજુએ યુદ્ધ ઘણાજ રગમા આવ્યુ હતું ! ઘણા વીર પુરૂષોના શરીર છિન્નભિન્ન થઈ જતા હતા. રજપુત લલનાઓ પટાપટ એકેક બળએ ભોગ લઇ પડતી હતી ! સુલ્તાન હુર ઉર્ફે વસતીની શોધ કરતો હતો ! હુરને બચાવવા માટે જવાહિર આગળ આવી. પણ એટલામા એક તીર સરસર કરતુ આવીને ત્હેના હૃદયની આરપાર નીકળી ગયુ ! જવાહિર રણક્ષેત્રમા પડી–સ્વર્ગે સચરી ! ! આ દેખાવ જોઈ વસતી ધૈર્ય પિગલિત થઇ અને તેજ વખતે ત્હેનો સુલ્તાનની તરવારે ભોગ લીધો !

\+ \+ \+ \+

ચિત્તોડની ઉત્તર બાજુએ એક ગુહા છે। એ સ્થળે પૂર્વે એક વખત હજારો લલનાઓ અગ્નિએ સ્વાહા કરી હતી। આજ પણ તે ગુહામાં પ્રચંડ અગ્નિ બળતો હતો। દરેક લલના યુદ્ધક્ષેત્ર પ્રતિ દૃષ્ટિ કરી નમસ્કાર કરતી હતી અને તે પછી તરતજ આનન્દિત વદને પ્રજ્વલિત અગ્નિમાં ઝંપલાવતી હતી। ધુમાડાથી આકાશ વ્યાપ્ત થઇ ગયું હતું। કેટલીક ચિતાની બહાર પણ હજુ ઉભી રહી હતી. એક વિશિષ્ટ ચિતા નજીક કર્ણવતી ઉભી રહીને પન્ના પ્રતિ જોઇ રહી હતી। પન્ના પાસે ઉદયસિંગ ઉભો હતો।

સાત હજાર સ્ત્રીઓની આહુતી કર્ણવતીએ જોઇ।

કર્ણવતીએ પન્નાને પોતાની પાસે બોલાવી ત્હેણે ઉદયસિંગને પોતાની પાસે લઇ ચુંબન કર્યું અને ત્હેને લઇ જતા રહેવા સૂચના કરી પન્નાએ કર્ણવતીના ચરણોમા મસ્તક નમાવ્યુ અને ઉદયસિંગને લઇ ત્યાંથી રડતી રડતી મહેલમા ચાલી ગઇ।

કર્ણવતીએ યુદ્ધક્ષેત્ર પ્રતિ જોયુ। આજ વખતે જવાહિરને ત્હેણે ભૂમિ ઉપર પડેલી જોઇ। ત્હેણે ઘણાજ કષ્ટે પોતાના દુઃખનો આવેગ સમાવ્યો। ત્હેણે ચિતાની આસપાસ પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા અને પુનઃ એકવાર જવાહિર-મરણને શરણ સ્વર્ગમા સંચરેલી જવાહિરને જોઇ ચિતામા પડતુ મેલ્યુ। અગ્નિએ ત્હેનુ સર્વાંગ ઘેરી લીધુ. અકસ્માત્ તે જ્વાળામાંથી કર્ણવતીની દૃષ્ટિ બહાર ગઇ। ભગવાનદાસ દોડતો આવતો હતો। પરંતુ હવે શું ઉપયોગ?

હુમાયુની ફોજ આવી પ્હોચી। અને ત્હેણે રજપુતોને મદદ કરવાની શરૂઆત કરી, પરંતુ આ મદદ એક કલાક મોડી મળી। દુર્દૈવ, બીજું શું?

ત્રિશં પરિચ્છેદ.

इश्वरेच्छा बलियसि ।

ઇશ્વિરના ધર્ગનો ખેલ, જન શુ કરશેરે !
પ્રભુ પુરે જેવુ તેલ, તેવા દીપ બળશેરે !

વિષણ્ણ ચિત્તે હુમાયુ અદ્યાપિ પર્યંત બળતી એક ચિતા આગળ ઉભો હતો પાસેજ ભગવાનદાસ મ્લાનવદને તે તરફ જોતા ઉભા હતા !

હુમાયુ ઉચુ જોઇ દુ ખાર્દ સ્વરે બોલ્યા,–'યા અલ્લા ! પરવર દિગાર ! હારી આવીજ ઇચ્છા હશે, તો–' એમ કહી તે બળતી ચિતા તરફ જોયુ, અને બોલ્યો,–"હા પ્યારી બ્હેન ! પ્યારી બ્હેન ! એકવાર પણ હારા પવિત્ર દર્શન થયા નહીં ! અલ્લાની મરજી !" એમ કહી ત્હેણે પોતાના આંસુ લુછી નાખ્યા અને એક રત્નજડિત કાચળી કહાઢી ત્હેણે તે ચિતામા ફેકી દીધી ! એક દિવ્ય જ્વાળા પ્રગટ થયલી હુમાયુએ જોઇ ! ત્હેને નમસ્કાર કર્યા !

* * * *

આ જુઓ–એક છોડી બાજી હરિણી પોતાના વત્સપ્રતિ–ચિતો- ડગઢ પ્રતિ જોઇ મૃત્યુના મ્હોઢામાં પડી ! ! ! इश्वरेच्छा बलियसि ।

× × × ×

આ તરફ જુઓ-સુલતાન પારધી ચિત્તોડ ઉપર નિશાન લગાતો હતો અને ત્હેના નિશાનથી ચિત્તોડનો નાશ થયો, પરતુ ત્હેની પાછળજ હુમાયુરૂપી મણિધરે ત્હેને દંશ કર્યો ' પરતુ બન્નેની આશા પૂરી થઇ ત્હેનું કઇ ફળ દેખાયુ નહી. इश्वरेच्छा बलियसि ।

+ + + +

કર્મચંદની કેટલી મહત્વાકાક્ષા ? આજે ઇશ્વરેચ્છાથી તે ધુળધાણી થઇ ગઇ ' બાણોનો વર્ષાદ થઈ ચિત્તોડગઢરૂપી ખેતરનો નાશ થયો ' ' ' ઇશ્વર ઇચ્છા ' બીજુું શુ ?

ચિ-તોડગઢનુ નાક કપાઇ ગયુ. સર્વ નાશ પામ્યુ ' કથાનકમાના એક પણ પાત્રની ઇચ્છા પુર્ણ થઇ નહીં તેથીજ અમે કહીએ છીએ કે इश्वरेच्छा बलियासि ।

સમાપ્ત.

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત. તરફથી પ્રકટ થએલાં પુસ્તકોનું સૂચીપત્ર.

પ્રભુશંકર નરભેરામ વ્યાસ તંત્રી ચંદ્રપ્રકાશ તરફથી જણાવેલાં પુસ્તકો.

ટુંક વખતમાં લોકપ્રિયતા પામેલું પુસ્તક.

પ્રાણાયામ-ભાગ ૧ લો.

આ પુસ્તક પ્રાણાયામ સંબંધી સઘળી માહિતી આપે છે મ રણમાં સરળ અને એક ન્હાનું બાળક પણ સમજી શકે તેવી તેની સહેલી ભાષા છે તેથીજ ટુંક વખતમાં સર્વ સ્થળે લોકપ્રિયતાને પામ્યું છે. યોગવિદ્યા, પ્રાણાયામ એ શું છે તથા તેને કરવાથી શા લાભ પ્રાપ્ત થાય છે. પ્રાણ અને જીવનનો સંબંધ. પ્રાણાયામ સંબંધી આપણા ઋષિ મુનિઓ અને પશ્ચિમના વિદ્વાનોના અભિપ્રાયો. પ્રાણ સંબંધી અધિક માહિતી. પ્રાણાયામ કોનાથી થઇ શકે છે. સ્ત્રીઓને તે કરવાનો અધિકાર છે કે નહિ. પ્રાણાયામનું પ્રથમ અંગ. પ્રાણાયામથી જીવનને શી રીતે વધારવું તથા થએલા વ્યાધિને શી રીતે મટાડવા. આસન, યથાર્થ શ્વસન ક્રિયા શરીરમાં રહેલા સાત ચક્રો, લોમવિલોમ પ્રાણાયામ, મુખ્ય આઠ પ્રાણાયામ, અને તે કેવી રીતે કરવા. વીગેરે બીજી સેંકડો ઉપયોગની બાબતોનો તેમાં સમાવેશ કર્યો છે.

લગભગ અઢીસેં પૃષ્ઠના ચિત્રવાળા આ પુસ્તકની કિંમત માત્ર આના આઠ. તેનો સર્વ કોઇ એક સરખી રીતે લાભ લઇ શકે તે અર્થેજ રાખવામાં આવી છે. પોષ્ટેજ આનો એક જુદું.

પ્રાણાયામ-ભાગ ૨ જો.

પ્રાણાયામ સબંધી બાકી રહેલી બાબતોને આ પુસ્તકમાં વિસ્તારથી વર્ણવી છે હાલ તે છપાય છે. કિંમત પુસ્તક બહાર પડયેથી નકી થશે. અગાઉથી ગ્રાહક થનાર ગ્રાહકો પાસેં દર પ્રતે ચાર આના કમી લેવાશે. માટે નામ નોંધાવો.

કાવ્ય—કુસુમ.

જ્ઞાન તત્વવિચાર, અનુભવ તથા ભક્તિરસથી સંપૂર્ણ ભરેલા ઉત્તમોત્તમ પદ્યોનો સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. વળી આધુનીક નાટકોના પ્રસિદ્ધ ગાયનોના ગઢમાં તે બનાવેલા છે. નાટકના વિલાસપ્રિય શૃંગારી ગાયનો ગાવાથી જ્યારે નઠારી અસર થવાનો પ્રસંગ આવે છે ત્યારે આ પુસ્તકમાં આવેલા પદ્યને ગાવાથી વૃત્તિ શાન્તિ ભક્તિમાં ઝબકોળાઇ રહે છે ઉછરતા યુવકોના હાથમાં મૂકવા લાયક આ પુસ્તક સર્વ રીતે શ્રેષ્ઠ છે કેમકે તેમાં આવેલા પદ્યોને શાંતિપૂર્વક ગાવાથી મનમાં સઘળા વિકારી અને પ્રતિકૂળ ભાવો નમી જાય છે. પુસ્તકને બહારથી તેમજ અંદરથી સુંદર રીતે છપાવી શોભામાં ખાસ વૃદ્ધિ કરી છે. મૂલ્ય આના આઠ પોષ્ટેજ ૦-૧-૦.

સર્વ રીતે સુખ પ્રાપ્ત થાય છે અને પ્રતિકૂળ હોય છે તો દુઃખનો પાર રહેતો નથી. આથી આ પુસ્તકમાં ગૃહસ્થાશ્રમને શી રીતે સંપૂર્ણ સુખમય કરવા તેનું વર્ણન સહેલી અને રસભરેલી ભાષામાં વર્ણવી બતાવ્યુ છે. વર્તમાનકાળના ગૃહસ્થાશ્રમ તરફ નજર નાંખતા સુખને બદલે જ્યાને ત્યા દુઃખ જોવામા આવેછે તેને ટાળવાના અને ગૃહસ્થાશ્રમને સુખી બનાવવાના અમોઘ ઉપાયો આ પુસ્તકમાં પ્રકટ કર્યા છે તેને અનુભવમા મૂકનાર મનુષ્ય આજ સસારમાં દેવ સમાન થઇ રહેછે. આ પુસ્તકમા ગૃહસ્થ સ્ત્રી પુરૂષોને ઉપયોગી હજારો વિષયો આપ્યાછે તેમાના મુખ્ય મુખ્યની આ સ્થળે નોંધ આપીએ છીએ.

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતાઇ પરા પૂર્વથી છે. ગૃહસ્થાશ્રમનુ પ્રથમ અંગ લગ્ન, લગ્ન સબધી કેટલાક વિચારો, લગ્ન એટલે શુ? કન્યાવિક્રય, સ્ત્રીની મહત્તા, ગૃહસ્થાશ્રમનો આરંભ, છોકરા છોકરીઓને અપાતું શિક્ષણ, કેળવણીનો અર્થ, ખોટી રૂઢીઓ, શારીરીક આરોગ્ય અને તે પ્રાપ્ત કરવાના ઉપાયો, આધુનિક વ્યવહારના ચિત્રો, ગૃહસ્થાશ્રમને સુખમય સ્વર્ગ સમાન બનાવવાનો સહેલો ઉપાય, નવવિવાહીત દંપતીને હિતવચન, બાળપણાનુ કર્તવ્ય, યુવાવસ્થાનુ કર્તવ્ય, વૃદ્ધાવસ્થાનુ કર્તવ્ય આ સીવાય બીજા પણ સખ્યાબધ વિષયો આ પુસ્તકમા આપવામા આવ્યા છે. તમે તેને જોશો ત્યારેજ તેની ખરી ખુબી તમને સમજાશે આ પુસ્તક સચિત્ર છે અને તે સારા કાગળ ઉપર સુદર રીતે છપાવ્યુ છે. સર્વને એક સરખી રીતે ઉપયોગનું આપણા આર્ય ઋષિ મુનીઓ અને પશ્ચિમના આધુનિક વિદ્વાનોના મતોને દર્શાવનારૂ આ એકજ પુસ્તક છે. તેથી તે પોતાને ત્યાં લગ્ન પ્રસંગે

અથવા એવાજ કોઇ માંગલીક પ્રસંગે અવશ્ય લ્હાણી કરવા યોગ્ય છે. અને આવી ઇચ્છા રાખનાર મનુષ્યને તે ખાસ કીફાયત ભાવથી આપવા વ્યવસ્થા કરીછે. પાકું પુઠું અને સંખ્યાબંધ ચિત્રો સાથેના આ પુસ્તકનું મૂલ્ય ફક્ત એક રૂપિયો રાખવામા આવ્યુછે. પોષ્ટેજ આના બે જુદા.

એક અપૂર્વ રસ પ્રધાન બોધક નવલકથા.

પ્રજ્ઞા અને જયોતિ.

વર્તમાન સમય નવલકથાનો છે એમ કહીએ તો તે લેશ માત્ર પણ ખોટુ ગણી શકાય તેમ નથી નાની મોટી સંખ્યાબંધ વાર્તાઓ હાલના સમયમા પ્રકટ થાય છે અને તે સર્વ પોતપોતાની શૈલી પ્રમાણે પ્રચારને પામતી જાય છે. તેમા આ નવલકથા એક નવીન સાહિત્ય તરફજ જન સમાજને ખેચે છે. નવલકથાનુ પુસ્તક એવું હોવું જોઇએ કે જેને વાચવાથી માત્ર મનને આનંદ થાય રસ પડે અને તેની સાથે વળી બોધ મળે ઔષધ જેમ કડવુ હોવા છતા તેની ઉપર ખાંડ વીગેરે કોઇ વસ્તુનુ પડ ચઢાવવામા આવ્યું હોય તો તે જેમ ઉપરથી મીઠુ લાગે છે અને તેને બાળકો પણ હોંસથી ગ્રહણ કરે છે તેમ આ નવલકથામાં પણ આડકતરી રીતે ઉત્તમ બોધને ગુંથી શકાય છે અને તે વાંચકોને લાભ કરનાર થઇ પડે છે. આ ઉદ્દેશને લક્ષમાં રાખી પ્રસ્તુત પુસ્તકની રચના કરવામા આવી છે અને તેમાં વિવિધ પ્રકારના બોધને રસ ભિરેલી ભાષામા સમાવવાનો પ્રયત્ન કર્યો છે દરેક પ્રકરણની છેવટે તેનો શુ સિદ્ધાંત છે

તે પણ ખાસ આકર્ષક રીતે લખીને છપાવ્યો છે. ટુંકમાં નવલકથાના શોખીન દરેક સ્ત્રી પુરૂષે આ પુસ્તક અવશ્ય વાચવા યોગ્ય છે. મૂલ્ય આના બાર પોષ્ટેજ ૦-૧-૬

સદ્બોધ સ્તવન માળા.

આ લઘુ પુસ્તકમા અમારા તરફથી પ્રસિદ્ધ થતા ચંદ્રપ્રકાશ માસિક પત્રના અંકોમા પ્રસિદ્ધ થઇ ગએલા જ્ઞાન તત્વ વિચાર અનુભવ વૈરાગ્ય આદિ વિષયો ઉપર લખાયલા લોકપ્રિય પદ્યોમાથી ખાસ ચુંટી કાઢેલા પદ્યોનો સમાવેશ કર્યો છે, મૂલ્ય આના બે પોષ્ટેજ ૦-૦-૬

મૂલ્યવાન રત્નો.

વિપત્તિ અથવા બીજાજ કોઇ એવા કારણથી મનુષ્ય જ્યારે નિરાશાના સમુદ્રમા ડુબકા ખાય છે ત્યારે તે વખતમા તેવા મનુષ્યોને ઉત્સાહ આપનાર અને જીવનની મહત્તા સમજાવનાર આ લઘુ પુસ્તક એક નાવ સમાન છે. ગમે તેવી ઉદાસીનતામા પણ તે પ્રસન્ન રહેવાનુ શિખવે છે. મૂલ્ય અર્ધો આનો પોષ્ટેજ અર્ધો આનો. સામટી રૂપૈયા એકની ચાળીશ

વિજયી કોણ થાય છે.

વિજયની વ્યાખ્યા દર્શાવનાર હમેશા ફ્રેમમા જડાવી પોતાની પાસે રાખવા લાયક સુંદર ત્રણ રંગમા છપાયલો ગ્લેઝ કાર્ડ.

આ કાર્ડમાં લખેલા ટુંકા નિયમ પ્રમાણે વર્તનાર મનુષ્ય જેમ એને એનો સરવાળો ચાર થયા સીવાય રહેતો નથી. તેમ તે વિજયી થયા સીવાય રહેતોજ નથી મૂલ્ય નવપાઇ પોસ્ટેજ છ પાઈ

નીચેના પુસ્તકો અનુકૂળતા પ્રમાણે પ્રકટ થશે.

આરોગ્ય.

આ પુસ્તકમાં આરોગ્ય રહેવાના ઉપાયો, આરોગ્યતા પ્રાપ્ત કરવામાં શાની જરૂર પડે છે. વ્યાધિઓના કુદરતી અને ઔષધોપચારના પ્રયોગો વીગેરે બાબતોનો સમાવેશ કર્યો છે મૂલ્ય વીગેરે પુસ્તક તૈયાર થએ તેના પ્રમાણમા રાખવામા આવશે અગાઉથી નામ નોંધાવનાર પાસેથી દર પ્રતે ચાર આના ઓછા લેવાશે અને તે ઉપરાંત તેમના નામો પુસ્તકની છેવટે છાપીને પ્રકટ કરવામા આવશે

અંતરોદ્ગાર.

જ્ઞાન તત્વવિચાર અનુભવ વીગેરે બીજા સેકડો વિષય ઉપર લખેલા તદ્દન નવીન અપ્રકટ પદ્યોનો મોટો સંગ્રહ મૂલ્ય રૂપૈયો એક પોસ્ટેજ આના બે જુદા.

ધનવાન થવાના સાદા નિયમો.

ધન પ્રાપ્ત કરવાના કેટલાક નવા હુન્નર અને ઉદ્યોગોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે આ સીવાય ધનવાન થવાને બીજા ક્યા

કયા લક્ષણોની જરૂર છે તે પણ આ પુસ્તકમા વિસ્તાર પૂર્વક આ-પ્યુ છે મુલ્ય આના ચાર પોસ્ટેજ ૦-૧-૦

ઈચ્છા પ્રમાણે આયુષ્યને દીર્ઘ કરવાની કળા

જીવનની કિંમત જેટલી આકીએ તેટલી ઓછી છે. ગમે તેવા દુખી મનુષ્યને પણ તેના જીવનની કિંમત હોય છે કેમકે જીવન હોય તોજ સર્વ છે અને જીવન નથી, તો સર્વ નથી તેથી આ પુસ્તકમા જીવનને વધારવાના કેટલાક સારા અને સહેલા ઉપાયો સર્વથી બની શકે તેવા લખેલાછે. મુલ્ય આના આઠ પોસ્ટેજ ૦-૧-૦

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત તરફથી પ્રકટ થએલાં પુસ્તકો.

શ્રી શ્રેયઃ સુધાકર.

પ્રેરક શ્રીયુત દુર્ગેશ્વર નટવરજી ત્રીવેદિ બી. એ. હજુર ડેપ્યુટી કલેકટર સુરત.

આ પુસ્તકમા શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગના અગ્રગણ્ય સ્ત્રી પુરૂષો શ્રીમન્નૃસિંહાચાર્યજી શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી શ્રીમાન્ છોટાલાલ માસ્તર શ્રીયુત કણિયા, શ્રીયુત સંઘવી, શ્રીયુત કૌશિકરામ, વીગેરે

તેમજ બીજા અન્ય સજ્જનોના તથા સ્ત્રીઓના બનાવેલા જ્ઞાન તત્વવિચાર અનુભવ ભક્તિ, વૈરાગ્ય, વીગેરે વિષયો ઉપર લખેલા પદ્યોમાંથી ખાસ ચુંટી કાઢેલા અસરકારક પદ્યોનો સમાવેશ કર્યો છે. વળી પુસ્તકની શરૂવાતમા શ્રીયુત દુર્ગેશ્વરભાઇનો લખેલો

જીવનોદ્દેશ.

નામનો બોધક અને હૃદયંગમ લેખ ખાસ વાંચવા વિચારવા યોગ્ય છે. ૨૫૦) પૃષ્ટના પાકા પુઠા અને સોનેરી નામ સાથે બે છબીઓ સહિતના આ પુસ્તકનું મુલ્ય રૂપૈયો એક રાખવામા આવ્યુ છે. પોષ્ટેજ આના બે જુદા

સ્વાર્થ. અને પરમાર્થ.

અધ્યાત્મિક માર્ગપ્રકાશ.

રચનાર–શ્રીયુત મધુવચરામ બળવચરામ હોરા.

પેન્શનર સબજડજ સુરત.

પ્રકાશક–ચંદ્રપ્રકાશ ઓફીસ. ભાગાતળાવ–સુરત.

આ એક અધ્યાત્મવિદ્યાના અભ્યાસીઓને સીધો અને સરળ રસ્તો બતાવનાર પુસ્તક છે. વળી આ પુસ્તકની ઉપજ ખર્ચ જતા બાકી વધે તે સુરત પાસે આવેલા અડાજણ ગામના હાટકેશ્વર મહા-

રના દેવાલયની મરામતના ખર્ચમાં જવાની છે અને તેથી સર્વ ધર્મ પ્રેમી સજ્જનને તે ઉત્તેજનને પાત્ર છે. મૂલ્ય આના આઠ પોષ્ટેજ ૦-૧-૦

મુકતમણિ માળા.

આ નામનુ ઉપયોગી પુસ્તક માત્ર અર્ધાઆનાની ટીકીટ પાસ્ટેજ માટે મોકલનારને મફત મળે છે

ચંદ્રપ્રકાશ ઓફીસમાં વેચાતાં પુસ્તકો.

દરેક મનુષ્ય જાતે વૈદ્ય.

ભાગ ૧-૨.

આ પુસ્તકના આધારથી કોઇપણ માણસ પોતાના વ્યાધીને પારખી શકે છે અને જીવનરસાયન શાસ્ત્રની દવાથી પોતાના વ્યાધીને ટાળી શકે છે તેનુ મૂલ્ય પ્રત્યેક ભાગના છ આના. બને ભાગ સાથે લેતા દશ આના પોષ્ટેજ ૦-૧-૬.

સૂચના.

અમારી ઓફીસમા ધર્મના નીતિના, વૈરાગ્યના. સાહિત્યના વીગેરે તમામ જાતના પુસ્તકો તથા સ્કુલમા ચાલતા અંગ્રેજી અને ગુજરાતી પુસ્તકો કીફાયત ભાવથી મળી શકે છે સામટા મગાવનારને કમીશન પણ સારૂ આપવામા આવે છે. એક વખત ઓર્ડર આપી ખાત્રી કરો.

ચંદ્રપ્રકાશ ઓફીસ. ભાગાતળાવ-સુરત.

ચંદ્રપ્રકાશ ઓફીસમાં વેચાતી અન્ય વસ્તુઓની સંક્ષિપ્ત નોંધ

બલ બુદ્ધિ આરોગ્ય આપનાર તદ્દન વનસ્પતિમાંથી બનાવેલું.

કેશરી જીવન.

આ સ્વાદીષ્ટ ચાટણના સેવનથી આરોગ્ય સદાકાલ ટકીરહે છે. સુકન્યાના પતિચ્યવન ઋષિએ આના સેવનથી પોતાની યુવાવસ્થા પુન. પ્રાપ્ત કરી હતી તે તદન વનસ્પતિમાથી બનાવેલું નિર્ભય ઔષધ છે. સર્વ ઋતુમા એક સરખુ માફક આવે છે સર્વ મનુષ્યોને ખાવા લાયક છે. એના સેવનથી પુરૂષોના ધાતુ સબધીમા તમામ રોગો અને સ્ત્રીઓના ગર્ભાશય સબધીના રોગોનો નાશ થાય છે. અને ખરૂ પુરૂષત્વ પ્રાપ્ત થાય છે વધુ માટે હેન્ડબીલ મગાવો મુલ્ય અર્ધા રતલના ડબ્બાનું રૂા. એક અને એક રતલના રૂા. પોણા બે.

ચંદ્રપ્રકાશ ઓફીસ સુરત.

જીવન રસાયન શાસ્ત્રની દવાઓ.

બાયો—કેમેસ્ટ્રી.

અમેરીકા અને જર્મનીના વિદ્વાન ડોકટરો તરફથી ઘણીજ શોધ ખોળ કરી બહાર પડેલી દવાઓ આ દવા બાર જાતની છે. તેનાથી તમામ રોગો નાશ પામે છે. સ્વાદમાં ગળી છે. વળી તેમા ધર્મનો વટાળ થાય એવી કોઇ વસ્તુ નથી તે તાત્કાળીક અસર કરનાર છે. ઔષધો પીને કટાળી ગએલા નિરાશાવાળા મનુષ્યોને તે એક આશીર્વાદ સમાન છે કિંમતમા પણ તે સસ્તી છે વધુ માટ લીસ્ટ મગાવો

ખાસ મહિસુરની સુગંધીદાર અગરબત્તી

આ અગરબત્તી સુવાસમાં ઘણીજ ઉત્તમ હોઇ હવાને સુધારે છે. બજારમા વેચાતી સાધારણ અગરબત્તી કરતા આ અગરબત્તી તદન જુદીજછે. અને તેને એક વખત વાપરનાર મનુષ્ય ભાગ્યેજ બીજી અગરબત્તી પસદ કરે છે બે આનાની ટીકીટ મોકલવાથી દરેક જાતના નમુના મોકવામા આવશે કીંમત શેર ૧) ના રૂપિઆ બેથી સોળ સુધી વિગતવાર લીસ્ટ મંગાવો

રૂદ્રાક્ષની સાચી માળાઓ.

નાની મોટી દરેક જાતની સોનામાં મંઢાવા લાયક ત્રણ આનાથી રૂપિયા સોળ સુધીની કિંમતની મળી શકે છે. ખોટી ઠરે તો પૈસા પાછા આપવામા આવે છે કીંમતને માટે વીગતવાર લીસ્ટ મંગાવો.

પેથોફોન કોરોનેશન મશીન.

આ મશીન અવાજમાં મધુર છે. વળી તેને ભુંગળાની કડાકુટ નથી. ઉપરથી તે સાધારણ રીતે ડીસપેચબોક્ષના જેવુ સુંદર લાગે છે. કીંમત રૂપીઆ ૫૦.

આ સીવાય અમારે ત્યા વીક્ટોફોન મશીન, ગ્રામોફોન, ઝોનો-ફોન, રામાઆફ વીગેરેના રેકાર્ડો-પીનો-વીગેરે ખાસ કીફાયત ભાવથી મળે છે. લીસ્ટ મંગાવો.

પાણીમાં બોળીને લખવાની વોટરપેન,

કીંમત છ આના આપેનમાં શાહી પૂરવાની જરૂર પડતી નથી. વળી તે બગડતી નથી. માત્ર પાણીમાં બોળીને લખવાથી સુંદર રીતે લખી શકાય છે. બીજી પેનસીલો સુંદર સુશોભિત ચાર જાતની છે. અને દરેકના બે આના પ્રમાણે મળી શકે છે.

પરચુરણ માલ.

અમારે ત્યાં દરેક જાતનો હોઝીયરી, મોજા, ગજીફ્રાક, રેશમી, તથા ઇમીટેશન રૂમાલ, સ્ટેશનરી, પરફ્યુમરી વીગેરે સામન ઘણાજ કીફાયત ભાવથી મળી શકે છે.

ચંદ્રપ્રકાશ ઓફીસ, સુરત.

૨, **સમાજ**—સ્વર્ગસ્થ સાક્ષર તથા વડોદરા રાજ્યના માજી દીવાન સાહેબની લખેલી ઉત્તમ સામાજિક નવલકથાનો અનુવાદ. ગ્રથકર્તા ની વિદ્વતા તથા દેશહિતૈષિતા સર્વ બધુઓની જાણમાંજ છે, જેથી તેમની કૃતિ સબધી કાંઈ લખવુ એ સોના ઉપર દાગ ચઢાવવા સમાન છે આ પુસ્તક સામાજિક નવલકથાઓમા સર્વ શ્રેષ્ઠ થશે પૃષ્ઠ સખ્યા લગભગ ૨૫૦ તૈયારછે, કિમત એક રૂપિયો.

૩, **ચિત્તોડ પર ચઢાઈ**:—ઐતિહાસિક નવલકથાઓમા આદર્શરૂપ થશે. રજપુત વીરાગનાઓનુ શૌર્ય, તેમના પરાક્રમો, રણશૂરા રજપૂતોની શૂરતા, નિમકહલાલ નોકરની ફરજ, રૂમી મુસ્તફાના કાવાદાવા, પ્રેમાધીન ચુસકખા. વિગેરે વિષયોથી ભરપૂર. જો વીરરસ શૃગારરસ, કરૂણારસ કે હાસ્યરસની નવલકથા વાંચવાનો શોખ હોય તો આ નવલકથાને જરૂર એક વખત વાંચશો. ચિત્તોડના કિલ્લા સબધીનો સંપૂર્ણ ઇતિહાસ જાણવો હોય તો તે આ નવલકથામા સવિસ્તર રૂપે છે પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૫૦ (ઓગસ્ટમા પ્રકટ થશે. કિમત એક રૂપિયો.

આ સિવાય ૪ **પ્રેમલત્તા** ૫ **વાર્તા વિહાર** વિગેરે ઉત્તમ નવલકથાઓ સમયાનુસાર પ્રકટ થશે. આ યોજનામા ફેરફાર કરવાનો હક મેનેજરને સ્વાધીન છે. છુટક નકલ તેમાં છાપેલી કિમતથી મોકલવામા આવશે વાર્ષિક લવાજમ રૂ ૨-૦-૦ પરદેશના ગ્રાહકોએ રૂ. ૨-૬-૦નો પોસ્ટલ ઓર્ડર મોકલવો. લખો—

મેનેજર, કથાકુંજ કાર્યાલય—અમદાવાદ.

શું? આપને પરલોકની સામગ્રી પ્રાપ્ત કરવી છે?

જો સાત્વિક સામગ્રી મેળવવી હોય તો નડીયાદ હિંદુ અનાથાશ્રમને જરૂર દાન મોકલી અનાથોનું રક્ષણ કરો.

અલૌકિક પુણ્યનો આશીર્વાદ સાથે

અમર નામ.

એકી વખત (૧૦૦) આપનારના નામથી નક્કી કરેલા દીવસે દર વર્ષના એક વખત અનાથોને ભોજન આપવામાં આવે છે તથા દાતાના નામની આરસની તખ્તી લગાવી નામ જાહેર કરવામાં આવે છે.

૧૦૦ સવાસોજન રીતે અન્નદાનના દીવસો ગોઠવાય છે.

રૂ. ૫ થી વધુ દાન આપનારના નામ પ્રસિદ્ધ થાય છે, માટે દાન જરૂર મોકલી રીપોર્ટ મંગાવવા લખો—

શ્રી—હિંદુ અનાથાશ્રમ—

નડીયાદ.